૫૨૮ ૯૯૬

પંડિત લાલન

: લેખક :
ભક્તકવિ શિવજીભાઈ
ભદ્રડાવાળા



: પ્રકાશક :
શિવસદન ગ્રંથમાલા કાર્યાલય,
ભદ્રડા.

મૂલ્ય : વ્યસન-બંધન

શિવસદન ગ્રંથમાળા મણકો ૩૭ મો

પંડિત લાલન

લેખક :
ભક્તકવિ શિવજી દેવશી મઢડાવાળા



પ્રકાશક :
શિવસદન ગ્રંથમાળા કાર્યાલય,
મઢડા.

મૂલ્ય : વાચન-મનન

દ્વિતીય આવૃત્તિ | પ્રત ૭૦૦
સંવત ૨૦૧૬ | સને ૧૯૬૦




પ્રાપ્તિસ્થાન :


૧ શિવસદન, મુ. મઢડા (વાયા શીહોર) સૌરાષ્ટ્ર.
૨ કુંવરજી ઢવશીની કું. લુહાર ચાલ, મુંબઈ ૨.
૩ સુંદ્રાકર શીવજી, ઠે. 'લક્ષ્મી કુંજ' ૧૧૮, હરીયાળા પ્લોટ,
ભાવનગર, (સૌરાષ્ટ્ર).
૪ નરશી ઉમરશી મુ. ચોપડા, ખાનદેશ.
૫ પાનબાઈ ઠાકરશી, મુ. [illegible]ડાય.

આ પુસ્તકના પોસ્ટના ૫૦ નયા પૈસા મોકલવાથી સીલીકમાં હશે તો પુસ્તક મોકલી આપવામાં આવશે.

મુદ્રક :
મહેતા અમરચંદ ખેચરદાસ
શ્રી બહાદુરસિંહજી પ્રિ. પ્રેસ
પાલીતાણા (સૌરાષ્ટ્ર).



લેખક અને સંયોજક : શિવજીભાઇ દેવશી મઢડાવાલા



શીવજીભાઇ દેવશી, લાલન અક્ષયચંદભાઈ પદમશી

પહેલી આવૃત્તિના બે બોલ

પંડિત લાલન મારા ધર્મપિતા અને અધ્યાત્મગુરૂ હતા. હું દીક્ષા લેવાની ભાવના સેવતો હતો ત્યારે મને પંડિતજી મળી ગયા. મેં તેમની પાસેથી જીવનનું નવું દર્શન મેળવ્યું. જૈનધર્મનું રહસ્ય તેમણે મને સમજાવ્યું. યોગદૃષ્ટિ આપી અને સમાજસેવાની દીક્ષા આપી.

જીવનભર મેં સેવાનો ભેખ લીધો અને આજે ૮૦ વર્ષની ઉંમરે પણ યુવાનને શરમાવે એ રીતે ચિર પ્રવાસી રહ્યો છું. હજારો કુટુંબો ભક્તાત્માઓનો પરમ પ્રેમી બની રહ્યો છું. મારી જીવનદૃષ્ટિ અનોખી છે. **'સદા મગનમેં રહેના'** એ મારૂં જીવનસૂત્ર છે. પંડિતજીનું ઋણ અદા કરવા હું શક્તિશાળી નથી પણ તેમનું **સ્થાન મારા હૃદયમાં ચિરઃસ્મરણીય છે. અને** તે જીવનભર રહેશે.

હંમેશના નિયમ પ્રમાણે હું પોંડીચેરી ગયો. ત્યાંના પવિત્ર અધ્યાત્મમય-ઉચ્ચ-આનંદપૂર્ણ અને મઘમઘતા વાતાવરણનું પાન કરતાં કરતાં જીવન ધન્ય બની જાય છે.

મારા બાળમિત્ર, આપ્તજન, ભક્તાત્મા શ્રી બિસનજીભાઈ જેતશીભાઈ ૨૦-૨૨ વર્ષથી શ્રી અરવિંદ આશ્રમના અંતેવાસી તરીકે કુટુંબ સહિત રહે છે. તેમનો મારા તરફ ખૂબ ભક્તિભાવ-પ્રેમભાવ છે. તેમણે પંડિત લાલન સાહેબને યાદ કર્યા

અને મને કહ્યું કે "તમે ભાઈ માણેકજી કલ્યાણજી પારેલા-વાળાનું ચરિત્ર પ્રકાશિત કર્યું અને આપણા અધ્યાત્મગુરૂ અને સેવામૂર્તિ શ્રી પંડિતજીના ચરિત્રનો વિચાર કેમ કરતા નથી."

આ ભાવના મારા મનમાં તો ઘણા સમયથી ઘોળાતી હતી પણ પંડિતજીના જીવનના પ્રસંગો મેળવવા મુશ્કેલ તો નહિ પણ આસાન નહોતા. તેમનો એવો કોઈ આત્મજન-શિષ્યસમો નહોતો, જે ગુરૂના ચરિત્રની નોંધ રાખે. મારી પાસે પણ જીવનચરિત્ર માટે સામગ્રી નહોતી પણ શ્રી વિસનજીભાઇએ પંડિતજીની યાદી આપી અને મારી ભાવના જાગી. ચરિત્ર માટે આર્થિક દૃષ્ટિએ વિચાર કરતાં ઘણા સમય પહેલાં હું શેઠશ્રી રામજી રવજી લાલનને મળ્યો હતો અને કહ્યું.

"પૂજ્ય પંડિતજીને જે થેલી સમર્પણ કરી હતી. પાંચેક હજાર રૂપીઆ વધ્યા હશે તેમાંથી રૂા. ૨૫૦૦) જેટલા મળે તો પંડિતજીનું જીવનચરિત્ર પ્રકાશિત કરવા ભાવના છે."

પણ શ્રી રામજીભાઈએ જણાવ્યું કે "પંડિતજીના નામની મુંબઈમાં લાઇબ્રેરી કરવા ઈચ્છા છે અને તેમાં બે-ત્રણ હજાર ખૂટશે તો પૂરા કરી લઈશું." આ વિચાર પણ ઘણો લાભકારક હોવાથી તે આશા છોડી. અને શ્રી વિસનજીભાઇએ વચન આપ્યું કે રૂા. ૧૫૦૦) જેટલા હું મિત્રો પાસેથી મેળવી લઈશ. બીજા તમે મેળવી લેશો. અને પંડિતજીના જીવન પ્રસંગોનું સાહિત્ય મેળવી સુંદર ચરિત્ર પ્રકાશિત કરીએ. મને એ વાત ગમી ગઈ અને પંડિતજીની જીવનયાત્રા પ્રકાશિત કરવા નિર્ણય કર્યો.

હું તો ચિરપ્રવાસી, પછી તો પંજાબ ચાલ્યો ગયો. અને ત્યાંથી આવ્યો. ત્યાં તો શ્રી વિસનજીભાઈનો પત્ર આવ્યો કે "મેં રૂા. ૧૭૨૩) સ્નેહીજનો પાસેથી એકઠા કર્યા છે. તમે પંડિતજીના જીવનચરિત્ર માટે ઢીલ ન કરશો." સાથે તેમણે એક નવો વિચાર દર્શાવ્યો કે પૂજ્ય શ્રી માણેકજીભાઈ પીતાંબરની ટુંક જીવન–પ્રભા પૂજ્ય પંડિતજીના જીવનચરિત્ર સાથે જોડીશું તો મિત્રોને વિશેષ આનંદ થશે. પૂજ્ય પંડિતજી અને શ્રી માણેકજીભાઈનું ઋણ અદા કરવાનો આનંદ થશે. આ વાત મને પણ ગમી ગઈ.

સંવત ૨૦૧૦ ના માગશર સુદી ૧ ના દિવસે ૯૫ વર્ષની ઉંમરે પૂજ્ય પંડિતજી લાલન સાહેબનું જામનગરમાં અવસાન થયું. તે તો નિજાનંદી હતા. ચર્મચક્ષુ નહોતાં છતાં દિવ્યચક્ષુથી આત્મધ્યાન કરતા હતા. તે તો પોતાનું જીવન ધન્ય બનાવી ગયા. ૯૫ વર્ષની ઉંમરે દેહરૂપી ચાદર બદલી નાખી અને અલૌકિક આનંદપૂર્ણ સ્વર્ગસમા નવા લોકમાં ચાલ્યા ગયા.

સંવત ૧૯૫૭ થી ૨૦૧૦ સુધી મારો ૫૩ વર્ષનો તેમની સાથેનો ઘનિષ્ટ પરિચય. એ ધર્મપિતા, હું ધર્મપુત્ર એ મારા રાહબર, હું તેમનો સેવક. એ અધ્યાત્મ ગુરૂ, હું અધ્યાત્મપ્રેમી શિષ્ય. એ પ્રસિદ્ધ વક્તા, હું ભક્તકવિ. એ શાંતમૂર્તિ, હું પ્રજ્વલિત. એ સદ્‌ગુણાનુરાગી, હું હૃદય પારખુ. એ વિશ્વપ્રેમી, હું ભક્તજન પ્રેમી. એ નિજાનંદી, હું સદા મગનમેં.

હું હમેશાં તેઓ જ્યાં હોય ત્યાં તેમના દર્શને જતો ને જીવન-પાથેય મેળવતો. મારા ભજનોમાં તે લીન થઇ જતા ને નાચી ઉઠતા.

તેમના અવસાન પહેલાં પણ હું જામનગર ગયો હતો અને તેમના મંગળ આશીર્વાદ મને આજે પણ પ્રેરણા આપી જાય છે. હું પંજાબથી આવ્યો અને પંડિતજીના જીવનચરિત્ર પ્રકાશિત કરવાના સ્નેહી શ્રી વિસનજીભાઇના પત્રો આવવા લાગ્યા ને મારી ચિંતા વધી પડી.

પંડિતજીના જીવન માટેની સામગ્રી મેળવવા હું જામનગર ગયો. પંડિતજીના ભાઇની પુત્રી પાર્વતીબહેનને મળ્યો અને પંડિતજીનાં પુસ્તકો, નોંધણુકો પત્રો, ડાયરીઓ જે કાંઇ હોય તે પંડિતજીના ચરિત્ર માટે આપવા કહ્યું, પણ પાર્વતીબહેને તો એકજ મહિના પહેલાં પંડિતજીનાં જે કાંઈ પુસ્તકો આદિ હતું તે શ્રી અચળગચ્છના ઉપાશ્રયમાં આપી દીધાનું જણાવ્યું.

અચળગચ્છના મુનિ શ્રી કીર્તિસાગર મહારાજને મેં આ વિષે વાત કરી. તેમણે અચળગચ્છના આગેવાનોને સમજાવ્યા પણ તેમને તેમાં સફળતા ન મળી. હું પાલીતાણા આવ્યો, મિત્રોને વાત કરી અને પંડિતજીના ચરિત્ર માટે સામગ્રી મેળવવા બીજા પ્રયાસો કર્યા.

જૈન સમાજમાં પ્રસિદ્ધ એવા "જૈન" પત્રમાં પંડિતજીનું જીવન ચરિત્ર પ્રકાશિત કરવાની મારી ભાવનાની જાહેરાત આપી. જૈનના સંપાદક મારા સ્નેહી શ્રી ગુલાબચંદભાઇ દેવચંદે તે વિષે નોંધ લીધી. પત્રિકા દ્વારા પંડિતજીના પરિચયમાં આવેલ મિત્રોને વિનતી કરી અને મારા સ્મરણમાં જે જે હકીકતો હતી તે મેં લખી નાખવાનો નિર્ધાર કર્યો.

વર્ષોથી હું ગરમીના દિવસોમાં આબુ કે મહાબળેશ્વર ઠંડા પ્રદેશમાં જાઉં છું, પણ મારા ધર્મપિતા અધ્યાત્મપ્રેમી પૂજ્ય પંડિતજીના જીવનચરિત્રની સામગ્રી મેળવવા તેમજ મારા પરમ સ્નેહી શ્રી વિસનજીભાઇ જેતશીભાઇની ચરિત્ર પ્રકાશનની ભાવનાને મૂર્તસ્વરૂપ આપવા હું ગરમીને સહન કરી રહ્યો. પહેલાં મહુવા જઈ આવ્યો પણ ત્યાં અનુકુળતા નહોતી. ભાવનગરમાં તો અસહ્ય ગરમી. ઘોઘાની હવા ઠંડી લાગી ત્યાં રહેવાની વ્યવસ્થા કરી. એક લૉજમાં નિવાસસ્થાન રાખ્યું.

થોડા દિવસો તો ત્યાં આનંદ રહ્યો પણ પાછી તબીયત બગડી અને પૂજ્ય પંડિતજીના ચરિત્ર પ્રકાશન માટે ગમે તેવી ગરમી સહન કરીને પણ પાલીતાણા રહેવા નિર્ધાર કર્યો, અને મને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે, મારી મહેનત લેખે લાગી. ગરમીના દિવસોમાં મેં મારી સુલક્ષણાકુટિરમાં કાશ્મીર, આબુ બનાવી દીધું. અને પૂજ્ય પંડિતજીનું ચરિત્ર સ્નેહીજનો–આપ્તજનોના, કરકમળમાં આપવા હું ભાગ્યશાળી થયો છું.

આ ચરિત્ર છપાઈ રહ્યું હતું એવામાં કચ્છની સરોજીની, સેવામૂર્તિ બહેન પાનબાઇ પાલીતાણા આવ્યાં.

તેમણે પોતાની ભાવના દર્શાવી, કે પૂજ્ય શ્રી લાલન સાહેબના જીવનચરિત્ર સાથે આપણા પરમ ઉપકારી માર્ગદર્શક તત્વવેત્તા પૂજ્ય શ્રી માલશીભાઇ ભોજરાજનું ચરિત્ર આપવામાં આવે તો, સોનામાં સુગંધ મળે.

તેમની વાત બધી રીતે યોગ્ય હતી પણ પ્રથમ આવૃત્તિમાં પહેલેથી નિર્ણય થયા પ્રમાણે શ્રી માણેકજીભાઈ પીતાંબરનું

જીવન આવશે અને પૂજ્ય પંડિતજીની ઘણી ઘણી બાબતો અધૂરી છે તે મળશે તો મિત્રોની સહાયતાથી બીજી આવૃત્તિ પ્રકાશિત કરીશું અને આ બીજી આવૃત્તિમાં પૂજ્ય શ્રી માલશીભાઇનું ચરિત્ર આપી ઋણ અદા કરવા પ્રયાસ કરીશું. આથી તેમને સંતોષ થયો.

આ પ્રકાશનમાં પંડિતજીની વિદેશ યાત્રા, અમેરિકાનાં ૪૦ વર્ષની પંડિતજીની વિવિધ પ્રવૃત્તિઓ, પંડિતજીનાં અન્ય પુસ્તકરત્નો, પંડિતજીના પ્રેરણાત્મક પત્રો અને પંડિતજીનાં વિવિધ વ્યાખ્યાનો વિગેરે ઘણું ઘણું બાકી છે. આપ્તજનો, સ્નેહીજનો અને પંડિતજીના પરિચયમાં આવેલા મિત્રો વિશેષ સામગ્રી મોકલી આપશે તો મને વિશેષ આનંદ થશે. અને બીજી આવૃત્તિ વિશેષ સુંદર બનાવવા પ્રયાસો કરીશ.

આ પુસ્તકના પ્રકાશનમાં ઘણા આપ્તજનો ને સ્નેહીજનોનો મેં સહકાર લીધો છે. તેમને યાદ કરવાની મારી ફરજ છે. મારા પરમ સ્નેહી શ્રી વિસનજીભાઇ જેતશી તથા મુનિશ્રી કિર્તિસાગરજી મહારાજ (અચળગચ્છના)નો આભાર માનવા તક લઉં છું.

ગરમીના દિવસોમાં સૌરાષ્ટ્રના બળબળતા તાપમાં હું રહી શકું નહિ, પણ આ ચરિત્ર માટે રહ્યા સિવાય છૂટકો નહોતો. મેં ચરિત્ર માટેની નોંધો લખી પણ ભાઇશ્રી કુલચંદભાઇ હરીચંદ દોશીએ પુસ્તકનું કલેવર તૈયાર કરવા માટે વચન આપ્યું અને રજાઓમાં પોતાના સમયનો ભોગ આપીને આ પુસ્તક પ્રકાશિત કરી શકયો છું તેનો યશ ભાઇ શ્રી કુલચંદભાઇને

ઘટે છે. તેમને મારા માટે અને પૂજ્ય પંડિતજી માટે વર્ષોથી ઘણી મમતા અને સન્માન છે.

આ પ્રકાશન આટલું જલ્દી થઇ શકયું છે તે માટે બહાદુરસિંહજી પ્રેસના માલીક અને મારા આપ્તજન શ્રી અમરચંદભાઈ બેચરદાસે પ્રેસનાં બીજાં કામોને ગૌણ કરીને આ પુસ્તક તૈયાર કરી આપ્યું છે તે માટે હું તેમનો આભાર માનવા તક લઉં છું. આ ઉપરાંત ભાઇ શ્રી ભગવાનદાસ કમળશી અને ઘણા ઘણા મિત્રો, જેમણે પૂજ્ય પંડિતજી વિષે પોતાના અનુભવો લખી મોકલ્યા છે તે સર્વેનો હું હાર્દિક આભાર માનું છું.

સુલક્ષણાકુટિર
પાલીતાણા
જેઠ સુદ અગીયારસ
સંવત ૨૦૧૫

શીવજી રવશી મઢડાવાળા



સમર્પણ

પરમ પૂજ્ય ધર્મનિષ્ટ શાસ્ત્રોના પારગામી
સદ્‌ગુણાનુરાગી સહનશીલ સૌજન્યમૂર્તિ

શ્રી માલશીભાઇ ભોજરાજ

આપશ્રી મારા પ્રથમ માર્ગદર્શક બન્યા છો. આપેજ મને ધર્મનો બોધ પમાડ્યો હતો. આપનું નિર્મળ ચારિત્ર આજે પણ પ્રેરણા આપી જાય છે. આપના જ્ઞાનામૃતનું પાન કરનારા ધન્ય બની ગયા છે. આપની મધુરી વાણી હૃદયમાં ભરી છે.

સેવામૂર્તિ પંડિત લાલન સાહેબની 'જીવન પ્રભા' આપનાં ચરણોમાં સમર્પિત કરતાં અત્યંત આનંદ થાય છે.

આપનો પરમ પ્રિય શિષ્ય
શિવજી દેવશી.

બીજી આવૃત્તિના બે બોલ

પોંડીચેરીના સાધક-ભક્તાત્મા ભાઇશ્રી વિસનજી જેતશીની પ્રેરણા અને સહાયતાથી મેં પૂજ્ય પંડિત લાલન સાહેબની જીવન કથા લખી અને સંવત ૨૦૧૫ ના જેઠ શુદ્ધ ૧૧ ના પ્રકાશિત કરી. તેની પ્રથમ આવૃત્તિમાં મારા ઉપકારી મિત્ર-રત્ન શ્રી માણેકજીભાઇ પીતાંબરની જીવન પ્રભા પ્રગટ કરી.

આ તેની બીજી આવૃત્તિ છે. તે વિદુષી બહેનજી શ્રી પાનબાઈની પ્રેરણા અને સહાયતાથી પ્રસિદ્ધ થાય છે.

પહેલી આવૃત્તિ તૈયાર થઈ રહી હતી ત્યારે કચ્છની સરોજીની-સેવા મૂર્તિ શ્રી પાનબાઇ બહેન પાલીતાણા આવ્યાં તેમણે પૂજ્ય શ્રી માલશીભાઇને યાદ કર્યા અને પૂજ્ય માલશી-ભાઈના ઉપકારો તાજા કર્યા. શ્રી પાનબાઇ બહેનની ભાવના હતી કે પૂજ્ય શ્રી લાલન સાહેબના જીવન ચરિત્ર સાથે આપણા પરમ ઉપકારી માર્ગદર્શક તત્વવેત્તા પૂજ્યશ્રી માલ-શીભાઈ ભોજરાજનું ચરિત્ર આપવામાં આવે તો સોનામાં સુગંધ ભળે.

તેમની વાત સુંદર હતી. અમારા પરમ ઉપકારી શ્રી માલશીભાઇને હું ભૂલ્યો નહોતો પણ પહેલેથી નિર્ણય થયા

પ્રમાણે પહેલી આવૃત્તિમાં શ્રી માણેકજીભાઈ પીતાંબરનું ચરિત્ર આપવામાં આવ્યું.

સદ્‌ભાગ્યે પ્રથમ આવૃત્તિ મિત્રો, આપ્તજનોને ખૂબ ગમી. બીજી આવૃત્તિની માગ ઉભી થઇ તે પછી મારે મુંબઈ જવું પડયું અને ત્યાં હું બિમાર પડયો. અશાડ વદ ૫ ના હું મુંબઈમાં બિમાર પડયો તે શ્રાવણ શુદ ૧૫ સુધી મુંબઇમાં બીછાને રહ્યો તે પછી શ્રાવણ વદમાં હું પારેાલા ગયેા ત્યાં પર્યુષણ પર્વ સુધી રેાકાયેા. ત્યાંથી ભાદરવા વદ પાંચમના વિદાય થયેા તે મુંબઇ ગયેા અને ત્યાંથી દહેલી શ્રીમતી કૃષ્ણા મહેતાની મેાટી દીકરીનાં આશેા વદ ૮ ને રવિવારનાં લગ્ન હતાં તેથી ત્યાં ગયેા. પંદર દિવસ તે વખતે હું દહેલીમાં રહ્યો ત્યાંથી આશેાવદ ૧૩ ના મુંબઇ આવ્યેા. દિવાળી મુંબ ઇમાં કરી અને સંવત ૨૦૧૬ ના કાર્તિક શુદ ૮ ને રવિવારે ભુજમાં શ્રીમતી ઇંદીરા ગાંધીના હાથે શ્રી રામજી રવજી લાલન કેાલેજનું ઉદ્‌ઘાટન હતું તેથી તે વખતે મેં પણ ત્યાં હાજરી આપી. ત્યાંથી હું કેાડાય ગયેા. ત્યાં ૧૦-૧૨ દિવસ રહ્યો અને બીમાર પડયેા ત્યાંથી વિદાય થઈ કાર્તિક વદ ૭ ના ભાવનગર પહેાંચ્યેા. આજે પેાષ શુદ ૧૫ છે. જેઠથી હું બીમાર પડયેા તે આજ સુધી બીમાર રહ્યો. અર્થાત્ આઠ મહિના બીમાર રહ્યો, તેથી પંડિત લાલન સાહેબના જીવન ચરિત્રની બીજી આવૃત્તિ પ્રગટ કરી ન શકયેા.

આ બીજી આવૃત્તિમાં પૂજ્ય શ્રી માલશીભાઇ ભોજરાજની જીવનયાત્રા આપવાની મારી અને બહેન શ્રી પાનબાઇ બહેનની ભાવના ફળી.

પૂજ્ય શ્રી માલશીભાઇનો પરિચય મને ઘણો થોડો–બે વર્ષનો. પણ આ બે વર્ષમાં તેમણે મને બાર વર્ષનો બોધ આપી દીધો. મારૂં જીવન પલટી નાખ્યું–મને જીવનની નવી દૃષ્ટિ આપી અને આજે આ ઉંમરે પણ હું 'સદા મગનમેં રહેના'ની મસ્તીમાં ચિરપ્રવાસી થઈને ફરૂં છું. તેમજ હજારો ભક્ત આત્માઓના જીવનને પ્રેમ, શાંતિ અને આનંદ તથા પ્રભુભક્તિનો પ્રસાદ આપું છું તે શ્રી માલશીભાઈના પ્રેરણાત્મક પ્રવચનોનો પ્રતાપ છે.

મારા જીવનમાં જેમ શ્રી માલશીભાઇ ભોજરાજે પ્રેરણા આપી છે તેમજ તેમના પછી પૂજ્ય શ્રી લાલન સાહેબ મળ્યા અને તેમના પુણ્ય પ્રતાપે શ્રીમદ્ રાજચંદ્રનાં વચનામૃતો વાંચવા મળ્યાં. પછી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી અને આબુવાળા પૂજ્ય શ્રી શાંતિસૂરીશ્વરજી મળ્યા. તે પછી મહર્ષિ અરવિંદનાં દર્શન થયાં અને પૂજ્ય માતાજી મીરામાની પ્રેરણાના પીયૂષ મળ્યા કરે છે, તે મારા જીવનની ધન્ય ઘડી છે.

આ બીજી આવૃત્તિની પ્રેરણા શ્રી પાનબાઇએ આપી છે. તેમની જ પ્રેરણાથી પૂજ્ય શ્રી માલશીભાઇની જીવનયાત્રા આ

સાથે આપતાં અત્યંત આનંદ થાય છે. આ બીજી આવૃત્તિ માટે બહેન શ્રી પાનબાઇ તરફથી પણ સહાયતા મળી છે.

પૂજ્ય શ્રી લાલન સાહેબની જીવનગાથા અને પૂજ્ય શ્રી માલશીભાઈની જીવનયાત્રા વાંચીને મિત્રો–સ્નેહીજનો–ભક્તજનો–વાચકો, આત્મદૃષ્ટિ-નવી ભાવના–નવી દૃષ્ટિ, માનવપ્રેમ અને વિશ્વપ્રેમનો સંદેશ મેળવશે તો મને વિશેષ આનંદ થશે.

ભાવનગર,
તા. ૧-૧-૬૦.
સંવત ૨૦૧૬ ના પોષ શુદ ૩.

શિવજી દેવશી.

પ્રેરક અને સહાયક



કુમારિ પાનબાઈ ઠાકરશી
કચ્છ-કોડાય સમાગમ પ્રવૃત્તિ સંસ્થાનાં ટ્રસ્ટી અને સંચાલક



સ્વ. માલસિંહ ભોજરાજ
(શિવજીભાઇના ધર્મગુરૂ)

પૂજ્ય શ્રી માતૃશ્રીબા સોભાગ્યવતીના સુપુત્ર પ્રવ. ધર્મ પ્રભાવક પંન્યાસ પ્રવર શ્રી નયસુંદર વિજયજી મ.

પરમ ઉપકારી માર્ગદર્શક

શ્રી માલશીભાઈ ભોજરાજની જીવન પ્રભા

સો સવાસો વર્ષ પહેલાંની વાત છે. સૌરાષ્ટ્રના એક ખૂણામાં પડેલો કચ્છ દેશ એ વખતે તો પછાત હતો. નહોતી તાર-ટેલીફોનની સગવડ, નહોતી રેલ, નહોતાં વિમાનો, પગ-પાળા કે ગાડાની મુસાફરી ઉપરાંત વહાણમાં દેશાવર જવાનું. આજના જેવા ઉદ્યોગો પણ નહોતા.

પણ એ જૂના જમાનાના લોકો ખડતલ, મહેનતુ અને માયાળુ હતા. ઘેર ઘેર રેંટીયા ગુંજતા, હાથસાળથી કાપડ તૈયાર થતું. હિન્દના કાપડની યૂરોપ સુધી માગ હતી. વાંસની નળીમાં મલમલનો તાકો સમાવી શકાતો. ઈંગ્લાંડની મહારાણી વિકટોરીઆ હિંદના કાપડને જોઈને ચકિત થયેલાં. તે વાપર-વાનો તેમને શોખ હતો.

હિંદની જાહોજલાલી અને સમૃદ્ધિથી આકર્ષાઈને વલંદા, ફ્રેન્ચો, પોર્ટુગીઝ અને અંગ્રેજો આવ્યા અને હિંદમાં વેપાર કરવાના બહાને જામી પડયા.

મુંબઈ એ વખતે તો માછીઓનું નાનું એવું પરૂ હતું. થોડાં એવાં ઝુંપડાં સમુદ્રને કિનારે પથરાયેલાં હતાં અને આ બંદર કાંઠાનો કબજો અંગ્રેજોને મળી ગયો.

અંગ્રેજ પ્રજા સાહસી અને દૂરદર્શી. આ બંદરનો વિકાસ કર્યો અને કચ્છ, સૌરાષ્ટ્ર તથા ગૂજરાતના સાહસિકો મુંબઇ આવ્યા અને પોતાની પેઢીઓ ખોલીને વેપાર કરવા લાગ્યા.

સંવત ૧૯૧૮ થી ૧૯૨૧ માં વેપારીઓ આડતીઆને લખતા કે આજના ભાવ નીચે પ્રમાણે છે આવતી કાલના ભાવ પ્રેમચંદ રાયચંદ જાણે.

સં. ૧૯૨૨ માં પ્રેમચંદ રાયચંદને મોટી ખોટ આવી અને પેઢી બંધ થઈ.

મુંબઇના બંદરનું સમર્થ હિન્દને આકર્ષણ જાગ્યું અને અમદાવાદ, સુરત અને મારવાડના જૈનોએ પોતાની પેઢીઓ મુંબઇમાં શરૂ કરી

એ રીતે કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિના સાહસિક વીરો પણ મુંબઈ આવી પહોંચ્યા અને તેઓએ પોતાની પેઢીઓ જમાવી.

શેઠ નરશી નાથા, શેઠ નરશી કેશવજી નાયક અને શેઠ વેલજી માલુ વગેરે ખૂબ કમાયા અને સન્માર્ગમાં ખૂબ ખર્ચ કરતા ગયા.

આજથી સો વર્ષ પહેલાં મુંબઇમાં ખારેક બજારમાં શ્રી અનંતનાથ ભગવાનનું મંદિર બાંધવામાં આવ્યું. આ મંદિરમાં કચ્છી દાનવીરોનો મોટો ફાળો છે.

આ મંદિરનો વહીવટ શ્રી માલશીભાઇ જોઇરાજ કરતા હતા. તેં આ મંદિરના મહેતાજી હતા. આ વખતે તેમની ઉમર ૩૦–૩૫ હશે.

શ્રી માલશીભાઈ કચ્છ મળીયાના રહીશ હતા. અમે કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિના હતા. તેમના અક્ષર મોતીના દાણા જેવા સુંદર હતા.

તેઓ ધર્મનિષ્ઠ હતા. દર્શન, પૂજન, પ્રતિક્રમણ આદિ ધાર્મિક ક્રિયાઓ કરતા. સમય મળતાં તેઓ ધાર્મિક ગ્રંથોનું વાચન-મનન કરતા.

શ્રાવક ભીમસિંહ માણેકના સહવાસથી તેમની પાસે ગુરૂ પચ્ચીશી આવી. તેમાં સુ ગુરૂ અને કુ ગુરૂનાં લક્ષણો દર્શાવ્યાં હતાં. ગુરૂ કેવા જોઇએ ? સંચ મહાવ્રતનું સ્વરૂપ શું ? ગોરજીઓ ગુરૂ ગણાય જ શી રીતે ? આ બધા પ્રશ્નો તેમના મનમાં જાગ્યા અને તેમનો આત્મા તેજસ્વી હતો તેથી તેમણે નિર્ણય કર્યો કે સુગુરૂ સિવાય કોઇને પણ ગુરૂ બુદ્ધિએ વંદન કરવું જ નહિ.

આ પ્રતિજ્ઞા તેમની સાચી હતી પણ તે વખતના અંચળ ગચ્છના આચાર્યશ્રી પૂજ્ય જી મહારાજ આ સહન કરી શકયા નહિ. તેમણે બુદ્ધિપૂર્વક માલશીભાઇનું અપમાન કરાવવા કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિના શેઠને સૂચના કરી. માલશીભાઈ તો બોખંડી પુરૂષ હતા. સિદ્ધાંત ખાતર નોકરીની પરવા નહોતી. કુ ગુરૂને આ મસ્તક નહિ નમે તે નહિ જ નમે તે નિર્ણય

હતો. તેમણે મંદિરના કામમાંથી રજા લીધી અને એ પવિત્ર આત્માને તો જીવનના દર્શનની અણમોલ તક મળી ગઇ.

કચ્છ કોડાયના શ્રી વીશા ઓસવાળ જૈન જ્ઞાતિના ભાઇ હેમરાજ ભીમશીનો તેમને પરિચય થયો. તેમની સલાહ અને સહાયથી તેઓ બનારસમાં સંસ્કૃત ભાષાનું અધ્યન કરવા ગયા. તેમની સાથે તેમનાં પત્ની પણ ગયાં અને એ ઉપરાંત કોડાયના શ્રી દેવરાજભાઇ તલકશી, શ્રી રવજીભાઇ દેવરાજ, નળીયાના શ્રી દેવજીભાઈ શામજી તથા શ્રી પીતાંબરભાઇ લોજરાજ પણ બનારસ ગયા હતા.

બનારસમાં સંસ્કૃતના અભ્યાસ માટે ખૂબ અનુકૂળતા મળી. જ્ઞાનની પિપાસા તો હતી અને બનારસ જેવું વિદ્યાનું ધામ હતું. સહાયકની કૃપાદૃષ્ટિ હતી તેથી બધા આનંદપૂર્વક અભ્યાસમાં લાગી ગયા. સૌ ચંદ્રિકા વ્યાકરણ તથા રઘુવંશાદિ કાવ્યો ભણ્યા. શ્રી રવજીભાઇની બુદ્ધિપ્રભા સારી હતી પણ તેઓ ધનના લોભમાં પડી ગયા. શ્રી દેવરાજભાઈની મહેનત તેમને છેલ્લી ઘડી સુધી કામ આવી.

શ્રી દેવજીભાઈ અને શ્રી પીતાંબરભાઈ પણ વેપારમાં પડી ગયા છતાં પંડિતોની પીછાન તેઓ કરતા અને જ્ઞાન પીપાસુઓને સહાયતા આપવામાં આનંદ માનતા. શ્રી માલશીભાઈનાં પત્ની પણ સંસ્કૃત ભણ્યાં. એ વખતે કચ્છમાં એ એકજ બહેન સંસ્કૃત ભણેલાં હતાં.

આ બધામાં શ્રી માલશીભાઇનો આત્મા ખીલી ઉઠ્યો. જ્ઞાનામૃતનું ભોજન તેઓને ભાવી ગયું. જ્ઞાન, દર્શન, ચારિત્ર

મેળવવા માટે જ્ઞાન એ દીપક છે અને એ દીપકનો પ્રકાશ મળે તો જીવન ધન્ય બની જાય એ ભાવનાથી શ્રી માલશી-ભાઇ તો વ્યાકરણ, કોષ કાવ્ય અને ન્યાયશાસ્ત્ર વગેરેના અભ્યા-સમાં લાગી ગયા. બનારસ જેવા વિદ્યાલયમાંથી જેટલું જ્ઞાન મળી શકે તે મેળવવા માટે ભૂખ-તરશ કે આરામની પરવા કર્યા વિના જ્ઞાનની ગંગાનું પાન કર્યું. તેમનો આત્મા તેજસ્વી બન્યો. બુદ્ધિપ્રભા વિકાસ પામી અને નિર્મળ ચારિત્ર પામ્યા.

અમદાવાદમાં મુનિશ્રી શાંતિસાગરજી મહાન વિદ્વાન ગણાતા તેમની વ્યાખ્યાન શૈલી અદ્‌ભૂત હતી. જૈન શાસ્ત્રોના તે પારં-ગામી હતા. તેમનાં વ્યાખ્યાનો સાંભળવા હજારો ભાઇબહેનો આવતાં અને તેઓ તેમની મધુરવાણી સાંભળી મંત્રમુગ્ધ થઈ જતાં.

માલશીભાઈ એવા કોઇ વિદ્વાન મુનિરાજની શોધમાં હતા. તેઓ અમદાવાદ આવ્યા. મુનિરાજ શ્રી શાંતિસાગરજી મહા-રાજને મળ્યા. તેમના દર્શનથી માલશીભાઇને આનંદ થયો. માલશીભાઇએ તેમનો પૂર્ણ પરિચય કર્યો વકતૃત્વશક્તિની કળા તેમની પાસેથી મેળવી. જૈનશાસ્ત્રની અસી કુંચી શ્રી શાંતિસાગરજી મહારાજે બતાવી. માલશીભાઈનો આત્મા તો તેજસ્વી હતો. બુદ્ધિપ્રભા પણ પ્રજ્વલિત હતી. તેઓ મહા-રાજશ્રીના અંતેવાસી જેવા પરમપ્રિય ગૃહસ્થ શિષ્ય બની ગયા. માલશીભાઈની વાણીમાં કુદરતી મીઠાશ હતી. તેઓનો આત્મા જાગી ગયો.

મુનિશ્રી શાંતિસાગરજી કાળધર્મ પામ્યા. તેમના ભક્તજનો અને શિષ્યોને માલશીભાઈ પ્રત્યે સદ્‌ભાવના હતી. તેઓની

પ્રેમભરી મમતાથી શ્રી માલશીભાઇએ અનેક વર્ષો સુધી શ્રી શાંતિસાગરજીના ઉપાશ્રમમાં વ્યાખ્યાન વાંચ્યું હતું. લોકોનો પ્રેમ ખૂબ સંપાદન કર્યો હતો.

વતન સાંભર્યું અને કચ્છમાં જ્ઞાનપ્રદીપ પ્રગટાવવાની ભાવનાથી તેઓ જન્મભૂમિમાં આવ્યા. કચ્છકોડાયમાં ધર્મ-ભાવના સારી હતી તેથી કચ્છકોડાયમાં રહેવાનું રાખ્યું.

તેઓ સ્વભાવે શાંત, મધ્યસ્થવૃત્તિવાળા, સુશીલ, વિનમ્ર, વિરક્તભાવવાળા અને દયાળુ હતા. તેમની પ્રત્યેક ક્રિયા ઉપ-યોગ યુક્ત હતી. તેઓ કદી વગર વિચાર્યું બોલતાજ નહિ. તેમના વચનથી કોઇનું પણ મન દુઃખાય તે તેઓ ઇચ્છતા નહિ. તેઓ સત્ય, પથ્ય અને પ્રિય બોલતા. તેમની વાણીમાં મીઠાશ હતી. તેમની મુખાકૃતિનાં દર્શનથી મનડું શાંત થઈ જતું. તેમની મધુર વાણી સાંભળી દીલડું ઠરી જતું. તેઓ મતાગ્રહી ન હતા. તેમની નિષ્પક્ષપાત ઉપદેશ શૈલી સૌને પ્રિય થઈ પડતી. તેમની સમજાવવાની શક્તિ અદ્‌ભૂત હતી. તેઓ ગામોગામ રહેવા આવ્યા અને પોતાના જ્ઞાનનો ઉપયોગ વ્યાખ્યાનો દ્વારા આપવા લાગ્યા.

મારી ઉંમર ૧૮ વર્ષની હતી ત્યારે મને પૂજ્ય માલશી-ભાઇનો સમાગમ થયો. શ્રી માલશીભાઇનાં વ્યાખ્યાનો સાંભળવા હું જવા લાગ્યો. મને તેમનાં વચનો અસર કરી ગયાં. મને જ્ઞાનની પીપાસા જાગી. હું આજ સુધી તો રમતગમતનો રસીયો ને ગાયનોનો શોખીન હતો. ધર્મ તરફ રૂચિ ન હતી.

સંગીતના જલસાઓમાં ચૂલોની રાતો પસાર થતી. ઘરની પણ ચિંતા રાખતો નહિ.

પૂજ્ય માલશીભાઈના જેવા પારસમણીનો સ્પર્શ થયો ને મારો આત્મા જાગી ઉઠ્યો.

પર્યુષણના દિવસો હતા. કલ્પસૂત્રનું વાચન ચાલતું હતું. શ્રી આદિનાથ, શ્રી શાંતિનાથ, શ્રી નેમનાથ અને શ્રી પાર્શ્વનાથનાં ચરિત્રો પૂરાં થયાં અને ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીનું ચરિત્ર શરૂ થયું. શ્રોતાઓની શ્રવણરૂચિ જાગ્રત થઈ. પ્રભુ શ્રી વીરની માતાપિતા પ્રત્યેની અનન્ય ભક્તિનું દર્શન કરાવતાં શ્રી માલશીભાઇએ સૌને રડાવ્યા. માતપિતાના ઉપકારો અને શ્રી મહાવીરની પ્રતિજ્ઞાથી સૌ શ્રોતાઓને માતાપિતાની સેવાની ભાવના જાગી ઉઠી. પ્રભુનો દીક્ષાનો પ્રસંગ આવ્યો અને વડીલ બંધુ શ્રી નંદીવર્ધને સમજાવ્યા અને પ્રભુ બે વર્ષ માટે રોકાઈ ગયા એ બંધુપ્રેમની અમર ભાવના બધાના હૃદયમાં જડાઇ ગઇ. પ્રભુ શ્રી વીરના પરિષહો સાંભળતાં સાંભળતાં તો શ્રોતાઓની આંખડીઓમાંથી અશ્રુઓની ધારાઓ ચાલી. ચંડકૌશિકનો પ્રસંગ શ્રી માલશીભાઇએ એવી સુંદર રીતે રજુ કર્યો કે કર્મની સત્તા મહાત્માઓને પણ છોડતી નથી. કર્મ કર્યાં છે તો તેને હસતાં હસતાં ભોગવીને આનંદ મેળવવો એ બોધપાઠ ભગવાનના જીવનમાંથી બધાને મળ્યો.

આ પ્રેરણાત્મક પ્રવચનોથી મારા હૃદયમાં જીવન વિષે નવો પ્રકાશ મળ્યો. મેં શ્રી માલશીભાઇને મારા પરમ ઉપકારી

ગુરૂ માન્યા અને તેમની પાસેથી પ્રેરણાનાં પીયૂષ પી પીને હું જીવનનું નવું દર્શન મેળવી શકયો.

દિવસે દિવસે શ્રી માલશીભાઈનાં વચનો યાદ આવે અને જીવન સાર્થક કરવાની તાલાવેલી લાગે. શું કરવું તે સૂઝે નહિ છેવટે શ્રી માલશીભાઈની સલાહ લેવા વિચાર કર્યો.

મારી સાથે શ્રી ચત્રભોજભાઇ, શ્રી હીરજીભાઇ અને નરશીભાઈની ભાવના દીક્ષા લેવાની થઇ હતી. પણ આ વિષે સાચું માર્ગદર્શન તો શ્રી માલશીભાઇ જ આપી શકે તેથી રાત્રે અમે તેમને ત્યાં પહોંચ્યા. અમે દીક્ષાની ભાવના દર્શાવી અને સારા ગુરૂ શોધી આપવા વિનંતિ કરી.

શ્રી માલશીભાઇ તો બહુ જ્ઞાની હતા. અનેક શાસ્ત્રોના અભ્યાસી હતા. ગુરૂ કેવા હોવા જોઇએ તે જાણતા હતા. તેમણે અમને પ્રેમથી બેસાડ્યા. અમારી ભાવનાની પ્રશંસા કરી. પણ તેમણે પોતાના વિચારો દર્શાવ્યા.

ભાઈ! દીક્ષા લેવી એ તો બહુ રૂડી વાત છે. પણ દીક્ષા એ તો ખાંડાની ધાર છે. સાધુવ્રત તમે ધારો છો તેવું સહેલું નથી. પાદવિહાર કે લોચ એ બે મુશ્કેલ ન પણ હોય. પણ જીવ્હાના સ્વાદને જીતવો મુશ્કેલ છે. સંયમ પાળવો. ચારિત્રની નિરંતર આરાધના કરવી. હજારો બહેન ભાઇઓના સંપર્કમાં આવવું અને છતાં પોતાના આત્માને ઉચ્ચ ને પવિત્ર રાખવો એ કઠણ છે. દીક્ષા લેનાર તો ઘણા છે. પણ દીક્ષાને શોભાવે તેવા વિરલા હોય છે. વળી ઉત્તમ ચારિત્ર પાત્ર ગીતાર્થ

ગુરૂ વિના આત્મકલ્યાણની અભિલાષા રાખવી તે પત્થરની નાવમાં બેસી તરવાની ભાવના રાખવા સમાન છે. જેને જીવન અર્પણ કરવું છે એવા ગુરૂની પરીક્ષા તો કરવી જ જોઇએ. હું તો આજ સુધી સદ્ગુરૂની શોધમાં રહ્યો છું. તમે ઉતાવળ ન કરો. તમારા મનને બરાબર કસો. અને કોઈ સાચા ગુરૂ મળે ત્યારે વિચારશો.

શ્રી માલશીભાઈની વાતો સાભળે ગળે ઉતરી અને અમે પણ અમારા મનની સ્થિરતા વિચારવા લાગ્યા. પછી તો સંજોગો બદલાઈ ગયા અને સૌ પોતપોતાના સંસારમાં સપડાઈ ગયા.

શ્રી માલશીભાઇને સોનબાઇ નામે પુત્રી અને ઉમરશી નામે પુત્ર એમ બે સંતાન હતાં. માલશીભાઇને ત્યાં તેમની પુત્રીનાં લગ્ન હતાં. કચ્છ કોડાયથી પૂજ્ય હેમરાજભાઇ પાંચારીયા અને શ્રી કાનજીભાઇ માણેક બે દિવસથી આ પ્રસંગે આવ્યા હતા. આ લગ્ન જોવા જેવાં હતાં. ઘેર તો દીકરીનાં લગ્ન લેવાણાં છે અને આપણા માલશીભાઈ તો નરસિંહ મહેતાની જેમ શું થઇ રહ્યું છે તે શાંતિપૂર્વક જોયા કરતા હતા. લગ્નના બધા પ્રસંગો તેમના લઘુબંધુ સુરજીભાઇ એ જ પતાવ્યા. શ્રી હેમરાજભાઇ તથા શ્રી કાનજીભાઇ ધર્મ સ્નેહને કારણે આવ્યા હતા અને લગ્ન ઉકેલવામાં ખૂબ સક્રિય સાથ આપ્યો હતો. માલશીભાઇ દશા ઓસવાળ હતા અને આ બન્ને ભાઇઓ વીસા ઓસવાળ હતા છતાં જાણે સગા

લાગ્યો હોય એવો મીઠો સંબંધ તેમણે દર્શાવ્યો અને માલશીભાઈનાં કુટુંબીજનો આ પ્રેમભાવ જોઈને મુગ્ધ થઈ ગયાં.

શ્રી માલશીભાઇ જૈન ધર્મનું રહસ્ય સમજ્યા હતા. તે વારંવાર કહેતા "આતમ સાથે ધર્મ કહ્યો ત્યાં જનનું શું કામ? જન મનરંજન ધર્મનું મૂલ ન એક બદામ!"

જૈન ધર્મ તો આત્માનો ધર્મ છે. આત્મશુદ્ધિ, આત્મ-પ્રેરણા, આત્મદ્રષ્ટિ, આત્મપ્રકાશ, આત્મ શાંતિ મેળવવાનો આ ધર્મ માત્ર દેખાવથી કે બાહ્ય આચરણથી જણાય નહિ. ધર્મી અધર્મીપણું કોઈના કહેવાથી આવતું નથી. કોઈ કોઈના કહેવાથી ધર્મી-અધર્મી થતું નથી. અને અધર્મી ધર્મી ઠરતું નથી. ધર્મ તો આત્મ સાક્ષીએ કહ્યો છે. લોકોના અભિપ્રાયની તેમાં જરૂર નથી. જ્યાં લોકોના મનને રંજન કરવાનું હોય છે તે ધર્મની એક કોડીની પણ કીંમત હોતી નથી. કોઇના અભિપ્રાયની કીંમત કશી નથી. કોઇને પ્રસન્ન કરવા કે વાહ વાહ કરવા કંઈ કરવું નહિ. આપણે અધર્મી હઇશું તો કોઈના ધર્મી કહ્યાથી ધર્મી નથી થઇ જવાના અને જો આપણી ધર્મ દ્રષ્ટિ હશે, ધર્મભાવના હશે, તો કોઈના અધર્મી કહેવાથી અધર્મી નથી થઇ જવાના. હૃદયને તપાસો, અંતરમાં ધર્મ-ભાવના પ્રગટાવો, અંતરમાં ધર્મનો દીવડો પ્રગટશે તો પછી બેડોપાર જ. કોઈ ધર્મી અધર્મી કહે તેની શી પરવા છે?

બીજી એક વાત પણ તેઓ વારંવાર કહેતા. સાંપ્રત-કાળમાં "ધૂમ ધામી ધમાધમ ચલી જ્ઞાન મારગ રહ્યો દૂર રે" એ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજનાં વચનોથી તેઓ

સાંપ્રતકાળમાં ધર્મના નામે કેવી ધુમ ધામ ને ધમાધમ ચાલે છે. ધર્મના નામે લાખો ખરચાય છે. ધર્મના નામે મોટા સમારંભો થાય છે. ત્યાગ માર્ગનો ધર્મ, તપશ્ચર્યા ને સંયમનો ધર્મ, અધ્યાત્મરસ અને આત્મશુદ્ધિનો ધર્મ, પ્રાયશ્ચિત અને જીવદયાનો ધર્મ, આજે તો ધમાધમનો ધર્મ થઈ પડયો છે.

૧૦૦ વર્ષ પહેલાં કચ્છના એક નાના ગામડામાં જન્મ લેનાર પૂજ્ય માલશીભાઇ જૈનધર્મનાં સૂત્રોને અવગાહીને ધર્મનું મૂળ રહસ્ય પામી ગયા અને મારા જેવા ઘણા પામર પ્રાણીને ધર્મનો સાચો પ્રકાશ આપી ગયા અને પોતાની જીવનયાત્રા સફળ કરી ગયા.

તેમની વ્યાખ્યાન શૈલી આજે પણ યાદ આવે છે અને જ્યારે બીજાં વ્યાખ્યાનો સાંભળું છું ત્યારે એમ થાય છે કે વ્યાખ્યાન શૈલી તો એવીજ હોવી જોઇએ. માલશીભાઇની વાણીમાં મીઠાશ હતી. શાસ્ત્રની વાતોને સરળ રીતે દાખલા દૃષ્ટાંતોથી સમજાવતા. બાળ કે વૃદ્ધ, સાક્ષર કે નિરક્ષર બરાબર સમજી શકે અને બન્નેને સરખો આનંદ પડે તે રીતે તેઓ વ્યાખ્યાન આપતા હતા. તેમનો અવાજ પણ બહુ મોટો હતો. જે ગ્રંથ વાંચતા હોય તેમાંથી એક ગાથા વાંચી તેનો શબ્દાર્થ પહેલાં કહે પછી તેનો વિશેષાર્થ કહે: પછી તેના પર વિવરણ કરે, પછી એ અર્થને મળતું જે જે ગ્રંથોમાં જે જે આચાર્ય મહારાજોએ કહ્યું હોય તે દર્શાવે, પછી તેની સાથે વર્તમાન કાળની સરખામણી કરી આપણે શું કરવા જેવું

છે ? તેનાથી શા લાભ થાય અને આત્મકલ્યાણ કેમ સાધી શકાય તે એવું સ્પષ્ટ સમજાવે કે એ ગાથા તો પ્રત્યેકના હૃદયમાં જડાઈ જાય.

તેઓ વ્યાખ્યાન માટેની તૈયારી પણ એવીજ કરે. જ્યારે જુઓ ત્યારે તેઓ ગ્રંથરત્નોનું વાચન કરતા જ હોય મનન ચિંતન પણ ચાલતું હોય. તેમણે પોતાનું ઘર જ્ઞાનશાળા બનાવી હતી. એ ઘર જ્ઞાનચર્ચા માટે કે જ્ઞાનના પઠન પાઠન માટે વપરાય એ ઉદ્દેશથી તે ઘરનું ટ્રસ્ટડીડ કર્યું હતું. તેની વ્યવસ્થા કોડાયની સદાગમ પ્રવૃત્તિ સંસ્થાના ટ્રસ્ટીઓને સોંપી હતી. પોતાના ઘરમાં પુસ્તકભંડાર રાખ્યો હતો. તેમાં તેમની ખરી દોલત હતી. તે ભંડારમાં જેટલી હસ્ત લિખીત પ્રતો હતી તે તમામ તેમણે પોતે સંશોધન કરેલી હતી. લગભગ બાર કલાક તેમના શાસ્ત્ર શોધન અને વ્યાખ્યાન આદિમાં પસાર થતા હશે.

તેઓ સામાન્ય પ્રસંગમાંથી તાત્વિક પ્રસંગ ઉપસાવી કાઢતા. નાની વાતમાંથી કલાકના કલાક સુધી બોલી શકતા. તેમની જ્ઞાનદ્રષ્ટિ બહુ નિર્મળ હતી. અભ્યાસ તો તેમણે થોડો કર્યો હતો પણ મનન ચિંતન દ્વારા તેમના આત્મામાં પ્રકાશ પ્રગટયો હતો તેમની વાણીમાં જાદુ હતો.

એક સુંદર ગાથા તેમણે સંભળાવી હતી તે આજે આ વૃદ્ધાવસ્થામાં પણ મારા હૃદયમાં એવી તો જડાયેલી છે કે તે વીસરી શકાશે નહિ.

તેમાં કહેલું કે "મધુર, ડહાપણ ભરેલું, અલ્પ, કાર્ય હોય તો પણ ગર્વ વગરનું, પૂર્વે મનમાં સંકલ્પ કરીને અને ધર્મ યુક્ત બોલવું." આ એક જ ગાથા જીવનના દર્શન માટે બસ છે.

એક વખત માલશીભાઇ મસ્તીમાં હતા. તેઓનો આત્મા જ્યારે ખીલે ત્યારે તે સોનેરી ટંકશાળી વાકયો બોલતા અને તે પ્રેરણાત્મક બની રહેતાં. તેમણે એક વખત વાત વાતમાં કહ્યું કે પ્રભુ મહાવીર પધારે તો તે જગતવત્સલ, અહિંસામૂર્તિ, દીર્ઘ તપસ્વી, ત્યાગમૂર્તિ, પરિષહો સહન કરનાર, સ્ત્રીઓના ઉદ્ધારક, નીચમાં નીચ પુરૂષનું પણ કલ્યાણ વાંચ્છનારા અને તેઓને પણ ઉંચે લઈ જવા ઈચ્છનાર, શાંત-મૂર્તિ, આ ધમાધમ–આ ધર્મના નામે ચાલતા ઢોંગ, આ ઝગડાબાજી અને આ વિતંડાવાદ જોઈને તો તેઓનો આત્મા દુઃખી દુઃખી થઈ જાય.

પ્રભુ મહાવીરે ચતુર્વિધ સંઘની સ્થાપના કરી; પાંચ મહાવ્રતધારી સાધુ સાધ્વી અને બાર અણુવ્રતધારી શ્રાવક શ્રાવિકા ગણવામાં આવ્યાં છે. જેમ મહાવ્રત વિના મુનિ ન ગણાય, તેમ અણુવ્રત વિના શ્રાવક ન ગણાય. આજે તો જૈન કુળમાં જન્મ્યો તે જૈન અને સાધુનાં કપડાં પહેર્યાં તે સાધુ.

પાંચમા આરાની સઝાયમાં કહ્યું છે કે :—

વિણ ગોવાળે રે ધણ ચરે જ્ઞાની નહિ નિર્વાણ રે,
વીર કહે ગૌતમ સુણો પંચમ આરાના ભાવ રે.

આજની જૈન સંઘની પરિસ્થિતિ કેવી વિષમ છે ? અરે ૬૦ વર્ષ પહેલાનાં આ તેમનાં ટંકશાળી વાકયો આજે પણ કેવાં સાચાં છે ? આજ જૈન સમાજમાં સંગઠન નથી. તિથિ ચર્ચાએ તો ગામેગામ ભાગલા પડાવ્યા છે. આચાર્ય પ્રવરો પણ એક સાથે બેસી શકતા નથી. આજે લાખો ખરચાય છે. પણ ધર્મનો ઉદ્યોત દેખાતો નથી. મૂર્તિઓ ખંડિત થાય છે ને કોઇનું રૂવાડું ફરકતું નથી. મધ્યમ વર્ગ પીસાઇ રહ્યો છે તેની કોઇને પડી નથી.

આજે તો મુનિઓ જે સંઘના રાહબર ગણાય તે પોતાનાજ ક્રિયાકાંડ અને ઉત્સવ-મહોત્સવમાં પડ્યા છે. ગજસુકુમાર અને મેતારજ મુનિની કથાઓ તો શાસ્ત્રોના પાનામાં રહી ગઈ. કયાં છે એ ક્ષમા ? કયાં છે એ ત્યાગ ? કયાં છે કામદેવ અને આનંદ શ્રાવકના જેવી ભાવના ? શ્રાવકોનાં ઘરનાં દ્વાર અતિથિઓ, સ્વામીભાઇઓ, દુઃખી-દર્દી, મુનિ-અભ્યાગત માટે અભંગ રહેતાં. આજે તો પરિસ્થિતિ કેવી વિષમ થઇ પડી છે ? આજે તો મિલો-પ્રેસો-જીનો-કારખાનાઓ અને મોટી હવેલીઓ, માળાઓ, મહેલો, મોટરો ને હીરાની વીંટીઓ તથા નોટોનાં બંડલો છે. પણ તેમાંથી એક પણ કામનાં શું ? એ છાતીએ બંધાય છે ? બટકું ખવાય છે ? પ્રેમભાવના જ નાશ પામી છે. પૈસાનો હડકવા સૌને લાગ્યો છે. અને પત્ની-પુત્ર-મિત્ર કે માતાપિતા કે કુટુંબીભાઇની પડી નથી ત્યાં સ્વામીભાઇ કયાંથી યાદ આવે.

માલશીભાઇ કહેતા : બીજો મહાવીર જાગશે અને જ્યારે ક્રાંતિની મશાલ પેટાવશે ત્યારેજ આ જૈનધર્મ વિશ્વધર્મ થશે.

એક વખત નલીયામાં મુનિ દાનવિજયજી આવ્યા. મુનિ દાનવિજયજી સારા વિદ્વાન હતા. તપસ્વી પણ હતા. પાલી તાણામાં ઘણો સમય રહ્યા હતા. તેઓ કચ્છમાં પધાર્યા. સંવેગી હતા. સ્પષ્ટ વક્તા હતા. સારા વ્યાખ્યાનકાર અને ઉપદેશક હતા. તેમના વ્યાખ્યાનમાં આકર્ષક શક્તિ હતી. તેઓ સુંદર હિંદી બોલતા હતા અને પંજાબ તરફના હશે તેમ લાગતું હતું. તેઓ સ્વભાવે સરળ હતા. તેમને એક ભાઇએ શ્રી માલશીભાઈ અને મારા વિષે વિરૂદ્ધ ભાવના ભરી. તેઓ નલીયા પધાર્યા, માલશીભાઇને ત્યાં ગયા. માલશીભાઈ સૂત્રની વાંચના કરતા હતા તેથી મહારાજશ્રી ગુસ્સે થયા. તેમને શાસનનો ચોર હોય તે શાસ્ત્ર વાંચે તેમ ઘણું ઘણું બોલ્યા. પણ આપણા માલશીભાઈ તો મૂળ શાંતિપૂર્વક નમ્રતાથી સાંભળી રહ્યા અને જ્યારે વિશેષ પડતું બોલવા લાગ્યા ત્યારે માત્ર એકજ વાક્ય બોલ્યા કે આપ તો ક્ષમાક્ષમણ છો–ગુસ્સે શા માટે થાઓ છો ? આ વચનોથી અગ્નિમાં ઘી હોમાયું તેમ વિશેષ ગુસ્સાથી બોલવા લાગ્યા ત્યારે માલશીભાઇએ સંયમપૂર્વક શાંતિ રાખી. વાણીમાં એજ મીઠાશ. કટુતા નહિ, રોષ નહિ. સાથે આવેલ મેઘજીએ વિપરીત પરીણામ આવતું જોઇને મહારાજશ્રીને ધર્મશાળામાં જવા આગ્રહ કર્યો. મુનિ પણ સમજી ગયા અને મને થયું કે આમાં ક્ષમા–શ્રમણ કોણ!

માલશીભાઈની સેવાનો લાભ લેવા મન તલસતું હતું તેથી હું તો સવારના વહેલો તેમને ત્યાં પહોંચી જતો જ. બપોરના પણ ઘેર જતો. એક દિવસ તેમણે મને જીર્ણ પુસ્તક-પોથીનો જીર્ણોદ્ધાર કરવા બપોરના આવવા કહ્યું ને મને આનંદ થયો.

માલશીભાઇએ એક જૂની જીર્ણ થયેલી હસ્ત લિખીત પ્રત મને આપી. એ પ્રતમાંથી હું વાચતો જાઉં અને પોતાની પાસે એક સારા અક્ષરની લખેલી પ્રત હતી તેમાં તેઓ સુધારતા જાય. આ પ્રત વાંચતાં વાંચતાં મને પણ શીખવાનું મળ્યું. પણ વચમાં વચમાં શ્રી માલશીભાઈનાં સુધાભર્યાં વચનો મળતાં. તે અમૃત વચનો તો મારા હૃદયને અજવાળી દેતાં. કોઈ વખતે સુંદર શ્લોકો તેઓ લલકારતા. સુંદર ગાથાઓ બોલતા અને આનંદઘન કે યશોવિજયજીનાં ભજનો બોલતા ત્યારે તો હું પ્રભાવિત થઈ જતો. જીવનનો આ લ્હાવો હતો અને આજે ૮૦ વર્ષની જૈફ ઉમરે પણ મને તેમનાં ટંકશાળી વચનો યાદ છે અને તેનાથી મને જીવનમાં શાંતિ મળી છે.

તેઓ કોઈ પ્રસંગે સ્યાદવાદનું સ્વરૂપ સમજાવતા તો કોઇ પ્રસંગે તપનું સ્વરૂપ દર્શાવતા. ગમે તે વાત હોય પણ તેને પૂરેપૂરો ઈન્સાફ આપવાની તેમનામાં શક્તિ હતી. એક વખત કર્મનું સ્વરૂપ સમજાવતા ત્રણ કલાક વાતવાતમાં નીકળી ગયા. છ કર્મગ્રંથોનો સાર તેમણે ત્રણ કલાકમાં આપી દીધો. એક વખત દ્રવ્યગુણપર્યાય સમજાવતા તેઓ સ્વર્ગીય સુખ અનુભવતા

હોય એમ લાગતું. શ્રી યશોવિજયજી મહારાજ કૃત દ્રવ્યગુણ-પર્યાયના રાસમાંથી એક ગાથા તે પ્રસંગે તેમણે સંભળાવી. તે હજી મારા સ્મરણમાં જેવી ને તેવી તાજી પડેલી છે.

એ યોગે જો લાગે રંગ, આધા કર્માદિક નહિ ભંગ;
સમ્મતિ ગ્રંથે ભાખ્યું ઇસુ તે તો બુધજન મનમાં વસ્યું.

આ ગાથાનું વિવેચન કરતાં તેમણે જે નવી દૃષ્ટિ આપી તે ભૂલાય તેમ નથી.

દેહદૃષ્ટિ અને આત્મદૃષ્ટિ એ બે દૃષ્ટિ છે. જ્યાં દેહદૃષ્ટિ છે ત્યાં અજ્ઞાન છે. અજ્ઞાન છે ત્યાં બંધન છે અને જ્યાં બંધન છે ત્યાં દુઃખ છે. તેજ પ્રમાણે જ્યાં આત્મદૃષ્ટિ છે ત્યાં જ્ઞાન છે. જ્યાં જ્ઞાન છે ત્યાં મુક્તિ છે અને જ્યાં મુક્તિ છે ત્યાં સુખ છે. એજ વાત તેમણે બીજી રીતે સમજાવી. 'જ્યાં દેહભાવ છે ત્યાં મિથ્યાત્વ છે. જ્યાં મિથ્યાત્વ છે ત્યાં સંસાર છે. જ્યાં આત્મભાવ છે ત્યાં સમકિત છે અને જ્યાં સમકિત છે ત્યાં મોક્ષ છે.'

આત્મદૃષ્ટિ મેળવવા માટે ઉત્તમ ગ્રંથોનું વાચન કરવું એટલું જ નહિ પણ તેનું મનન અને ચિંતન કરવું અને નિદિધ્યાસન કરવું અને તે જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો. તેમણે એક પદ મને આપ્યું તે જીવન વિકાસના મહામંત્ર સમું બની ગયું છે. તે પદથી મને પરમ શાંતિ મળી છે. તે પદ આજે પણ પ્રેરણા આપી જાય છે. નવું જીવનદર્શન આપે છે.

મુક્તિની ચાવી

આપ સ્વભાવમેં રે અવધુ સદા મગનમેં રહેના,
જગત જીવ હૈ કર્મોધીના અચરિજ કછુઅ ન લીના...આપ

તું નહિ કેરા કોઇ નહિ તેરા કયા કરે મેરા મેરા,
તેરા હૈ સો તેરી પાસે અવર સબે અનેરા....આપ

વપુ વિનાશી તૂ અવિનાશી, અબ હૈ ઇનકેા વિલાસી,
વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી....આપ

રાગ અરૂ રીસા દોય ખવીસા એ તુમ દુઃખકા દીસા,
જબ તુમ ઉનકેા દૂર કરીશા તબ તુમ જગકા ઈસા....આપ

પરકી આશા સદા નિરાશા, એ હૈ જગજન પાશા,
તે કાટનકું કરેા અભ્યાસા, લાહેા સદા સુખવાસા....આપ

કબહીંક કાજી, કબહીંક પાજી, કબહીંક હુચ્ચા આમ બ્રાજી,
કબહીંક જગમે કીર્તિ ગાજી, સબ પુદ્ગલકી બાજી આપ

શુદ્ધ ઉપયેાગ અરૂ સમતાધારી જ્ઞાન ધ્યાન મનેાહારી,
કર્મ કલંકકૂ દૂર નિવારી જીવ વરે શીવનારી....આપ

શ્રી માલશીભાઈએ આ પદનું વિવેચન કર્યું ત્યારે તેા મારા આત્મામાં નવેા પ્રકાશ લાધી ગયેા હું તેનું વિવેચન લખવા બેસું તેા પચાસ પાના ભરાય. આ પદની એક એક ગાથામાં જે રહસ્ય છે તે સમજાતાં આત્મિક ખજાનેા પ્રગટ થઈ રહે.

આ પદને મેં આજ સુધી ગુરૂમંત્ર તરીકે શ્રી માલશી-ભાઈની પુણ્ય પ્રસાદી તરીકે સાચવી રાખેલ છે. જે જે પ્રસંગે બીજા જીવો ઉપર કષાય કરવાનો મને પ્રસંગ આવ્યો છે તે તે પ્રસંગે એ પદે મને મિત્ર તરીકે સાવધ કર્યો છે અને જે પ્રસંગે આર્ત રૌદ્ર ધ્યાન કરવાનો સમય આવ્યો છે તે તે પ્રસંગે તેણે ગુરૂ થઈને મારૂં રક્ષણ કર્યું છે. શ્રી માલશી-ભાઈના તમામ ઉપદેશો કદાચ ભૂલી જવાય, એમની શીખા-મણો–એમણે શીખવેલા શ્લોકો–ગાથાઓ કે પદો વિસરી જાઉં તો પણ

જગત જીવ સબ કર્મોધના અચરજ કછુઅ ન લીના,
આપ સ્વભાવમેં રે અવધુ સદા મગનમેં રહેના.

આ બે લીટીજ ભવસાગર તરવાને નાવ સમાન છે. અંધકારમાં દીપક સમાન છે, જંગલમાં મંગલરૂપ એકાંતમાં તે ગુરૂની ગરજ સારે છે, સંકટ સમયે મિત્રનું કામ કરે છે. આર્ત રૌદ્ર ધ્યાનના પ્રસંગે સત્સંગનું કામ કરે છે.

મેં તો માલશીભાઇને સાધુપુરૂષ માન્યા છે. મારા તે પરમ માર્ગદર્શક ગુરૂ હતા. જો શ્રી માલશીભાઈ ન મળ્યા હોત તો હું આજે કયાં હોત? હું રમત અને સંગીતનો કીડો હતો. સંસાર સાગરમાં ગોથા ખાઈ ખાઇને કયાં રવડતો હોત તે કોણ જાણે?

એ સ્થિતિ હું કલ્પી શકું છું પણ કલમ દ્વારા ઉતારી શકતો નથી. ચિતારો નથી કે ચિતરી શકું, લેખક નથી કે

લખી શકું, કવિ નથી કે કવિતા કરી શકું પણ જેમ બાળકના મોઢામાં મીઠાઈ મૂકો તો તેને જેમ મીઠાશ આવ્યા કરે પણ તેનું વર્ણન કરી શકે નહિ, છતાં આનંદ માણ્યા કરે તેજ પ્રકારે શ્રી માલશીભાઈના ઉપકારો હું સમજી શકું છું. વર્ણવી શકતો નથી.

પ્રભુ પાસે એજ પ્રાર્થના કરું છું કે જ્યાં સુધી આ સંસારમાંથી મુક્તિ ન મળે ત્યાં સુધી મારો તેમના ચરણમાં નિવાસ થાય. તેઓ જીવનભર મારા પ્રાણ પ્રેરક, ઉદ્ધારક અને તારક બને!

શ્રી માલશીભાઈ કોડાયની સદ્‌ાગમ પ્રવૃત્તિના પ્રેરક અને ટ્રસ્ટી હતા. એ સંસ્થાદ્વારા મારા જેવા હજારોને જીવનનું સાચું દર્શન મળ્યું છે. ઘણા આત્માઓએ પોતાનાં જીવનને ઉજાળ્યાં છે. છેલ્લે છેલ્લે તેમને હરસનો વ્યાધિ થયો. સાથે તેમને વાની પણ બિમારી હતી. તેઓ ખૂબ સહનશીલ હતા. કદી કોઇની સેવા લેવા તેઓ રાજી નહિ. જરા તબીયત નરમ હોય તો તો પરવા ન કરે. તાવ હોય છતાં વાંચવામાં તલ્લીન હોય અને કોઇ આવે તેની સાથે વાતો કરે.

મને તેમના પ્રત્યે ખૂબ ખૂબ સદ્‌ભાવ હતો. તે મારા પ્રાણપ્રેરક હતા. તેમની માંદગીમાં મેં તેમની થોડી ઘણી સેવા કરી હશે. તેમાં તો ખૂબ રાજી થયા. મને ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા. એ આશીર્વચનો આજે પણ યાદ આવે છે અને આંખડી ભીની થઈ જાય છે. જે દિવસે તેમણે મને

મંગળ આશીર્વાદ આપ્યા–હું તો નાચી ઉઠયો. મારૂં જીવન ધન્ય ધન્ય બની ગયું. કોઈ મહાત્માએ જીવનમંત્ર આપી દીધો અને જાણે હું અમૃત સરિતામાં સ્નાન કરતો હોઉં તેમ મારા રોમેરોમમાં આનંદ આનંદ થઈ રહ્યો. તેમના જેવા પરમપવિત્ર જ્ઞાની પુરૂષના આશીર્વાદે મારા જીવનમાં પ્રસંગે પ્રસંગે મને શાંતિ મળી છે. અણીના પ્રસંગે અણધારી સહાયતા મળી છે. દુઃખમાં દિલાસો આપ્યો છે. મુશ્કેલીમાં માર્ગ કરી આપ્યો છે ગુરૂના, સંતના, વડીલના, અપંગના, કે દીનદુઃખીના આશીર્વાદ નિષ્ફળ જતા જ નથી એવી મારી અંતઃકરણમાં પૂર્ણ પ્રતીતિ છે અને તેથી જ માલશીભાઈના ઉદ્‌ગારો મારા કાનમાં ગુંજારવ કરી જાય છે 'સદા મગનમેં રહેના.'

શ્રી માલશીભાઇની માંદગી વધવા લાગી. હીરજીભાઈ કાનજી અને મેં સેવા કરવાનો નિર્ણય કર્યો. તેમને કમરમાં ને વાંસામાં દર્દ થતું હતું. અમે બંને જણાએ શેક કરવો શરૂ કર્યો. પરિણામ એ આવ્યું કે અમને ખબર ન રહી ને તેમની ચામડી બળી ગઇ. એ વાતની ખબર પડી અને અમે બને તો ખૂબ ભોંઠા પડ્યા. સેવા કરવા જતાં કેટલું દુઃખ આપ્યું પણ માલશીભાઈ અક્ષરે બોલ્યા નહિ. અમે જ્યારે પૂછ્યું ત્યારે તે તો જાણે કાંઇ જ ન બન્યું હોય તેમ શાંતિથી બોલ્યા કે તમે પ્રેમથી સેવા કરતા હતા, તમને શું કહેવું ? કેમ અટકાવવા ? શું તેમની સહનશક્તિ ! કેવો ભક્તિભાવ માટે પ્રેમભાવ ?

તેઓ બધું દુઃખ ખૂબ ધૈર્યપૂર્વક સહન કરતા અને 'અરિહંત' કે 'ધન્ય મુનિરાજ' બોલતા.

તેઓ કહેતા 'બંધ સમે ચિંત ચેતીયે, ઉદયે શ્યો સંતાપ' જીવ જે હસતાં હસતાં બાંધે છે તે રોતાં રોતાં પણ ન છૂટે તો પછી ભોગવવાનાં છે તો હસતાં હસતાં કેમ ન ભોગવવાં ?

જે મુનિશ્રીએ શ્રી માલશીભાઈ ઉપર ક્રોધ કર્યો હતો તેમને હું કચ્છમાંડવીમાં મળ્યો. મેં તેમને ભાવપૂર્વક વંદણા કરી. મને જોતાં જ ઓળખી ગયા. પ્રેમથી મને આવકાર આપ્યો. હું તો તેમનું આવું પરિવર્તન જોઇ ચકિત થઇ ગયો. તેમણે માલશીભાઇની તબીયતના ખબર પૂછ્યા.

તેમને દુઃખ થતું હોય તેમ બોલ્યા મને મેવજીએ ભરમાવ્યો. હું જખૌ–નાણુપુર, કુમરા જ્યાં જ્યાં ગયો ત્યાં શ્રી માલશીભાઇની તારીફ સાંભળતો આવ્યો. છેવટે કોડાયના એક ભાઇએ જ્યારે તેમના જ્ઞાનની–વિનમ્રતાની અને સહનશીલતાની વાત કરી ત્યારે મારો ભ્રમ ટળી ગયો. શ્રી માલશીભાઇની શાંત મુખમુદ્રા મારી દૃષ્ટિ સન્મુખ આવી ગઈ અને મારાથી એ ઉદ્ગાર નીકળી ગયા તે સાધુ જેવા છે તેમનું દુઃખ હું જોઇ શકયો. તેમણે માલશીભાઇને મિચ્છામિ દુક્કડં દેવા પણ કહ્યું.

હું પૂજ્ય માલશીભાઇના સત્સંગમાં આનંદ મેળવી રહ્યો હતો. જેમનાં ટંકશાળી વચનો મારા હૃદયમાં પ્રકાશ પાથરી

રહ્યાં હતાં. તેમની ખૂબ સેવા કરવાનો લાભ મળી રહ્યો હતો તેવામાં મારા પિતાશ્રીનો પત્ર આવ્યો અને મારે મુંબઇ જવાનું થયું. શ્રી માલશીભાઇનો સહવાસ છોડવા મન રાજી નહોતું. પણ કુટુંબની જવાબદારી; અને પિતાની આજ્ઞાનો વિચાર કરવાનો હતો. અશ્રુભર્યા નયને મેં વિદાય લીધી અને તેમના મંગળ આશીર્વાદ લઇને હું મુંબઈ ગયો.

મુંબઇથી હું પુના પાસે આવેલા ભોર સંસ્થાનના વેલે ગામમાં એક ખોજા તરફથી હરડેની ખરીદી કરવા આવ્યો હતો. ત્યાં મને કચ્છ નળીયાથી મારા સ્નેહી ભાઈ હીરજીભાઈ કાનજીનો પત્ર આવ્યો. તેમાં પૂજ્ય માલશીભાઇનાં સ્વર્ગવાસના સમાચાર હતા. મારા ઉપર તેની ઘણી માઠી અસર થઈ. પૂજ્ય માલશીભાઇ જેવા સદ્‌ગુણાનુરાગી જ્ઞાની વિનમ્ર સહનશીલ સેવાભિય નિસ્પૃહ નિરાડંબરી તથા સત્ય વસ્તુના જ્ઞાતા મારા પરમ ઉપકારી પ્રથમ ગુરૂનો વિરહ હું સહી ન શકયો. રોઈ રોઇને રાત્રિ પૂરી કરી, ભૂખ નાશ પામી, શરીરમાં બેચેની વધવા લાગી. પરદેશમાં પડયો પડયો શું કરી શકું ? વિરહ વેદનામાંથી કાવ્ય સરી પડયું.

તે ૩૦ ગાથાની કવિતા શ્રી માલસિંહ વિયોગ દર્શન આજે પણ પૂજ્ય માલશીભાઈની યાદ તાજી કરે છે અને તેમની પુણ્યસ્મૃતિના પ્રસંગો પ્રેરણા આપી જાય છે.

શ્રી માલસિંહ વિયોગ દર્શન.

(કુંવરી કુંવર મારા લાડકા એ રાગ)

રે તાત આ તમે શું કર્યું, મુકી બાળક આમ;
છત્ર રહિત કરી તેહને, જવાનું શું કામ. રે તાત. ૧
વેલડી વૃક્ષ થકી વધે, જાણે સહુકો લોક;
ક્રુર કાળ જબ તે હરે, પામે વેલડી શોક. રે તાત. ૨
માત થકી બાળ સંચરે, જે છે એનો આધાર;
તે વીણ બાળ રહે નહિ, શોક અન્ય ન સાર. રે તાત. ૩
ચંદ્ર વિના જેમ ચાંદની, ધરે શોક અપાર;
આપ વિના ત્યમ હું રડું, કહું કોને આવાર. રે તાત. ૪
સૂર્ય વિના જેમ કમલનાં, થાયે ગાત્ર સંકોચ;
બાળકનું મન તીમ થયું, થાયે અંતર શોચ. રે તાત. ૫
ચાંદની જોઇ ચકોરને, ઉપજે ઉન્માદ;
આપને દેખી મને થતો, અતી મનમાં નાદ. રે તાત. ૬
યાચકનું મન લોજને, લોભીનું મન ધન;
કામી ઇચ્છે કામને, ત્યમ તુમ ગુણ મન. રે તાત. ૭
ભુખ્યાને અન્નની પરે, લાગે આપ વિયોગ;
દરિદ્રીને રણની પરે, દેખું હાલ સંયોગ. રે તાત. ૮
ચંદ્ર વિના જેમ રાતડી, જીવ વિનાની દેહ;
સૌભાગ્ય વિના જીમ નારીને, ત્યમ અંતર સ્નેહ. રે તાત. ૯
સમતાદિ ગુણ સાગર, ગાંભીર્યાદિ અનેક;
જ્ઞાન દશાની તુલના, દેખું હું નહિ એક. રે તાત. ૧૦

ધર્મી છત્ર તમે હતા, અનાથોના નાથ;
તે સહુ આપ વિના રડે, ધરો તેનો રે હાથ. રે તાત. ૧૧

લોકપ્રત્યે હિત લાગણી, આપના મન માંહી;
જાગ્રત રાત દિવસ રહે, સમ સહુ જનમાંહી. રે તાત. ૧૨

આપ વિયોગ આ કાળમાં મનમાં બહુ થાય;
જ્ઞાનની વાતો કયાં થશે, મનડું તો મુંઝાય. રે તાત. ૧૩

દુષમ કાળ આ જિન કહે, જેમાં પાપ અમાપ;
અછેરા છે દશ તેહમાં, દેખી મનમાં તાપ. રે તાત. ૧૪

એ સહતાં મુજને નહિં, લાગે મનમાં ક્ષોભ;
આપ વિયોગે ઉપજે, ચિત્તમાં બહુ ક્ષોભ. રે તાત. ૧૫

વીર વિયોગ જે પીડતો, તેમાં આપનો યોગ;
નિરાધાર હવે હું થયો, નથી સંત સંયોગ. રે તાત. ૧૬

આપ થકી સહુ પ્રાણીઓ લેતાં જ્ઞાન અપાર;
નિર્ભાગી હવે કયાં જશે, કોણ કરશે સાર. રે તાત. ૧૭

જ્ઞાન અધ્યાત્મિક મર્મ જે સર્વ શાસ્ત્રનો સાર;
તે કોણ અત્ર જોશે હવે, લાગે મનમાં અક્કાર. રે તાત. ૧૮

કુંચી કહો કોને આપીને, ગયા આપ હજુર;
પુસ્તક રત્ન તે વીણ સહુ, વૃથા દેખું જરૂર. રે તાત. ૧૯

દૂર બેસાડી બાલને, ચાલ્યા આપ એકાંત;
ધ્યાન ધરી વીતરાગનું, પામ્યા અંતર શાંત. રે તાત. ૨૦

કયાં ગયા ? કયાં હશો ? તાતજી, કહો સત્વર આપ;
બાળક રડી રડીને કરે, મન શોક અમાપ. રે તાત. ૨૧

નેમગિરિ ગુહામાં હશો, કાંતો મેરૂની ટોચ;
અથવા અચળગિરિ લહો, કાંતો આતમ જ્યોત. રે તાત. ૨૨

એનો ને બંધુઓ શોકમાં, થાએ લીન સદાય;
આપ વિના તેમની વ્યથા, કોણ કરશે વિદાય. રે તાત. ૨૩

ઉત્પત્તિ આદિ સદા હુવે, જે છે દ્રવ્ય સ્વભાવ;
ગુણ પર્યાય સદા ભજે, નિજ નિજનું ભાવ. રે તાત. ૨૪

ક્ષેત્ર દીસે હત ભાગીયો, તેમાં અન્ય ન વાંક;
રત્ન ચિંતામણી કિમ ટકે, જે છે અત્યંત રાંક. રે તાત. ૨૫

આજકાલ કરતાં થકાં, વીત્યાં વર્ષો અનેક;
યાપી કાલ તે કીમ સહે, ધર્મીની એ ટેક. રે તાત. ૨૬

વિધ વિધ દ્રવ્ય સ્વભાવ છે, એમાં અન્ય ન દોષ;
વસ્તુ સ્વભાવ તજે નહિ, બીજા પર શું રોષ. રે તાત. ૨૭

વાંક નથી રે શું કર્મનો, જે અનાદિનો સાથ;
યાપી મુકે નહિ તે કદી, જેણે ભીડી છે બાથ. રે તાત. ૨૮

કાંતો મોહ બ્હીનો ખરો, રખે રૈયત જાય;
વિદ્યા જ્ઞાન ને ધ્યાનની, વાતો નિશદિન થાય. રે તાત. ૨૯

સર્વ સુખી કરવા તણી, આપો અંતર પ્રીત;
શિવ સંપત તવ પામશો, સર્વ કર્મને જીત. રે તાત. ૩૦

આ કાવ્ય મેં સં. ૧૯૬૫ માં કચ્છકોડાયમાં દીવાળીની રાત્રિના ગાયું ત્યારે શ્રોતાઓએ અશ્રુઓની ધારાઓ વહેવડાવી હતી. બીજાં પણ બે કાવ્યો અને સંસ્કૃતમાં બે શ્લોક બનાવ્યા હતાં.

આજથી ૩૩ વર્ષ પહેલાં ઈ. સ. ૧૯૨૬ માં હું મીરજ હોસ્પીટલમાં હતો. હરસનું ઓપરેશન કરાવ્યું હતું. જરા ઠીક થતાં ડોકટરે આરામ લેવા સલાહ આપી. મારા સ્નેહી મિત્ર ભાઇ અક્ષયચંદ્ર પદમશીએ મને મારી જીવનકથા લખવા પ્રેરણા કરી. મને સમય ઘણો મળતો. વાતાવરણ પણ બહુ આહ્લાદક હતું.

એ દિવસોમાં મેં 'મારી મહુલી' નામથી આત્મકથા લખવી શરૂ કરી. પછી તો ધોધબંધ વિચારો આવતા ગયા અને કથા આલેખાતી ગઈ. જીવનના પ્રસંગોનું ચિત્રામણ થવા લાગ્યું. તેમાં ભાતભાતના રંગ પૂરાયા અને કલ્પનામાં પણ ન આવે તેમ મારાથી ૧૦ ડાયરીઓ ભરાણી અને લગભગ ૧૫૦૦ પૃષ્ટોમાં એ આત્મકથા અધૂરી રહી. જ્યારે એ પ્રસંગો જોઉં છું ત્યારે ઘણાં ઘણાં સંસ્મરણો સર્જાય છે અને જીવનના કેવા ઘાટ ઘડાયા તે જોઇ જોઇને આનંદ ને આશ્ચર્ય થાય છે.

શ્રી માલશીભાઈ અમદાવાદ હતા ત્યારે તેમણે કેટલાક પત્રો લખેલા. તેમાંથી ચાર પત્રો મળ્યા છે. તે પત્રો તેમણે કોડાયના શ્રી દેવજીભાઇ લખમણને લખ્યા હતા. તે સંવત ૧૯૩૬ ની સાલ હતી. આ પત્રો અત્રે આપવામાં આવ્યા છે.

આ પત્રો ઉપરથી પૂજ્ય માલશીભાઈની દૃષ્ટિ, તેમના વિચારો તેમની ભાવનાઓ અને તેમના જ્ઞાનનો પરિચય થાય છે.

પત્ર ૧

સ્વસ્તીશ્રી કોડાય સ્થાને બિરાજમાન અનેક શુભોપમા-લાએક પરમ સનેહી ભાઇજી સાહેબ દેવજીભાઈ લખમણની ચીરંજીવી શ્રી અમદાવાદથી લી. ગુણીજનોનુંદાસ માલશી ભોજ-રાજની ધર્મપ્રીતિ અવધારશોજી. વિશેષ એજે આપ ભાઈજીના લખેલ પત્ર ૨ બે પોતા છે. તેમાં પત્ર એક મુંબઇ મૂકયું તે પણ મને પોતું છે. બીજું આપે ત્રીજોરી બાબત વિગત લખી તે સર્વે જાણી. હવે જો મારો મુંબઇ જવાનો વિચાર થાશે. તો આપના લખ્યા પ્રમાણે તજવીજ કરીને લેઇશ. તેની ચિંતા કરશો નહીં. બીજી કલો ઉંચી નં. ૮ લેવાનો લખીઉં તે જાણીઉં. આરસની લાદીની માંડવીમાં દેવજી પાસેથી કોઈ તજવીજ થઈ હોય તો લખજો અને હું મુંબઇ જાઈશ તો મારાથી જે તજવીજ બનશે તે કરીશ. છાપેલા પુસ્તકની તજવીજ કરીશ. બાકી ચોથા ભાગની ચોપડી હજી-સુધી તઈયાર થઇ નથી. નાનચંદજીના ચેલા પાસેથી જીવા-ભિગમની ટીકાની તજવીજ કરીને જો મલશે તો આપની તરફ મોકલાવીશ. બીજું સાહેબજી શાંતિસાગરજી પાસે સત-પદી મોટીની પરત છે, તે હજી મેં જોઈ નથી. તથા ધર્મ પરીક્ષા જશવિજયજી કૃત છે. તે ગ્રંથ હાલમાં સાહેબજી વિચારે છે. માટે એ ગ્રંથ અવશ્ય વિચારવા જેવું છે તથા બીજા ઘણા પુસ્તકો વિચારવા જેવા સાહેબજી પાસે છે. માટે કોઇ અવસરે તેની ટીપ કરીને આપને લખી મોકલીશ. પછી જે પુસ્તક આપ સાહેબજીને લખાવવા સારૂં મગાવવું હોય તે સુખેથી

મગાવજો. અગર આપ સાહેબોનું એવું વિચાર થાય જે એક લખનાર ભાઈને તીહાંજ મોકલીએ. એમ થશે તો પણ બની શકશે. કસી વાતની અડચણ પ્રાયે જણાતી નથી કેમ જે નવો મકાન બન્યું છે તે જગ્યા ઘણી વિશાલ, બહુ ખુલાસાની છે. તે પ્રાયે એકાંત જેવી છે. તે લોકોના મંદિરથી અલગી છે તેથી આવનાર ભાઇઓને ઘણું અનુકુલ છે. બીજું શ્રી શાંતિસાગરજી સાહેબજીની શ્રદ્ધા બાબત આપે લખ્યું તે વાત મે પુછી, તો પ્રાયે મને કોઈ નાત અણમીલતી ભાશન થતી નથી. કેમજે પ્રતિષ્ઠા આસરી પણ પુછ્યું, તો કહ્યું જે એ કૃત્ય સમ્યક્ દૃષ્ટિ કરે પણ સાધુનું ઇહાં અધિકાર નથી જણાતું તથા પંચાગી આશ્રી પણ જે સિદ્ધાંત સાથે મલે તે પ્રમાણ અને શ્રી પર્વ પંચમીના ઇત્યાદિક વલી જે વાત યુક્તિથી દર્શાવે તો કોઇ વાતે દૃઢ કરવાના ભાવ મને એ પુરૂષના જણાતા નથી. પણ બરી બાત્રી મલેથી થાય માટે સાહેબજી હેમરાજ ભાઈજીને તથા ભાઇઓને પણ મલવાની ઈચ્છા સાહેબજીને રહે છે. પણ જ્યારે ફરસના હશે, ત્યારે બનશે. બીજું શેઠ મયાભાઈ સાથે મેલાપ થયો નથી- પણ એવું જણાય છે કે એ પુરૂષને અંતરથી પ્રીતિ સાહેબજી ઉપર જણાય છે. બીજું એ ભાઇઓ આવે છે તેના નામ કોઇ વખતે લખી મોકલીશ. ને તેમાં બે ચાર ગૃહસ્થ ધનાઢય છે. બીજું આપણે જેવા જુના વિચાર કરતા તે બાબતનું પુછવામાં આવે તો પ્રાયે મને વાત યુક્તિપૂર્વક ભાસન થાય તેથી પ્રાયે મને કોઇ વાતે ભેદ જેવું જણાતું નથી. પણ આપ સાહેબજીને એકવાર જરૂર મલવા જેવું છે માટે આપ સાહેબજીની ઇચ્છા

હશે તો બનવું કંઇ કઠણ નથી. બીજું સાહેબજીનું બાવાનું રસોઇ થાય છે. એક ભાઈ છે તે કરે છે. અને મારો જમવાનો એક રાગી ભાઇ છે તેના ઘરે થાય છે. તેના ઘરના માણસોને પણ ઓઘે રાગ છે. ને તે ભાઇનું ઘર નજીક છે. તેથી કશી વાતે અડચણ જેવું નથી. બીજું હાલમાં હું ષોડશ પ્રકરણ સટીક હરિભદ્રસૂરિ કૃત વિચારૂં છું. સાહેબજી પાસેથી સવારની ભગવતીજી તથા અધ્યાત્મક કલ્પદ્રુમ વંચાય છે તે સાંભળું છું. વલી બીજા બહાર ગામથી તથા આ ગામના સ્વપરદર્શની લોકો કોઈ ભણેલા આવે છે, તે વખતે કોઇ કોઇ અપૂર્વ વાતું સાંભળવામાં આવે છે. તેથી દિવસ રાત્ર પ્રાયે આનંદમાં જાય છે.

બીજું વ્યાખ્યાનમાં આવનાર ભાઇઓ તથા બાઇઓ કોઈ વખત ૧૦૧-૧૫ થી જાવત ૨૫ ને આસરે થઇ જાય છે. હાલમાં ગામમાં કોઈ કદાગ્રહની વિશેષ વાર્તા આ વાત સંબંધી સાંભલવામાં આવતી નથી. બીજું શેઠ મંછારામનો છોકરો ચુનીલાલભાઇ વખાણમાં આવે છે. બીજું શા. મૂલચંદ હડી માણસ શૂરવીર છે. દરબારી કામમાં વાકફ છે. તેથી એને ખરો તો પુન્યનું ઉદય. તેથી હાલમાં કોઈ પરાભવ કરી શકે એવું જણાતું નથી. આગલ તો કેવલી મ્હારાજ જાણે. બીજું આ લોકોએ શાંતિસાગરજીને બહાર કર્યા તે વાત ઘણા લોકોને અન્યાયની ભાસન થાય છે. તેથી કેટલાક લોકો પુછવા આવે છે. ને જે કોઇ સાંભલવા આવે છે તેમાંથી કોઈ કોઇને વાત ઘણી રૂચે છે. બીજું આ મોટો શહેર પડ્યા. તેમાં અન્ય

દર્શનીયોનું પણ જોર પડ્યો. તેમાં કેટલાક ભણેલા હોય. તેમાં કોઈ કોઈ એવા સરલ જીવ આવે છે. જેની વાતો સાંભલી સાહેબજીનું પણ જીવ બહુ ખુશી થાય છે. તેથી કેવાનું થાય છે જે આ બિચારાઓએ અમારા ઉપર બહુ ઉપકાર કર્યું. જેથી કેટલા લોકો સાથે મેલાપ થાય છે. તેમાં કોઇ ઉત્તમ જીવ આવી જાય, તેમાં પણ ના કહેવાય નહીં. ઇત્યાદિક અત્રની હકીકત સંક્ષેપથી આપને જાણવા સારૂં લખીયું છે. બીજું આપ સાહેબજીએ લખ્યું જે હાલમાં સહુથી તમો એકલા તીહાં રહો. પછી તમારો વિચાર થાય તો સુખેથી ત્રેડાવજો. એ વાત કાંઇ પરતંત્ર નથી કરીને લખ્યું. તે સાહેબજી મને પણ એમજ વિચાર છે. પરન્તુ અત્રે આવે મને દિવસ ૧૮ થયા. મેં અત્રની રીતભાત પ્રાયે સર્વે જાણી શાથી કે સાહેબજીને મારો કોઇ પૂર્વભવના સંબંધથી પોત-પોતાના ચિતનો ઘણો અભેદપણો વર્તે છે. તેથી મારા પર સાહેબજીની ઘણી પ્રીતિ વર્તે છે. ને આવનાર ભાઇઓને સાહેબજીના વચન ઉપર ઘણી જ પ્રતીત રહે છે. તેથી ભાઈઓ મારી બહુ બરદાસ રાખે છે. માટે મેં ત્રેડાવવા બાબત સાહેબજી તથા મૂલચંદભાઈ તથા બીજા એક બે ભાઈની સલા લીધી. તો કહ્યું જે સુખેથી ત્રેડાવો. કશી વાતની અડચણ પડશે નહીં. અને વલી કોઇબી જીવને ઉપકારનો કારણ છે. ઇત્યાદિ કહ્યું. વલી જગ્યાની પણ તજવીજ કરી રાખી છે ને તે જગ્યા નજીક છે ને તે જગ્યા હું હમણાં જેના ઘેર જમું છું તેની છે. માટે કારણ પ્રાયે અનુકુળ દીઠામાં આવે છે.

તેથી મારો હાલ અતરે રહેવાનો ચિત્ત થયો છે. માટે સાહેબજી હવે મારો લખવાનો એ છે જે કોઈ સારો સાથ જોઇને તે સાથે આગબોટમાં મારી વહુને ચડાવી મૂકજો ને જે દિવસે ચડાવવાનો વિચાર હોય તેથી અગાઉ દન ત્રણથી ચાર મને કાગળ લખી મોકલજો તો તે ઉપરથી હું મુંબઈ જાઇશ ને આરસની લાદીઓ તથા ત્રજોરીની તજવીજ કરીને મલશે તો મોકલાવીશ. વલતો મારી વહુને મુંબઇથી અતરે તેડી આવીશ. માટે રવાના તમારા પાસેથી થાય એથી ૨ કે ૩ દાડા અગાઉ મને કાગળ લખશો અને સાથ બાઇ માણસોનું હોય અને આપણી ઓળખાણનું માણસ હોય તે સાથે મોક લશોજી. એકલા મોકલશો નહી. બીજું આપ તજવીજ કરશો તો કોઇને કોઇ જોગ બની જાશે અને મારી વહુને ટીકીટ લઇને બાકી દશ રૂપિયા સાથે આપજો. વધારે આપશો નહીં. ને તેની કોરી જે થાય તે મારા ખાતે ઉધારી વારજો. અને પ્રથમ રૂપિયા જે મારા પાસે છે તેનો હિસાબ મુંબઈ ગયેથી લખીશ. બીજુ શ્રી આચારાંગજીની ટીકા જરૂર મોકલશોજી. બીજું મારી વહુને કહેવું જે ભણવાનું પુસ્તક બીજો કાંઇ લાવવાની જરૂર નથી. અતરે સર્વ મલશે. બાકી પ્રાકૃત વ્યાક-રણની પ્રત નાની મોટી જે આપણા હાથની લખેલ છે તે તથા ષષ્ટી શતક તથા કર્મગ્રંથ તથા બૃહત્ રત્નકર એ મારા હાથના લખેલ છે. તથા છુટા કાવ્ય જે ચોપડીમાં ઉતાર્યા છે તે લાવજો.

બાકી ચંદ્રિકા તથા અમરકોશ લાવશો નહીં. બીજું ભાઇજી સાહેબ રવજીભાઇજીને માલમ થાયે જે બાઇને પાઠ

દેવાનો આપ જરૂર રાખશોજી. ને હું ભણતો તીહાં પુસ્તક જે હોય તે જોઈ તપાસી ઠેકાણે રાખજો. ઉતરાધ્યયનજીની ટીકા મોટી પોથીમાં રાખજો. બીજો પણ જે પુસ્તક ભાઈ મણશીનો હોય તે તેની પોથીમાં રાખજો. તેની ટીપ ખરચ લખવાની બુકમાં છે તે જોઈ લેજો. બીજું ભાઈ દેવજીભાઇને માલમ થાએ જે મારા ઘેર જે કામસાર કાગળો હોય તે એક દબામાં રાખીને તે પેટીમાં રાખજો. ને મારી ચોપડી વગેરા જે જણસ હોય તે પેટીમાં રાખી તેની ચાવી આપ પાસે સાચવી રાખજો. બાકી વિશેષ ભલામણ શું લખું ? જેમ આપ ભાઈજીને તથા તમારી બ્હેનને ધ્યાનમાં આવે તેમ કરશોજી. નિકેવલ મારા લખ્યા ઉપર ધ્યાન રાખશો નહીં. આપ સાહેબજી તથા પૂ. સાહેબજી હેમરાજભાઇને વાજબી ભાસે તેમ કરશો. કંઢરાવારી જગ્યા જો કબજે આવી હોય ને આં જગ્યાનું વિશેષ મતલબ ન હોય તો સુખેથી મૂકી દેજો. માડા પેટે કોરી ૨૦ આસરે દીધી છે. તે બુકમાં લખી છે. બાકી હિસાબ ચુકતે મારા ખાતે માંડી વાળજો. આજદન સુધી ખરચ ખાતાનો હવાલો અવઠંભ ખાતે ઉધારી વારજો. મારી અંગતની પરાંતમાં કોરી હોય તો રોકડી મારી વઉને દેજો. આ વિગત વિશેષ લખવાનું કાંઈ જરૂર નથી. પણ ચપલપણાથી કોઈ વાત લખાણી હોય તેથી આપ કાંઈ ચિત્તમાં લાવશો નહીં. મારો સ્વભાવ તો આપ જાણો છો માટે હિત શિક્ષાના અવસરે કોઈ વખતે પણ મારા ઉપરે ઉપેક્ષા ભાવ લાવશો નહીં એ જ વારંવાર વિનતિ છે. હાલ

તો આપ સાહેબજીનું મેલાપ કાગલોથી થશે. બાકી રૂબરૂ તો જ્યારે ફરસના હશે ત્યારે મલાશે. પૂજ્ય સાહેબજી હેમરાજ ભાઇજી આપની હકીગત વર્તમાનની લખવાની ઇચ્છા થાય તો મને લખી જણાવશોજી. હાલમાં વિચાર કેવા વર્તે છે તે લખશોજી. ને મારી વારંવાર એ જ વિનતિ છે જે અંતર આતમની સુંદરતા થવાની યતના કરશોજી. આતમાને હિત થવાનો ખરો એ જ માર્ગ છે. આપની સમીપે ભાઇઓ બાઇઓને મારા ધર્મ સ્નેહપૂર્વક યથોચિત કહેશોજી. અતરે સાહેબજી શાંતિસાગરજીના શરીરે શાતા છે. આપના સમીપના કુશલ સમાચાર લખશોજી. બનારસના ભાઇને કાગલ લખો તો મારી વિગત લખશોજી. બીજું ભાઇજી અતરે સંદેહ દોલાવલીની પરત જુની હતી તે સાહેબજી પાસેથી તેણે મગાવી લીધી મટે પરત અધુરી રહી ગઈ છે. વાસ્તે આપણા પાસે જે પરત છે તે આખી મોકલી દેજો. પછી સોધી ઉતારી પાછી આપની તરફ મોકલી દેશું. મતી સંવત ૧૯૩૬ ના કારતક શુદ ૧૪ ને વાર ગરૂ૩ દા. માલશીના ભૂલચૂક સુધારીને વાંચશો. શ્રી. જીન વચનથી જે કાંઇ વિરૂદ્ધ લખાણું હોય તે મિથ્યા હોજો. બીજું મારા પાસે પ્રાકૃતની પરત તથા ષષ્ટીશતક છે માટે તે લાવો નહીં તો કાંઇ જરૂર નથી.

તા. ક. બીજું આપે લખ્યું જે પોતાની બુદ્ધિના ક્ષયોપશમ પ્રમાણે આલંબન વાસ્તે પ્રતિમાજી સ્થાપન કર્યા છે. કુગુરૂ લોકોએ અવિધિ ઘણી કરી છે. તેથી તીહાં જાતા તેની

અનુમોદના થાય છે. એમ કહેવાથી પણ આપણી વિધિમું સિદ્ધપણું થાય છે, કરીને આપે જે લખ્યું તે વાતનું વિચાર કરતાં તો આપના લખ્યા પ્રમાણે એસે છે. બીજું આપ સાહેબજીએ જે શાસ્ત્રના હેતુ યુક્તિએ લખવાનું લખ્યું મેં જાણ્યું. માટે કોઈ વખતે વિચાર કરતાં કરતાં આગલ જતાં જે મને શ્રેષ્ટ પક્ષ ભાસન થાશે. તે આપને લખી જણાવીશ. હાલ તો સંક્ષેપ રીતે ઉત્તર વાળ્યું છે. બીજું આ કાગલ ઉપરથી વા કોઈ બીજા કારણથી આપ સાહેબજી ચિત્તમાં એવો વિચાર લાવશો નહીં જે એ ભાઇ રખે તીહાં બંધાઇ જાય ને જો એક પક્ષની દૃષ્ટિ બંધાશે તો પછી મધ્યસ્થ રીતે વિચાર કરી શકશે નહીં એમ જાણશો નહીં કેમજે હું પોતાના મન સાથે વિચાર કરૂં છું તો મને હાલ એ પક્ષે સરખો રાગ માલમ પડે છે.

વલી આગલની વાતનું તો જ્ઞાની મહારાજ જાણે છે. બીજું સાહેબજીનું પણ મને વારંવાર કહેવું એમ રહે છે જે ભાઇ રખે કાંઇ વાતમાં મારો દાક્ષિણ્યપણું આણી વિચારમે બાધ લાગે નહીં તેમ યતના કરશો. માટે સાહેબજી એ વાતનું કશી વાતે વિકલ્પ જેવું મને જણાતું નથી. બાકી વિશેષ તો જેમ જ્ઞાની મહારાજ કહે તે સત્ય છે. કર્મનું કાંઇ વિશ્વાસ નથી. પણ મારી દૃષ્ટિ જો કદી કોઈ વખતે આપ સાહેબજીને બીજી રીતે ભાસન થાય તો હું હાથ જોડીને કહું છું કે મને જણાવવા સારૂં જરૂર લખવી. એ વાત સાંભલી મને કદી પણ અરૂચિ આવે એવું ભાસન થતું નથી.

સાહેબજી શાંતિ સાગરજીએ તત્રના ભાઇઓ બહેનોને ધર્મસ્નેહ પ્રીતિ કહી છે મતી સંવત ૧૯૩૬ ના કારતક શુદ ૧૫ અને બીજું કાગલ એક કારતક શુદ ૮ નો લખેલો આજ દને પોતું છે. ને વિશેષ વિગત સર્વે માએલા કાગલથી ધારજો. બીજું આરસની લાદીમાં માંડવીમાં તજવીજ કરી તે જણ્યું ને હવે પણ પાછળથી જે કાંઈ બની હોય તે પાછલના કાગલમાં લખશોજી, ને આરસની લાદી નંગ કેટલી લેવી તે પણ લખજો. બીજું શ્રી સદાગમ પ્રવૃતી ખાતો તથા વિધિ જિન-ભવન એના સ્થાપન કરેલા છે. તેમાં વિચાર કરવા જેવું છે. તેઓશ્રી હેતુસહિત સવિસ્તરપણે અમને લખજો કેમકે અમને તો એમાં કાંઈ બાધક જેવો ભાસન થતો નથી કરીને લખ્યું તે જાણ્યું પણ ભાઇજી એ વાત કાગલમાં લખી જાય તેમ નથી. એમાં તરક ઉત્તર ઘણા રહેલા છે. મારી શક્તિ પ્રમાણે તેઓની સાથે તરક ઉત્તર કર્યો. પણ તેમના કેવા ઉપરથી તથા કેટલાક દૃષ્ટાંત આપવા થકી મારો તરક આગલ ચાલી શકતો નથી. અને તે વાત વિચારવા જેવી રહે છે અને તેમનું કહેવું પણ એમ થાય છે કે આ વાત મારા ક્ષયોપશમ પ્રમાણે અને શાસ્ત્રના આધારે કહેવામાં આવે છે. પછી આગલ બહુશ્રુત કહે તે પ્રમાણ છે. અને કોઇ પુરૂષ હઠવાદ રહિત હોય ને મતનો મમત્વ જેને ન હોય અને ખરી વાત સમજવા ઉપર લક્ષ હોય એહવા પુરૂષોના સાથે વાત વિચાર કરતાં જો બીજી રીતે સમજાય તો તે વાતનું કાંઇ હઠ નથી. પણ કારણમાં એટલું જ છે કે રખે કોઇ પ્રકારે દંભ આવે

નહીં. કેમકે આપણે માથે ગીતારથ નથી. તેમ પોતાની પરિણતિ પણ એાર રૂપની વર્તે છે. માટે માંહે હોય બીજું અને ઉપરથી થાય ના થાય બીજી રીતે તો તે વાતમાં ઘણો વિચાર રહે છે. કારણકે વ્યવહાર તો રૂબરૂ મલ્યા વિના થાવો દુર્લભ છે. માટે કોઇ વખત જ્યારે અંતરાય ત્રુટે મલવો થશે ત્યારે તેનો વિચાર થઇ રહેશે. બીજું સાહેબજી કૃદ્ધી કોઇ વાત બુદ્ધિની મંદતાથી વ્યાજબી રીતે લખાણી નહીં હશે ને તેની કોઈ પુરૂષ ચેતવણી કરશે તો જીવને અરૂચિ થાય એમ જણાતું નથી.

પત્ર ૨ જો

કોડાય સ્થાને બિરાજમાન ભાઈજી સાહેબ હેમરાજભાઇ તથા દેવજીભાઇ લખમણ ચી. શ્રી અમદાવાદથી લી. ભાઈ માલશી તથા પિતાંબર ભોજરાજના ધર્મ સ્નેહપૂર્વક યથોચિત અવધારશો. આપના પત્ર બાદરવા વદ ૫ ના લખેલ પોતા છે. બીજું સંદેહ દોલાવલીની પરત આપે મગાવી તે હજી સોધાઈ રહી નથી. માટે બીજી સંદેહ દોલાવલીની નાની ટીકા આંહીના ભંડારની છે. તે ઉતારવા સારૂં મોકલીશું. તેના સાથે ૧૭ પાના પણ એક બે દહાડામાં બેગી કરીને મોકલશું. તેની સાથે પાશ્ચંદજી મહારાજના કરેલ પ્રકરણ પણ મોકલીશું. બીજું જિવાભિગમજીની ટીકા અતરેના ભંડારમાં નથી બીજું સુષઢનું રાસ ઉતારવા જેવું છે. તે જો તિહાં ન હોય તો લખજો તો મોકલી દેશું. બીજું પુષ્પમાલાનો બાલાવબોધ

આપે ૧૯ ગાથાનો મંગાવ્યું છે. તે બાલાવબોધ એક મોટો કથાનિક છે ને એક નાનો છે. માટે આપને કયાનો બપ છે તે લખજો. બીજું આવશ્યકજીની મોટી ટીકાનો પૂર્વાર્ધ આપણા પાસે ન હોય તો અતરે છે. માટે ઉતારવા સારૂ જોઇએ તે લખજો. બીજું હાલમાં હું દ્રવ્યગુણ પર્યાયનો રાસ જોઉં છું. પિતાંબરભાઇ નવતત્ત્વ ભણે છે. બીજુ ભાઇજી અમારા આવવા આશ્રી આપે લખ્યું તે ભાઇજી અમારા મનમાં એવી સ્થાપના કરેલ નથી જે આટલો વખત રેવું છે. માટે જ્યાં સુધી ચિત્ત ઠેર્યું છે ને અત્રેની ફરસના છે ત્યાં સુધી બેઠા છીએ માટે હાલમાં તો અતરે રહેવા વિચાર જણાય છે. પછી આગલનો તો કાંઇ એક દહાડાનો પણ નિશ્ચય કહેવાતો નથી. બીજું દેરાસરજી આગલ જલી વગેરેની વિગત લખી તે જાણી. વલી ભાઇ દેવજીભાઈ તમો લખીયું છે જે અમારો વિચાર આવવાનો હતો પણ વરસાદના કારણથી આલસ થઇ ગયું છે. તો પણ મનમાં હજી રહે છે કરીને લખીયું તે ભાઇજી જે વખત ભૂમિ ફરસના થવાની હોય છે તે વખતે કોઇપણ કારણ જોવા રેતું નથી. પરં જ્યાં સુધી તેમ નથી ત્યાં સુધી અનેક કારણોનો અટકાવ થાય છે. માટે એ વાતનો પરમાર્થે વિચાર કરતાં કોઇના હાથમાં નથી. જે જે સમે જે જે ક્રિયા કરવી કે- વલી મહારાજે દીઠી છે. તે તે પરમાણે સર્વે જીવની બની રહી છે. તે આઘી પાછી કરવા કોઈ સમર્થ નથી. એ વિચાર જેના ચિત્તમાં સદાય વર્તે છે તે એજ સમકિતનું લક્ષણ જાણવું. ભાઇજી સાહેબજી હેમરાજભાઈ આપે સમતિ તર્કનું લખ્યું પણ તે પરત જડે તેમ નથી. ને વિશેષાવશ્યક અત્રેના ભંડારમાં

નથી. બીજું શેઠ મયાભાઇ સંબંધી વિગત લખી તે જાણી. કોઇ કોઇ વખતે મયાભાઇ પાસે જવાનું થાય છે ને એમના ચિત્તમાં લગારે આવવાની રૂચિ જણાય છે. પણ બીજા કોઇને પ્રાયે જણાતી નથી. ને તેમના પાસે અમારૂં જવું પણ થાતું નથી. માટે બીજાના નામ લખવાની જરૂર નથી બીજું ભાઇજી જેના સાથે કલેશ વગેરે થયું કાંઇ સંભવતું ન હોય, મેલાપ પણ થયું ન હોય તેને પણ સવંચ્છરી સંબંધી ખામણા કેવાનું લખ્યું. તારે તો બધા જગતના જીવોને કાગલ લખી લખી કેવરાવવું જોઇએ પણ એ વાતનો સમ્યક્ વિચાર કરવો જે એ લખવું લોકરૂઢિ થાય છે કે વિચારપૂર્વક થાય છે. બીજું જે પુરૂષની એવી પરિણતિ જાગી છે ખમાવવાની તો જેના સાથે વધારે પરિચય રેતું હોય અને કલેશનું સંભવ થાતું હોય તેની સાથે અંતરથી નિઃશલ્ય થઇને વ્યવહારમાં ખમાવે પણ જ્યારે વ્યવહારમાં ગીતારથ ગુરૂ મહારાજ પાસે કષાય થયાનું પ્રાયછિત લઇ શુદ્ધ થાય તો ખમાવવું લેખે છે. બાકી કેવલ હાથ જોડીને કહ્યું જે હું ખમાવું છું અથવા કાગળ લખીયું જે હું ખમાવું છું તમે પણ ખમજો. એમ કર્યાથી આલોણા આવી જાય એમ મને સમજાતું નથી. પછી ગીતારથ મહારાજ કહે તે પ્રમાણ છે.

બીજું સાહેબજી આ શારૂની વાતું લખેવાને હું અયોગ્ય છતો લખું છું તે ચપલતા દોષથી જાણવી. માટે જે વાત સિદ્ધાંતથી ઉલટી હોય તેની ઉપેક્ષા કરી મલતી ગ્રહણ કરવી. બીજું ભાઇ દેવજીભાઇને માલમ થાએ જે આ કાગલ સાથે

કાગલ એક સાહેબજીને પ્રેરણા કરીને કિંચિત વાત જાણવા સારૂં લખીયું છે. પરંતુ એના ઉત્તર આપ મગાવશો તો કાંઈ કાગલ દ્વારે આવશે નહીં. કારણકે એમના મનમાં કોઇને પ્રશ્નોત્તર કાગલે લખવા તેમાં બહુ વિચાર રહે છે. કેમ જે લખવાનું મર્મ સમજાય નહીં તો આગલાને ઉલટો અવગુણકારી થાય. માટે સાહેબજી આ કાગલ આપ ભાઇઓ સિવાય બીજા કોઇને વંચાવશો નહીં. કારણ જે તમારો માંડવીમાં જવું થાય છે તથા મુંબઈમાં કાગલ લખવાનું થાય છે. પણ એ કાગલના પ્રશ્નો બીજે કયાં લખશો નહીં. ફક્ત તમને સમજવા વાસ્તે લખ્યા છે. માટે આપને એનું જે વિચાર સૂઝે તે ઉત્તર અમને જાણવા સારૂં સુખેથી લખજો. અને જે તમને બાધક જેવું ભાસે તો સુખેથી લખજો. તમારી પેઠે એમના મનમાં પણ કોઈ વાતનું હઠ નથી. માટે જે અમારા મનમાં થાય છે જે એકવાર આપનો સાહેબજી સાથે રૂબરૂ મેલાપ થાય તો ઘણીક વાતોના વિચાર કરવા જેવા છે. તે પ્રાયે વિચાર થઈ શકે એવો જોગ છે. બીજું ભાઇજી આપણે જે પ્રવૃત્તિ ચલાવી છે તેમાં કેટલીક વાતુંના જરૂર વિચાર કરવા જેવા છે. તે હાલ મલીને કોઈ વાતનું સુધારો કરવાની ચાયના રાખીશું તો બની શકશે. કેમ જે કરનાર આપણે બધે હજી બેઠા છીએ. વાસ્તે ભાઇજી સેજ જાણવા લખ્યું છે. સંવત ૧૯૩૬ ના આશો શુદ ૪ દા. માલશી

તા. ક. બીજું ભાઇજી આજ દને મિતિ આશો શુદ ૫ ની બુકપોષ્ટ બેંગી ટપાલ માર્ગે મૂકી છે તેની પોચેથી પોચ

લખજો. તેમાં સંદેહ દોલાવલીની નાની ટીકા પાના ૨૮ મૂકયા છે તે આહીના ભંડારની છે. તે તસ્ત ઉતરાવી સોધીને પાછી મૂકજો. ચર્ચરી ગ્રંથ પણ એના સાથે મોકલી દેજો. બીજી પાશ્ચંદજી કૃત બે ત્રણ ગ્રંથ મોકલ્યા છે. અને દુહા શતક વગેરે પાંચ સાત પ્રકરણ વાંચવા સારૂં રાખ્યા છે. તે પાછળથી કોઈ વખત મૂકવાનો વિચાર થાશે તો મોકલી દઈશ. તેની ચિંતા કરશો નહીં. બીજુ હુકમ મુનિને એકવાર મલવાની મારા મનમાં ઇચ્છા થઇ છે. તેનો ફરસના થશે તો ચાર દહાડા મલી આવીશ. તે સહજ લખ્યું છે. ભૂલચૂક સુધારી વાંચજો. દા માલશી.

પત્ર ત્રીજો

શ્રી. કોડાય સ્થાને બિરાજમાન ભાઇજી સાહેબ શ્રી દેવજી લક્ષ્મણ ચી. શ્રી. અમદાવાદથી લી. માલશી ભોજરાજની ધર્મપ્રીતિ અવધારશોજી. આપ ભાઈજીના પત્ર બે પોતા છે. બીજું ભાઇ મુરજી લખુના કાગલમાં સમાચાર હતો જે પોથી એક કોડાય મોકલી છે, બાકી એક મોકલવી છે. માટે તે પોથી આપને પોતી કે નથી તેનું સમાચાર લખજો. મગનલાલ ભાઇ સંબંધી વીગત લખી તે જાણી છે. મારા પાસે આવશે ત્યારે વંચાવીશ. રૂપિયા ૧૦૦ શ્રી જ્ઞાનભંડાર ખાતે ઉધાર્યા તે જાણ્યું છે. બીજું સાહેબજી શાંતિસાગરજીના શરીરે નિરાંત છે. અને તેઓને ઉધરસ હતી તે પણ હાલ થોડી છે બીજું ચીત ન ઠેરે તો રોકત કરવી જુગત નહીં એવી વીગત આપે

વ્યાજબી લાગી અને મારો પણ એ જ વિચાર છે. તે ઉપરથી મેં પૂછયું, તો એનો કેવો એમ રહે છે કે એકલી ન જાઉં. તમો આવીને ભાઇઓ પાસે મેલી આવો. પછી ગમે તો તમો વધારે નહીં રહો તો પણ ફિકર નહીં એમ કેવું રહે છે. પણ મારો હાલ એમ વિચાર થતો નથી. જોર થાશે તારે આપની તરફ આવીશ. તેમાં મને બીજો કોઈ વિચાર પ્રાયે રેતો નથી. હાલ જોગ અતરે મને અનુકુલ ભાસે છે. તેથી ચિત્ત થાતો નથી. બીજું ભાઇજી જગ્યા વાસ્તે લખ્યું તે ભાઇજી અમારા બેનું હાલે એવો વિચાર થયો છે કે ભાડો ચુકાવી દેજો. ને જે સમાન છે તે આપના ધ્યાનમાં આવે ત્યાં રાખશોજી. ને કોઠીમાં મગ તથા બાજરો છે તે વેંચી નાખજો ને હવે ભાડો ઉતારી નાખજો. ને અમારો જ્યારે વિચાર થશે ત્યારે છેવટ બીજી કોઈ નહીં મલશે તો છેવટ તલકશીભાઈના ઘેર પાસે દેલામાં પણ ગુજરાન થાશે. તેની કાંઇ આપ ચિંતા કરશો નહીં. આગલ જેમ બનવાનું હશે તેમ બનશે. પણ હાલમાં તો અતરે રહેવાનું વિચાર છે. આગલની તો જ્ઞાની મહારાજ જાણે. બીજું ભાઇજી એએના ચિત્તમાં પણ બહુ અથિરતા રહેતી નથી. ને જ્યારે થશે ત્યારે હું આવી આપની પાસે મૂકી જઇશ. પણ આગ્રહ કરી રાખવાના હાલ મારા પ્રણામ રહેતા નથી. બીજું સાહેબજી મારા મનમાં કોઈ વખતે એમ આવે છે જે ફરસના હોય ને આપ ભાઇજીની ઇચ્છાથી એકવાર અતરે આવી જાવાનો થાય તો ઘણીક વાતોનો વિચાર થાએ. પણ એ વાત બનવી

કોઇના હાથમાં નથી. એવું વિચાર લાવી મધ્યસ્થ રહેવાનું થાય છે. પણ સ્નેહ ભાવને લીધે લખાય છે. પણ કારણ જે કોઈ કોઇ રહસ્યની વાતો કાને પડે છે તે વખતે ચિત્તમાં બહુ આનંદ થાય છે તે વખતે મનમાં એમ આવે છે કે આ જોગ કોઇ પૂર્વકૃત પુન્ય વિના મલવો દુર્લભ છે. પછી નિશ્ચે તો જે જ્ઞાની મહારાજ કહે તે સત્ય છે. બીજું આ પુરૂષના સમાગમથી એમ વિચાર થાય છે કે સાપેક્ષ નિરપેક્ષનો સ્વરૂપ સમજવો બહુ દુર્લભ છે. તે વાત કિંચિત સાંભલીને ગીતારથ મહારાજજી ઉપર બહુ રાગ આવે છે. પણ તેવા પુરૂષ મલવા આ કાલમાં તો પરમ દુર્લભ છે. પણ તરતમ જોગે એ વાતનો સ્વરૂપ દર્શાવે તેવા પણ કોઈ વિરલા માટે આ પુરૂષના સમીપે રહ્યાથી પોતાનું મૂરખપણું કિંચિત ભાસન થાએ છે. અને સાપેક્ષ સહિત એક વચન બોલવાની પણ બરોબર યોગ્યતા પોતાની જણાતી નથી. માટે એમ વિચાર થાએ છે કે જેમ જેમ પોતાનો મૂરખમણો વિશેષે ભાસન થાય તેવી સોબત કરવાથી ગુણના કારણ ભાસે છે. કારણકે પોતે અવગુણી છતો પોતાને ગુણીપણો માને તો બહુ દોષનો સંભવ છે. પણ એ વાત પોતાના સમજવામાં આવવી બહુ કઠણ છે. પ્રાયે વાત વાતમાં પોતાનો ઉત્કર્ષ અને પરનો અપકર્ષ થાએ છે. તે સમજતો નથી ને જે સમજાએ તો એ જ મોટો ગુણ છે.

ભાઇજી સાહેબ પોતાની લઘુતા લખવાની પણ હું મારામાં યોગ્યતા જાણતો નથી. તો ઉપદેશની વાતનો તો શું કહું ? પણ ચપલતા દોષ પડયું છે તેથી રહેવાતું નથી. બીજું

તમારા પાસે ભાઇઓ જ્હેનોને મારા યથોચિત કહેશો. પૂ. હેમરાજ ભાઇજી આગલ એવી વિનતી છે કે, સાહેબજી આપે બહુ ઉદ્યમ કરી અવિધિ માર્ગને છોડી વિધિ માર્ગનું આશ્રયણ કર્યું છે. પણ સાપેક્ષ નિરપેક્ષના જાણ ગીતારથ મહારાજનું તો આપને યેાગ મલ્યું નથી. તેમજ અનિક્ષેપા સ્યાદ્વવાદનું સ્વરૂપ કિંચિત આપણે જાણીએ છીએ એવી પણ આપણેા આત્મા સાક્ષી ભરતેા નથી. ત્યારે આપણા મનથી આપણે વિધિ માર્ગ માનીએ છીએ. એ પણ એમાં મને મેાટી દેાષાપત્તિનેા સંભવ થાય છે. વાસ્તે આપ ખેાજી પુરૂષ મને ભાસેા છેા. માટે લખું છું કે બીજા કામ સરવે પડતા મૂકીને એ વાતની જરૂર તપાસ કરવા જેવી છે. અને એ વાતની ભૂલ ખરેખર આપણને ભાસન કરાવે એવા પુરૂષ મલવા દુરલભ છે. માટે ચેતવણી માત્ર લખીયું છે. આપને એક વાત પુછું છું કે આપણેા આતમા ધરમધ્યાનમાં વરતે છે કે આર્તધ્યાનમાં વરતે છે ? જો કેશેા કે ધર્મધ્યાનમાં, તેા તેના લક્ષણ મેલવી જુએા. ને કહેશેા કે આર્તધ્યાનમાં, તેા તેની જે જે કરણી તે સંસાર અરથે થાય કે મેાક્ષની આપનારી થાય તે લખજો. ઉદયિક ભાવ કેાને કહીએ ને ક્ષયેાપશમભાવ કેાને કહીએ, તેનેા સ્વરૂપ લખજો. એક પુરૂષ અવિધિ સેવે છે. અને તેને અવિધિ માને છે ને જિનાજ્ઞામાં વર્તનારની પ્રશંસા કરે છે. ને એક પુરૂષ પરમાર્થે અવિધિ સેવે છે. પણ પેાતાને વિધિનેા સેવનાર માને છે. એ બે પુરૂષમાં સંગત કરવા યેાગ્ય કયેા પુરૂષ જાણવેા ? કેાઈ પુરૂષ છે તેણે પેાતાની બુદ્ધિ પ્રમાણે

તપાસ કરી વિધિ માર્ગનું આશ્રયણ કર્યું છે. પણ અભિપ્રાય અંતરમાં એવું રાખે છે કે કોઇ ભૂલ શાસ્ત્રને અનુસારે દર્શાવે તો તેજ વખતે છોડી આપું પણ તે પુરૂષને કોઇ શાસ્ત્રને અનુસારે ભૂલ દર્શાવનાર સાંભલવામાં આવે તે વખતે અવશ્ય વિચાર કરવો જોઇએ. અને ધર્માર્થીનું એજ લક્ષણ છે કે પોતાની ભૂલ કોઈ દર્શાવે ને પોતાને પણ તેમજ ભાસન થાય તો તે પુરૂષનો બહુ ઉપકાર માને. પણ તે ઉપર અરૂચિ લાવે નહીં. સંવત ૧૯૩૭ ના મહા વદ ૭ દા. માલશી.

પત્ર ચોથો

સ્વસ્તીશ્રી કોઠાય સ્થાને બિરાજમાન ભાઇજી સાહેબ હેમરાજ ભીમશી વગેરે. અમદાવાદથી લી. ભાઇ માલશી ભોજરાજના યથોચિત વાંચશો. આપનો કાગલ પોતો છે. આપે પ્રશ્નના ઉત્તર મંગાવ્યા તે લખવાને હું અસમર્થ છું. કારણકે પરદેશનો કામ ને એ વાતોના મર્મ રહ્યા ગંભીર. માટે તે લખવાની મારી શક્તિ નથી. ને હવેથી એવી રીતે લખવાની આપ તસ્તી લેશો નહીં. કારણકે વાતોના ઉત્તર આપ મગાવો, તે આવે નહીં. ત્યારે આપને ફોકટ પ્રયાસ પડે. માટે બીજો કોઈ કામકાજ મારા લાયક હોય તો સુખેથી લખજો. બીજું ભાઇજી સર્વજીવોને પોતાના ક્ષયોપશમ પ્રમાણે વાત સમજાય છે. તે ઠેકાણે કોઇનો ઉપાય નથી. માટે પોતાથી વિપરીત શ્રદ્ધા પ્રરૂપણા દેખી પણ તે જીવ ઉપર અપ્રીતિ કે તે જીવની નિંદા કરવી આત્માર્થીને ઉચિત નથી. અને જે જીવ દ્રવ્યભાવ

આજ્ઞા સહિત સમકિતપણું, શ્રાવકપણું, સાધુપણું પાલશે તેને મહાન લાભનું કારણ છે. પણ તેવા પુરૂષોને બીજા પાસેથી મનાવવાની ઈહા રેતી નથી. બીજું ભાઇજી આપે લખીઉં ભાઈ પાસુ પ્રથમ આમ કરતા હતા ને હવેથી આમ કરે છે. તે વાતનો પરદેશમાં લખવાથી કાંઇ ગુણનો કારણ મને સમજાતું નથી. કારણ કે ધર્મ કરણી જે કરવી છે તે પોતપોતાની રૂચિને અનુસારે છે. કોઇના વાસતે કરવી નથી. માટે જે પુરૂષ ખરેખરા લાભના અરથી થયા છે તે પુરૂષ છતી શક્તિએ આજ્ઞા સહિતે વિધિને વિષે ઉદ્યમ કરે. આ વિના કહી રેવાના નથી. જેમ કોઇ જીવને ખરેખરી ભૂખ લાગી છે તેને કોઈ ખાવાની લિગાર પ્રેરણા કરશે, તે તેને ઘણી મીઠી લાગશે ને તે જીવની ખાવાને વિષે તરત પ્રવૃત્તિ થશે. પણ જેને ખાવાની રૂચિ બિલકુલ નથી તેને કોઈ ખાવાનો વધારો કહેશે તેના ઉપર ઉલટી અરૂચિ થાએ ને તેને બાધો ગુણ પણ ન કરે. ઉલટો ખાવાથી અજીર્ણ થાયે. માટે ભાઇજી સહુ જીવ કર્મ વસે છે. પારકા આચરણ દેખીને પોતાની ચિતને વિષે તપતી કરવી એમાં કાંઇ ગુણનો કારણ નથી. જે પોતાની વ્રત પાલવાની સાચી પરણતી થઈ છે તો સુખે પાલે ને તેને બીજા કોઇએ કહી ન માનીઉં તેમાં તેનું શું બગડે છે. માટે એજ વિચાર કરવો. આપની સમીપે સરવ ભાઇઓ બહેનોને યથોચિત કેજો. મતી ૧૯૩૯ ના કારતક શુદ ૧ દા. માલશી.

પૂજ્ય માલશીભાઇ તો મારા પરમ ઉપકારી હતા. તેમણે મને જીવનનું નવું દૃષ્ટિબિંદુ આપ્યું. ધર્મની સાચી વ્યાખ્યા આપી. 'સદા મગનમેં રહેના'નો મહામંત્ર આપ્યો અને આજે તેમનાં અનેક ટંકશાળી વચનો મને પ્રેરણા આપે છે. તેમના અનેક ઉપકારો હું ભૂલ્યો નથી. ભૂલીશ નહિ. તેમના પુત્ર ઉમરશી ખાનદેશમાં આવેલા ચોપડામાં રહેતા એથી હું દર વર્ષે ચોપડે જતો અને તેમના ઘરને હું તીર્થ માનતો. તેમને બે પુત્રો છે. શિવજી અને નરસી. બન્ને સુસંસ્કારી છે. નાના નરસીને મારા મોટા પુત્ર સુધાકરની મોટી પુત્રી માનકુંવર આપેલ છે. ઉમરશીભાઈની બે પુત્રીઓ છે. બન્નેનાં લગ્ન થયાં છે. બન્ને પુત્રીઓને બાળકો છે. શ્રી માલશીભાઈ સાથેનો મારો સંબંધ આ રીતે અખંડ રહ્યો છે.

મારા પ્રાણપ્રેરક પ્રથમ ગુરૂવર્ય જ્ઞાનદાતા તત્વચિંતક પૂજ્ય માલશીભાઈની જીવનયાત્રા આપણા હૃદયમાં જ્ઞાનનો દીવડો પ્રગટાવો. જીવનની સાચી દૃષ્ટિ આપો. જીવન ધન્ય બની રહે.

શ્રી માલશીભાઇના પરિવારની વિગત મેળવવા મેં પ્રયત્ન કર્યો અને શ્રી માલશીભાઇના પુત્ર ઉમરશીભાઇના નાના પુત્ર ચિ. નરશીએ સંક્ષેપમાં તેમના પિતા અને પરિવારની વિગતો લખી મોકલી છે તે તેમના જ શબ્દોમાં આપવામાં આવેલ છે.

શ્રી માલશીભાઇના સંસ્કાર તેમના દિકરા ઉમરશીમાં ઉતર્યા હતા. તેમનામાં શ્રદ્ધા-ભક્તિ, વિનય, નમ્રતા-પ્રમાણિકતા સચ્ચાઇ સહજ હતી. ચોપડામાં રહેતા હતા ત્યારે કમીશનનો

ધંધો કરતા હતા. એમાં એક વખત તેઓ બહુજ મુશ્કેલીમાં આવી ગયા. ધંધો ન રહ્યો ત્યારે તેઓ ચ્હા વેચતા. એટલુંજ નહિ પણ તેમનાં પત્ની નેણબાઈ પેંડા અને મેસુબ બનાવી આપતાં અને તેઓ વેચતા. નેણબાઈમાં ઉત્સાહ, ધીરજ આવડત અને વીરતા સહજ છે. તેઓ હિમ્મત ન હાર્યા. તેમણે સાદું જીવન પસંદ કર્યું. પતિને તેમણે ખૂબ મદદ કરી, એથી ઉમરશીભાઇએ ફરી સારા દિવસો નજરે જોયા. સંવત ૧૯૫૯ ના શ્રાવણમાં શ્રી ઉમરશીભાઈ સગરા ઇંદોર ગયા હતા. કારણ કે તેમને પગમાં વાની અસર હતી અને છાતીમાં કંઈક દુઃખાવો રહેતો હતો તેમજ અમારી દીકરી માનકુંવર બીમાર હતી તેથી તેણીને પણ ઇંદોર સાથે લઈ ગયા હતા પણ ઉમરશીભાઇ શ્રાવણ વદ ૩ ને શુક્રવારનાં સવારમાં હાર્ટ ફેલ થવાથી ઇંદોરમાં જ ગુજરી ગયા. મારો મોટો દીકરો સુધાકર સુપુત્રી માનકુંવરને ભાવનગર લઇ ગયો અને ઉમરશીભાઈના ઘરનાં સર્વે ચોપડા ગયા.

પૂજ્ય લાલન સાહેબના જીવન ચરિત્રની બીજી આવૃત્તિમાં પૂજ્ય માલશીભાઈની જીવન પ્રભા પ્રગટ કરવી હતી તેથી ઉમરશીભાઈના નાના દિકરા ચિ. નરશીને મેં પત્ર લખ્યો તેમણે સંક્ષેપમાં જે હકીકત લખી મોકલી તે હું નીચે તેમના જ શબ્દોમાં હવે પ્રગટ કરું છું.

શ્રી ચોપડા તા. ૨૭-૧૧-૧૯૫૯.

પરમ પૂજ્ય સદાય શુભેચ્છક પૂજ્ય માવિત્રજી બાપુજી
જોગશ્રીની પવિત્ર સેવામાં,

શ્રી ભાવનગર.

તમારો કોડાયથી લખેલો પત્ર મળ્યો હતો. તેમાં લખ્યા મુજબ તમો ભાવનગર કુશળે પોંચી ગયા હશો જ. પૂજ્ય બાપાશ્રીનું જીવન ચરિત્ર લખાઇ ગયું છે અને મારા પૂજ્ય પિતાશ્રીનો ફોટો અને પરિવારની હકીકત મંગાવી તે બધાઓની સાથે પાલીતાણામાં લીધેલા ફોટાની નેગેટીવ આ સાથે બીડેલ છે અને પરિવારની હકીકત મારા પૂ. માતાજી તથા માતાજી પુરબાઇમા પાસેથી નીચે મુજબ મળી છે. તેમાંથી જેટલી જરૂરની હોય તેટલી લેશોજી.

લી. નરસી ઉમરસી.

પૂજ્ય બાપાશ્રી માલશીબાપાને તો અમોએ જોયા પણ ન હતા તેમના વિષે તો શું લખિયે ? પણ અમારા પૂજ્ય પિતાશ્રી ઉમરશીભાઇ વિષે વિચાર કરતાં તેમણે જીવન જીવી જાણ્યું એટલું તો ચોક્કસ લાગે છે. તેમણે પૂજ્ય બાપાશ્રીના જીવનમાંથી જે લીધું તે પોતે જીવનમાં પૂરેપૂરૂં પચાવી શકયા. તેમણે છબીમાં મઢાવીને લખી રાખેલ છે કે 'જો તારે સુખી થાવું હોય તો સાદું ઘર, સાદો ખોરાક અને સાદું જીવન ગાળજે.' એ વાતને તેમણે પોતાના સમગ્ર જીવનમાં બરોબર આચરણથી સાચી કરી બતાવી. તેમણે પાનબર તથા વસંતના પૂર બહારના દિવસો પણ જોયા. પણ કોઇપણ વખતે મૂળીયાં સૂકાવા ન દીધાં. હંમેશાં હસતા અને સહુ સાથે મલતાવડા સ્વભાવથી તેઓ બધાને પોતાના કરી લેતા. મને બરોબર યાદ છે કે અમો બન્ને ભાઇયો બીજી ચોપડી ભણતા હતા ત્યારે તેઓ કપાસીનો (રૂનો) મોટો ધરૂ વેપાર કરતા હતા. અમારે ત્યાં મુંબઇના વેપારીયો (આડતીયા પૂ. પટેલ બાપા તથા બીજા પણ સગાસંબંધીયોની અવરજવર જોરમાં રહેતી હતી. પછી એકાએક કુદરતે નુકસાનીમાં ધરૂ વેપાર બંધ થયો. નુકસાનીમાં દિવાળું ન કાઢતાં મારા પૂજ્ય માતાજીના અંગ ઉપરનાં ઘરેણા વેચીને પણ આબરૂ ન જવા દીધી. અને તેવા કપરા સંજોગોમાં મારા પૂજ્ય માતાજીએ જે ઉચ્ચ મનોબળથી પોતાની નાદુરસ્ત તબીયતમાં પણ જે બહાદુરીભર્યો બાર બાર વરસ સુધીનો કાળ પ્રતિકુલ સંજોગોમાં કાઢયો છે તેની યાદ આવતાં જ રોમાંચ અનુભવાય છે.

બન્ને હાથમાં સોડા લેમનની બાટલીઓની લારીઓ લઇને ભર બજાર પટ્ટામાં ફરતા અને મોઢેથી ઠંડા ઓર મીઠા સોડા લેમનની હાક પાડતા મને બરોબર યાદ છે. જે ગામમાં લાખો રૂપીયાની રૂઈના વેપારમાં લેવડ દેવડ કરી તે જ ગામમાં અને તે જ લોકોમાં દોઢીયા દોઢીયાની બાટલી આપીને પરસેવાના પૈસા પર જીવન કંઠતાં એમણે જરાપણ સંકોચ કે ગ્લાનિ ન અનુભવી. મારાં પૂજ્ય માતાજીને સોડા લેમનની બાટલીઓ ભરતાં–કે જે ધંધાની તેમને જરાપણ આવડત ન હતી. પણ અંત અને ચીવટથી શીખી લઇને ભરતાં. તેમજ મારા પૂ. પિતાશ્રી પણ ભરતા એવો મને ખ્યાલ છે. (પૂ. ભેતાજી માણકજી કલ્યાણજી પારોલાવાલાની પ્રેરણાથી સોડા લેમનનો ધંધો સુરૂ કરેલ હતો) એ પછી હોટલનો ધંધો થોડો થોડો સુરૂ કરેલ તેમાં માલ બનાવવા માણસ રાખવો પણ પરવડે તેમ ન હતું એટલે રાતના તેમજ સવારના ૪ વાગેથી ઉઠીને મારા પૂ. પિતાશ્રી તથા માતાજીને જલેબી લાડુ સેવ વગેરે બનાવતાં અમોએ વર્ષો સુધી જોયેલાં. તેમની ચીવટ તથા પ્રામાણિકતા અતૂટ હતી. હરામની માઇ પણ તેમણે લીધી નથી.

હોટલના ધંધા માટે અમલનેરવાળા પૂ. પાસુભાઇ બાપાએ સુરૂવાતમાં નારાજી બતાવેલ અને જરૂરત હોય તો સો બેસો રૂપીયા લઇ લેવા મારા પૂજ્ય પિતાશ્રીને ભલામણ કરેલ. પણ મારા પૂ. પિતાશ્રીના ટેકીલા અને સ્વ–પુરૂષાર્થી સ્વભાવને એ ન રૂચે. તેમણે પૂજ્ય પટેલ બાપાની સલાહ લીધી કે જો આ ધંધાથી હું મારાં બાળ બચ્ચાઓનું પોષણ કરૂં તો તેમાં ખોટું શું છે ? પટેલ બાપાએ પણ સમ્મતિ આપી

અને તેમણે આ ધંધામાં સચ્ચાઇ અને પૈસાના બદલામાં પૂરેપૂરૂં વળતર આપવાના સ્વભાવથી ખંત અને ધીરજથી જે નામના મેળવી તેનાં વાવેલાં બીજોનાં વૃક્ષોનાં ફળો અમો વગર મહેનતે ચાખીયે છીયે.

તેમના હાથેજ અમો બન્ને ભાઇયોને તેમણે ભણાવી, ગણાવી, પરણાવી–છૂટા (સ્વતંત્ર) કરી દીધા. અને તેમ કરી પોતે જવાબદારીમાંથી મુક્ત થઈ તે દિવસથી તેમણે નિવૃત્તિ જીવન ગાળ્યું. કોઇપણ વ્યવહારિક બાબતમાં તેમણે છેવટ સુધી માથું નજ માર્યું. અમોએ કરેલ કોઇપણ કામને તેમણે વખોડયું નહીં. પણ માર્ગદર્શન જરૂર કર્યું અને તે એટલું જ કે 'દુર્લભ મળેલો ભવ. પૈસાના મોહમાં ન વેડફી નાખતાં અનુકુલ સંજોગો છે તો વાપરતા શીખો.' પોતે ગમે તેવા વિકટ પરિસ્થિતિમાં હતા. તો પણ તેમની પાસે આશાથી આવેલો યાચક ખાલી હાથે પાછો નજ ફરે. જ્ઞાન પ્રત્યે તેમને એટલી પ્રીતિ હતી કે અમારા સ્કૂલમાં ભણતા વિદ્યાર્થી-ઓમાં જે ચઢેલા નંબરે પાસ થાય તેને રૂપીયો ઈનામ આપતા. પછી તે ભલે ગમે તે હોય. અને વ્યસન છોડનારને જો કે પોતે નિર્વ્યસની હતા પણ સંજોગાવસાત તેમને આ બીડીની જ દુકાન રાખવી પડેલી, પણ ત્યાં પણ કોઈ ઘરાક ચાય બીડી પીવાનું બંધ કરવા તૈયાર થાય તો તેને રૂપીયા પાંચ ઇનામ પણ આપતા.

દાન–શીલ–તપ એ તેમના જીવનનો પાયો હતો–જો કે પોતે તપ વધારે ન કરતા. અને તે પોતાની નબળાઇ સમજતા.

અને તપસ્વી જોઇ તેની સેવામાં પોતાને ધન્ય સમજતા. સાચો તપસ્વી તો તેજ કે બીજાઓને બતાવવા ક્રિયા ન કરતાં પોતાના જીવનને વધુ ને વધુ વિકસિત અને વૃત્તિઓને શાંત કરવામાં સમર્થ થાય. એ હિસાબે તેઓ શ્રાવક અવસ્થામાં, સંસારી જીવનમાં સાધુ જીવન ગાળતા હતા.

ખેલો જીવન ખેલ છોડકર રાગદ્વેષ અભિમાના,
કરકે ખેલ અંતમેં હંસકર છોડો અપના બાના.

એ સૂત્રને અનુસરીને હસતાં હસતાં વિદાય થયા. તેમણે કોઈ વખતે આર્તધ્યાન કર્યું નથી. તેમજ રૌદ્ર ધ્યાન પણ કર્યું નથી એટલે તેમણે નર્ક તથા તિર્યંચ ગતિનાં દ્વાર તો બંધ જ કરી દીધાં હતાં અને મનુષ્ય તથા દેવગતિનો જ રસ્તો કરી રાખ્યો હતો.

જબ તુમ જગમેં આ બસે જગ હસે તુમ રોય,
કરણી એસી કર ચલો તુમ હસો જગ રોય.

એ સૂત્રને તેમણે યથાર્થ કરી બતાવ્યું. તેમના અવસાનના સમાચારથી આખા ચોપડા ગામમાં દીનતા છવાયા વગર ન રહી. ભાજી વેચનાર માણસોથી માંડીને મોટા વેપારીયો. બાળકોથી માંડીને મોટા અમલદારો, સૌ તેમના નામથી પરિચિત છે અને હજી પણ રોજ તેમની યાદ કરનારા આવેજ છે અને બધાઓના મુખેથી એમજ નિકળે છે કે તેઓ નામ મુજબ અમરતાને પામ્યા. માતાની કુખ અને પિતાશ્રીના નામને શોભાવ્યાં.

તેઓ પોતાના હાથે જ પોતાનું ઋણ અદા કરી ગયા. ધર્મ પ્રત્યે તેમનો ભાવ અનહદ હતો. ધર્મીના નિકટમાં તેમને ઘણોજ અંતરનો ઉભરો આવતો. વાચનનો પણ તેમને તેવોજ શોખ હતો. છેવટ સુધી તેમનું વાચન મનન ચાલુ જ હતું. અરિહંતની રટના કરતાં કરતાં જ તેઓ કાળ ધર્મ પામ્યા. સંસારિક વાતોનો તેમને મુદ્દલ રસ ન હતો. તો પણ લીધેલો પાર્ટ બરોબર ભજવતા ગયા. છોકરાઓના (અમારા) અભ્યાસમાં ખંડ ન પડે તે માટે ઘણા જ જાગરૂત રહેતા. તે માટે બહારગામ જવાનું પણ ન કરતા. અમારૂં જીવન ન બગડે, અમોને ખોટા ન લાગે, કુટેવો ન પડે તે માટે તેઓ ઘણા જ સજાગ રહેતા અને જે શીખવતા તે ક્રોધથી નહીં પણ પ્રેમથી અને સમજાવટથી. તેમને ખોટાઈની ઘણી ચીડ હતી અને તે માટે તપી પણ જતા. એટલે તેની ધારી અસર પણ બરોબર થતી. તેમની પુણ્યાઇયે તેમને જમાઈ બન્ને સારા અને શાંતિદાયક મળ્યા કે જેથી તેમને કોઈ વાતની ફીકર ન હતી.

તેમને ગપાટાં મારતાં બેસી રહેવું કે કામકાજ વગર આમતેમ રખડવું જરા પણ પસંદ નહીં. કોઈપણ વખતે કારણ વગર કોઇને ત્યાં જતા અમે જોયા નથી. કામ ન હોય તે વખતે વાંચનમાં તેમજ ધર્મધ્યાનમાં જ રત રહેતા. સત્સંગનો તેમને ઘણો જ શોખ હતો. પણ કર્તવ્યનું પણ તેથી વધારે ભાન હતું. ભાવનાના આવેશમાં પોતાનું કર્તવ્ય ભૂલી જતા. માણસોની માફક તેઓ માર્ગ નહીં ચૂકતા.

પૂર્વ પુણ્યાધયેજ તેમને અમારા માતાજીનો સંગ મળ્યો કે જેમણે પ્રતિકુળ સંજોગોમાં પણ કોઇ વખતે પતિ પ્રત્યે અણગમો ન બતાવ્યો તેમના કામમાં ખભેખભા મિલાવીને સાચા સહધર્મ ચારિણીના નામને સુશોભિત કર્યું. મને તેમના ગુણગાન ગાતાં છાતી ગજ ગજ વધે છે.

આ લખાણ હું રાતના ૧૧ વાગે લખવા બેઠો હતો હમણા ૨ા થયા છે. મનમાં ઘણું છે પણ લખવાનું સુજતું નથી. ને હું કવિ હોત તો લખવા માટે તેમના વિષે ઘણું પડયું છે. ગોડામાં એટલું જ કે તેમણે જીવન જીવી જાણ્યું અને પોતાના સમાગમમાં આવનાર દરેકને શાંતિનો બોધ પોતાના જીવનથી આપતા ગયા.

થોડું કમાવું અને થોડો જ આરંભ-સમારંભ કરવો, એજ તેમના જીવનનો દૃષ્ટિકોણ હતો. તેઓ હળુકર્મીજીવ હતા અને આ મનુષ્યભવમાં કર્મો ખપાવવા જ આવેલા. નવાં કર્મો તેમણે બાંધ્યાનો એક પણ બનાવ મારા જોવામાં આવ્યો નથી. કર્મો ખપાવી તેઓ ભવીજીવ જરૂર મોક્ષગામી થશે એમાં શક નથી. અસ્તુ.

લી. છોરૂ નરસી ઉમરસીના સવિનય પાયવંદન.

હમણા જ તમારો વાર પછીનો પત્ર મળ્યો છે. પૂજ્ય માતાજી પ્રાનબાઈ તથા મારા માતાજી તથા બાઇશ્રીને મારા પગેલાગણુ. બાકી સૌને ઘટીત.



આભાર-દર્શન

પંડિત ફત્તેહચંદ કપૂરચંદ લાલન તો જૈનસમાજના રત્ન હતા. વિદ્વાન-વક્તા, અધ્યાત્મવેત્તા હતા. હજારોના પ્રેરણામૂર્તિ હતા. તેઓ એટલા બધા સરળ હૃદયી, સૌમ્ય, શાંત અને વિનમ્ર હતા કે જીંદગીમાં કદી કોઇનું પણ મન દુભાવ્યું નહોતું.

આચાર્ય પ્રવરો કે શ્રીમંતો કે સાધુઓ કે સાધ્વી મહારાજો, વિદ્યાર્થીઓ કે યુવાનો બધા તરફ તેમને પ્રેમભાવ હતો. તેમના તરફ, પણ સૌની એવી જ પ્રીતિ હતી એમ હું માનતો પણ જ્યારે તેમની જીવન-પ્રભા તૈયાર કરવાનો મેં નિર્ધાર કર્યો ત્યારે મને તેની ખરી પ્રતીતિ થઈ.

મને ચિંતા હતી કે પૂજ્ય પંડિતજીના જીવન-ચરિત્રનો વિચાર તો કરૂં છું પણ તેમના જીવનની સામગ્રી મળશે કયાંથી ? મારી પાસે તો છુટાંછવાયાં સ્મરણો માત્ર હતાં.

તેમનાં પ્રકાશિત પુસ્તકો પણ મળવાં મુશ્કેલ હતાં, તેમના પત્રો પણ મળવા દુર્લભ હતા, તેમની ડાયરીઓ પણ અપ્રાપ્ય હતી. આમ છતાં મેં મમતાથી હિંમત કરી અને મને કલ્પના નહોતી કે પૂજ્ય પંડિતજીને માટે એક પછી એક સામગ્રી મળી આવશે. અને તે મળતાં મને ભારે આનંદ થયો પણ મને વિશેષ આનંદ તો ત્યારે થયો કે જ્યારે મારી વિનંતિનો

સ્વીકાર કરીને દૂર દૂરના પ્રદેશમાં રહેતા ઘણા ઘણા આપ્તજનો, સ્નેહીજનોએ પંડિતજીના જીવનનાં વિધવિધ સ્મરણો મને પ્રેમભાવે મોકલી આપ્યાં અને મને પંડિતજીની જીવન-પ્રભાના પ્રકાશનમાં ઘણી સફળતા મળી છે તેમાં આ સ્નેહીજનો આપ્તજનોનો સવિશેષ ફાળો છે.

મિત્રોના મને ૬૭ પત્રો મળ્યા છે. અને હજી પણ વિશેષ પ્રયાસ કર્યો હોત તો બીજા થોડા પત્રો પણ મળત. જેમણે મારા પત્રની પ્રેમથી પહોંચ આપી તે પહોંચને પણ જગ્યા આપી છે.

એક જૂના-જાણીતા વિદ્વાન સેવાપ્રેમી સજ્જને તો મને મુગ્ધ કરી દીધો. તેમણે જૈન પત્રમાં મારી ભાવના વાંચી અને પોતાની પાસે જે કંઈ સામગ્રી હતી તે મોકલી આપી. તે છે શ્રી ચંદનમલ નાગોરી. તેઓ પાલીતાણા યાત્રા કરવા આવ્યા ત્યારે આજથી ૪૬ વર્ષ પહેલાં પૂજ્ય લાલનસાહેબે પૂજ્યપાદ શાંતમૂર્તિ મુનિરત્ન શ્રી કપૂરવિજયજી મહારાજને લખેલ પત્ર પણ પોતાની સાથે લેતા આવ્યા. એ પત્ર ઘણો જૂનો જર્જરિત હોવાથી કોઈ ઉકેલી શકયું નહિ, તેથી તેનો લાભ હું વાચકોને આપી શકતો નથી તેનું મને દુઃખ છે.

જે જે આપ્તજનો-સ્નેહીજનો અને પંડિતજીના સંસર્ગમાં આવેલ ભાઇઓએ પોતાનો કીંમતી સમય આપી પંડિતજીનાં સ્મરણો લખી મોકલવા જે તકલીફ લઇને મારા કાર્યને ઉજ્વળ કર્યું છે તે બધાને હું આપ્તજનો ગણું છું.

પૂજ્ય પંડિતજીની જીવન-પ્રભા પ્રગટ કરવા હું શક્તિમાન થયો છું તેમાં આ પરિચય લેખક મિત્રોનો પણ ઘણો મોટો ફાળો છે. મારી ઘણાં વર્ષોની ભાવના પૂર્ણ થયાનો મને આત્મસંતોષ છે.

આ બધા સ્નેહીજનોનો હું ઋણી છું. તે સર્વેનો હું અંતઃકરણપૂર્વક હાર્દિક આભાર માનું છું.

પંડિતજીની જીવન-પ્રભા તથા તેમના સંસ્મરણોનું મૂલ્યાંકન તો આપ વાચકોએ કરવાનું છે.

હું તો માનું છું કે પંડિતજી જેવા મહામાનવની જીવન-યાત્રા આપણા જીવનને પ્રેરણાનાં પીયૂષ પાય અને આપણું જીવન આપણે ધન્ય બનાવીએ એ જ અભ્યર્થના.

સુલક્ષણા કુટિર,
પાલીતાણા.
તા. ૧૭-૫૯ બુધવાર.

સંઘનો સેવક,
શીવજી દેવશી
મઠડાવાળા

ધન્યવાદ

વિદુષી કુમારી પાનબાઈ ઠાકરશી દેશના માટે બે વખત જેલમાં ગયાં છે. તેમને સૌ કચ્છની સરોજની તરીકે પીછાને છે. લોકલ બોર્ડના તેઓ ઉપપ્રમુખ હતા. કચ્છ કોડાય સદાગમ પ્રવૃત્તિ સંસ્થાના તેઓ ટ્રસ્ટી છે. અને એ સંસ્થા તેઓ ઘણી જ લાગણીથી ચલાવે છે. કુમારીકાઓ, સધવાઓ અને વિધવાઓને શિક્ષીકા બનાવવાનું એ સંસ્થા કામ કરે છે. પૂજ્ય લાલન સાહેબ સાથે જહેનજી પાનબાઈને ખૂબ પરિચય હતો. મેં તેમને તેમના વિષે કંઈક લખવા લખ્યું. પણ તેમની તબીયત સારી નહી હોવાથી લખી નહિ શકયા. પણ મારો આગ્રહ ચાલુ જ રહ્યો. અંતે તેમણે લખી મોકલ્યું તેમાં કેટલીક વાતોની મને પણ ખબર ન હતી. તેમનો પત્ર નીચે પ્રગટ કરૂં છું. અને તેમણે લખી મોકલ્યું તે બદલ ધન્યવાદ આપું છું.



વિદુષી કુમારી પાનબાઈ ઠાકરશીનો પત્ર

કચ્છ કોડાય, તા. ૧-૧-૧૦.

હું જ્યારે અગ્યારેક વર્ષની હતી અને થોડુંક વાંચતાં શિખી ત્યારે પૂ. શ્રી શિવજીભાઈનાં સત્કાર્યો જેવાંકે કેળવણી પ્રચાર માટે બોર્ડિંગો વિધવાશ્રમ, ઠેકઠેકાણે કન્યાશાળાઓ અને પાઠશાળાની સ્થાપના. તેમજ આ સંસ્થાઓમાં જૈનધર્મના સંસ્કારો અને જ્ઞાન અપાય તેના માટે તેમણે તેની સીરીઝ તૈયાર કરેલી તેમજ જૈન સમાજમાં જ્ઞાનવૃદ્ધિ થવા માટે "વિદ્યાપ્રસારક વર્ગ" મારફતે પુસ્તક પ્રકાશન ખાતું ચલાવવા વગેરે સત્કાર્યોનું અમારી શિક્ષિકાના મુખે વર્ણન સાંભળ્યું. તેમજ તેમણે જાતે લખેલ "વિદ્યાચંદ્ર સુમતિ," શિવબોધ, શિવપ્રબોધ, શિવવિનોદ વગેરે પુસ્તકો વાંચતાં અને તે વખતે અમારી કન્યાશાળામાં પાઠ્યપુસ્તક તરીકે તેમણે તૈયાર કરેલી સીરીઝ ચાલતી તેનો અભ્યાસ કરતાં મને થતું કે જે માણસ સમાજકલ્યાણ માટે આટલું બધું કરી રહ્યો છે અને આવું સરસ પોતે લખી શકે છે તે માણસ કેવો હશે? મને એ માણસનાં દર્શન કયારે થશે એ ઝંખના ખૂબ રહ્યા કરતી. કયારેક મારા બાળ હૃદયમાં એ ઉર્મિ ઉઠતી કે ભગવાન ઘડીક પાંખ આપે તો ઉડી એ માણસનાં દર્શન કરી આવું. મારા સદ્‌ભાગ્યે સં. ૧૯૭૦ માં પ્રથમ કોડાય 'સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં' આવવાનું થયું. ત્યાનાં ભવ્ય વાતાવરણ અને

સંસ્કારથી મારા દિલમાં સદ્‌મહત્વાકાંક્ષા જાગી અને વૈરાગી જીવન પસંદ પડયું. આથી મેં આજીવન કૌમાર્ય વ્રત લીધું. હવે હું કોડાયમાં જ રહેતી. સં. ૧૯૭૪ ની સાલમાં પૂ. શ્રી શિવજીભાઇનાં પ્રથમ દર્શન થયાં. તેઓની કોડાયમાં હમેશાં 'કાગડોળે' રાહ જોવાતી. તેઓ આવે ત્યારે કલાકોના કલાકો અખંડધારાએ ઉપદેશામૃત વર્ષાવે. અને આનંદોલ્લહાસનાં પૂર વહાવે આથી આશ્રમ અને ગામના અનેક પુન્યાત્માઓ સેવા, ભક્તિ, પરોપકાર વગેરેની આત્મકલ્યાણકારી પ્રેરણા મેળવતા. તેમના દર્શનથી મારા દિલમાં વર્ષોથી રહેલી દર્શન ઝંખના સંતોષાઇ. તેમના ઉપદેશામૃતથી કંઇક નવીન પ્રેરણા મળી. તેમની અગાધ શક્તિ જોઇ મન આશ્ચર્યમુગ્ધ બન્યું. કે આટલું બધું જ્ઞાન કયાંથી મેળવ્યું હશે? કંઇક તેમની વાણીથી, કંઇક તેમની પરિચિત વ્યક્તિઓથી જાણી શકાયું કે તેમણે પૂર્વજન્મમાં તો આરાધના કરી હશે. પણ આ જન્મમાં સંતચરણોની જબ્બર ઉપાસના કરી છે. અને કરે છે એટલે તેમને ગુરૂકૃપા ફળી છે. તેમના ગુરૂ પણ મહાન છે. તેમનું નામ 'પંડિત લાલન' છે. એ સાંભળતાં મને તેમના દર્શન માટે ઝંખના થઇ. પૂ. શ્રી શિવજીભાઈ લગભગ દર વર્ષે કચ્છ આવતા અને કંઇક નવીન નવીન સંભળાવતા. સં. ૧૯૭૭ માં તેઓશ્રીએ પૂ. મહાત્મા ગાંધીજીનો સંદેશો આપ્યો. નવજીવન વાંચવા અને દેશ માટે કંઇ કરી છુટવા પ્રેર્યા. આથી અમે રેંટીઓ કાંતતાં અને ખાદી પહેરતાં થયાં. સં. ૧૯૨૧ ની સાલમાં અમદાવાદમાં કોંગ્રેસ ભરાઇ. હું, જીવીબાઈ, માણેકબાઈ, રાણબાઇ અને કેશરબાઇ અમે પાંચ જણી દેશનેતાઓનાં દર્શન

કરવા અને કંઇક નવીન પ્રેરણા મેળવવાના હેતુથી અમદાવાદ ગયાં. ત્યાં પૂજ્ય શિવજીભાઇ મળ્યા. તેઓ પોતાના અહોળા મિત્ર વર્ગ સાથે ખાદ્દી નગરમાં ઉતરેલા. ત્યાં અમને લઈ ગયા. જેમના દર્શનની મને ખૂબ ઉત્કંઠા હતી તે તેમના ગુરૂ પંડિત લાલન પણ તેમની સાથે જ હતા. તેમનાં પ્રથમ દર્શન થતાં અનેક જન્મોની સાધનાથી પણ દુષ્પ્રાપ્ય મૂર્તિમંત 'ગુણભંડાર' જોયાનો ભાસ થયો. અરે! માત્ર ભાસ ન થયો પણ બીજેજ દિવસે તેમના કેટલાક ગુણોના પ્રત્યક્ષ દર્શન થયા. હકીકત એવી બની કે, તેમણે લખવા વગેરેના કામ માટે એક નોકર રાખેલ. તે હમેશાં જ્યાં જાય ત્યાં સાથે રહેતો અને સરસામાન સાચવતો. તે માણસ આગલે દિવસે તેમની પેટીમાંથી રૂપીઆ ૬૫) કાઢી છુમંતર થઈ ગયો. પૂજ્ય બાપુજી (પં. લાલન)નાં મણિબ્હેન નામે એક સુશિક્ષિત બ્રાહ્મણ જ્ઞાતિનાં ધર્મબ્હેન હતાં. તેઓ જ્યારે તેમની સાથે રહેતાં ત્યારે બજાનચીનું કામ કરતાં. તેમણે કંઇ કારણસર પૈસાનું પાકીટ જોતાં રૂા. ૬૫) ન મળે. તેમણે બાપુજીને પૂછ્યું કે ભાઇ! પૈસા કાઢયા છે? તેમણે ના કહેતાં ફરી આધીપાછી ચોકસાઇથી તપાસ કરતાં પણ પૈસા ન મળ્યા. આગલે દિવસે તે માણસે પેટીની ચાવી લીધી હતી. તેણે પેટી બંધ કરી ચાવી આપ્યા પછી કોઇએ પેટી ઉઘાડી ન હતી અને તે ચાવી આપી ગયા પછી હજી સુધી પાછો આવ્યો ન હતો. એટલે તેણે જ રૂપીઆ કાઢયા છે એમ સમજાયું. ત્યારે મણિબ્હેને ગુસ્સે થઈ બાપુજીને ઠપકો આપ્યો કે, ભાઈ! તમે તેને વિશ્વાસે રહી ઠોકરો ખાઓ છો. ત્યારે

બાપુજીને તે માણસ પર ગુસ્સો ન આવતાં ઉલટાનું તેઓ મણિબ્હેનને કહેવા લાગ્યા કે બ્હેન! તેના પર ગુસ્સે ન થાઓ. તે બિચારાને ૬૫ રૂપીઆની જરૂર હશે. મારી પાસે માગત તો હું તેને ૫ કે ૧૦ રૂપીઆ આપત. જરૂરીઆત જેટલા નહિ આપું એમ સમજી તે લઈ ગયો. શરમને લીધે તે પાછો આવ્યો નથી. તો બ્હેન તેના પર ગુસ્સે ન થાઓ પણ દયા કરો. આ બોલતી વખતે તેમના મુખારવિંદ પર જાણે સહૃદયતા, ક્ષમા, ઉદારતા અને કરૂણતા તરી રહ્યાં હતાં. એ જોઈ મારૂં દિલ તેમને નમ્યું. એક તો પૂ. ગાંધીજી અને બીજા અનેક દેશનેતાઓનાં દર્શન અને વાણીનો લાભ મળેલ. વળી ઉપરોક્ત રીતે પૂજ્ય બાપુજીના ક્ષમાદિ ગુણોના દર્શનથી મારા દિલે જંગમ તીર્થયાત્રા કર્યાનો સંતોષ અનુભવ્યો. બાદ હું, જીવીબાઈ અને માણેકબ્હેન પાલીતાણાની યાત્રા કરી મઢડા આવ્યાં. ત્યાં આશ્રમનું સેવામય વાતાવરણ જોઈ હું ત્યાંજ રહી ગઈ. આથી પૂજ્ય બાપુજીનો સહવાસ ખૂબ થયો. તેઓ વૃદ્ધ હોવા છતાં યોગાભ્યાસીઓને યોગાભ્યાસ કરાવતા. તમે 'નામ રૂપ' નથી પણ તમે તો ચૈતન્યવંત આત્મા છો એ એટલી સરસ રીતે સમજાવતા કે જાણે પ્રત્યક્ષ ચૈતન્યમય આત્મા દેખાડતા ન હોય! એવો ભાસ થતો.

પાપ, દુઃખ અને દોષ એ ત્રણને પૂ. બાપુજી કોઈ દિવસ મન, વચન અને કાયાથી સ્પર્શ્યા પણ નથી. એ શબ્દોનો ઉચ્ચાર પણ તેઓ પોતાની જીભથી નહિ કરતા. હું કુતુહલ-વૃત્તિથી કોઈ વખત કહેતી કે બાપુજી શબ્દોએ શું થાય?

ત્યારે કહેતા કે દીકરા કુવાસના અને કુવિચારમાંથી તેનો જન્મ છે એટલે મારે એ ત્રણે અસ્પૃશ્ય છે. તો તેને બોલી હું મારી જીભ શા માટે અભડાવું ?

"સારૂં તે મારૂં" એ સૂત્ર તેમના જીવનમાં વણાયેલું હોતાં પોતે જબરા વિદ્વાન્ છતાં અને જૈન, જૈનેતર સાહિત્યનું જબ્બર વાચન હોવા છતાં કોઈપણ સંત સાધુ મળ્યા તો તેમની પાસે જિજ્ઞાસુભાવે જતા, નમ્રભાવે તેમને સાંભળતા અને સાર લાગે તે સંઘરતા. સામા તેમની પાસેથી કંઇ લેવા માગે તો ઉદાર દિલે આપતા. અને કહેતા કે "અમે તો દુકાનદાર છીએ. મોટા વેપારી પાસેથી પણ લઇએ. તેમજ દુકાનદારીમાં ખપતી ચીજ કોઈ નાના માણસ પાસેથી પણ મળતી હોય તો ખરીદી લઇએ. મહાવીરાદિ અમારા મોટા વેપારી. તેઓ પાસેથી જથાબંધ માલ લઈએ. ત્યાગ, વૈરાગ્યના ઉપાસક કોઇપણ ગચ્છ, મત કે સંપ્રદાયના સંત સાધુઓની પાસેથી ખપતી ચીજ દેખાય તો લઇએ અને તેમને જોઇતી ચીજ આપીએ પણ ખરા." સં. ૧૯૯૨ ની સાલમાં તેઓ કોડાયમાં ત્રણેક માસ રહ્યા હતા ત્યારે સ્થાનકવાસી આઠ કોટી નાની પક્ષના પૂજશ્રી (આચાર્ય) વગેરે સાધુઓ પધાર્યા હતા. એ સંપ્રદાયનું 'મારૂં તે સારૂં' એવું મંતવ્ય હોય એમ છતાં પૂજ્ય બાપુજી તેમની પાસે રોજ જતા જ્ઞાનચર્ચા કરતા એટલું જ નહિ પણ તેઓ માંડવી જતાં ત્યાં પણ જવા લાગ્યા. એટલે અમે કહ્યું કે આપ ત્યાં શા માટે જાઓ છો ? ત્યારે તેમણે કહ્યું દીકરા "બાલાદપિ હિતં

ગ્રાહ્યમ” એ સૂત્રાનુસાર એ સંપ્રદાયમાંથી પણ મને કંઈક જાણવાનું મળે અને તેમની કંઈ સેવા અને વિચાર વિનય કરતાં કંઈ લાભ થવાનો હોય તો તે પણ પરિચય કર્યેથી બને. એટલા માટે જાઉં છું. કયાંઈ પણ જવાથી તારા બાપુજી નાના નથી જ થવાના સમજી ? આ તેમની નિરાભિમાનતા, ગુણદૃષ્ટિ અને બાળ સુલભ સરળતા જોઈ તેમના પ્રતિ ભક્તિથી માથું નમ્યું. તેઓ કહેતા કે મતાગ્રહી લોકો ભલે આક્ષેપ કરે કે લાલન ઘડીકમાં રામવિજયના ભક્ત બની ગયા કે તેરાપંથી અગર નાની પક્ષના ભક્ત બન્યા. પણ હું તો મહાવીરનો ભક્ત છું અને છેલ્લા શ્વાસસુધી રહેવાનો. અને કોઈપણ વાડા બંધીમાં ન પૂરાવા નક્કી કર્યું છે કેઃ—“ પક્ષપાતો નમે વીરે, ન દ્વેષો કપિલાદિષુ; યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યં પરિગ્રહ.” એ એમનો સર્વધર્મ પ્રતિનો સમભાવ અને આદર હતો. તેથી તેઓ જૈની કે જૈનેતર સંપ્રદાયના કોઈપણ પ્રવર્તકોનો પરિચય કરતા. તેમાં જે સારૂં દેખાય તે પોતે સંધરતા અને મહાવીરના સત્યમાર્ગનું તેમની પાસે નિરૂપણ કરી તેઓની સેવા કરતા. એજ દૃષ્ટિથી તેમણે યુરોપ, અમેરિકા, જાપ અનેકોને જૈન ધર્મી બનાવ્યા, અનેકોને દારૂ માંસ છોડાવી શાકાહારી કર્યા, અનેકોને મહાવીરના સિદ્ધાંત પ્રતિ સન્માન ધરાવતા કર્યા અને કેટલાક મિત્રોને તો બાર વ્રતધારી શ્રાવક પણ બનાવ્યા.

अय निजः परो वेत्ति, गणना लघु चेतसाम् ।
उदार चरितानां तु, वसुधैव कुटुंबकम् ॥

આ તેમના પ્રાણમાં વસેલું હતું એટલે એમને કોઇ પરાયું હતું જ નહિ. માનવ માત્ર પર તેઓ એક સરખી મમતા અને વાત્સલ્ય રાખતા.

આત્મોપાસના એ એમનો જીવનમંત્ર હતો. એટલે તે કોઇવાર યોગાભ્યાસથી તો કોઇવાર સામાયિકથી થતી જ હોય અને એ ઉપાસનાથી પ્રમોદ અને વિનોદ તેમણે સિદ્ધ કર્યાં હતાં. પ્રમોદથી પોતે સદા આનંદી રહેતા અને વિનોદથી બીજાને આનંદ પમાડતા. ટુંકામાં કહું તો—

પાલન એટલે મૂર્તિમંત આનંદ.

,, ,, ,, ગુણદૃષ્ટિ.

,, ,, ,, પ્રમોદભાવ.

,, ,, ,, વાત્સલ્ય.

પાનબાઈ.



સહાયકો

૫૦૦ પૂજ્યશ્રી માલશી ભોજરાજનાં પરિવાર તરફથી

૪૫૦ નરશી ઉમરશી

૨૫ સ્વ. ઉમરશી માલશી

૨૫ શીવજી ઉમરશી

૩૦૦ વિદુષી બ્હેનજી પાનબાઈ ઠાકરશી હસ્તક આવેલી રકમો

૧૨૫ સ્વસ્તિક ઈન્ડસ્ટ્રીવાળા ભાઈશ્રી મૂલચંદ પ્રેમજી મલાડ

૨૦ બ્હેનજી મીઠાબાઇ મુરજી કોડાય

૨૫ ભાઇ દેવરાજ કલ્યાણજી મુંબઈ

૫૧ દેવકુંવર

૨૫ કંકુબાઇ ઠાકરશી

૨૯ પાનબાઈ ઠાકરશી

૧૦ ભાઇ રામજી ટોકરશી મુંબઇ

૫ શ્રી પાનબાઇ મેઘજી ,,

૫ મણિબાઇ

૫ આણંદજી મુળજી


૧૦૪ સુમતિચંદ્ર શિવજી મુંબઇ

૫૦ સુધાકર શીવજી ભાવનગર

૨૫	સૌ. સુલક્ષણા શીવજી	ભાવનગર
૧૦	સૌ. લક્ષ્મીબાઈ સુધાકર	,,
૧૦	સૌ. ધનવતી વીરેંદ્રકુમાર	,,
૧૦	સૌ. વિજ્યા હેમેંદ્રકુમાર	,,
૧૦	સૌ. લતા ઉપેંદ્રકુમાર	,,
૧૧	શા. રતનશી લાલજી	મુંબઈ
૨૫	ભાઈ આણંદજી ભીંમશી	ઘાટકોપર
૧૫	સૌ. ચંદનબાઇ કુંવરજી	,,
૧૦	કુ. ઉમરબાઇ જેતશી	બીદડા
૧૦	લક્ષ્મીબાઇ વરજાંગ	કાંદીવલી
૧૦	જેઠીબાઇ મણશી	ઘાટકોપર
૨૫	ગં. ચંચલબાઇ ટી. જી. શાહ	મુંબઈ
૨૫	શેઠ જીવનલાલ મોતીચંદ	ચોરવાડ
૨૫	શેઠ રતનશી જેઠાભાઈ	સાંગલી
૨૫	શેઠ પ્રેમચંદ મહાસુખરામ	અમદાવાદ
૧૦૧	શેઠ ભાણજી દેવજી	મુંબઇ
૫૧	શ્રી ખીમજી ઘેલાભાઇ	,,
૨૫	શ્રી જેઠાભાઇ દેવણાધ	,,
૫૦	શેઠ ભોળાભાઈ જેસંગભાઈ દલાલ	,,
૫૧	શેઠ માણેકચંદ પોપટલાલ	થાનગઢ

૧૦૦	શેઠ નરશી નાગશીની કું.	મુંબઈ
૧૦૦	શેઠ કલ્યાણજી ધનજી	,,
૧૨૫	શા. દેવશી કચરાભાઈ	અમલનેર
૧૦૦	શા. પાસુભાઇ શીવજી	,,
૧૦૦	શા. વાલજી અરજણ	ભોપાલ
૧૦૦	ગં. રાણુબાઈ માણેકજી કલ્યાણજી (મહેતાજી)	પારેાલા
૫૦	શા. કલ્યાણજી જેઠાભાઇ પટેલ	ચોપડા
૫૦	શા. વીસનજી ગોવિંદજી	વાવલ
૫૦	શા. રેવચંદ તુલજારામ	નીપાણી
૧૦૦	શેઠ દેવચંદ છગનલાલ	,,
૨૫	શા. નેમચંદ જેઠીરામ	,,
૧૦૧	સૌ. ઓમદેવી મેલારામ શૂદ	મોંગા (પંજાબ)
૧૦૦	શ્રીમતી રાજકુમારી હંસરાજ	દેહલી
૫૦	હંસરાજનાં માતાજી	,,
૨૫	પ્રો. એન. એન. સરીન	અમૃતસર (પંજાબ)
૧૦૦	જુગલકિશોર મહેરા	મુંબઇ
૨૫	શ્રી રામચંદ્ર કિન્નરા	આગ્રા
૧૫૦	શ્રીમતી વૃજમોહીની સરીન	દહેલી
૨૫	શ્રી દેવરાજ ભામરી	જબલપુર
૧૦૦	શ્રીમતિ કૃષ્ણા આફતાબરાય	દેહલી

૫૦	શ્રીમતી નિર્મલ અરોડા	દેહલી
૨૧	ભાઇ સોજપાર કેશવજી	પાલીતાણા
૨૫	શ્રીમતી કૃષ્ણા મહેતા	ન્યુ દહેલી
૫૦	મીસીસ નકુલસેન	,,
૧૦૦	ડો. કૃષ્ણા દર	વેલોર
૨૫	શ્રીમતી વિદ્યાવતી સરદારચંદ	ન્યુ દહેલી
૨૦૦	શ્રી પી. કે. દર	આસામ
૨૫	શ્રીમતી સીતા દર	દહેરાદુન
૨૫	શ્રીમતી સુમિત્રા હજારીલાલ	ન્યુ દહેલી
૩૦	શ્રી પરમાનંદ મહેરા	મુંબઇ
૫૦	પ્રો. મેલારામ શુદ	મોગા (પંજાબ)
૫૦	સૌ. સાવિત્રી ગુરૂમુખસીંગ	દહેલી



અનુક્રમણિકા

વિષય	પૃષ્ઠ
જ્ઞાનપિપાસા	૧
હસતું પુષ્પ	૫
લાલન ગોત્રનો ઉજ્જ્વળ ઇતિહાસ	૯
જીવનનું ઘડતર	૧૮
વંશાવળી તથા પરિવાર	૨૧
વકતૃત્વ કળા	૨૬
સંત સમાગમ	૩૦
પરદેશગમન	૩૬
અબ મોહે તારો	૪૨
કચ્છમાં ધર્મ ઉદ્યોત	૪૬
શાસ્ત્રાભ્યાસ	૫૦
બે ગ્રંથરત્નો	૫૫
ગુણોનું બહુમાન	૬૨
મુનિશ્રી શ્વેતાંબર જૈન કોન્ફરન્સ	૬૬
દક્ષિણ મહારાષ્ટ્ર જૈન પરિષદ	૬૮
સર્વેષામ્	૭૬
સમયનો સંદેશ	૭૮
મહુડામાં લાલન નિકેતન	૮૧
મહાત્માજી પર અનન્ય પ્રેમ	૮૪
અભિનંદન અને થેલી સમર્પણ	૮૫
યુવક સંઘ તરફથી સન્માન સમારંભ	૯૬
માનવ ગીતા	૧૦૧
સામયિકના પ્રયોગો	૧૦૫
આત્મભાવબોધ	૧૧૧
ધર્મ શિક્ષણ	૧૧૫
તેરાપંથીનો આક્ષેપ	૧૨૩
પંડીત લાલનની વિશિષ્ટતા	૧૨૮
અવસર બેર બેર નહિ આવે	૧૩૩
આત્મશક્તિનો આવિર્ભાવ	૧૪૦
લાલન પુષ્પવાટિકા	૧૪૫
પંડિતજીની દૃષ્ટિ	૧૫૨
પત્ર બોધ	૧૫૮

વિષય	પૃષ્ઠ
મૃત્યુ મરી ગયું રે લોલ	૧૬૮
પંડિતજીની પ્રતિભા	૧૭૫
જીવન પ્રસંગો મોકલો	૧૭૫
સદ્‌ગત શ્રી લાલન સાહેબનું ચરિત્ર	૧૭૫
જીવન પ્રસંગો માટે વિજ્ઞપ્તિ	૧૭૬
શ્રી વેલજી ઠાકરશી	૧૭૮
મુનિશ્રી પદ્મવિજયજી	૧૮૦
શ્રી વેલજી મેઘજી	૧૮૧
શ્રી પરમાનંદ કાપડીયા	૧૮૮
ટૂંકા સમાચાર અને નોંધ	૧૮૯
પંડિત લાલન સન્માન સમારંભ	૧૯૨
સુશીલ	૨૧૦
શેઠ ભોળાભાઇ જેસંગભાઇ દલાલ	૨૧૩
મુનિ શુભવિજય	૨૧૪
શ્રી પાસુભાઇ શીવજી	૨૧૬
પંડિત આણંદજી દેવશી	૨૧૮
શ્રી અમુલખ સરૈયા	૨૨૨
શ્રી ચતુરભાઇ પીતાંબર	૨૨૩
સાધ્વીજી નેમશ્રીજી	૨૨૪
શ્રી બાલચંદ હીરાચંદ	૨૨૫
શ્રી છગનલાલ કરશનદાસ	૨૨૮
શ્રી અભયચંદ ભગવાનદાસ	૨૩૦

વિષય	પૃષ્ઠ
પંડિત જયંતિલાલ જાદવજી	૨૩૨
શ્રી પ્રેમજી ઉકેડા	૨૩૫
શ્રી રવજી ખેરાજ	૨૩૬
બ્હેન શ્રી દેવકાબાઇ	૨૩૭
શ્રી નરશી વીસનજી	૨૩૮
પંડિત લાલચંદ ભગવાનદાસ	૨૩૯
શ્રી દુલ્લભજી ખેતાણી	૨૪૧
શ્રી પોપટલાલ મગનલાલ	૨૪૨
બ્હેન શ્રી મીઠાબ્હેન મુરજી	૨૪૫
મુનિશ્રી કલ્યાણચંદ્રજી	૨૪૯
શ્રી મુનીલાલ વર્ધમાન	૨૫૨
શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી	૨૫૬
બ્હેનજી રાણબાઇ હીરજી	૨૬૧
શ્રી ખીમજી ધેલાભાઇ	૨૬૬
શ્રી દેવજી દામજી ખોના	૨૬૯
શ્રી રેવચંદ તુલજારામ	૨૭૧
શ્રી ક્ષમાનંદજી	૨૭૭
શ્રી ઉમરશી માલશી	૨૮૫
શ્રી અચ્છાભાખા	૨૮૬
શ્રી ચંદનમલ નાગોરી	૨૯૩
પંડિતજી સુખલાલજી	૩૦૦
શ્રી દુલેરાય કારાણી	૩૦૧
શ્રી શાંતિલાલ ઝાંપશી	૩૦૩
શ્રી જાદવજી નરભેરામ	૩૦૭
સૌ. સરલાબ્હેન સુમતિચંદ્ર	૩૧૧
શ્રી સંતબાલજી	૩૧૩

વિષય	પૃષ્ઠ
શ્રી પ્રાણજીવન હરગોવિંદદાસ ગાંધી	૩૧૪
શ્રી અંબાલાલ પુરાણી	૩૧૯
શેઠ માણેકચંદ પોપટલાલ	૩૨૨
પૂ. આ. મ. શ્રી નેમસાગરજી	૩૨૨
પૂ. શ્રી અદ્વૈતાનંદજી સ્વામી	૩૨૩
પૂ. આ. મ. શ્રી સમુદ્રવિજયજી	૩૨૫
શ્રી પ્રભુદાસ (બંસી)	૩૨૭
પૂ. સાધ્વીજી સદ્ગુણાશ્રી	૩૩૦
પૂ. સાધ્વીજી કીર્તિલતાશ્રીજી	૩૩૨
સૌ. અચરતબ્હેન દોશી	૩૩૩
શ્રી રતીલાલ દીપચંદ દેશાઇ	૩૩૪
ડૉ. ભાઇલાલ એમ. બાવીશી	૩૩૯
પૂ. સ્વામી માધવતીર્થજી	૩૪૨
શ્રી લાલજી ઓભાયા	૩૪૭
શ્રી નેમચંદ જેઠીરામ	૩૪૮
શ્રી કાકુભાઇ નારસીંગ	૩૫૧
શ્રી સોજપારભાઇ કેશવજી	૩૫૩
શ્રી શામજી ભાર્ગવચંદ માસ્તર	૩૫૭
શ્રી કુંતેહચંદ ઝવેરભાઇ	૩૬૧
પૂ. શ્રી કુમુદવિજયજી મ.	૩૬૭
પૂ શ્રી ઉજ્જવલકુમારી	૩૭૦

ટાઇટલ પેજથી પૃષ્ઠ ૮૮ સુધી ભાવનગર સમાચાર પ્રેસમાં
શ્રી જયંતીલાલ મોરારજી મહેતાએ છાપ્યાં.

તમારા ઘરમાં નીચેનાં પુસ્તકો છે ?

શાહ શિવજીભાઈ દેવસિંહનાં

લખેલાં અને ચોજેલાં પુસ્તકો

★ જીવન-બાગ ★

પરમયોગી પરમાનંદ સ્વામીએ યોગ માર્ગ શા માટે પસંદ કર્યો ?

જીવન જંગલ જેવું નહિં પણ બાગ જેવું કેમ બનાવવું ?

અને સંસારમાં સ્વર્ગ કેમ ઉતારવું ?

કીં. રૂા. ૨-૪-૦

દીક્ષા કુમારી ભાગ ૧-૨

દીક્ષાના ઉમેદવારો માટે

કીં. રૂા. ૨-૮-૦ ભાગ ૧

કીં. રૂા. ૩-૦-૦ ભાગ ૨

શ્રી શાસન દેવીનો પ્રવાસ

જૈનો માટે ઉપયોગી

કીં. રૂા. ૨-૦-૦

ચાલો ગાઈએ

★ કાવ્ય કુસુમાવલી ★


★ કલ્યાણની કુંચી ★

★ કચ્છી કાવ્યામૃત ★


★ પોંડીચેરીની પરાગ ★

શિવ-સદન ગ્રંથમાલા કાર્યાલય

મઢડા (સૌરાષ્ટ્ર)



શ્રી પંડિત લાલન



શ્રી વિસનજી જેતશી

પંડિત લાલન

જ્ઞાનપિપાસા

[૧]

જ્ઞાનની પિપાસા જાગે છે ત્યારે બાળક કે વૃદ્ધ, સ્ત્રી કે પુરૂષ બધા જ્ઞાન મેળવવા ઉત્સુક હોય છે. ગમે ત્યાંથી, ગમે તેવા દુઃખો સહન કરીને, પેટને ભાડું આપવા જે મળે તે ખાઈને અને ઉજાગરા કરવા પડે તો કરીને પણ જ્ઞાન મેળવવા તત્પર બને છે.

જ્ઞાન મેળવવાની ભાવના જાગવી એ પૂર્વ પુણ્યનો ઉદય અથવા પૂર્વ જન્મમાં અધૂરી રહેલી જ્ઞાનની આરાધના માટેનો તલસાટ હોય છે. જ્ઞાન એ જીવનનું અમૃત છે અને સમ્યગ્ જ્ઞાન દ્વારા મોક્ષ માર્ગ મેળવવાના પ્રયત્નો કરવા એ જીવનનું ધ્યેય છે.

બાર તેર વર્ષનો એક કુમાર પ્રાતઃકાળે ઉષાના કિરણો હજી તો ઢંકાયેલાં હોય છે અને ગૃહિણીઓ પ્રાતઃ ક્રિયા શરૂ કરે તે પહેલાં જાગૃત થઈ નમસ્કાર મહામંત્રનું ધ્યાન કરી ધાર્મિક સૂત્રો કંઠે કરે છે અને તેના રહસ્યનું અમૃતપાન કરે છે.

શૌચાદિથી પરવારી સ્નાન કરી પ્રભુ-પૂજન માટે જાય છે અને નવકારશી કરી થોડું દુધ પી ફરી શાળાના

પાઠો તૈયાર કરે છે. વહેલા જમી પરવારી શાળાએ જાય છે. શાળાનું આ બાળકનું વર્તન એક સંસ્કારી બાળકને શોભે તેવું હોય છે. તે પોતાના શિક્ષકને નમસ્કાર કરે છે. વિદ્યાર્થી મિત્રોનો તે માનીતો છે. લગભગ પહેલો નંબર જ રહે છે. પાઠો તેને કંઠે હોય છે. તે કવિતા બોલે છે, અને તેનું ગુંજન આખા વર્ગમાં ગાજી રહે છે. તે શાંત, વિનયી, સેવાપ્રિય અને અભ્યાસી છે. તેની બુદ્ધિપ્રભા વિશિષ્ટ પ્રકારની છે. તે શાળાનું રત્ન ગણાય છે.

શાળામાંથી આવીને તે વહેલા વહેલા જમીને પોતાના પ્રિય પુસ્તકોને લઈને દૂર દૂર ચાલ્યો જાય છે. અને રાત્રે સુવાના સમયે તે આવીને શયન કરે છે.

૭૫-૮૦ વર્ષ પહેલાં મુંબઈ આજના જેવી ગીચ નહોતી. રસ્તાઓ પણ ટ્રામો-બસો, મોટરો અને ટેક્સી-ઓથી ભર્યા નહોતા. ટ્રામો અને બસોમાં બેસવા માટે યુવાનો, વૃદ્ધો અને બબે-ત્રણ ત્રણ બાળકોને લઈને દોડી જતી સ્ત્રીઓની લંગાર નહોતી. માત્ર ઘોડા ગાડીના દાબ-ડાઓના અવાજો સિવાય બહુ અવાજો પણ નહોતા. આજે તો રાત-દિવસ મુંબઈથી થાણા સુધી અને આમ બોરી-વલીથી પણ દૂર દૂર સુધી લોકોની દોડાદોડ રહે છે. આજે મુંબઈ એવું તો જાકજમાળ લાગે છે કે પ્રકાશનો ધોધ મુંબઈ ઉપર છવાઈ ન રહ્યો હોય.

૭૫-૮૦ વર્ષ પહેલાં કોઈ કોઈ મુખ્ય મુખ્ય સ્થાને વીજળીના દીવા હતા. આપણો ચરિત્રનાયક જ્ઞાન પિપાસુ એવો કે દૂર દૂરથી પોતાના ઘેરથી ચોપડીઓના થોકડા

લઈને મસજીદ બંદરના પુલ સુધી આવીને એક જાહેર રસ્તાના શાંત પ્રકાશ પાડતા મ્યુનીસીપાલીટીના દીવા પાસે બેસીને કલાકો સુધી વાંચવામાં તલ્લીન બની જતો. આસપાસની દુનિયા તથા દોડા દોડ કે પાસેના સ્ત્રી-પુરુષોના વાદ વિવાદ તેના જોવા કે સાંભળવામાં આવતા નહિ અને જાણે બાળપણમાં સામાયિકનો યોગ માંડયો હોય તેમ બે-ત્રણ ઘડી એક ચિત્તે વાંચીને તે નિયમ પ્રમાણે ઘેર જતો અને રસ્તામાં પણ વાંચનનું ચિંતન ચાલુ રહેતું.

નિયમિત આવનાર અને વાંચનમાં તલ્લીન થનાર કુમાર બધાને એવો તો પ્રિય થઇ પડયો હતો કે કોઇ કારણવશ જો તે ન આવી શકતો તો બધા તેને માટે ચિંતા કરતા. અરે જાહેર સલામતીના ચોકીદાર સીપાઇઓ પણ તેને માટે ભારે હમદર્દી દાખવતા અને આ બધામાંથી આપણો કુમાર માનવપ્રેમના મંત્રો શીખતો અને ધર્મની જ્યોત જગમગતી રાખવા ધર્મ સૂત્રો-મંત્રો અને સિદ્ધાંતો જીવનમાં જડી લેવા પ્રયત્ન કરતો.

એક નવો સીપાઇ ફરતો ફરતો પૂલ ઉપર આવી ચઢ્યો. આપણા ચરિત્રનાયક કુમારને વાંચવામાં લીન થયેલો જોઇ જ રહ્યો. પાસે આવીને પૂછયું.

'ભાઈ! તું કયાં રહે છે?'

'જી! હું લાલવાડી રહું છું.'

'તું ત્યાંથી ચાલીને આવે છે ભાઇ!'

'જી, હું ચાલીને આવું છું અને ચાલીને જ જાઉં છું.'

'તારા માતા પિતા નથી ભાઇ!'

'જી! મારે માતા પિતા છે!'

'શું તમે ગરીબ છો!'

'જી ના! મને વાંચનનો શોખ છે તેથી હમેશાં વાંચન માટે અહીં આવું છું અને શાંતિથી વાંચન કરૂં છું.'

ભાઇ! તું બીતો નહિં. મોડું થઇ જાય તો હું તને મૂકવા આવીશઃ હું આટલામાં જ છું.

'જી! હું ડરતો નથી. ગમે ત્યારે ઘેર જઇ શકું છું.'

કેવો વિનય! કેવી સૌમ્યતા! કેવી જ્ઞાન પિપાસા! કેવી નીડરતા!

આ રીતે દિવસો ગયા, મહિનાઓ ગયા અને વર્ષો ગયા.

આ રીતે અંગ્રેજી સાત-મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો.

આપણા હિંદના દાદા, સ્વરાજ્યના કર્ણધાર, દેશ-નાયક શ્રી દાદાભાઇ નવરોજજી પણ ન્યુનીસીપાલીટીના ફ્રાનસે ભણ્યા હતા અને એ દેશના દાદા બન્યા.

આપણા ચરિત્રનાયક પણ વર્ષો સુધી ન્યુનીસીપાલી-ટીના ફ્રાનસે ભણ્યા અને ધર્મના દીપક અધ્યાત્મપ્રેમી અને પ્રસિદ્ધ વક્તા બન્યા.

હસતું પુષ્પ

[૨]

૧૮૫૭ ની સાલ હતી. હિંદ પર પરાધીનતાની બેડી જડાઇ હતી. હિન્દી લશ્કરોમાં ભારે અસંતોષ હતો. પંજાબ, યૂપી, ઝાંસી અને બંગાળમાં બધે અંગ્રેજી સલ્તનત અને ગોરા લશ્કર સામે બળવો જાગ્યો હતો. બાવા-સાધુઓ દ્વારા રોટીનો સંદેશ ગામેગામ પહોંચ્યો હતો. અને બળવાનો દિવસ પણ નક્કી થઇ ચૂક્યો હતો. એ બળવાની હવા ભારતને ખૂણે ખૂણે પહોંચી હતી અને એ ક્રાંતિની જ્વાળા ભભૂકી ઉઠવાના નગારા વાગી ગયાં હતાં.

એ જ જગપ્રસિદ્ધ બળવાના દિવસોમાં ભારતના એક નાનકડા ખૂણે કચ્છના માંડવી ગામમાં એક જૈન કુટુંબમાં શ્રી કપુરચંદભાઇને ત્યાં એક બાળકનો જન્મ થયો.

માતા પિતા બાળક પુત્રના જન્મથી ખૂબ રાજી થયા. આ બાળકમાં એક વિશિષ્ટતા હતી. બધાં બાળકો જન્મતાં રડે છે અને માતા તેને ધવરાવવા લ્યે છે અને તેને શાંત કરે છે. આ બાળક જન્મતા હસતો હતો અને તેનો હસતો ચહેરો જોઇને માતાના હર્ષનો પાર નહોતો. આ મારો લાલ આજથી હસે છે. તે હજારોને હસાવશે, અને હજારોનો પ્રિય બનશે.

પિતાએ જોશી પાસે જન્માક્ષર કરાવ્યા, જોષીએ ભવિષ્ય ભાખ્યું કે આ બાળક સાધુ જેવું પવિત્ર જીવન ગાળશે, મહાન વકતા થશે. પરદેશનો પ્રવાસ ખેડશેઃ લાખો માનવીનો માર્ગદર્શક બનશે. પ્રિયભાષી અને પરમ સ્નેહી થશે. વિશ્વપ્રેમનો સંદેશ વાહક બનશે. અધ્યાત્મ-જ્ઞાની અને મહાન ચિંતક બનશે. પણ ધનનો જોગ નથી. ધનનો તો તે ત્યાગ કરશે અને ધનના ઢગલાને તે માટી સમાન માનશે. ધનવાનો તેના ભક્ત બનશે.

આ વાતથી પિતાને થોડો આનંદ થયો. પણ ધનના ત્યાગની વાતથી થોડું દુઃખ થયું કે જગતમાં લક્ષ્મીની બોલબોલા છે. પૈસા વિનાનો નર નીમાણો ગણાય છે. પૈસા એ આજે તો ભૂષણ ગણાય છે અને પૈસો જ જગતમાં સર્વસ્વ છે ત્યારે આ બાળક પૈસાનો ત્યાગ કરશે તો તેના જીવનનું શું થશે !

પિતા કપૂરચંદ કયાં જાણતાં હતા કે આ બાળક સરસ્વતીનો મહાન ઉપાસક થશે અને શાસ્ત્રોનો અભ્યાસી થઇને જીવનનું દર્શન મેળવશે. લક્ષ્મી તો હાથનો મેલ છે. અને એ તો ચંચળ છે. સમ્યગ્જ્ઞાન એ જ જીવનના કલ્યાણ માટે મહા લક્ષ્મી સમાન છે. જ્ઞાનલક્ષ્મી સર્વશ્રેષ્ઠ છે એમ માની જ્ઞાન મેળવશે અને હજારોને એ જ્ઞાનનું દાન આપી ઘર ઘરમાં જ્ઞાનના દીવડા પ્રગટાવશે.

બાળકનું નામ ફત્તેહચંદ રાખવામાં આવ્યું અને તે કેટલું સૂચક, અર્થદર્શક અને મંગળમય બન્યુ તે તો એ બાળકના ક્રમિક વિકાસ અને જીવનની અંતિમ ઘડી

સુધી જ્ઞાન, ધ્યાન, ચિંતન અને મસ્તીમાં કેવા તલ્લીન રહ્યા તે ઉપરથી આપણે જાણીશું.

બાળક ફૂલ્તેહચંદ ખરેખર હસતું પુષ્પ હતું. જ્યારે જુઓ ત્યારે તે હસતો જ હોય. રોવાનું તેના સ્વપ્નમાં પણ નહોતું. માતા અને સગા સંબંધી તો આશ્ચર્ય પામતા કે આ બાળક કોઇ ભૂલો ભટકયો યોગભ્રષ્ટ દેવનો જીવ હશે જે અધૂરી સાધના પૂરી કરવા માનવદેહ ધારણ કરી ભારત ભૂમિમાં ઉતરી આવ્યો છે. અને તેણે જૈન કુટુંબમાં અવતાર લીધો છે.

ચંદ્રની કળાની જેમ કચ્છની ધીંગીધરાના અન્ન-પાણી લઇને બાળક ફૂલ્તેહચંદ દિન પ્રતિદિન વધવા લાગ્યો.

પિતા કપૂરચંદને જામનગર આવવાનું થયું ને ફૂલ્તેહચંદે જામનગર, સૌરાષ્ટ્રનું પાણી પીધું અને સૌરાષ્ટ્રના સંસ્કારો જીવનમાં વણી લીધા.

જન્મ કચ્છમાં થયો હતો. પણ જામનગરમાં બાળપણનું ઘડતર થયું તેમજ નાનપણના સંસ્કારો જામનગરમાં દ્રઢ થયા તેથી ફૂલ્તેહચંદ જામનગરને પણ જન્મભૂમિ સંસ્કારભૂમિ માનતા. તેમના કુટુંબીજનો જામનગરમાં ઘણા હતા અને ફૂલ્તેહચંદ એ કુટુંબીજનો વચ્ચે રહીને સૌરાષ્ટ્રની સંસ્કારિતા, મધુરતા, જિજ્ઞાસાવૃત્તિ અને મહત્વાકાંક્ષા મેળવી કિશોર થયા.

પિતાને કામ ધંધા માટે મુંબઇ આવવાનું થયું અને ફૂલ્તેહચંદે કિશોર અવસ્થા મુંબઇમાં પસાર કરી. અહીં

મુંબઇમાં મેટ્રિક સુધી અભ્યાસ કર્યો. ધાર્મિક શિક્ષણ મેળવ્યું. જ્ઞાન પિપાસાની તૃપ્તિ માટે જ્યાંથી મળે ત્યાંથી પુસ્તકો મેળવીને આપણે જોઈ ગયા તેમ રોજ ઘેરથી ચાલી આવીને મ્યુનીસીપાલીટીના દીવાથી અનેક પુસ્તકોનું અવગાહન કર્યું અને જૈનધર્મના સૂત્રો અને સિદ્ધાંતોનો અભ્યાસ કરી તેમાં પ્રવીણતા મેળવી.

કુમાર કૃતેહચંદને તો પુસ્તકોનો એવો ગજબનો શોખ હતો કે સ્નેહી મિત્રોની સહાયતાથી કે પિતા પાસેથી નાસ્તા માટે મળતો પૈસો પૈસો બચાવીને સારા કપડાં શીવરાવવાના હોય ત્યારે તેમાં કરકસર કરીને કે શાળાના ઇનામોમાંથી સંસ્કાર વર્ધક સુંદર જીવન ચરિત્રો તથા બોધક પુસ્તકો લઇને પોતાની જ્ઞાન પિપાસા તૃપ્ત કરતા અને જ્ઞાનનો પ્રકાશ મેળવતા.

કૃતેહચંદના જીવનમાં ત્રિવેણીસંગમ જોવા મળે છે. તેમની જન્મભૂમિ કચ્છ, સંસ્કારભૂમિ જામનગર અને અધ્યયનભૂમિ મુંબઈ, આ રીતે ત્રણે ભૂમિના વિશિષ્ટ સંસ્કારો લઇને કૃતેહચંદનું જીવન ઘડતર થયું. જન્મભૂમિ કચ્છની સાહસિકતા અને હિંમત, સંસ્કારભૂમિ જામનગર, સૌરાષ્ટ્રની જિજ્ઞાસા અને મહત્ત્વાકાંક્ષા અને મોહમયી મુંબઇની વિશાળતા તથા માનવપ્રેમ મેળવી આપણા ચરિત્રનાયક મહાન પંડિત થયા, એ હમેશાં હસતું પુષ્પ સમા જ રહ્યા.

લાલનગોત્રનો ઉજ્જ્વળ ઇતિહાસ

[૩]

આપણા ચરિત્રનાયક ફૂલેહચંદભાઇનું ગોત્ર લાલનગોત્ર હતું. આ લાલનગોત્રનો ઇતિહાસ ઘણો ઉજ્જ્વળ છે.

વિક્રમ સંવત ૭૧૩ માં ઓલોર નગરમાં સોનગીરા સોઢાવંશના કાન્હડદે નામના સોલંકી રજપૂત રાજ્ય કરતા હતા. અહીં શ્રી સ્વાતિ આચાર્ય પધાર્યા. તેમણે ઉપદેશ આપી રાજા કાન્હડદે તથા તેના પુત્ર રાયધનને શ્રાવક કર્યા. તેમણે ઓલોરમાં શ્રી ચંદ્રપ્રભસ્વામીનું જિનમંદિર બંધાવ્યું. તેમની પ્રથમની દેવી સચાવદેવી કુળદેવી હતી. તેને પાડાનું બલિદાન આપવું પડતું તે માટે ગુરૂ મહારાજે તે દેવીને સમ્યક્‌ત્વધારી બનાવી અને જીવ વધનું બલિદાન બંધ કર્યું.

વિક્રમ સંવત ૧૧૭૩ માં તેમના વંશમાં પારકરમાં આવેલા પીલુડા ગામમાં રાવજી નામે ઠાકોર થયા. તેમની સ્ત્રી રૂપાદેવીની કુક્ષીએ લાલણ તથા લખધીર નામના બે પુત્રો થયા.

લાલણને શરીરે કોઢ થયો. એવામાં અંચળગચ્છાધીશ શ્રી જયસિંહસૂરિ ત્યાં પધાર્યા. રાવજીના કારભારી દેવશી

ઓસવાળ અને જૈન હતા. તેમની વિનંતિથી આચાર્યશ્રીએ ભાવીમાં લાભ જાણીને મહાકાલીનું આરાધન કરવા કહ્યું અને તેનો રોગ દૂર થયો. એટલે લાલણે પોતાના માતા-પિતા સહિત વિક્રમ સંવત ૧૨૨૯ માં જૈનધર્મનો સ્વીકાર કર્યો.

પીલુડામાં આચાર્યશ્રીના ઉપદેશથી શાંતિનાથની દેરી બંધાવી. પિતાના કારજ વખતે તકરાર થવાથી લાલણ પોતાની માતા સાથે કચ્છમાં આવેલા ડોણ ગામમાં પોતાને મોસાળ આવ્યા. મામાને સંતાન ન હોવાથી સઘળો ગરાસ લાલણને મળ્યો.

પોતાની ગોત્રદેવીને સ્થાપવાના ભાવથી અઠ્ઠમની તપશ્ચર્યા કરી આરાધન કર્યું. દેવી પોતાનું ભયંકર રૂપ મહિષના આસન ઉપર સ્વાર કરી પ્રત્યક્ષ થઈ. લાલણ જરા ભય પામ્યો ને ત્રણ ડગલાં પાછો હઠ્યો.

સેવકને ભયભીત થયેલ જાણી પોતાનું ભયંકર સ્વરૂપ સંહરીને શાંત-મનોહર રૂપ ધારણ કરી કમલાસન સાથે લક્ષ્મીદેવીનું સ્વરૂપ કર્યું. લાલણે સ્તુતિ કરી. માતાજીએ વરદાન માગવા કહ્યું.

'માતાજી! આપ મારા વંશની કુળદેવી થજો અને મારા વંશજોને સર્વ પ્રકારની સંપત્તિ આપવામાં સહાયતા કરજો.'

'હે વત્સ! તું મારા ભયંકર સ્વરૂપથી ત્રણ ડગલાં પાછળ હઠી ગયો તેથી હું તારા વંશમાં ત્રીજી પેઢીએ લક્ષ્મીરૂપે સહાય કરીશ. તારા વંશજોને હું તુષ્ટમાન થઈશ. આ વંશજોની શાખાઓ આંબાના વૃક્ષની પેઠે વિસ્તાર પામશે.'

આ રીતે લાલણના નામથી લાલણગોત્ર શરૂ થયું. તેઓશ્રી જયસિંહસૂરિના ઉપદેશથી બાર વ્રતધારી શ્રાવક બન્યા.

આ ગોત્રના વંશજો મુંદ્રા–નવાનગર, અંજાર, નગરપારકર, ભુજ, કોઠારા, સિદ્ધપુર (સિંધ) જેસલમેર, માંડવી, કોડાય, રાધનપુર, કેરવાડા, સાચોરા, કોટડા, પીલુડા આદિ ગામોમાં વસે છે.

આ લાલણના વંશમાં નગરપારકરમાં થયેલા વેલાજીના પુત્ર વરજાંગ તથા જેસાજીએ પાખીને દિવસે આઠ પહોરનો પોસહ કર્યો હતો. તે દિવસે સંધ્યાકાળે લક્ષ્મીદેવી સ્ત્રીનું રૂપ કરીને તથા શ્વેતવસ્ત્ર ધારણ કરીને તેને ઘેર આવી તથા જેસાજીની સ્ત્રીને કહ્યું કે મને રાતવાસો રહેવાને સ્થાન આપો. જેસાજીની સ્ત્રીએ ઘણા આદરમાનપૂર્વક તેણીના પગ ધોઇ ઘરમાં સુંદર બીછાનું પાથરી આપ્યું અને તેમને મોટાં ઘરનાં કોઇ મહેમાન હોય તેમ ખૂબ સન્માન કર્યું. પોતે બાજુના રૂમમાં સુતા.

સવારના જેસાજી પોશહ પારીને ઘેર આવ્યા. દેવપૂજા અને ગુરૂભક્તિ કરી પારણું કરવા બેસવાનો સમય થયો ત્યારે તેની સ્ત્રીએ કહ્યું કે "આપણે ત્યાં રાત્રે એક મોટા ઘરનાં સ્ત્રી મહેમાન આવ્યા છે. તે બાજુના રૂમમાં સુતા છે પણ હજી ઉઠ્યા નથી. તો તેને હું ઉઠાડીને પછી તમને પારણું કરાવું." જેસાજીએ કહ્યું. "તેને જલ્દી ઉઠાડીને પ્રાતઃક્રિયા કરાવી જમવા બેસાડો." જેસાજીના સ્ત્રી તે ઓરડામાં ગયા તો પથારી ખાલી અને મહેમાન ક્યાં ગયા

હશે, તેનું આશ્ચર્ય થયું. રાત્રીએ જેસાજીને સ્વપ્નમાં લક્ષ્મીદેવીએ કહ્યું કે તારા પુણ્યથી ખેંચાઇને હું આજથી તારે ત્યાં રહી છું. તારી સ્ત્રીએ મારૂં ઘણું સન્માન કર્યું છે. ત્યારથી જેસાજીના ઘરમાં લક્ષ્મીની વૃદ્ધિ થઇ.

જેસાજીએ ગુજરાતમાં આવી પાટણ, અમદાવાદ, ખંભાત, વીરમગામ આદિ ગામોમાં તેમજ ચિતોડ, નાગોર, જોધપુર, સિરોહી, નાડલાઇ, જેસલમેર, બાડમેર, અમરકોટ, પારકર, સાચોટ, ભિન્નમાલ આદિ નગરોમાં સંઘમાં ખાંડ તથા ત્યાં ત્યાંના સિક્કાઓની લાણી કરી. અને અમરકોટમાં શિખરબંધ જૈન દહેરાસર બંધાવ્યું તથા ચતુર્વિધ સંઘની ઘણી ભક્તિ કરી. તેણે પીલુડામાં પણ જૈન મંદિર બંધાવ્યું અને 'જેસો જગદાતાર' એવું બિરૂદ મેળવ્યું.

આ લાલણ વંશના બે મહારથીઓ શ્રી વર્ધમાન અને શ્રી પદ્મસિંહે જામનગરમાં સુપ્રસિદ્ધ મંદિર બંધાવ્યું. તથા શત્રુંજયનો મોટો સંઘ કાઢ્યો હતો. અને તીર્થભક્તિ તેમ જ સંઘભક્તિમાં અઢળક દ્રવ્ય ખરચ્યું હતું, તે ઈતિહાસમાંથી જૈન સમાજની સાહસિકતા, વ્યાપારી કુનેહ, ધર્મશ્રદ્ધા તથા દાનશૂરતાના દર્શન કરીએ.

લાલન વંશની પંદરમી પેઢીએ કચ્છમાં સુથરી પાસે આવેલા આરીખાણા ગામમાં વિક્રમ સંવત ૧૬૩૦ ની લગભગમાં અમરસિંહ નામે શ્રેષ્ઠી વસતા હતા. તેમની વૈજયંતી નામની સર્વગુણ સંપન્ન પત્નીએ મહાભાગ્યશાળી પુત્રને જન્મ આપ્યો. તેનું નામ વર્ધમાન રાખવામાં આવ્યું.

થોડા સમય બાદ તેણીએ બીજા પુત્રને જન્મ આપ્યો. તેનું નામ પદ્મસિંહ રાખવામાં આવ્યું.

બન્નેના લગ્ન બાદ પિતા અમરસિંહ સ્વર્ગે ગયા.

એક દિવસ બન્ને ભાઇઓ પોતાના ઘરના ઓટલા ઉપર બેસીને દાતણ કરતા હતા. તેવામાં એક યોગી આવ્યા અને ભોજન માગ્યું. બન્ને ભાઇઓએ યોગીનો ખૂબ ભાવપૂર્વક સત્કાર કર્યો. ઘી મિશ્રિત ઉત્તમ ભોજન આપ્યું. બન્ને ભાઇઓ સ્નાન કરી ઘર દહેરાસરમાં પૂજા કરવા ગયા એટલામાં યોગી પોતાનું એક તુંબડું ડેલીના આડસરમાં ઉંચે લટકાવી ચાલ્યા ગયા.

જિનપૂજન કરીને આવ્યા ત્યારે યોગીને જોયા નહિ અને તેઓ હમણા આવશે તેમ જાણી બંને ભાઇઓ પોતાના કામે લાગ્યા.

દિવસો ઉપર દિવસો જવા લાગ્યા અને યોગીના દર્શન દુર્લભ થઇ ગયા, પણ યોગીની પાસેનું તુંબડું તે ડેલીની ઉપર આડસરમાં લટકાવેલું તેનો કોઇને ખ્યાલ નહિ. એક રાત્રે તુંબડાની દોરી જીર્ણ થવાથી તૂટી ગઇ અને તુંબડું નીચે ત્રાંબાની કડાઇમાં ઉડી પડયું. તુંબડાનો રસ ત્રાંબાની કડાઇમાં પડયો અને તે સુવર્ણમય બની ગઇ.

સવારમાં બંને ભાઇઓ ઉઠીને આવે છે તો ત્રાંબાની કડાઇ સોનાની થયેલી જોઇ તેમજ તુંબડું તૂટેલું પડેલું જોયું. તેમને યાદ આવ્યું કે છ માસ પહેલાં આવેલ

યોગી પાસે તુંબડું હતું અને તે તુંબડું અહીં લટકાવી ગયેલા. તેમાં સિદ્ધરસ હશે.

આ પ્રસંગથી તેઓને ધર્મપ્રભાવનાના ભાવ જાગ્યા તેઓ ત્યાંથી ભદ્રાવતીનગરીમાં આવી વસ્યા. ભદ્રાવતી કચ્છનું મોટું બંદર હતું. અહીં બંને ભાઈઓએ વ્યાપાર શરૂ કર્યો. પદ્મસિંહ પોતાના ભાઇ વર્ધમાનભાઈની અનુમતિથી અનાજ આદિનો માલ વહાણમાં ભરી ચીન તરફ રવાના થયા. ભદ્રાવતીમાં વર્ધમાન શાહે મલબાર આદિ દેશો સાથે કરિયાણાનો વ્યાપાર શરુ કર્યો.

પદ્મસિંહે ચીનમાં વ્યાપારીઓ સાથે મૈત્રી સાધી અને ચીની મિત્ર સાથે ત્યાંથી રેશમ આદિ ભરીને લાવ્યો અને ચીની મિત્રને મહેમાન તરીકે રાખ્યો. ચીની મિત્ર બંને ભાઈઓની પ્રમાણિકતા તથા આતિથ્યભાવના જોઈને ચીનથી પોતાનો માલ મોકલવા નિર્ધાર કર્યો. આ રીતે લાખો રૂપીઆનો માલ ચીનથી આવવા લાગ્યો. બંને ભાઈઓ પાસે અઢળક દોલત થઈ ગઇ.

એવામાં અંચળગચ્છાધીશ શ્રી કલ્યાણસાગરસૂરિ ભદ્રાવતીમાં પધાર્યા. આચાર્યશ્રીનું અપૂર્વ સ્વાગત કર્યું. આચાર્યશ્રીએ તીર્થાધિરાજ શત્રુંજયના મહાત્મ્યનો ઉપદેશ કર્યો. બંને ભાઈઓને શત્રુંજય તીર્થનો સંઘ કાઢવાની ભાવના જાગી.

આચાર્યશ્રીએ સંઘ માટે આજ્ઞા આપી. સારા મુહૂર્તે વર્ધમાન શાહના પુત્ર વીરપાલ, વૃજપાલ તથા ભારમલ

તથા જગડુ અને પદ્મસિંહ શાહના પુત્ર શ્રીપાળ, કુરપાળ તથા રણમલ્લે મળીને સંઘ માટેની બધી તૈયારી કરી નવાનગર બંદરે આવ્યા. નવાનગરના રાજા શ્રી જસવંતસિંહજીને સોનામહોરના થાળનું ભેટણું ધર્યું. રાજાએ રક્ષણ માટે ૧૦૦ સુભટો આપ્યા. મહારાજાએ તેમને સંઘમાંથી પાછા આવી નવાનગરમાં નિવાસ કરવા આમંત્રણ આપ્યું અને અરધી જગાત લેવા જણાવ્યું.

આ સંઘે નવાનગરથી પ્રયાણ કર્યું ત્યારે નીચે મુજબ સામગ્રી હતી.

૫૦૦ રથ, ૭૦૦ ગાડાં, ૬૦૦ ઘોડા, ૯ હાથી, ૧૫૦ તંબુ ઓઢનારા, ૫૦૦ ઊંટ, ૧૦૦૦ બચ્ચર, ૨૦૦ રસોઇયા ૨૦૦ સાધુઓ, ૩૦૦ સાધ્વીઓ, તથા લગભગ પંદર હજાર સ્ત્રી-પુરૂષો હતા.

ગિરિરાજની યાત્રા ખૂબ આનંદપૂર્વક કરી. આચાર્યશ્રીના મંગળ હસ્તે તીર્થમાળ પહેરી; ખૂબ મહોત્સવો કર્યા. પંદર દિવસ સુધી ગિરિરાજની યાત્રાનો લાભ લીધો.

ત્યાંથી સંઘ સહિત નવાનગર આવ્યા. મહારાજાએ આડંબર પૂર્વક સામૈયું કર્યું. બંને ભાઇઓએ ૫૦૦૦ સોનામહોરનો થાળ મહારાજાને ભેટ ધર્યો.

તેઓએ નવાનગરમાં નિવાસ કર્યો. અહીં વ્યાપાર ખૂબ વધ્યો. મહારાજા સાથેની પ્રીતિમાં ખૂબ વૃદ્ધિ થઈ.

પદ્મસિંહની પત્ની કમલાદેવી ઘણી જ બુદ્ધિમાન હતી તેમણે પોતાના જેઠ વર્ધમાન શાહ તથા પોતાના સ્વામી

પદ્મસિંહને વિનંતિ કરી કે લક્ષ્મીનો સ્વભાવ ચંચળ છે, બુદ્ધિમાનોએ તેનો સદ્‌ઉપયોગ કરવો જોઇએ.

આથી બંનેની ભાવનાઓ વિશેષ જાગૃત થઇ. નવાનગરમાં એક વિશાળ જિનમંદિર બંધાવવા નિરધાર કર્યો.

સંવત ૧૬૬૮ ના શ્રાવણ શુદ્ધ પાંચમને દિવસે મહોત્સવપૂર્વક જિનમંદિરનું ખાતમુહૂર્ત કર્યું. છસો માણસો કામે લગાડયા. વર્ધમાન શાહની સ્ત્રી નવરંગ દેવી તથા પદ્મસિંહની સ્ત્રી કમળાદેવી વારંવાર કારીગરોને વસ્ત્રો, દ્રવ્ય તથા વાસણોના ઇનામો આપીને ઉત્સાહિત કરતી હતી.

આચાર્યશ્રી કલ્યાણસાગરસૂરિના મંગળ હસ્તે ૫૦૦ પ્રતિમાઓની અંજનશલાકા કરાવી. સં. ૧૬૭૬ ના વૈશાખ શુદ્ધ ૩ બુધવારે પ્રતિષ્ઠા કરી.

આ ઉપરાંત શત્રુંજય મોડપર તથા છીકારીમાં જિનમંદિરો બંધાવી પ્રતિષ્ઠા કરાવી.

આ ઉપરાંત વર્ધમાન શાહે નવ હજાર મુદ્રિકા ખરચીને રિષ્ટ રત્નની શ્રી નેમિનાથ પ્રભુની પ્રતિમા કરાવી.

પદ્મસિંહ શાહે નવ હજાર મુદ્રિકા ખરચીને માણેક રત્નની શ્રી વાસુપૂજ્ય સ્વામીની પ્રતિમા ભરાવી.

વર્ધમાન શાહની સ્ત્રી નવરંગ દેવીએ દશ હજાર મુદ્રિકા ખરચીને શ્રી પાર્શ્વનાથજીની નીલમની પ્રતિમા ભરાવી. તથા કમલાદેવીએ દશ હજાર મુદ્રિકા ખરચીને નીલમની શ્રી મલ્લિનાથ પ્રભુની પ્રતિમા ભરાવી.

નવાનગરમાં મહારાજાનો ખજાનચી હડમત ઠક્કર લુહાણો હતો. તેને આ ભાઇઓની ઈર્ષ્યા થઈ. રાજાને ૬૦૦૦ સોનામહોરની જરૂર પડી, ઠક્કરે મહારાજાને સમજાવી આ ભાઇઓ ઉપર ચિઠ્ઠી લખાવી તેમાં બે મીંડા વધારી દીધા. બન્ને ભાઇ રાજાની ચીઠ્ઠી જોઈ ચકિત થઇ ગયા.

આ ઉપરાંત આ બન્ને ભાઇઓએ સિદ્ધચક્ર આરાધન કર્યું, જ્ઞાનપંચમીનાં તપનું ઉદ્યાપન કર્યું, આગમ ગ્રંથોને લખાવ્યા. પોતાના સાધર્મી ભાઇઓના ઉદ્ધાર અર્થે આચાર્યશ્રી કલ્યાણસાગર સૂરીશ્વરના ઉપદેશથી સાત લાખ મુદ્રિકા ખરચી તેમજ ગિરનારના મંદિરનો ઉદ્ધાર કરાવ્યો. તેમજ શત્રુંજય તીર્થમાં ધ્વજારોપણ કર્યું; તારંગામાં શ્રી અજીતનાથ ભગવાનના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. આબુ ઉપરના મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. તેમજ સમેતશિખરની યાત્રા કરી અને તીર્થભૂમિઓની યાત્રા કરી લાખો મુદ્રિકાઓ ખરચી જીવન સફળ કરી ગયા.

લાલનગોત્રમાં આવા પરાક્રમી, શૂરા, સાહસીક, દાનવીર તથા ધર્મનિષ્ઠ બહભાગી ભાગ્યશાળીઓ થઈ ગયા છે, તેજ ગોત્રમાં આપણા ફતેચંદભાઇ આ ગૌરવશાળી સુપ્રસીદ્ધ ગોત્રનો વારસો મેળવી અધ્યાત્મપ્રેમી, નિજાનંદી, સદ્‌ગુણાનુરાગી વિશ્વબંધુત્વની ભાવનાશાળી તથા પ્રસિદ્ધ વક્તા અને સેવાભાવી થઇ ગયા.

જીવનનું ઘડતર

[૪]

પિતા મુંબઇ આવ્યા. ફતેચંદની અભ્યાસની તાલાવેલી કેવી હતી તે આપણે જોઇ ગયા. કમનસીબે તે મેટ્રીકમાં નાપાસ થયા પણ તેથી નિરાશ ન થયા.

હવે શાળાને તીલાંજલી આપી પણ જ્ઞાનની ઉપાસના તો વિશેષ પ્રકારે ચાલુ રહી. નવનવા ધર્મ-તત્વજ્ઞાન સાહિત્યના પુસ્તકો પણ તેઓ ખૂબ વાંચવા લાગ્યા. અધ્યાત્મ અને યોગના પુસ્તકોનો તેમને એવો તો શોખ હતો કે તેમણે નાની ઉમરમાં યોગનો સારો અભ્યાસ કર્યો.

તેમની બુદ્ધિ એવી તો તેજસ્વી હતી કે તે શ્લોકોના શ્લોકો કંઠસ્થ કરી લેતા અને પુસ્તક પાછું આપી દેતા. સંસ્કૃત-પ્રાકૃતનું જ્ઞાન તો હતું. અંગ્રેજી ભાષાનું જ્ઞાન પણ તેમણે ખૂબ મેળવ્યું અને નોનમેટ્રીક હોવા છતાં ગ્રેજ્યુએટ જેવું સુંદર અંગ્રેજી તેઓ બોલી શકતા હતા.

તેમની સમજાવવાની શક્તિ ઘણી જ સુંદર હતી. તે નાની ઉમરથી ટ્યુશન આપતા હતા. અને તેમને શિક્ષણનો ખૂબ શોખ હતો.

ફતેચંદભાઇના લગ્ન શ્રી જેઠાભાઇ હંસરાજની પુત્રી મોંઘીબાઇ સાથે થયાં. અને તે લાલવાડીમાં એક રૂમ ભાડે રાખી રહેવા લાગ્યા. ધાર્મિક શિક્ષક તરીકે જીવન શરૂ કર્યું.

ટ્યુશન પણ આપવા લાગ્યા. મહિનાનો ખર્ચ આ રીતે કમાઈ લેતા અને તેમાં આનંદ માનતા.

પિતાની ઇચ્છા તો હતી કે ફતેચંદ વ્યાપારી થાય. સટ્ટાબજારમાં કે શેરબજારમાં ગોઠવાય. કોઈ વ્યાપારની પેઢીમાં નોકરી લઈ લ્યે અને પછી સારો શ્રીમંત થાય અને સુખી થાય. પણ ફતેચંદભાઈનું વલણ ધાર્મિક હતું અને વ્યાપારી બનવા કરતાં તે સમાજ કલ્યાણ સાધવાના વ્યાપારી બન્યા. અને તેમણે સાદાઈ તથા પ્રામાણિકતા ઓછામાં ઓછી જરૂરીયાતો-કશો પરિગ્રહ નહિ-સ્પષ્ટ વ્યવહાર તથા ધર્મભાવનાથી સભર જીવન જીવવાનો નિર્ધાર કર્યો.

જીવનનિર્વાહ કરકસરથી ચલાવવો. જે મળે તેમાં જ પુરૂં કરવું, કોઈનું દેવું ન કરવું અને ઘરમાં કોઈ વસ્તુનો સંગ્રહ ન કરવો, કપડાં પણ સાદા ને જરૂરીયાત પ્રમાણે લેવાં અને એક પાઈ પણ બીજી રીતે મેળવવી નહિ. આ તેમની દૃષ્ટિ હતી.

તેમના પત્નીને આવું નિર્ધન તથા કરકસરવાળું તદ્દન સાદુ જીવન પસંદ ન હોય તે સ્વાભાવિક છે પણ પંડિત લાલન તેમને સમજાવી લેતા અને જીવન જીવવાની કળા આત્મસંતોષ, સાદાઈ અને કરકસરમાં જ છે, તે તેમના વિશેષ પરિચયથી તે પણ સમજી ગયા હતા.

ફતેચંદભાઈ તો Simple living and High thinking સાદુ જીવન અને ઉચ્ચ ચિંતનમાં આનંદ માનતા અને જમવાનું તો જે મળે તે પેટને ભાડું આપવાની દૃષ્ટિથી લેતા.

ફતેચંદભાઇનો સંસાર આ રીતે ચાલતો હતો. પોતે તો ભવિષ્યમાં જૈન દર્શન, જૈન-સાહિત્ય અને જૈનધર્મની વિશિષ્ટ સેવા કઇ રીતે થઇ શકે તે રીતે પોતાનું જીવન ઘડતર કરી રહ્યા હતા.

તેઓ નાની ઉંમરથીજ એવા તો વિદ્યાના ઉપાસક બન્યા કે તેમણે જૈન ધર્મના શાસ્ત્રોનું અવગાહન કર્યું એટલું જ નહિ પણ તેમણે જૈન ધર્મ અને બીજા ધર્મોનો તુલનાત્મક અભ્યાસ કર્યો. ગીતા ઉપનિષદ પણ જોઇ લીધાં. અંગ્રેજી સાહિત્યમાં પણ ફીલોસોફીના પુસ્તકો જોઇ ગયા અને જૈન સ્કોલર અને વિદ્વાન ગણાવા લાગ્યા, મિત્રો પણ વધવા લાગ્યા.

અનેક ઘરોમાં પોતે ટ્યુશન આપવા જતા ત્યાં પણ. ઘરના બધાને ધર્મના સૂત્રો સમજાવતા તથા પોતાના મિલન-સાર-મમતાળુ અને પ્રેમી સ્વભાવથી હજારોના તે પ્યારા બની ગયા. હવે તે પંડિત લાલન કહેવાયા અને પંડિત લાલને પોતાનું જીવન-ઘડતર એક અનોખી રીતે ઘડયું કે ખાવું, પીવું, સુવું, બેસવું કે પૈસા કમાવા તે તો દેહની ક્રિયા છે. આત્મશાંતિ માટે ત્યાગ, માનવ-પ્રેમ અને ઉચ્ચ ચારિત્રની જરૂર છે, જ્યોતિર્ધરોના ગ્રંથ રત્નોના વાચન-મનન-નિદિધ્યાસનમાં જે આનંદ છે તે બીજા કશામાં નથી એમ માની પંડિતજી ભવિષ્યના ઉચ્ચ જીવનની તૈયારીમાં લાગી ગયા.

વંશાવળી તથા પરિવાર

[૫]

આપણે જોઇ ગયા કે લાલન વંશના પૂર્વજો મહા પરાક્રમી તથા ધર્મપ્રેમી અને દાનવીર થઇ ગયા છે. આ નીચેના લાલન ગોત્રના આંબામાંથી આપણને ગોત્રની વંશાવળી મળી રહે છે.

પરમાર રજપુત (વિક્રમ સંવત ૧૨૨૯)

રાવજી (પીલુડા)

લાલણ

માણેકજી

મેઘાજી


લુંભાજી


સહદેવજી

ટેડાજી

લુંઢાજી

લુણાજી


સેવાજી
સિંહજી
હરપાલ
દેવનંદ (પારકર)
પરવતજી
વચ્છરાજ
રાજા (માંડવી)
મુલા (ભદ્રેશ્વર)
અમરશી (આરીયાણા) વિ. સં. ૧૬૩૦
વર્ધમાન—પદ્મસિંહ
તેજપાળ
ઋષભદાસ
કરમશી
જેશંગ
તલકશી (જામનગર)
ધારશી
ચાંપશી
કુરજ



કતેહચંદભાઇની દસમી પેઢીએ જ શ્રી વર્ધમાન અને પદ્મસિંહ બે ભાઇઓ થયા. તે શ્રી અમરશીના પુત્ર થાય જે વિ. સં. ૧૬૩૦ માં કચ્છ આરીખાણામાં થયા અને આ બંને ભાઇઓએ તો લાલન ગોત્રમાં દાનની ગંગા વહેવરાવી અને જૈન શાસનનો જય જયકાર કર્યો તે આપણે જોઇ ગયા.

કપુરચંદભાઇને પદમશી નામે બીજો પુત્ર હતો. તે જામનગરમાં જ રહેતા અને સાદાઇમાં સુખ માનતા.

કપુરચંદભાઇના સસરા શ્રીમંત હતા. તેમનો એમને સારો એવો ટેકો હતો. કપુરચંદના પત્નીનું નામ લાધીબાઇ હતું. તે સરળ સ્વભાવના હતા.

લાધીબાઇના પિતાનું નામ કલ્યાણજી મુરારજી, કલ્યાણજીભાઇને ત્રણ પુત્રો હતા. જેઠાભાઇ, દેવશીભાઇ અને લીલાધર. જેઠાભાઇને બે દીકરા હતા, એક જેવતભાઇ અને બીજા વિઠલજીભાઇ. જેવતભાઇને કંઇ સંતાન

ન હતું. પોતે જ્ઞાની અને વ્યવહારકુશળ હતા. જામનગરનાં શ્રી સંઘમાં તેમનો મોભો સારો હતો.

શ્રી જેઠાભાઇના બીજા પુત્ર વિઠ્ઠલજીભાઇને એક પુત્ર થયો. તેનું નામ હેમચંદ. હેમચંદભાઇ હજી હયાત છે. તેને સાત પુત્રો છે. તેના નામ હિમતલાલ, ચંદ્રકાંત, મહેન્દ્ર, ચંપકલાલ, મોહનલાલ, અરવિંદ અને જયસુખલાલ. અને શ્રી લીલાધરભાઇને એક પુત્ર થયો. તેનું નામ લક્ષ્મીચંદ, લક્ષ્મીચંદભાઇને ત્રણ પુત્રો થયા. તેના નામ સુંદરલાલ, ત્રીભુવન અને બાબુલાલ.

ફતેહચંદભાઇને ઘેર એક પુત્રી થઇ અને તેનું નામ ઉજમ રાખ્યું. તેના લગ્ન શિહોરમાં કર્યા પણ તે વધારે જીવી નહિ.

ઉજમના મરણથી લાલન સાહેબના પત્નીને બહુ આઘાત થયો.

આ પછી ફતેહચંદભાઇ ને મોંઘીબાઇએ ચોથા વ્રતની બાધા લીધી. યુવાન વયે બ્રહ્મચર્યવ્રત ધારણ કરવું એ જ્ઞાનામૃતની અને ધર્મ સંસ્કારની સૌરભનું ફળ ગણાય.

કપુરચંદભાઇના નાના દીકરા પદમશીને એક પુત્રી થઇ અને એક પુત્ર થયો. પુત્રીનું નામ પાર્વતી અને પુત્રનું નામ વીરચંદ. પાર્વતી હજી જીવે છે. તેણીના લગ્ન જામનગરમાં થયા છે. પાર્વતીને જીવી, લક્ષ્મી, શાંતા, ગુલાબ અને સુભદ્રા એમ પાંચ પુત્રીઓ છે. ને મહેન્દ્ર નામે પુત્ર છે. મહેન્દ્રને લલિત નામનો પુત્ર અને કલ્પના

નામે પુત્રી છે. પાર્વતીની મોટી પુત્રી જીવી ને કનક અને નવીનચંદ્ર નામના બે પુત્રો છે. અને ચંદન, તારા, સુશીલા, હેમલતા અને અશ્રુમતી એમ પાંચ પુત્રીઓ છે. પાર્વતીની બીજી પુત્રી લક્ષ્મીને શશીકાંત, મનુ અને રમેશ ત્રણ પુત્રો અને જ્યોત્સના નામે પુત્રી છે.

ત્રીજી પુત્રી શાંતાને દિનેશ અને હિમત બે પુત્રો અને ભાનુ અને મીનાક્ષી બે પુત્રીઓ છે. ચોથી પુત્રી ગુલાબને પ્રભુલાલ, ઇશ્વર, કિરણ, શશીકાંત અને નરેન્દ્ર પાંચ પુત્રો અને મમતા નામે પુત્રી છે. પાંચમી પુત્રી સુભદ્રાને જયંતીલાલ, ચંદુલાલ, મહેશચંદ્ર, રમેશચંદ્ર અને ભૂપેન્દ્ર એમ પાંચ પુત્રો અને અશ્રુમતી નામની પુત્રી છે. પાર્વતીના ભાઇ વીરચંદના લગ્ન થયાં હતાં પણ તેમને કંઇ સંતાન નહોતું. બન્ને ગુજરી ગયા છે.

પંડિત લાલનના વિશાળ કુટુંબની વંશાવળી ઉપરથી આપણે જોઇ શકયા કે લાલનના બડભાગી ગોત્રના પ્રતાપી પૂર્વજોના આ પણ એક અધ્યાત્મપ્રેમી અને આનંદ નંદન ભાગ્યશાળી પુત્ર થઇ ગયા. ૯૫ વર્ષનું દીર્ઘાયુષ્ય ભોગવ્યું અને જીવનભર ધર્મમય જીવન જીવી ગયા.

વકતૃત્વકળા

[૬]

વક્તા દશ હજારે એક હોય છે. વકતૃત્વ એક કળા છે, અને એ કળા તો વિરલ પુરૂષોને જ વરેલી હોય છે. કેટલાક બેરીસ્ટર હોવા છતાં સારી રીતે પોતાનો કેસ રજુ કરી શકતા નથી. કેટલાક ઘણા શ્રીમંત હોવા છતાં સભામાં બોલી શકતા નથી, કેટલાક કાર્ય કુશળ અને સેવાપ્રિય હોવા છતાં સભામાં બોલવાની વાત ચાલે ત્યારે બોલવાની હિંમત ન કરે, વિદ્વાન હોય પણ વકતૃત્વ હોય એવું પણ નથી. સભાનો ક્ષોભ ન હોય, સુંદર ગળું હોય મધુર ભાષા હોય, બુલંદ અવાજ હોય, વિચારો પણ સુંદર હોય સમજાવવાની શક્તિ હોય તથા અનેક વિષયોનું જ્ઞાન હોય અને સાથે સાથે ઉચ્ચ ચારિત્ર તેમજ સેવાની ભાવના હોય તો જ વકતૃત્વકળા સાધી શકાય છે.

આપણા પંડિતજીએ વકતૃત્વકળાની સાધના કરી હતી. અને તેઓ પ્રસિદ્ધ વક્તા ગણાતા.

એક પ્રસંગ જાણવા જેવો છે. પંડિતજી પાયધુનીને રસ્તે જતા હતા. ત્યાં કોઇ જગ્યાએ ભાષણો થતા હોય તેવો ભાસ થયો. તેઓ સભામાં ચાલ્યા ગયા. તેમણે જોયું કે વકતૃત્વકળાની સભા હતી અને ઇનામી હરીફાઇ

હતી. વકતૃત્વકળામાં જેનું વકતૃત્વ સારૂં થશે તેને ઈનામ મળશે. તેમને પણ વકતૃત્વનો શોખ હતો. તેમણે તો વિનાસંકોચે પ્રમુખશ્રીને ચીઠ્ઠી લખી, મને રજા આપવામાં આવે તો હું પાંચ મીનીટ બોલવા ઈચ્છુ છું. પ્રમુખશ્રીએ આનંદ પૂર્વક દસ મીનીટ બોલવાની રજા આપી.

આ સભામાં બોલનારા તો ખૂબ તૈયારી કરીને આવ્યા હતા. લાલન તો તૈયારી વિના આવ્યા હતા. તેમણે છટાપૂર્વક સુંદર ભાષણ કર્યું. તેમણે શાસનદેવીની એક એવી કલ્પના કરી કે એ દેવી બેચેન છે. તેમના પુત્રો કુંભકર્ણની નિદ્રામાં છે, સમાજના કલ્યાણ માટે કોણ મશાલચી બનશે ! ધર્મનો ઉદ્યોત કયારે થશે ! આ ભાષણ પ્રમુખશ્રીને ખૂબ પસંદ પડયું. સભામાં બેઠેલા શેઠ વીરચંદ દીપચંદને લાલનની મધુર ભાષા તથા વકતૃત્વકળાની છટા બહુ જ ગમ્યાં તેમણે લાલનને રૂ ૧૫, ઈનામ આપ્યું અને કોઇ કોઇ વખત મળવાં માટે જણાવ્યું.

આજનો દિવસ લાલનના ભાગ્યોદયનો ગણાશે. શ્રી વીરચંદ દીપચંદની તેમના તરફ ખૂબ મમતા હતી. અને આ એક જ પ્રસંગથી તેમને વકતૃત્વ માટે પ્રેરણા મળી. પછી તો પાઠશાળામાં કે શાળામાં, મંડળોમાં કે સભામાં, જયંતી પ્રસંગોમાં કે કોન્ફરન્સમાં લાલન અસર કારક ભાષણો આપવા લાગ્યા અને તેમના ભાષણો બહુ જ બોધપ્રદ અને રસપ્રદ થવા લાગ્યા.

ધીમે ધીમે વકતૃત્વકળામાં તે એવા તો નિષ્ણાત બન્યા કે તેમને પ્રત્યેક નાની-મોટી સભામાં જવું પડતું અને

ગમે તે વિષય હોય તો પણ તે ખૂબ રસપ્રદ રીતે દ્રષ્ટાંતો, શ્લોકો અને અંગ્રેજી કહેવતો તથા મહાન લેખકોના સુવાકયોથી સભાને ચકિત કરી દેતા અને પોતે પ્રવચન આપતાં તન્મય બની જતાં હતા.

તેઓ કહેતા કે મે વકતૃત્વ કળાના સમર્થ વક્તા શ્રી સુરેન્દ્રનાથ બેનરજીનું વ્યાખ્યાન સાંભળ્યું. તેમની મધુર ભાષા, રૂપેરી ઘંટડી જેવો મધુર અવાજ તથા મનમોહક છટાથી હજારો પ્રેક્ષકો મુગ્ધ થઇ જતાં. હું તેનાથી પ્રભાવિત થયો અને મેં પણ વકતૃત્વકળામાં પ્રવીણતા મેળવવા નિશ્ચય કર્યો, અને ખરેખર પંડિતજીએ વકતૃત્વકળામાં સારી પ્રવીણતા મેળવી હતી.

તે બોલવા ઉભા થતા ત્યારે એવી રમ્ય કલ્પના રજુ કરતાં અને મધુર શ્લોકથી તે કલ્પનાને એવી તો રંગી દેતા કે શ્રોતાઓ મંત્રમુગ્ધ થઇ જતાં. તેમની દલિલો બહુ સુંદર હતી અને તેમના દ્રષ્ટાંતો ખૂબ રસપ્રદ ગણાતાં.

પંડિતજીએ ગામેગામ, શહેરે શહેર મંડળે-મંડળ, સંસ્થાએ સંસ્થા અને અનેક સભાઓમાં ધર્મ, સમાજ, શિક્ષણ અને જૈન સિદ્ધાંતોના વ્યાખ્યાનો આપી જ્ઞાનની ગંગા વહેવડાવી હતી.

વકતૃત્વ વિશારદ શ્રી પંડિતજીએ તો અમેરિકા જેવા દેશમાં જૈનધર્મ, જૈન સિદ્ધાંત, જૈન સાધુતા, જૈનસંસ્કાર, જૈન આચાર, અહિંસા; તપશ્ચર્યા, તીર્થંકર, જૈન ધર્મમાં ઇશ્વર અને કર્મ ફીલોસોફિ ઉપર મનનીય વ્યાખ્યાનો

આપી અનેક અમેરિકન સ્ત્રી-પુરૂષોને જૈનધર્મના સિદ્ધાંતો તરફ આકર્ષિત કર્યા હતા. એટલું જ નહિ પણ કેટલાક અમેરિકન સ્ત્રી-પુરૂષોને જૈન ધર્મની સામાયિક આદિ શીખવીને તેઓને આત્મશાંતિની પ્રસાદી આપી હતી.

વકતૃત્વકળા એ એક અદ્વિતીય કળા છે. આપણે જાણીએ છીએ કે શ્રી સુરેન્દ્રનાથ બેનરજી, શ્રી દાદાભાઈ, શ્રી ફીરોઝશાહ મહેતા, શ્રી લોકમાન્ય તિલક, શ્રી ગોખલે અને સરદાર વલ્લભભાઇ તથા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ લાખોની મેદનીને પોતાના વકતૃત્વથી મંત્રમુગ્ધ કરી હતી એટલું જ નહિ પણ બ્રીટીશ સામ્રાજ્ય જેવા મહાન સામ્રાજ્યની સામે અહિંસક યુદ્ધ કરી ભારત જેવા વિશાળ દેશની મુક્તિ મેળવી હતી.

આજે પણ આપણા લાડીલા મુખ્ય પ્રધાન શ્રી જવાહરલાલજી કે ઉપ રાષ્ટ્રપતિ શ્રી રાધાકૃષ્ણજી દેશ-પરદેશમાં જઇને અહિંસા, વિશ્વશાંતિ અને પંચશીલનો સંદેશ આપી જગતને ચકિત કરી રહ્યા છે.

વકતા દશ સહસ્રેષુ એ ઉકિત ખરેખર યોગ્ય છે.



સંત સમાગમ

[૭]

પંડિતજી સદ્‌ગુણાનુરાગી હતા. સત્સંગપ્રેમી હતા. ધર્મ-ભાવનાથી રંગાયેલા હતા. અને જૈનદર્શન એવું તો તેમનાં હૃદયમાં જડયું હતું કે લગ્નના બંધનમાં હોવા છતાં વારંવાર બંધનમાંથી મુક્તિ તરફ જવા તલસાટ અનુભવતાં અને પતિ-પત્ની વારંવાર ચિંતાતુર રહેતા. તેમની પુત્રી ઉજમના મૃત્યુ પછી બંનેનું મન સંસારથી ઉઠી ગયું હતું. અને પતિ-પત્ની બંન્ને દીક્ષા લેવાનો વિચાર કરતા હતા.

કોઇપણ સંત-મહાત્મા, આચાર્યપ્રવર કે મુનિરત્ન મુંબઇમાં આવે કે લાલન તેમના દર્શને જતા. તેમની વ્યાખ્યાનવાણી સાંભળતા, તેમની સાથે જ્ઞાન ચર્ચા કરતા અને સંત સમાગમનો આનંદ મેળવતા.

પુસ્તકો તો તેમના આજીવન મિત્રો સમા હતા, જ્યાં જ્યાંથી બોધપ્રદ, જ્ઞાનવર્ધક, બુદ્ધિવર્ધક અને શાંતિ-દાયક ગ્રંથરત્નો મળે ત્યાંથી મેળવતાં અને મનનપૂર્વક વાંચી વિચારી હૃદયમાં ધારણ કરવાની તેમની શક્તિ અજબ હતી.

તેમની બુદ્ધિ પ્રભા એટલી તે જ હતી કે શ્લોકોના શ્લોકો કંઠે કરતા અને યાદ રાખવા જેવા વિષયો બરા-

બર યાદ કરી લેતા. દૃષ્ટાંતોના તો તે મહા સાગર સમા હતા. તેમની તુલનાદૃષ્ટિ બહુ જ યોગ્ય હતી.

દીક્ષા લેવાની તાલાવેલીમાં તે ખાવા-પીવાનું પણ ભૂલી જતા. ટ્યુશન આપતા આપતા અટકી જતા. બજારમાં ચાલતાં ચાલતાં વિચારે ચડી જતા અને ઘેર આવતાં તો ઘરમાંથી જલ્દી જલ્દી નીકળી જવામાં આનંદ માનતા.

મુંબઈમાં મુનિરાજ શ્રી મોહનલાલજી મહારાજનું ચાતુર્માસ હતું. લાલન વારંવાર તેમના વ્યાખ્યાનમાં જતાં અને તેમને દીક્ષાના ભાવ તો હતા જ. પુત્રીના અવસાનનો શોક હજી શમ્યો નહોતો. પતિ-પત્નીએ દીક્ષાની તૈયારીરૂપે બ્રહ્મચર્ય વ્રત લીધું અને જ્ઞાનચિંતનમાં મનને વાળ્યું.

નાની ઉંમરમાં પુત્ર-પુત્રી ન હોવા છતાં વૈરાગ્ય-ભાવનાથી સંયમદૃષ્ટિએ ચતુર્થ બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરવું એ પંડિત લાલનના આત્માની ઉચ્ચતા દર્શાવે છે.

તેઓ ગુલાલવાડીમાં રહેતા, ટ્યુશનો આપતા. સાધુ-સંતોના પરિચયમાં આવતા, પુસ્તકોના તો ગજબના શોખીન હતા. રાત-દિવસ જ્ઞાન ધ્યાનમાં રહેતા.

અંગ્રેજોને ગુજરાતી ભણાવતા. શેઠ જેઠાભાઈ વર્ધમાનના પત્ની ખેતબાઈને અંગ્રેજી ભણાવતા. કોઈને સંસ્કૃત શીખવતા, કોઈને ધાર્મિક શીખવતા અને એ રીતે પોતાનો જીવન-નિર્વાહ ચલાવી આનંદ અને સંતોષથી રહેતા.

દીક્ષાની ભાવના હતી પણ પોતે અભ્યાસી, વિચારક

ચિંતક અને વક્તા હોવાથી સુયોગ્ય ગુરૂની શોધમાં રહેતા અને એવા કોઇ ગુરૂવર્ય મળે તો પોતે તૈયાર હતા.


મિત્રો, સ્નેહીઓ અને આપ્તજનો ઘણા હતા. પંડિત લાલનના નવી દૃષ્ટિવાળા વિચારો સાંભળવા અને તેમના જ્ઞાનનો લાભ મેળવવા ઘણા ઉત્સુક રહેતા. પંડિતજી પ્રસંગે પ્રસંગે વક્તૃત્વદ્વારા મિત્રોને પોતાની વિચાર ધારાથી પ્લાવિત કરી દેતા.

દીક્ષા માટેના વિચારો ઘોળાતા હતા તેવામાં તેમના જીવનમાં એક ચમત્કારી બનાવ બન્યો અને જીવનનું દૃષ્ટિબિંદુ બદલાઇ ગયું.





પંડીત લાલન જ્યારે અમેરીકામાં હતા ત્યારનો આ ફોટો છે.



પંડિતજી સામાયિકમાં છે.

પરદેશ ગમન

[૮]

આજથી ૫૦ વર્ષ પહેલાં પરદેશ ગમનથી જૈન-સમાજનો મોટો ભાગ વિરૂદ્ધ હતો. પરદેશના રીત-રિવાજો ખાન-પાન, રહેણી-કરણી, પહેરવેશ તથા આચાર-વિચારો જૈન સંસ્કૃતિથી તદ્દન વિરોધી હોવાના કારણે પરદેશ ગમન ત્યાજ્ય ગણાતું. પરદેશ જનાર ધર્મનું પાલન કરી શકે નહિ. ખાન, પાનમાં તો ભ્રષ્ટતા આવી જ જાય. એટલું જ નહિ પણ બધી રીતે જૈન સંસ્કારો ભૂલીને પાશ્ચિમાત્ય આચારથી રંગાઈને આવનાર કુટુંબી, જ્ઞાતિ કે સમાજમાં બંધ બેસતો થઈ શકે નહિ. આવી આવી માન્યતાઓ ઘર કરી ગઇ હતી અને ઘણા કિસ્સાઓમાં આવું જ બનતું હતું.

પંડિત લાલનનું અંગ્રેજીનું જ્ઞાન સારૂં હતું. ધર્મ-ભાવના બળવાન હતી. બ્રહ્મચર્ય વ્રત લીધેલું હતું. જૈન ધર્મના સિદ્ધાંતો, આચારો, શાસ્ત્રો, અહિંસા તેમજ યોગ અને ધર્મ શિક્ષણના તેઓ ખૂબ અભ્યાસી હતા. તેમનું જીવન વિશુદ્ધ, સાદું અને પ્રેમાળ હતું.

સૌરાષ્ટ્રનું કાશ્મીર મહુવા મધુમતી વીરભૂમિ ગણાય છે. એ ભૂમિના સુપુત્ર શ્રી વીરચંદ રાઘવજી ગાંધી અમેરિકાની વિશ્વ ધર્મ પરિષદમાં જૈનધર્મનો સંદેશ આપવા ન્યાયાંભોનિધિ આચાર્યપ્રવર શ્રીમદ્ વિજય આત્મારામજી મહારાજના પ્રતિનિધિ તરીકે અમેરિકા ગયા હતા.

કોઈ આપ્તજને પંડિતજીને અમેરિકા જઈને ત્યાંનાં જીજ્ઞાસુ વિચારક અને સરળ પ્રકૃતિના લોકોને અહિંસાનો સંદેશ આપવા પ્રેરણા આપી.

પંડિતજી આ વિચારથી નાચી ઊઠયા. અમેરિકા-દેશની સમૃદ્ધિ અને પ્રગતિની વાતો ખૂબ સંભળાતી હતી. વળી જૈન ધર્મના અભ્યાસી તરીકે પંડિતજીને અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, સ્યાદ્વાદ, સામાયિક યોગ અને કર્મવાદ ઉપર વિવેચન કરવાની તેમજ વકતૃત્વકળા દ્વારા જૈનદર્શનને જગતના ચોકમાં મૂકવાની ભાવના જાગી અને પંડિતજીએ અમેરિકા જવા નિશ્ચય કર્યો.

મિત્રો, સ્નેહીજનો અને આપ્તજનોમાં આ વાત પ્રસરી અને બધા પંડિતજીના કાર્યને વેગ આપવા માટે તૈયાર થયા.

અમેરિકા જવાનો ખર્ચ તો ઘણો મોટો આવે. ઉપરાંત ત્યાં રહેવાનો ખર્ચ પણ જોઇએ. ત્યાં વિશુદ્ધ નિરામિષ ભોજન માટે પણ મુશ્કેલી. એક જગ્યાથી બીજી જગ્યાએ જવા માટે પણ ઘણા પૈસા જોઇએ. એ ડોલરનો દેશ કપડાં પણ ગરમ અને પુષ્કળ જોઈએ. આપણા પંડિતજી તો ટચુશ-

નોમાંથી જે આવે તેમાં નિર્વાહ કરતા અને બીજા તો બાકી રહેતા. કોઇ કોઇવાર તો પેટને ભાડું આપવાની દૃષ્ટિથી કોઇ વસ્તુ ઘરમાં ન હોય તો પતિ-પત્ની ચલાવી લેતા. પોતે અમેરિકા જાય પણ પત્નીના નિર્વાહનું શું એ પણ મુંજવણ હતી પણ પંડિતજી ભાગ્યશાળી હતા.

શેઠશ્રી વીરચંદ દીપચંદને પંડિત લાલન પ્રત્યે ખૂબ મમતા હતી. તેઓએ જાણ્યું કે પંડિતજી અમેરિકા જાય છે એટલે પંડિતજીને બોલાવી પ્રેમપૂર્વક રૂા. ૧૦૦૦) એક હજાર આપ્યા અને તેમને ધન્યવાદ આપ્યો. આ પ્રમાણે બીજા અનેક સ્નેહીજનોએ પણ નાની-મોટી ભેટ આપી. અને પંડિતજીએ તૈયારી કરી લીધી.

તેમની પત્ની તો ખૂબ ભલા અને ભોળા હતાં. તેમને પણ આનંદ થયો અને વિદાય આપી. તેમના નિર્વાહ માટે પણ મિત્રોએ વ્યવસ્થા કરાવી આપી.

પંડિતજીને વિદાય આપવા સ્નેહીજનો અને શુભેચ્છકોએ એક-બે સભા૨ંભો ગોઠવ્યા. પણ એક સભામાં પરદેશ-ગમન વિરૂદ્ધ માટે વિરોધ થયો. અને સભામાં ધાંધલ થયું. કચ્છી મિત્રોએ વચ્ચે પડીને પંડિતજીને બચાવી લીધા.

પછી તો ભવ્ય વિદાય લઇને પંડિતજી શ્રી વીરચંદભાઇ પછી બીજે જ અઠવાડીયે અમેરિકા ગયા અને માત્ર થોડા જ મહિનાઓ માટે ગયેલા પણ ત્યાંના સુશિક્ષિત-જીજ્ઞાસુ-નવા વિચારોને અપનાવવાવાળા તથા અધ્યાત્મની દૃષ્ટિવાળા ભાઇ-બહેનોએ પંડિતજીને ખૂબ પ્રેમપૂર્વક રોકી રાખ્યા. અને તેમના અધ્યાત્મક જ્ઞાનનો ખૂબ લાભ લીધો.

પંડિતજી ત્યાં લગભગ સાડાચાર વર્ષ રહ્યા. ત્યાંના રીતરીવાજો તથા પાશ્ચિમાત્ય સંસ્કૃતિનો પણ તેમણે અભ્યાસ કર્યો. જગ્યાએ જગ્યાએ જુદા જુદા વિષયો ઉપર વ્યાખ્યાનો આપ્યા. ત્યાં મહાવીર બ્રધર હૂડ નામની સંસ્થા શરૂ કરાવી. આ મહાવીર બ્રધર હૂડ અથવા વિશ્વમૈત્રીના પ્રમુખ એચ. વોરન હતા, ઉપપ્રમુખ જે. એલ જૈની એમ. એ. હતા અને મંત્રી એલેકઝાન્ડર ગોરડન હતા.

પંડિતજીએ જૈન ફીલોસોફીના છ દ્રવ્યો અને જીવો અને જીવવા યોગ્ય જૈન સિદ્ધાંત ઉપર મનનીય પુસ્તિકા લખી હતી. અને તે ૧૯૧૪ માં મહાવીર બ્રધર હૂડ તરફથી પ્રકાશિત થઈ હતી.

પંડિતજીએ શ્રમણ નારદ નામની એક પુસ્તિકા જોઇ તે પાલીભાષાની એક મહામૂલી આખ્યાયિકા છે. યૂરોપની ઘણી ભાષાઓમાં એના અનુવાદો થયા છે. ઘણી આવૃત્તિઓ પણ થઇ છે, મહાત્મા કાઉન્ટ ટોલ્સ્ટોયે એની સુંદર સમાલોચના કરી હતી. ઘણા લોકોએ આ પુસ્તકના વાંચનથી પોતાના ચાલતા મુકદમા પાછા ખેંચી લીધા હતા. એવી એ બોધપ્રદ અને જીવન્ત કથાનો આપણા પંડિતજીએ અનુવાદ કર્યો અને તેની પણ આવૃત્તિઓ થઇ છે. શ્રી મહુવાકરે તેના ઉપરથી એક નાટિકા તૈયાર કરી છે.

એ કથા દરેકને પોતાના કર્મ ગમે તે સ્થિતિમાં ભોગવવા પડે છે તે સિદ્ધાંત ઉપર રચાયેલી બોધ કથા છે. લોક સેવા વ્રતની એ હૃદય દ્રાવક કથા બુદ્ધ ભગવાનનો લોકસેવાનો સંદેશ આપી જાય છે.

પંડિતજીના અમેરિકાના સેવાકાર્ય વિષે વિશેષ માહીતી તો મળી નથી પણ પંડિતજી જેવા પ્રસિદ્ધ વક્તા અધ્યાત્મ પ્રેમી, જૈન દર્શનના જાણકાર, તત્વવેત્તા અને વિચારક જ્યારે સાડાચાર વર્ષ અમેરિકામાં રહ્યા ત્યારે તેમણે ત્યાં હજારો ધર્મભાવના વાળા બહેન ભાઇઓને અહિંસાપ્રેમી બનાવ્યા હશે તેમ જ અધ્યાત્મ જીવનનું દર્શન કરાવ્યું હશે તેમાં શંકા નથી.

પંડિતજીના શબ્દોમાં જ લખાયેલો એક પ્રસંગ તેની પ્રતિતી આપી જાય છે.

શ્રીમદ્ રાજચંદ્ર મુમુક્ષુ અનુયાયી મંડળના સંચાલક બાંધવોને
ઠે. સ્ટેશન અગાસ વાયા આણંદ, તા. ૨૨-૩-૫૧ ક. ૧૪-૧૫

કૃપાળુ અને કરૂણાવંત શ્રીમદ્ રાજચંદ્રનો અંગત પરિચય.

પરિચયની ઘટના

સદ્‌ગત શેઠ માણેકચંદ પાનાચંદના ભત્રીજા ભાઇ પ્રેમચંદ મોતીચંદ જે એલફીસ્ટન-હાઇસ્કુલના ૬-૭ ધોરણમાં અભ્યાસ કરતો હતો તેણે પોતાના શિક્ષક લાલનને એક દિવસે કહ્યું કે, અમારા દીગંમ્બર આમ્નાયના એક દીગંમ્બર ગુરૂએ કેસરીયાજીમાં એક શ્લોક સંભળાવ્યો હતો. અને કહ્યું કે આ શ્લોકના પરિસીલનથી પરમાત્માનો આપણા મનુષ્ય જીવનમાં આપણે પરમાત્મા છીએ એવો સાક્ષાતકાર થાય છે. એમ કહી લાલનને એ શ્લોક આ પ્રમાણે લખાવ્યો.

एवम त्यतवा बहीर्वाचंम, त्यजेदंतर अशेषतः
एषयोग समासेन, प्रदिप परमात्मनः

આ શ્લોકનો અર્થ ને ભાવ બીજે દિવસે ઘેર આવી વિચાર્યો. અને એના ઉપર મનન કરતાં જે સ્ફુરણ થયું તે શ્રીમદ્ કૃપાળુદેવને સાંજે તેમની પેઢી પર કહી દેખાડયું. એટલે ઊભા થઈ લાલનને બાથ ભીડીને કહ્યું કે **સમાસેન** એ શબ્દનો ભાવ તમે જે એક માસમાં કર્યો માટે આપણે આજે નિયમ કરીએ કે રોજ રોજ આનુ પરિસીલન બેઘડી સુધી કરવું. શ્રીમદ્ના વિશદ્ આત્માએ શું કર્યું તે લાલનના જાણવામાં નથી. પરંતુ લાલન એ શ્લોકનું પરિસીલન યથા-શક્તિ બેઘડી સુધી રોજ મુંબઇમાં કર્યા કરતો હતો. એટલામાં લાલનનું અમેરિકા ગમન થયું. સ્ટીમરમાં પણ એ પ્રયોગ ચાલુ હતો અને અમેરિકાના નિવાસમાં પણ ચિટાકવા સંમેલનથી બે માઇલ ઊપર એક લીલી ડેલ એટલે કમળ સરોવર. આ રમણીય સ્થળ ઊપર લાલન એ શ્લોક ઉપર મનન કરવા લાગ્યો. ઘડી એક ગયા પછી લાલ-નના હૃદયમાંથી આ પ્રમાણે અનુભવ કાવ્ય રચ્યું, જે કાવ્ય અમેરિકાથી સાડાચાર વરસે પાછા વળતાં શ્રીમદ્ને માટુંગા પછીના શીવના બંગલામાં સંભળાવ્યું. એ વખતે શ્રીમદ્નું શારીરીક વજન માત્ર છત્રીસ રતલ હતું પરંતુ જ્યારે એ કાવ્ય સાંભળ્યું ત્યારે ઉત્તરમાં કહ્યું કે ચોવીસ કલાક સુધી આ સ્થિતિ તમારી રહી હોત તો તમને ક્ષાયીક સમકીત થતે. હાલ પ્રભાત સમકિત એટલે પ્રતિતિ સમકિત છે.

એ વખતે શ્રીમદ્ના કાકાજી ડાક્તર પ્રાણજીવનદાસ

પાસે હતા. તેમજ તે વખતના શેઠ કચ્છી હામજી કેશવજી તથા ભાઇ ટોકરસી પણ હતા. જેણે શ્રીમદ્ના શબ્દો ઊતારી લીધા. જે હાલ કદાચ બ્રહ્મચારીજી પાસે હશે જેમને લલ્લુજીએ આપ્યા છે એમ ભાઇ હામજી કહે છે. એ પ્રતિતી કાવ્ય લાલને આ પ્રમાણે શ્રીમદ્ પાસે ગાયું.

મને કોઇ કેતું જગત ખોટું;
તે તો મેં હવે જાણ્યું,
મને કોઇ કહેતું જગત સાચું;
તે પણ મેં હવે જાણ્યું;
કદી ખોટું તો મારે શું,
કદી સાચું તો મારે શું;
નથી થાતું નથી જાતું,
હું માં હું સમાયો છું.

અર્થાત્–પર્યાય હું દ્રવ્ય હું'માં સમાય છે. જેમ આ વીટીમાં સુવર્ણ સોનું દ્રવ્યરૂપે સમાયું છે. એ જ દર્શન આ પ્રતિતિ સમ્યકત્વને, હરિભદ્ર, શ્રી હેમચંદ્ર તથા ભગવાન પતંજલિ રાત્રી વ્યતિત થઇ અને સુયોદય થયો નથી એ વખતને અરૂણોદય કહીએ તો ચાલે. આ સમ્યકત્વની ડીગરી કે કક્ષા અનુભવ સમ્યકત્વથી નીચી છે. અનુભવ સમ્યકત્વને શ્રીમદ્ ગુરૂનું લક્ષણ સમજાવતાં આ પ્રમાણે કહે છેઃ આત્મજ્ઞાન, સમદર્શીતા વિચરે ઉદયપ્રયોગ, અપૂર્વ વાણી, પરમશ્રુત સદ્ગુરૂ લક્ષણયોગ અનુભવ સમ્યકત્વ એજ ક્ષાયીક સમકીત શ્વેતાંબર સાહિત્યે ગાયું છે. અને દીગંબર જૈન સાહિત્ય તેને સ્વરૂપા રૂક્ષ સમ્યકત્વ કહે છે.

આ શ્લોક રચનાની પ્રાપ્તિ કેવા સંજોગોમાં થઇ તે જાણવું પણ મુમુક્ષુઓને લાભદાયક જણાય છે.

મુંબઇમાં આવેલા દિગમ્બર મંદિરના પુસ્તક સંગ્રહોમાં પુસ્તકો જોયા. પણ આ શ્લોક મલ્યો નહિ. વચલા ભોઇવાડામાં શ્રી ચંદ્રપ્રભનું દિગમ્બર મંદિર હતું જે મંદિર હાલ ભુલેશ્વર નજીક ગયું છે ત્યાં પણ પુસ્તકો જોયા. તથાપિ આ શ્લોક કયા પુસ્તકોમાં હશે તે જણાવ્યા વિના શોધ ફળદાયક થઇ નહિ. આ ઉપરથી શ્રી પાયધુની પર આવેલા શ્રી શાંતિનાથ મંદિરની જોડેના મકાનમાં લાલન ગયો. અને ડેકન કોલેજના લિસ્ટો તપાસવા લાગ્યો, એ કોલેજના જૈન પુસ્તક સંગ્રહોમાં એકનું નામ સમાધિ સતક એવું હતું. અનુમાન થયું, કે આ પુસ્તકમાં ઘણું કરીને એ શ્લોક હોવો જોઇએ. આ વિચાર આવતાં લાલન પોતાના મિત્ર વડોદરાના ઝવેરી શેઠ માણેકલાલ ઘેલાભાઇ પાસે ગયો, અને શોધની હકીકત કહી. એમને યોગ્ય લાગી એટલે તે જ દિવસે સાંજના શેઠ ફકીરચંદ પ્રેમચંદ રાયચંદના ચંપાગલીમાં આવેલા મકાન પર લાલનને લઇ જવામાં આવ્યો. અને શેઠની પાસે હકીકત કહી. એ વેળા શેઠ ફકીરચંદ જૈન–સાહિત્ય સંબંધી શિક્ષણ–એલફીસ્ટન કોલેજના પ્રોફેસર પીટરસન આપતા હતા. લાલનનું નિવેદન એમને યોગ્ય લાગવાથી એ પ્રોફેસર ઉપર ચીઠ્ઠી લખી આપી. એટલે લાલન પુનાની ડેકન કોલેજમાં ગયો અને પીટરસનને વંદના કર્યા પછી સમાધિ સતકની માગણી કરી એમણે પ્રત્યુત્તરમાં જણાવ્યું કે—

અધુના વેકેસન વીનાની વર્ટનટે જુન માસસ્ય પંચમી દિને આગંતવ્યમં આ પ્રમાણે લાલન નીચેની તારીખે મુંબઇથી રવાના થઇ ડેકન કોલેજમાં ગયેા. અને એ પુસ્તકની માગણી કરી. પ્રોફેસર સાહેબે એ પુસ્તકની લેખીત નકલ લાલનના હાથમાં મુકી પુન્ય યેાગે થેાડાક પાના ફેરવતાં એ શ્લેાકરત્ન નજરે આવ્યેા. જોતાં જ આખે શરીરે આનંદનેા રૂમાંચ થયેા. બીજે દિવસે કોલેજમાં જઇ એ દિવસમાં આ ગ્રંથ લાલને લખી લીધેા. એકસેા-પાંચ શ્લેાક એ ગ્રંથમાં હતા. એ વેળા સુધી એ પુસ્તક છપાયું નહિ હતું. હાલ તેા એ પુસ્તક ટીકા સાથે મુદ્રીત થયેલા હજારેા મલે છે.

પંડિત કેવા જ્ઞાન પિપાસુ હતા, તેમની ધર્મદૃષ્ટિ કેટલી વેધક હતી તે આ પ્રસંગ ઉપરથી જાણી શકાય છે.

શ્રીમદ રાજચંદ્રજીના પણ કેવા આત્મીય બન્યા હતા અને શ્રીમદને પણ તેમના પ્રત્યે કેવેા સદ્‌ભાવ હતેા તે પણ આ પત્રમાં તાદૃશ્ય થાય છે.




અબ મોહે તારો !

[૯]

સંવત ૧૯૫૭ માં પંડિત લાલન અમેરિકાથી ભારત આવ્યા ત્યારે મારી ઉંમર વીસ વર્ષની હતી. હું સુરતની પાસે સાયનમાં શેઠ દામજી અરજણની કું. વતી મહેતાજી તરીકે આવ્યો હતો પણ મન તો મુંજવણ ભર્યું રહેતું દીક્ષાના ભાવ હતા પણ જે જે મુનિરાજોને મળ્યો તેમાં મારા હૃદયને ઠારે તેવા કોઇ ન મળ્યાં. હું ચિંતાતુર રહેતો હતો. પહેલાં તો દીક્ષાનો એવો રંગ લાગેલો કે પિતા પત્ની અને મિત્રોને પત્રો પણ લખી નાખ્યા અને દીક્ષાની તૈયારી હતી પણ ભવિષ્યના ગર્ભમાં શું લખાયું હશે તે કોણ જાણે!

દિવસે દુકાનનું કામ સંભાળતો હતો. પં. બનારસીદાસનો સમયસાર વાંચતો અને મારી આંખલડી અશ્રુભીની થઇ જતી. એ વખતે પાલીતાણાથી ગાંગજીભાઇ હેમરાજનો પત્ર આવ્યો અને દીક્ષાને બદલે એક જ્ઞાની પુરૂષના જ્ઞાનનો લાભ લેવા પ્રેરણા મળી.

આ પત્રમાં પંડિત લાલન સાહેબનો પરિચય આવે છે. તે આપણા ચરિત્ર નાયકનું જીવન જાણવા માટે ઉપયોગી થઇ પડશે.




પંડીત લાલન અમેરીકાથી આવ્યા તે વખતનો
આ ફોટો છે.

સ્વ. ગં. મીઠાબાઇ



મઢડા સેવાશ્રમની સંચાલિકા. એ બહેનને આશ્રમમાં સૌ માતા માનતા. તેમણે તન-મન-ધનથી પંડિતજીની સેવા કરી હતી.

સ્વ. ગં. બહેન લીલીબાઇ વસાઇયા



એ બહેન લઘુવયમાં પંચત્વ પામ્યા. મીઠાબાઇનાં એઓ શોક્ય હતા છતાં મીઠાબાઇને મોટા બહેન માનતા. તેમના સુખમાં પોતાનું સુખ માનતા. તેમણે પણ જીવ્યાં ત્યાં સુધી પંડિતજીની સેવા કરી.

પાલીતાણા, માગશર શુદ ૫ ૧૯૫૭

મિત્ર રત્ન શિવજીભાઇ દેવશી,

મુ. સાયણ

તમારો પત્ર મળ્યો. તમે દીક્ષા ન લીધી તે સારું કર્યું. પાલીતાણા હમણાં આવશો નહિ. તમારી ભાવના પ્રમાણે એક અધ્યાત્મ ગુરુ મળી ગયા છે. તેઓની સાથે જ હું પાલીતાણા આવ્યો છું. મારા ઉપર તેમની અપૂર્વ કૃપા છે. તેમનું નામ પંડિત કૃતેચંદ કપુરચંદ લાલન છે. તેમનું નામ સાંભળી તમને લાગશે કે તે કોઇ ગૃહસ્થી હશે પણ તે ગૃહસ્થી હોવા છતાં સાધુ જેવા છે. તેમણે યોગાભ્યાસ કર્યો છે.

તેઓ અમેરિકા ચાર વર્ષ રહી આવ્યા છે. તે જૈન દર્શનના મહાન વિદ્વાન છે. જામનગરના રહીશ છે. તેમના પત્ની છે. પણ તેઓએ ચાર વર્ષ પહેલાં બ્રહ્મચર્ય વ્રત લીધું છે. તેઓ પણ દીક્ષા લેવાના હતા પણ કોઇ સજ્જન પુરૂષની સલાહથી અહિંસાનો પ્રચાર કરવા અમેરિકા ગયા. તેઓ અંગ્રેજી સારૂં જાણે છે. અધ્યાત્મ જ્ઞાની હોવા છતાં સંસારમાં તેઓ સર્વત્ર સુખ જ સુખ જુએ છે. તેમની દૃષ્ટિમાં દુઃખ દેખાતું જ નથી. સદા આનંદમાં જ રહે છે, તેમનામાં બાળક જેવી સરળતા છે. તેઓ સારામાં સારા વક્તા છે. તેમણે એક સદ્‌વક્તા નામે પુસ્તક લખ્યું છે. તેમને મેં તમારી વાત કહી છે. તેઓ તે સાંભળી ખુશી થયા છે. તમે તેમને મળીને પૂર્ણ પ્રસન્ન થશો એમ મારૂં માનવું છે. વિશેષ રૂબરૂમાં. હું તમારી પાસે માગશર શુદ

૯ ની સાંજે પાંચ વાગે આવી પહોંચીશ. લાલન સાહેબે તમને આશીષ લખાવ્યા છે.

શુભેચ્છક,

ગાંગજી હેમરાજના જયજીનેંદ્ર.

હું તો પત્ર વાંચીને નાચી ઉઠ્યો. હૃદયે હૃદયમાં રોમાંચ અનુભવ્યો. અહા મને અધ્યાત્મગુરૂ મળશે, હું યોગીરાજના દર્શન કરીશ, હું ધન્ય બની જઇશ. હું કૃત્યકૃત્ય બની જઈશ. કેવો પુણ્યવાન કે માગ્યા મેઘ વરસે છે.

માગશર શુદ ૯ નો દિવસ આવ્યો. હું તો સ્ટેશને જઇને બેઠો. ટ્રેન આવી. ગાંગજીભાઈનું હસતું મુખડું જોઇને હું હર્ષિત થયો ને લાલન સાહેબ કયાં છે તે પૂછયું. લાલન સાહેબ પાછળનાં મેઇલમાં હતા. તેમના કહેવાથી હું તો ગાડીમાં ચડી બેઠો. સુરતમાં છ કલાક ખૂબ ખૂબ વાતો કરી. મને તો લાલન સાહેબ વિષે ખૂબ ખૂબ જાણવાની ઉત્સુકતા હતી તેથી લાલન સાહેબની વાતો કહેવા મેં ગાંગજીભાઇને વિનંતિ કરી અને તેમણે પંડિતજીના જીવન વિષે પ્રકાશ પાડયો. તેનાથી હું હર્ષિત થયો.

ટ્રેઇન આવી પણ લાલન સાહેબ દેખાયા નહિ. અમે નિરાશ થઈ ગયા. પણ ટ્રેઇન ઉપડવાની તૈયારી હતી ત્યાં સેકન્ડ કલાસમાંથી લાલન સાહેબનું આનંદી મુખકમળ બહાર દેખાયું. ગાંગજીભાઇએ બૂમ પાડી. આ રહ્યા લાલન સાહેબ ! હું તો એકદમ દોડયો તેમને પગે લાગ્યો ને બોલાઇ ગયું ' અબ મોહે તારો ' તેમણે મારે માથે હાથ

મૂકયો. ' સર્વે સુખીનઃ સન્તુ ' બોલ્યા ને મારો મનનો મોર તો નાચી ઉઠ્યો. મને લાલનના દર્શન થયા. મારા ગુરૂદેવ લાધી ગયા. મારૂં જીવન ધન્ય બની ગયું. મને જીવનનું અમૃત મળશે તેમ પ્રતીતિ થઇ. મારા આનંદનો પાર નહોતો. હૃદયની ઉર્મિઓ ઉછળી રહી. રોમ-રોમમાં પ્રકાશની વિજળી ઝબુકી ગઇ.



કચ્છમાં ધર્મ-ઉદ્યોત

[૧૦]

મારા દિલમાં લાલન સાહેબને મળવાની તાલાવેલી હતી. મેં મુંબઈ જઈને મારા શેઠને ચાર્જ સંભાળવા માણસ મોકલવા વિનંતિ કરી. તેમણે મને ખૂબ ઠપકો આપ્યો. મા-બાપ, બૈરી, બધાનો વિચાર કર્યા વિના આવો થઈને શું કરીશ ! હું તો રહ્યો ધૂની. મેં તેમને ખૂબ સમજાવ્યા. જખૌના શેઠ કુંવરજી જીવરાજ વચમાં પડયા. અને પાશવીર શેઠને સમજાવ્યા. છેવટે તેમણે માણસ મોકલ્યો ને હું બંધનમાંથી છુટયો.

હું મુંબઈ આવીને પંડિતજીને મળ્યો. તેઓ ખુબ રાજી થયા. મને જીવનનો ઉદ્દેશ સમજાવ્યો. મારૂં પહેલું અઠવાડિયું કેમ પસાર થઈ ગયું તેનો ખ્યાલ ન રહ્યો આનંદ અને મસ્તિમાં પંડિતજી પાસેથી રોજ-રોજ નવું જાણવાનું મળતું અને હૃદયમાં કોતરાઈ જતું.

લાલન સાહેબ પાસેથી યૂરોપ અને અમેરિકાની વાતો સાંભળી હું તો છક થઈ જતો. સ્ત્રી કેળવણી, હુન્નર કળા, સ્વતંત્રતા, સભ્યતા, શિસ્ત, સમયની કીંમત જીવનમાં શાંતિ, કર્તવ્યનિષ્ઠા, ધનકુબેરોની દાનવીરતા, વિજ્ઞાનની

નવનવી શોધો, બાળપણથી દેશપ્રેમની ભાવના, શિક્ષણની સુંદર વ્યવસ્થા, ભારત માટે પ્રેમભાવના, અહિંસા તરફ દૃષ્ટિ અને નવું નવું જાણવાની દરેક સ્ત્રી-પુરૂષની ભાવના તથા ઉત્સુકતાઃ આ બધું સાંભળતાં એમજ લાગતું, કે હિંદમાં તો આપણે પશુ જેવું જીવન જીવી રહ્યા છીએ. હિન્દુ ધર્મ, જૈન ધર્મ અને બૌધ ધર્મની સંસ્કૃતિ તો મહાન છે. ભારતનો અહિંસાનો સંદેશ જગતને માટે મોટી ભેટ છે. ભારતના વીરો, વીરાંગનાઓ, જયોતિર્ધરો, સંતો, મહંતો અને વ્યાપારીઓ તથા દાનવીરો પશ્ચિમને માટે ગૌરવરૂપ છે. પણ કરોડો માણસો જે રીતે જીવી રહ્યા છે. જે દરિદ્રતા, અજ્ઞાન, વહેમ, રૂઢીવાદ, જડવાદ તથા કલેશનાં ઝાળાં ભારતને ભીંસી રહ્યા છે તેમાંથી સ્વતંત્રતા, મુક્તિ, નૈતિકતા, સ્વદેશ પ્રેમ અને જીવન વિકાસ મેળવવા તો ભારતે કોઇ અવતારી પુરૂષની રાહ જોવાની હતી અને થોડા જ સમયમાં રાષ્ટ્રપિતા પૂજ્ય ગાંધીજી જાગ્યા, અને કુંભકર્ણની નિદ્રામાંથી આખાએ ભારતને ઢંઢોળીને જગાડ્યું. સત્યાગ્રહના મહાન શસ્ત્રથી ભારતની મુક્તિ આવી અને ભારત સ્વતંત્ર ભારત બન્યું.

શ્રી ગાંગજીભાઇ લાલન સાહેબના પ્રેમી હતા. તેમની ભાવના તેઓશ્રીને કચ્છમાં લઇ જવાની હતી. અને તે માટેની તૈયારી થવા લાગી. ગાંગજીભાઇ વીશા ઓશવાળ જ્ઞાતિના હતા. અને કોડાયના વતની હતા.

કચ્છ તો પછાત દેશ ગણાય. ભાષણ શબ્દ તો કોઇને કાને પડ્યો નહોતો. યતિ-મુનિ કે શ્રાવકો પુસ્તક વાંચતા

તેને વ્યાખ્યાન કહેતા. કોઇ વિદ્વાન યતિ કે મુનિ કે શ્રાવક હોય તો પુસ્તકના શ્લોકો વાંચી તેનું વિવેચન કરે. પંડિતજી તો પ્રસિદ્ધ વક્તા હતા. આ કાળમાં પુસ્તકના પાના વિના ઉપદેશ કેમ અપાતો હશે તે સાંભળવાની કચ્છ-કોડાયના ધર્મપ્રેમી બંધુઓ અને બહેનોની ઉત્સુકતા હતી. શ્રી ગાંગજીભાઇએ પહેલેથી તે માટે ક્ષેત્ર તૈયાર કર્યું. અમારો તાર મળ્યો કે અમે અમુક સ્ટીમરમાં રવાના થઇ તમારી પાસે અમુક દિવસે આવીએ છીએ ત્યારે તો બહેન ભાઇઓના ઉલ્લાસનો પાર નહોતો. જાણે પ્રભુ પધારે ને જેવો આનંદ આનંદ થાય તેવો આનંદનો દીવડો બધા હૃદયોમાં પ્રગટયો હતો.

અમે પહોંચ્યા. પંડિત લાલન સાહેબનું ભાવપૂર્વક સામૈયું થયું. ધર્મશાળામાં આવ્યા અને પંડિતજીએ એવી સુધાભરી મધુરી વાણીમાં થોડું વિવેચન કર્યું. અને બધા બહેન-ભાઇઓ તો ખૂબ ખૂબ હર્ષિત થયા. ધન્ય ભાગ્ય! ધન્ય જીવન! ઉચ્ચારવા લાગ્યા.

બીજે દિવસે 'મનુષ્યજન્મનું કર્તવ્ય' એ વિષય પર પંડિતજીનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું. અને આ રીતે હંમેશા જુદા જુદા વિષય પર પંડિતજીએ વ્યાખ્યાનો આપ્યાં. કચ્છ-કોડાયના જૈન-જૈનેતર બહેન-ભાઇઓ તો પંડિતજીની અમૃતવાણી સાંભળવા ઉમટી પડતા અને ધર્મશાળા પણ હવે તો બહુ ટુંકી પડવા લાગી. એટલું જ નહિ પણ આસપાસના ગામોમાં પંડિતજીના વ્યાખ્યાનનો સંદેશ પહોંચી ગયો. પછી તો નાગલપુર, માંડવી, રાયણ, નવાવાસ,

બીદડાથી સ્ત્રી-પુરૂષો આવવા લાગ્યા. જાણે કોઇ લગ્ન-સમારંભો હોય ને મોટી જાનો જતી હોય તેમ બહેન-ભાઇઓના ટોળેટોળાં રેંકડીઓ (કચ્છના ગાડાઓ) માં આવવા લાગ્યા.

શ્રોતાઓ તો પંડિતજીની સુધાભરી વાણીથી પ્લાવિત થઇ જતા. કચ્છ-કોડાયમાં જાણે ચોથો આરો ન હોય. પંડિતજીની વાણીમાં જાદુ હતો-ચમત્કાર હતો. સૌના હૃદય પંડિતજીએ જીતી લીધાં હતાં.

પંડિતજીને મુંબઇ જવાનું આવ્યું. કોડાય અને આસપાસના ગામોના ભાઇ-બહેનોનો તો એવો આગ્રહ હતો કે પંડિતજીની વાણીનો થોડો વિશેષ લાભ મળે પણ જવું જરૂરી હતું. મહિના પછી પાછા આવીને રહેવાની ઇચ્છા પ્રગટ કરી. પંડિતજી તથા હું મુંબઇ ગયા. કોડાયની વિદાય વસમી હતી. સ્ત્રી-પુરૂષોની આંખો અશ્રુભરી હતી. પંડિતજીના ચરણમાં બધા પોતાના પ્રણામ કરતા હતા અને પંડિતજી પણ બધા જાણે પોતાના આપ્તજનો હોય તેમ લીની આંખે આશીર્વાદ આપતા હતા.

એ વિદાયદૃશ્ય હૃદયંગમ હતું. હૃદયે હૃદય નાચી ઉઠ્યા હતા. પ્રેમની ઉર્મિઓ ઉછળી રહી હતી. વહેલેરા વળગ્યેના નાદ હવામાં ગુંજી રહ્યા હતા.

યોગાભ્યાસ

[૧૧]

હું કોડાય જવાના સ્વપ્ના સેવતો હતો. આત્મવિકાસની ભાવના પ્રદિપ્ત હતી. અને યાદશી ભાવના યસ્યસિદ્ધિ ભવંતી તાદશી એ અટલ નિયમ પ્રમાણે એ મંગળ દિવસ આવી ગયો.

મુંબઇથી પૂજ્ય પંડિતજી, શ્રી મોંઘીભાભી અને હું જામનગર ગયા. જામનગરથી કચ્છ–કોડાય ગયા. કોડાય-વાસીઓ તો પંડિત લાલનની મેઘની જેમ રાહ જોઇને બેઠા હતા. પંડિતજીનું અપૂર્વ સ્વાગત થયું. કોડાયમાં આનંદ આનંદ છવાઇ રહ્યો. હવે બે મહિના સ્થિરતા કરવાની હતી. બધી રીતે પાસેના નાગલપુરમાં બધી અનુકૂળતા તથા શાંતિ જણાવાથી નાગલપુર પસંદ કરવામાં આવ્યું. નાગલપુરમાં નદી કાંઠે ધર્મશાળામાં નિવાસ કર્યો. જે ખર્ચ થાય તે સદાગમ પ્રવિત્તિ ખાતામાંથી આપવાનો શ્રી ગાંગજીભાઈ અને શ્રી દેવજીભાઇ લખમણે નિર્ણય જણાવ્યો. નાગલપુરમાં પંડિતજીએ યોગદર્શન વિષે અભ્યાસ વર્ગ શરૂ કર્યો. અને તેમાં શ્રી ગાંગજીભાઈ, દેવરાજભાઈ, કાનજીભાઈ, માલશી-ભાઇ (નાના), રામજીભાઈ, હંસરાજભાઇ અને હું જોડાયા. સાથે પાયચંદ ગચ્છના મુનિ ગુણચંદજી, પૂ. રાયચંદજી વિ. તે આપણા પદ્મવિજયજી મહારાજ સ્થાનકવાસી સંપ્રદાયના મુનિ રાયચંદજી પણ હતા.

પંડિતજી એવા ભાવપૂર્વક અને સમજણપૂર્વક યોગ-દર્શન વિષે પાઠ આપીને સમજાવતા કે તેમાં ખૂબ આનંદ આવતો. પાઠ રસપ્રદ થઇ જતો અને પંડિતજી પણ સૂત્રોનું વિવેચન કરતાં કરતાં તલ્લીન બની જતા. એ દિવસો અમારા જીવનના મંગળ દિવસો હતા. પંડિતજીના સત્સંગનો એ લાભ અવર્ણનીય હતો. યોગાભ્યાસ ઉપરાંત પંડિતજી સામાયિકના યોગ, જૈન તત્વજ્ઞાન, કર્મ ફીલોસોફી વીતરાગ ધર્મ તથા જીવનના દર્શન માટે સુંદર સુંદર વાતો કરતા અને તેમના સુધાભર્યા પ્રવચનોથી અમે તરબોળ થઇ જતા.

નાગલપુરનું અમારૂં સમય-પત્રક જાણવા જેવું છે.

૪—	ઉત્થાન.
૪—૬	ધ્યાન.
૬—૭	આરામ.
૭—૮।।	શૌચ-દંતધાવન-દુગ્ધપાન.
૮।।—૧૦	શ્રી લાલનસાહેબનું યોગદર્શન પર વિવેચન.
૧૦—૨	સ્નાન-ભોજન આરામ.
૨—૩	લાલનસાહેબ સાથે ધ્યાન.
૩—૫	અભ્યાસ-મનન-ચિંતન.
૫—૭	ભોજન-ફરવા જવું--આરામ.
૭—૮-૩૦	શ્રી લાલનસાહેબ સાથે વાર્તાલાપ-ચર્ચા.
૮—૩૦-૧૦	ધ્યાન.
૧૦—૪	શયન.

પંડિતજી તો પોતાના જીવનનું સિંહાવલોકન કરવા માટે ચિંતન કરવા સૂચના કરતા અને એમ એ સિંહાવ-

લોકનને ધીમે ધીમે આ જન્મથી પૂર્વ જન્મ સુધી લઇ જવા પ્રેરણા આપતા. મનની એકાગ્રતા વધારતાં વધારતાં સ્મરણ શક્તિ ખૂબ તેજસ્વી બને છે અને ચિત્ત પ્રશાંત થાય છે, હૃદય નિર્મળ થાય છે, મનન ચિંતન નિદધ્યાસનથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, આ રીતે જ્ઞાન ધ્યાનમાં જે દિવસો જતાં હતા તે જીવનના અણમોલ દિવસો હતા તેમ આજે પણ થાય છે.

નાગલપુરમાં બે મહિના કેવા સ્વર્ગસમા ગયા તેનો ખ્યાલ જ ન રહ્યો, દર રવીવારે લાલન સાહેબ જાહેર વ્યાખ્યાન આપતા અને તે સાંભળવા કોડાય-માંડવી વગેરેના હજારો નર નારીઓ આવતા.

પંડિતજી કહેતા કે મારો જન્મ કચ્છ-માંડવીમાં થયો છે, એથી કચ્છ પ્રત્યે ખૂબ આકર્ષણ છે. એ વાત પુષ્ટિ માટે લાલન સાહેબનો કોડાયના શ્રી રામજીભાઇ રવજી લાલન ઉપર લખેલો પત્ર વાંચવા જેવો છે.

સાધકસદન, સોનગઢ
તા. ૨૭-૩-૧૯૫૧

આત્મ પ્રિય જૈન ધર્મ રૂપી શાસન ઉપરાંત સહકુટુંબ બંધુ રામજીભાઇ રવજીભાઇ લાલન, મંગલમય આશીષ સાથે લખવાનું કે:—

તા. ૧ લી એપ્રીલ રવીવારે લાલનનું શારીરીક વય ૬૪ માં વર્ષમાં પ્રવેશ કરશે કારણ કે એના બાલચક્ષુ

કચ્છ માંડવીનાં પ્રકાશમાં ૧૯૧૪ ના મધ્યાન્હે આ જગતનો પ્રકાશ જોવાને ઉઘડ્યા.

માતુશ્રી કહેતા હતા કે એક નાની માચીમાં તને સુવાડ્યો. પાસે એક દીવો રાખ્યો હતો અને એના પ્રકાશમાં આસપાસ જોતાં હસ્યા કરતો હતો. મને એ પ્રમાણે જોઈ તેઓ પણ આશ્ચર્યથી આનંદ પામવા લાગ્યા અને કહ્યું કે "બીજા છોકરાઓ તો જન્મીને રડે છે અને આ છોકરો હસે છે–રાજી થાય છે, આ છોકરો અમને રાજી કરશે."

મંગલેચ્છુ,
લાલન

પંડિતજી એક વખત એમ પણ બોલી ગયા કે હું અંચલગચ્છનો છું. વીશા ઓશવાલ છું. લાલન મારૂં ગોત્ર છે, મારી કુંડલીમાં લખ્યું છે કે—

"હું ધનવાન નહિ થાઉં પણ જ્ઞાનવાન થઈશ તેથી મારા પિતા મને ભણાવવાને રાજી ન હતા એથી હું મારા પિતાજી સૂઈ જતા. પછી મરજીદ બંદરના પુલ ઉપર મ્યુનીસીપાલીટીના ફાનસ નીચે બેસી અભ્યાસ કરતો. આ રીતે રાત્રે ગુલાલવાડીથી દસ વાગે આવતો અને બાર વાગ્યા સુધી અભ્યાસ કરતો." તેમણે એક વખત એમ પણ કહેલું કે "મેં સુરેંદ્રનાથ બેનરજીને સાંભળ્યા ત્યારે પ્રતિજ્ઞા કરી કે મારે એમના જેવું બોલતાં શીખવું છે. મતલબ કે મારે વક્તા થવું છે." તેમનામાં સમભાવ સહજ હતો. તેમણે ઘણી વાર નીચેની ગાથા કહેલી.

" आसंवरो वा सेयंवरो वा, बुधो वा अहव अन्नो वा;
समभाव भावी अप्पा, मुखं लहेइ न संदेहो. "

મતલબ કે શ્વેતાંબર હો કે દીગંબર હો, બુદ્ધ હો કે અન્ય હો. જેનો આત્મા સમભાવથી ભાવીત છે તે મોક્ષે જશે એમાં સંદેહ નથી. " એક વખત તેમણે કહેલું કે–

सर्वतो जय माकांक्षेत्, पुत्रात् शिष्यात् पराजयम् ।

મતલબ કે પુત્ર અને શિષ્યને પોતાથી સારા બનાવવા. "

એક વખત તેમણે કહેલું કે—

" वक्तुरेव तद्जाउडत्यं, यत्र श्रोता न प्रबुध्यते. "

મતલબ કે શ્રોતા બોધ ન પામે તો માનવું કે વક્તામાં જડતા છે. " દોષદૃષ્ટિ તેમને ગમતી ન હતી તેઓ કહેતા કે " દોષ જોનારો કાગડો છે અને ગુણ જોનારો હંસ છે. " તેઓ કોઇની પણ નિંદા નહિ કરતા.

તેઓમાં નિઃસ્પૃહતા સહજ હતી. તેઓ શ્રીમંતોની ખુશામત નહિ કરતા અને તેમના પ્રત્યે દ્વેષ પણ નહિ રાખતા. તેમની પ્રભુ શ્રી વીર અને જિન આગમોમાં અંતરની શ્રદ્ધા ભક્તિ હતી. તેઓ અમેરીકાના પોતાના અનુભવો ઘણીવાર કહી સંભળાવતા. તેમનામાં ઉત્સાહ ખૂબ હતો તેઓ કર્મને માનતા છતાં ઉદ્યોગ તેમને સહજ હતું. યોગ-દૃષ્ટિના તે ખૂબ અભ્યાસી હતા. તેમણે યોગ સાધના તો કરી હતી પણ યોગ વિષે તેમનો અભ્યાસ ઘણો જ ઊંડો હતો. તેઓ યોગશાસ્ત્રના વેત્તા હતા.

★

બે ગ્રંથરત્નો

[૧૨]

પંડિત લાલનને યોગનો કેવો ઉંડો અભ્યાસ હતો. તથા તે કેવા પ્રકાન્ડ વિવેચક હતા તે તેમના મળી આવેલા બે પુસ્તકો ઉપરથી જોઇ શકાય છે.

પંડિતજીએ શ્રીમદ્ આચાર્ય શ્રી શુભચંદ્ર વિરચિત યોગપ્રદીપના સાર ભૂત શ્રી શુદ્ધોપયોગ સહજ સમાધિનું પુસ્તક આજથી ૫૯ વર્ષ પહેલા સને ૧૯૦૧ સંવત ૧૯૫૭ માં ભાઈશ્રી ગાંગજીભાઈ હેમરાજ તરફથી મુંબઈમાં પ્રકાશિત કરવામાં આવ્યું હતું.

આમાં પંડિતજી જણાવે છે કે—

પરમાત્મ દર્શનનો સુગમ માર્ગ બહિરાત્મ ભાવ છોડી અંતર આત્મ ભાવ ગ્રહી, આ એક જ લીટીમાં તેમણે પુસ્તકનું રહસ્ય મૂકી દીધું છે. ઉપોદ્ઘાતમાં આત્મ સ્વરૂપ જાણવા માટે અંતર આત્માની ઓળખાણ આપે છે, તેમજ પરમાત્માનું સ્વરૂપ વર્ણવે છે અને યોગના અભ્યાસ માટે એક પછી એક પગથીયાં દર્શાવે છે. તેમાં ઇંદ્રિયોને બહારના વ્યાપારો કરતાં અટકાવી અંતઃ પ્રવેશ કરવા પ્રેરે છે

અને પ્રવેશ થતાં અંતર આત્મા થવાય છે. પછી તો પરમાત્મ દર્શનની કુંચી બતાવતા જયેાવિ દર્શન અંતરાત્મામાં પ્રતિબિંબ રૂપે કેમ દેખાય તે દર્શાવે છે.

આ સમજાવવા એક મનેાહર કલ્પના આવે છે, એક કુંડમાં જળ પરિપૂર્ણ ભરેલું છે, તેની વચ્ચે કુવારેા છે, કુવારાને મથાળે છિદ્રો છે, તેમાં જળ કણેા ઉડે છે. એજ રીતે આત્માનું અનંત શક્તિ રૂપી જળ મનરૂપ કુવારામાં થઇ ઇંદ્રિયેા રૂપ છિદ્રમાંથી નીકળી બહાર આવતું જણાય છે, એથી જ આત્માની બહાર આવેલી શક્તિઓને બહિરાત્મા પેાતાની માની રહ્યો છે અને કુંડમાં ભરેલું અનંત શક્તિરૂપી જળ તેને દેખાતું નથી. હવે જો અંતરાત્મા થઇ, ઇંદ્રિય દ્વારમાંથી નીકળતું જળ અને કુંડમાં ભરેલું જળ એ ઉભય દેખાઇ રહે તેા સકળ શક્તિ રૂપ જળમાં એકાત્મતા થઇ રહે અર્થાત્ અંતરાત્મા પરમાત્મા રૂપ થઈ જાય.

આત્મા અખંડ છે એ વિષે પંડિતજીએ અમેરિકાના ચિકાગેાનગરમાં પેાતાની પાસે અભ્યાસ કરતી મિસીસ નેારાપેટ્રી નામની એક બહેનના પ્રશ્નનેા જે જવાબ આપ્યેા છે, તે ખૂબ સમજવા જેવેા છે.

મિસીસ નેારાપેટ્રીએ કહ્યું,' મને મારા પતિમાં પતિભાવ, મારી પુત્રી ઇલામાં પુત્રીભાવ, મારામાં નેારાભાવ, એમ હેાવાથી પ્રેમ વહેંચાઇ જતેા નથી શું ! તમારામાં બંધુત્વ ભાવ આવવાથી તેા ચાર ભાગમાં વહેંચાઇ જાય છે. એમ એક જ પ્રેમની ચાર સંખ્યા થઇ, હવે સર્વ મનુ-

જ્યોમાં અને સર્વ જંતુઓમાં જો હું પ્રેમ રાખું તો આખા વિશ્વમાં જેટલી વ્યક્તિઓ છે તેટલા પ્રેમના ખંડ થઇ જાય.

પ્રશ્નનો ઉત્તર પંડિતજી કેવી ખુબીથી આપે છે, તે જોઇએ.

બહેન નોરા ! એમ નથી. જ્યારે બહેન ! હું તારી સન્મુખ જોઉં છું ત્યારે અરૂપી અખંડ પ્રેમ તારામાં **ભગિનીભાવ** પામે છે. જ્યારે મારા બનેવી તરફ જોઉં છું, ત્યારે તેજ અરૂપી અખંડ પ્રેમ પોતાનું સ્વરૂપ બદલી આખો ને આખો **બનેવીભાવ** પામે છે, જ્યારે ઇલા તરફ જોઉં છું ત્યારે તેજ પ્રેમ આખો ભાણેજભાવ પામે છે. તેમજ સકળ જંતુમાં પ્રેમ રાખવો, એટલે સમયે સમયે પ્રત્યેક વ્યક્તિમાં, આખો ને આખો જ તે પ્રેમ હોય, પણ તેના ખંડ થઇ શકે જ નહિ. એટલે તેની સંખ્યા પણ થાય જ નહિ. જેમ પ્રેમ અવિભાજ્ય છે તેમ આત્મા પણ અખંડ છે. ઉપનિષદ પણ એમ કહે છે કેઃ-પૂર્ણમિદં પુર્ણમદઃ, પૂર્ણાત્પુર્ણમિદમુરચ્યતે; પૂર્ણસ્ય પૂર્ણમાદાય, પૂર્ણમેવા વશિષ્યને-એ પૂર્ણ છે. આ પણ પૂર્ણ છે. પૂર્ણમાંથી પૂર્ણ આવે છે, પૂર્ણમાંથી પૂર્ણ લેતાં પૂર્ણ જ અવશેષ રહે છે.

સહજ સમાધિના ૧૦૩ શ્લોકોનું વિવેચન પંડિતજીએ બહુ સુંદર રીતે આપ્યું છે. એક એક શ્લોકના અર્થ ઉપરાંત દરેકનું વિવેચન પણ દૃષ્ટાંતો સહિત વિસ્તારપૂર્વક આપ્યું છે. પંડિતજીની વિદ્વતા, વિવેચન શક્તિ તથા આત્મજ્ઞાનની પિપાસાના આ પુસ્તકમાં દર્શન થાય છે.

૮૫ મા શ્લોકમાં આ સહજ સમાધિ પુસ્તકનું દોહન આપતાં વિવેચનમાં પંડિતજી શું ઉદાત્ત વિચારો દર્શાવે છે ?

આ ગ્રંથનું દોહન એટલે સાર એ જ છે કે પુદ્ગલાનંદી મટી આત્માનંદી થવું અને પોતે જે જે અંશે પુદ્ગલાનંદી મટતો જશે તેમ તેમ તે પોતાના ભવભ્રમણ ઘટાડતો જશે. અને આત્મનિશ્ચય કરી જ્યારે જાગૃત કે સ્વપ્નમાં પણ પુદ્ગલાનંદ ન થાય અને પોતાના સ્વભાવમાં (પછી આજથી-કાલથી કે ૧૦૦ વર્ષ પછીથી કે કરોડ વર્ષ પછી પણ) રહે ત્યારે તેને અવશ્ય ભવનો છેડો બહુ જ નજીક આવી પરમાનંદ પદ પામવાનું સુલભ થઇ જશે.

એવું બીજું પુસ્તક દિવ્ય જ્યોતિદર્શન છે જેમાં જૈન ધ્યાન યોગ વિધિ આવે છે. તે આજથી પચાસ વર્ષ પહેલાં સં. ૧૯૬૫ માં મુંબઇમાં પ્રકાશિત થઇ છે. આ પુસ્તક તો તદ્દન નાનકડું છે. માત્ર ૯૦ પૃષ્ઠો છે પણ પંડિતજીએ ક્રિયા-યોગ, ધ્યાનયોગ તથા સમાધિયોગનું સુંદર વર્ણન આપીને સંયમ વિધિ તથા ભાવનામય આપેલ છે. સંયમથી થતા અપૂર્વ લાભો દર્શાવ્યા છે અને કાવ્યરત્નો તેમજ આધ્યાત્મિક ભજનો આપી જ્યોતિદર્શન કેમ સહજ રીતે શાંતિથી પ્રાપ્ત થાય તેનું દૃષ્ટાંતો સહિત સુંદર વિવેચન કર્યું છે.

આજે આ યુગમાં દિવ્યાનુભવ કે દિવ્ય જ્યોતિદર્શન કેમ થાય ! સાક્ષાત્કાર કેવી રીતે શક્ય છે. આ દિવ્યાનુભવ કોઈ ભાગ્યશાળી પુણ્ય પુરૂષને આખા જીવનમાં એક વાર પણ વીજળી જેટલો ઝબકારો થયો તો તેનું આખું જીવન

બદલાઈ જાય. જીવનનું સાચું દર્શન મળી જાય. તેનું જીવન ધન્ય ધન્ય બની જાય.

સર્વ શાસ્ત્રોની ઉચ્ચમાં ઉચ્ચ ભાવના આ જ્યોતિ-દર્શન કરાવી મહાત્મા પુરૂષને જે દર્શન થયું તે માનવ બાંધવોને સાક્ષાત્ દર્શન કરાવવું એ છે. ધ્યાનયોગ, ચિંતન-મનન, નિદિધ્યાસન સંયમ, શુદ્ધ ચારિત્ર, ઉચ્ચ વિચારો, ઉચ્ચ મહેચ્છાઓ અને પવિત્ર જીવનથી દિવ્ય જ્યોતિના દર્શન શકય છે અને એકવાર પણ તેનો સાક્ષાત્કાર થયો તો 'પૂર્વનું' જીવન અને દર્શન થયા પછીનું જીવન એવું તો નિર્મળ–જ્યોતિર્મય દિવ્ય જીવન થાય છે કે એ મહા માનવ બને છે. ભૂત-ભવિષ્ય વર્તમાનનું જ્ઞાન તેને સહજ થાય છે. તે પ્રાણી માત્રના કલ્યાણની ભાવના ભાવે છે. સંસારના વ્યાપારોથી એ પર હોય છે. તેના મનોરાજ્યમાં ઉદ્યનો થાય છે. તેવા મહાન આત્માને પૂર્ણ પ્રકાશ પ્રાપ્ત થાય છે અને આ કોઈ અશકય નથી જ નથી.

આ જ્યોતિના દર્શન તો દૂર રહ્યાં પણ તેની ઝાંખી થનારને પણ પોતાનું જીવન આનંદમય–જ્ઞાનમય થાય છે–અપૂર્વ બળ, અપૂર્વ જ્ઞાન અને અપૂર્વ આનંદ તેમજ અપૂર્વ શાંતિ અનુભવગમ્ય થશે.

એટલું જ નહિ પણ તેની પ્રતીતિ આસપાસ વસતા બધાને થશે. ઉપરાંત પશુ–પક્ષી આદિ પણ આ મહા ભાગ્યવાનના સમાગમમાં આવતાં અપૂર્વ શાંતિ અનુભવતાં જણાશે. આ વિષમકાળમાં આત્મદર્શન નહિ હોય તેમ

માનનારા ઘણા છે પણ આ બધા ભાઇ-બહેનોને પંડિતજી પ્રેમભાવે સમજાવે છે કે આ દિવ્ય જ્યોતિના દર્શન માટે તમે પ્રયત્નશીલ તો બનો અને અચીત આ ભવમાં જ તમારૂં કલ્યાણ એ જ્યોતિદર્શન વડે સાધી શકશો જ તેમાં શંકા નથી જ નથી.

પંડિતજીએ તો આપણા મહામંગલકારી નવકારમંત્રના જાપથી તેનું વિવેચન શરૂ કર્યું છે અને દરેક પદોમાં જે ચમત્કાર છે તે દર્શાવ્યો છે. પછી ૐકાર પદનો જાપ-ૐકારનો અર્થ આપીને કેમ કરવો તે સરળ રીતે દર્શાવેલ છે. ૐકારનો જાપ ભક્ત-દાસ ભાવે, પુત્ર ભાવે, યુવરાજ ભાવે તેમજ સોહં ભાવે એટલે રાજા ભાવે કરવા સ્પષ્ટતા કરી છે.

પંડિતજીએ શત્રુંજય તીર્થયાત્રા અને આપણા અંતરમાં રહેલા શત્રુઓનો મન વચન કાયાએ જય કરવાનો પ્રકાર પણ દર્શાવ્યો છે. પછી પંડિતજીએ સમોવસરણની ભાવનાનું પણ સુંદર વર્ણન આપ્યું છે, તેમાં પ્રભુના ખૂબ ગુણોનું નિરક્ષણ કરવાની ભાવના પણ દર્શાવી છે. પરમાત્માની ભાવના કરતાં ગૌતમસ્વામીની પેઠે પ્રભુ ગુણના સ્તવના કરવી. અને પોતાનામાં પ્રભુગુણ સંપૂર્ણપણે પ્રગટે એવી ભાવના રાખી ' અનંત વિજ્ઞાન ' શ્લોકનું અર્થ તથા ભાવ સહિત ચિંતન કરવાનું પંડિતજી દર્શાવે છે.

પરમાત્મામાં જે શુદ્ધ સ્વરૂપ છે તેવું જ પોતાના અંતર આત્મામાં રહેલું પરમાત્માનું સ્વરૂપ છે. અરે તે જ હું છું સૌહં રૂપ છું એમ સોહં ભાવે ભાવના કરવી તેમ દર્શાવે છે.

આ ઉપરાંત ગુરૂ નમસ્કાર, પ્રતિક્રમણ મૈત્રી-કરૂણા આદિ ભાવના, આસન અને પ્રાણાયામ વગેરેનું સરળ વિવેચન સમજાવ્યું છે, ધ્યાન સમાધિ અને અંતરંગ યોગ અથવા સંયમને સાધવા કેવી કેવી ભાવનાઓ ભાવવી તેનું પણ નિરૂપણ કર્યું છે.

પંડિતજીએ છેલ્લે કેટલાંક અધ્યાત્મ ભજનો આપ્યા છે તે મનનીય છે અને દિવ્ય જ્યોતિના દર્શન કેમ થઇ શકે, સાક્ષાત્કાર કેમ થાય તે વિષે આ નાનકડી પુસ્તિકામાં સરળ રીતે દર્શાવેલ છે.

પંડિતજી કેવા યોગ વિદ્યાના જાણકાર ને કેવા વિવેચક તથા દૃષ્ટા હશે તે આ પુસ્તિકા ઉપરથી જાણી શકાય છે.

ગુણોનું બહુમાન

[૧૩]

મને જ્યારે કચ્છ-નલીયામાં મારી અઢાર વર્ષની ઉમ્મરે પૂજ્ય માલશીભાઇ લોજરાજ મલ્યા ત્યારે તેમની પાસેથી હું એક જ વાત શીખ્યો અને તે ગુણોનું બહુમાન-ગુણોની પૂજા. પૂજ્ય લાલન મને મલ્યા ત્યારે મારી ઉમ્મર ૨૦ વર્ષની હતી. મેં તેમની સ્તુતિના કેટલાક કાવ્ય બનાવ્યા. પછી જ્યારે શ્રીમદ્ રાજચંદ્રનાં વચનામૃતોનું પાન કર્યું ત્યારે તેમનાં કેટલાંક કાવ્યો બનાવ્યા. તે પછી મહાત્મા ગાંધીજી મલ્યા ત્યારે તેમના કાવ્યો બનાવ્યા. અને શ્રી અરવિંદ અને મીરામાનાં દર્શન કર્યા તો તેમના કાવ્યો બનાવ્યા.

મુંબઇમાં પૂજ્ય મોહનલાલજી મહારાજની જયંતિ ઉજવાઈ ત્યારે તેમનું કાવ્ય બનાવ્યું. તેજ રીતે ગુજરાનવાળામાં પૂજ્ય વિજય વલ્લભસૂરિની જન્મ-જયંતિનો ઉત્સવ થયો ત્યારે તેમનું કાવ્ય બનાવ્યું. ગોધરામાં તિલક મહારાજ આવ્યા તો તેમનું કાવ્ય બનાવ્યું. મુંબઇમાં દાદાભાઈ નવરોજીની જયંતિ નિમીત્તે દાદાભાઇનું કાવ્ય બનાવ્યું. આ સાધુ છે કે ગૃહસ્થ છે એ મેં જોયું નહિ. અત્યારે મારી ૭૯ વર્ષની ઉમ્મર છે. આજ સુધી મને એ

વાત સમજાઇ નથી કે મુનિના ગુણ ગાવા અને ગૃહસ્થીનાં નહી ગાવા. હું તો એક જ વાત માનું કે—ગુણાઃ પૂજા સ્થાનં ગુણીષુ ન ચ લિંગં ન ચ વયઃ

અર્થાત્ પૂજાનું સ્થાન ગુણો છે. લિંગ કે વય એ પૂજાનું સ્થાન નથી.

શ્રીમદ્ રાજચંદ્રનાં વચનામૃતો વાંચવા માટે જેમ જેમ મુનિઓ મના કરતા ગયા તેમ તેમ તે વધારે વંચાતા ગયા. ગુજરાતમાં હજારો પાટીદારો તો શ્રીમદ્ને ભગવાન માને છે. તેમને કોણ રોકી શકે છે. જૈનધર્મ એ વિશ્વધર્મ થવાને સર્જાયેલો છે પણ તેને ઉપાશ્રયથી બહાર જવા જ નથી આપતા. કહે છે કે—

અયં નિજ પરો વેત્તિ ગણના લઘુ ચેતષાં,
ઉદાર ચરિતાનાં તુ વસુધૈવ કુટુંબકં.

સવી જીવ કરૂં શાસન રસી,
અસ્સી ભાવ દયા મન ઉલ્લસી.

એ કહેનાર પ્રભુવીર કયાં? અને અમે તપગચ્છના છીએ અમે ખડતર ગચ્છના છીએ એ કહેનારા આજના મુનિઓ કયાં?

પૂજ્ય લાલનનું અંતઃકરણ વિશાળ હતું. તેમના અંતરમાં મતાગ્રહનો છાંટો પણ ન હતો. પંડિતજીની માનસિક અવસ્થા ઘણી ઉચ્ચ હતી.

ભક્તરાજ શૂરદાસજી કહે છે કે—

હમ જાને હમહીંપે બીતી,
એક દિના સબહીંપે બીતી.

સર **વિસનજી** ત્રીકમજીને ધંધામાં મોટી ખોટ ગઇ. તેમના વાલકેશ્વરનાં બંગલા-માંડવી ઉપરના બે માળા મોટરો, ગાડીઓ, ઘોડાઓ સર્વે લીલામ થઇ ગયા.

તેઓ અંધેરીમાં ભાડે રહ્યા. પૂજ્ય પંડિતજીની દીનચર્યા બહુ જ ઠીક ચાલતી હતી. તેઓ દરરોજ પ્રભુનું પૂજન કરી શકતા હતા. અને સામાયક પણ ૨-૩ કરી લેતા તેમજ સર વિસનજીના પત્નીને અને બાળકીઓને ધાર્મીક શીક્ષણ પણ આપતા. ધ્યાન કરાવતા. એ બધું ઠીક ચાલતું હતું. સર વિસનજી શેઠનો મામલો બગડ્યો એટલે પૂજ્ય પંડીતજી માટે મેં ભક્તાત્મા **શ્રી વીસનજીભાઇ જેતશી** અને **વેલજીભાઇ મેઘજીને** પત્રો લખ્યા તેમણે કંઇક મદદ કરી અને કંઇક સ્નેહી વર્ગ પાસેથી કરાવી પંડીતજીને મહીને રૂા. ૧૦૦ એકસો મળી જતાં અને તેમનું ગાડું ગબડવા લાગ્યું.

તેઓ જ્યારે વાલકેશ્વરમાં સર વીસનજીના બંગલામાં રહેતા હતા ત્યારે તેમને ઘમંડ ન હતું અને લાલવાડીની ઓરડીમાં રહેવું પડયું તો તેમને દીનતા ન આવી. સુખમાં કે દુઃખમાં, અનુકુલતામાં કે પ્રતિકુલતામાં તેઓ એક સરખા રહી શકતા. તેમનો એ સ્વભાવ થઇ ગયો હતો. તેઓ સર વીસનજી સાથે ફસ્ટ કલાસમાં પ્રવાસ કરતા અને મારી સાથે કચ્છમાં પ્રવાસ કરતા ત્યારે બેલગાડીમાં ફરી શકતા.

સર વીસનજીને ત્યાં જમવામાં અનેક વાનગીઓ મળતી અને કચ્છમાં ખીચડી અને બાજરાના જાડા રોટલા મળતા તો તેમાં તેઓ મોજમાં રહી શકતા. તેઓ મહીનાના મહીનાઓ કચ્છ કોડાયમાં કુમારી પાનબાઈ પાસે રહેતા અને ભુજપુરમાં ભાઈ વેલજી મેઘજીને ત્યાં રહેતા. તેમનો સત્સંગ સૌને પ્રિય થઈ પડતો. તેઓ બાળક પાસે બાળક જેવા અને વૃદ્ધ પાસે વૃદ્ધ જેવા થઈ શકતા. ખુશ રહેવું અને ખુશ રાખવું એ તેમને સહજ હતું. તેમના જીવનમાં એ વણાઈ ગયું હતું.



મુંબઇની શ્વેતાંબર જૈન કોન્ફરન્સ

સંવત ૧૯૫૯

[૧૪]

મુંબઇમાં શ્વેતાંબર મૂર્તિપૂજકની બીજી કોન્ફરન્સ બહુ જ ધુમધામથી મળી. કચ્છી, કાઠીયાવાડી, ગુજરાતી કે દક્ષીણીના ભેદ ન હતા. અંચલગચ્છ, તપગચ્છ કે ખરતરગચ્છના ભેદ ન હતા. ધનવાન કે ગરીબ, નાના કે મોટા ભણેલા કે અભણ જેને જુઓ તે પ્રસન્ન દેખાતા. સભામંડપમાં દસ હજારથી વધારે નર–નારીઓનો સમુદાય ભરાયેા હતેા.

સભાના વચ્ચે વક્તાઓ માટે વ્યવસ્થા હતી.

શ્રોતાઓ એકાગ્રહ ચિત્તે સાંભળતા હતા. પ્રો. **નથુ મંચ્છાચંદ** અને **શ્રી અમરચંદ પી. પરમાર**ના વ્યાખ્યાનો સૌને ગમ્યા. હવે પંડીત લાલનનેા વારેા આવ્યેા. તેઓ સાડા ચાર વર્ષ સુધી અમેરીકામાં અહિંસાનેા પ્રચાર કરી આવ્યા હતા. તેમના હાથમાં એક જીર્ણ પાનું હતું. તેમણે જિન આગમેાની હાલત વર્ણવી. જે આગમેાથી જિન શાસન દીપે છે તે આગમેા ઉધઈના ભેાગ થઈ રહ્યા

છે. તેઓ જેમ જેમ બોલતા ગયા તેમ તેમ શ્રોતાઓ મંત્રમુગ્ધ બનતા ગયા. તે જ વખતે જોતજોતામાં લાખ-સવાલાખ રૂપીયા ભેગા થઇ ગયા.

લાલનસાહેબનું ભાષણ સમાપ્ત થયું અને વ્યાસ-પીઠથી નીચે ઉતરતા હતા અને તાળીઓના ગગડાટ શરૂ થયા. દરેક શ્રોતાના અંતરમાં લાલનનું સ્થાન થઈ ગયું. એમ લાગતું હતું કે મુંબઇની કૉન્ફરન્સ એ લાલનની કૉન્ફરન્સ જ હતી. પ્રત્યેક કૉન્ફરન્સમાં પં. લાલનને સાંભ-ળવા ઉત્સુકતા રહેતી અને તેઓ જ્યારે ઉભા થાય ત્યારે હર્ષના પોકારો થતા અને પંડિતજી પોતાની લાક્ષણિક છટાભર્યા વક્તૃત્વથી સભાને મંત્રમુગ્ધ કરી દેતા.



દક્ષિણ મહારાષ્ટ્ર જૈન પરિષદ

[૧૫]

આડત્રીશ વર્ષ પહેલાં સં. ૧૯૭૭ માં ૧૯૨૧-૧૧-૧૨-૧૩ જૂનના દિવસોમાં એક સભામાં શ્રી દક્ષિણ મહારાષ્ટ્ર જૈન શ્વેતાંબર પ્રાંતિક પરિષદ ભરવામાં આવી હતી. મહારાષ્ટ્રના ભાઇઓનું સંમેલન મળે. આસપાસના ભાઇઓ પરિષદમાં આવે. બહેનો પણ હાજરી આપે અને સમાજને ઉપયોગી ઠરાવોનો વિચાર વિનિમય કરી રચનાત્મક કાર્ય કરે એ ભાવના આ પરિષદ પાછળ હતી.

૫૦૦ જેટલા પ્રતિનિધી ભાઇઓની હાજરી હતી. બહેનો પણ ૧૨૫ જેટલી આવેલ હતી. મંગલાચરણ અને સ્વાગત ગીતો થયા બાદ અધ્યક્ષ શ્રી કેતેહચંદ કપુરચંદ લાલનના ગૌરવનું ગીત બાળકોએ ગાયું હતું. સાથે પ્રતિનિધીઓને પણ દેશ જ્ઞાતિની ઉન્નતિ તથા સ્ત્રી-શિક્ષણ સંપ તથા સુધારા માટે વિનંતિરૂપ ગીત ગાયું હતું. પંડિતજીએ પોતાને પ્રમુખસ્થાન આપવા બદલ શ્રી સંઘની આજ્ઞા માથે ચઢાવીને સંઘની અમીદૃષ્ટિની પ્રશંસા કરી શાસનદેવને પરિષદનું કાર્ય નિર્વિઘ્ને સંપૂર્ણ ફરાવવા પ્રાર્થના કરી હતી.

પ્રમુખ શ્રી લાલન સાહેબનું મનનીય વ્યાખ્યાન આજે પણ આપણને પ્રેરણા આપી જાય છે.

આત્મપ્રિય ભાઈઓ અને બહેનો,

આ પરિષદનું પ્રમુખ સ્થાન આપવા માટે હું શ્રી સંઘનો હાર્દિક આભાર માનું છું. હું પ્રમુખ થયો એટલે છડીદાર થયો. હું આપ સૌની આજ્ઞાથી તે સ્વીકારું છું. પહેલાં પણ પરિષદો હતી પણ તેને 'સંઘ' ના નામે સંબોધતા હતા. બીજા સમાજોની પરિષદ ભરાય અને સમૃદ્ધ ગણાતો જૈન સમાજ પોતાના સમાજ સંઘની પ્રગતિ માટે વિચાર ન કરે-પરિષદ ન ભરે તેનું મને આશ્ચર્ય થાય છે. સંઘની સ્થાપના કરનાર તીર્થંકર મહારાજ સંપૂર્ણ જ્ઞાની– તેના જ પુત્રો જ્ઞાન વગરના માત્ર વ્યાપાર ખેડનારા તે કેમ બને!

સમાજના ઉદય માટે પરિષદોની જરૂર છે. આવી પરિષદોથી આપણે એકબીજાના પરિચયમાં આવીએ છીએ. સમાજના પ્રશ્નો વિચારીએ છીએ અને સમાજ આગળ આવે તે માટે ઠરાવો કરીએ છીએ. આ પરિષદોથી ઉન્નતિ થવા લાગી છે. આપણા કેટલાક જ્ઞાનભંડારો ઉઘડ્યાં છે. કેટલીક જ્ઞાનપ્રચારક સંસ્થાઓ નીકળી છે, જ્ઞાનમંદિરો થવા લાગ્યાં છે. જૈન શાળાઓ ઉઘડી છે. ગુજરાત, સૌરાષ્ટ્રમાં આ બધાં કાર્યો થવા લાગ્યા છે પણ મહારાષ્ટ્ર દક્ષિણ પાછળ હતું. આજે આ પરિષદ દ્વારા આપણે મંગળ મુહૂર્ત કરીશું તે જોઈ આનંદ થાય છે.

આવા કાર્યનો આરંભ કરીને જ બેસી રહેવાનું નથી. એમાં સૌથી પહેલાં જીવન મૂકવાની જરૂર છે. ઉપરાંત કાર્યવાહકોએ આપણાપણું ભૂલી પરાર્થે જીવન ગાળવું ઘટે છે. આપણે ભેદભાવ ભૂંસી નાખી મહાવીર પિતાના પુત્રો સમાન છીએ એમ વર્તવું જોઇએ. જ્યારે આમ થશે ત્યારે જ સમાજની ઉન્નતિ થશે.

પ્રેમ એ એવી વસ્તુ છે કે જેને આધીન સહુ છે. એ પ્રેમ અથવા ભક્તિથી જ સમાજ આગળ વધી શકશે. આવાં ઉત્થાનના કાર્યોમાં જ્ઞાનની દૃષ્ટિથી નહિ પણ પ્રેમ અને ભક્તિની દૃષ્ટિથી રસપૂર્વક સહાયતા કરવી જોઇએ. પ્રેમ અને જ્ઞાનના પાયા ઉપર જૈન ધર્મનું મંદિર ચણવાનું છે એ ખ્યાલમાં રાખવું જોઇએ.

લંડન જેવા વિશાળ નગરમાં સર્વ જીવો તરફ બંધુ-ભાવ રાખનાર અને જૈન સાહિત્યનો અભ્યાસ કરનાર એવાં મંડળો સ્થપાયાં છે તે પરિષદને આભારી છે. તમે આજે એવી પરિષદનો આરંભ કર્યો છે. પરિષદના થયેલા ઠરાવોનો અમલ થવો જોઇએ. તે માટે આંદોલન શરૂ રાખવું જોઇએ. નહિ તો ઠરાવો કરવાનો શો અર્થ છે! ઠરાવોના બદલે પ્રતિજ્ઞાઓ કે પચ્ચક્ખાણ લેતા આપણે થઇ જઇએ તો સમાજનો ઉત્કર્ષ થવામાં વાર શી!

પંડિત લાલનસાહેબના નેતૃત્વ નીચે નાગપુરની મહા-સભાએ હિંદી પ્રજાને માટે સ્વીકારેલું સ્વરાજ્યનું ધ્યેય સ્વીકારવાનો શ્રી સુશીલ તથા શ્રી દેશભક્ત દેશપાંડેનો

ઠરાવ મહાત્મા ગાંધીજીના જયનાદો વચ્ચે પસાર થયો હતો. આ ઉપરાંત શુદ્ધ સ્વદેશી વસ્ત્ર વાપરવા તથા શુદ્ધ સ્વદેશી વસ્તુઓ વાપરવાનો ઠરાવ થયો હતો અને પ્રમુખશ્રીએ તો પોતાના અસરકારક વિવેચનથી સ્વદેશી વસ્ત્રો માટે કેટલાક ભાઇ-બહેનો પાસે પ્રતિજ્ઞા લેવરાવી હતી.

વિશેષમાં ધાર્મિક શિક્ષણ માટે પાઠશાળાઓ જગ્યાએ જગ્યાએ ખોલવા તથા વ્યવહારિક શિક્ષણનો પ્રચાર કરવા તથા જૈન કેળવણી-મંડળ જેવી સંસ્થા સ્થાપવા અનુરોધ થયો હતો. તેમજ કન્યાવિક્રય, બાળલગ્ન-વૃદ્ધવિવાહ આદિ રિવાજોનો નાશ કરવાનો તેમજ ખોટા ખર્ચ અટકાવવા અને મૃત્યુ પાછળના રડવા-કુટવાના રિવાજો બંધ કરવાના ઠરાવમાં મેં પણ જોરશોરથી આ લોહી પીતા રીવાજોને નાબૂદ કરવા અસરકારક વ્યાખ્યાન આપ્યું હતું.

અહિંસા ધર્મના અનુયાયીઓએ હાથીદાંતની ચુડીયો, રેશમી વસ્ત્ર, ચામડાના પૂંઠાનો વપરાશ બંધ કરવા તેમજ દેવ-દેવીઓના નામે થતાં બલિદાનો બંધ કરવાનો ઠરાવ થયો હતો. એટલું જ નહિ પણ મુસલમાનભાઇઓએ ગૌવધ બંધ કરવા માટે અભિનંદનનો ઠરાવ પણ શ્રી સુશીલ તથા મેં રજુ કર્યો હતો.

આ પરિષદની કાર્યવાહી જોતાં પ્રમુખ સ્થાનેથી પંડિત લાલને એ સમયમાં સમાજની જાગૃતિ માટે કેવા જોરદાર ઠરાવો કરાવ્યા હતા તેની પ્રતિતી થાય છે.

ઉપસંહાર કરતાં પ્રમુખ શ્રી પંડિત લાલને જણાવ્યું

હતું કે આપણા જ્ઞાન પ્રમાણે આપણે ઠીઠ ઠીક ઠરાવો કર્યા છે. અને દક્ષિણ મહારાષ્ટ્રના સદુદ્ધાર માટે તે જરૂરી છે. આપ સૌ આ ઠરાવોને અમલી બનાવવા કટિબદ્ધ થાઓ. દેશની આઝાદીમાં મહાત્મા ગાંધીજીના આદેશ પ્રમાણે આપણે સક્રિય ફાળો આપીએ અને પ્રભુને પ્રાર્થના કરીએ કે હે પ્રભુ! તમારૂં બળ અમારામાં ઉતાર, આપણે કરેલા ઠરાવરૂપી બીજો આપણે વાવ્યાં છે. તેનાં ફળો આવેલાં જોઇશું ત્યારે તેનું મહત્વ સમજાશે. પરંતુ તેમાં જીવન લાવવું જોઇશે. જાગૃતિ રાખવી જોઇશે અને રચનાત્મક કાર્ય કરવું જોઇશે. પોતાના મનાયેલા આભારનો જવાબ આપતાં પંડિતજી ગળગળા થઇ ગયા હતા. જૈન શાસનનો જય જયકાર અને અહિંસા પરમોધર્મના જયઘોષથી પરિષદની પૂર્ણાહુતી થઇ હતી.

પરિષદ પૂર્ણ થયા પછી એકસંબાના શ્રી સંઘ તરફથી પંડિત લાલનસાહેબને ચાંદીની પેટીમાં નીચે પ્રમાણે માન-પત્ર આપવામાં આવ્યું હતું.

ૐ

માનપત્ર

પુણ્યશ્લોક શ્રદ્ધાસ્ય પૂજ્ય ગુરૂવર્ય પંડિત ફતેચંદ કપૂરચંદ લાલનની પવિત્ર સેવામાં—

સમુદ્ર મંથન કરી દેવોએ કાઢેલાં ચૌદ રત્નમાંથી કોનાં વધારે વખાણ કરી શકાય! પ્રભુના ઉપદેશરૂપી

અમૃતમય અને દિવ્ય વાકયોમાંથી ભક્તો કોને વખાણે ! તેવી રીતે આપના ઉજ્વલ-ઉન્નત્ત અને સેવામય જીવનમાંથી અમે અત્રે કયા પ્રસંગનો ઉલ્લેખ કરીએ !

આપનું આખું જીવન તપોમય ગયું છે, જૈન ધર્મ, સમાજ અને તત્વજ્ઞાનની સેવામાં આપના આયુષ્યનો મધ્યાન્હ અને તે પછીનો સમય ગયો છે. આપે યૂરોપ અમેરિકામાં જૈન ધર્મના સિદ્ધાંતોનો પ્રચાર કર્યો છે, અને સુખ દુઃખો વેઠીને અનેક તરેહના નાના વિધ પ્રસંગોમાંથી પસાર થઈને આજ ચાલીશ વર્ષથી આપે એકધારૂં સેવામય અને તપોમય જીવન ગાળ્યું છે. આપના જીવનની દરેક ક્ષણો એવી વીતી છે અને વીતે છે કે અમે કયા ખાસ પ્રસંગનો ઉલ્લેખ કરીએ તેજ અમને સૂઝતું નથી.

આપે જૈન સંઘમાં નવચેતન મૂકયું છે, જૈન તત્વોનું ખરૂં રહસ્ય આપે જૈનો તેમજ જૈનોતરોને સમજાવ્યું છે; અમારા દક્ષિણ મહારાષ્ટ્રીય જૈન સંઘમાં આપે જે ચેતન મૂકયું છે, તેમજ અમારી આ પ્રથમ પરિષદનું પ્રમુખ સ્થાન શોભાવી અમોને અમારા જીવનની જે નવી દીશા સૂઝાડી છે, તે પુણ્ય પ્રસંગોના સ્મારક તરીકે અમો એક સંભાવાસીઓ અમારા હૃદયના ભક્તિભાવથી અમારી આપના તરફની ભક્તિના અલ્પસ્મરણ ચિન્હ તરીકે આ 'માનપત્ર' આપના પવિત્ર કરકમલમાં અર્પિત કરી કૃતકૃત્ય થઈએ છીએ.

લી. અમો આપના સેવકો.

પંડિત લાલને આ અભિનંદન પત્રનો જે જવાબ આપ્યો તે આપણને પ્રેરણાના પુષ્પો આપી જાય છે.

તેઓશ્રીએ કહ્યું, કે આ માનપત્ર તમારી આશીષ સાથે હું સ્વીકારૂં છું, પરંતુ આ ચાંદીની પેટીને હું શું કરૂં ! લાલનને ઘેર નથી પેટી, નથી તીજોરી તો હું આ ચાંદીની પેટીને ક્યાં રાખું ! આ પેટી તો આપણી બોલાતી જૈન બોર્ડિંગને માટે હું અર્પણ કરૂં છું.

આ પેટીની હરરાજી કરવાનું ઠરાવવામાં આવ્યું અને સદ્‌ભાગ્યે તે કામ મારે કરવાનું આવ્યું. મેં આ પ્રેમપૂર્વકની ભેટની હરરાજી કરી અને રૂા. ૪૦૧) માં સાંગલીવાળા રા. રાજારામ છગનલાલે તે ખરીદી લીધી. પ્રભુ મહાવીરના જયઘોષ સાથે સભા વિસર્જન થઈ.

આ પ્રસંગે બેલગામથી દેશભક્ત શ્રી ગંગાધર દેશપાંડે તિલક સ્વરાજ્ય ફાળા માટે આવ્યા હતા, તેમણે પરિષદને પણ સ્વરાજ્યનો સંદેશ સંભળાવ્યો હતો. તેમણે સ્વરાજ્ય ફાળો શરૂ કર્યો અને પંડિત લાલન સાહેબે પોતાની આંગળીની સોનાની વીંટી ભેટ કરી અને આખી સભા દિંગ થઇ ગઈ. લાખવાળો પાંચ હજાર આપે, દસ હજાર વાળો સો આપે, પણ પંડિત જેવા તો આજીવન સેવકે જ્યારે પોતાની વીંટી આપે ત્યારે તો ધન્ય ધન્યના પોકારો થાય. તે વીંટીની પણ હરરાજી થઇ અને એક ભાઇએ ૫૧) કહ્યા પણ આ તો પંડિતજીની પૂજા કરવાની આંગળીની વીંટી. મને પણ ઉમળકો આવ્યો અને વાણીમાં જોમ આવ્યું અને

એક ભાઈએ પાંચસો કહ્યા. મને લાગ્યું કે સોનું ગરમ થઇ ગયું છે. તેનો ઘાટ જેવો ઘડવો હોય તેવો ઘડાશે. આગળ વાત ચાલી અને મેં જોશભરી ભાષામાં જણાવ્યું, કે પરિષદને અમર કરવા આગળ વધો. હુબલીથી આવેલા ભાઇશ્રી વીસનજી જેતશીએ વીંટીના એક હજાર ને એક કહ્યાં, અને સભામાં ચમત્કાર સર્જાઇ ગયો. શ્રી દેશપાંડે પણ રાજી થયા. પંડિતજીની વીંટીની કહાણી અમર બની ગઇ.

[૧૬]

પંડિત લાલન કહેતા હતા, કે " ચિ. ગાંગજી હેમરાજ પાસેથી **સમાધી શતક** પુસ્તકની મેં માગણી કરી, તેમણે તે પુસ્તક મને આપ્યું. મને વિચાર થયો, કે પુસ્તકનો બોળો ઉપાડવો પડશે, ૧૦૦ શ્લોક મુખપાઠ કરી લઉં તો પુસ્તકનો બોળો ઉપાડવો ન પડે." પંડિતજીની એ નિઃસ્પૃહતા **ગાંગજીભાઈ** જીવ્યા ત્યાં સુધી ભૂલ્યા નહિ. આટલી નિઃસ્પૃહતા તેમણે કોઇ સાધુમાં પણ જોઈ ન હતી. તેઓ કહેતા હતા, કે " લાલન તો મુનિ થવાના હતા. તેમણે બાર વ્રત લીધા અને ચોથા વ્રતની બાધા લીધી. તેમના એક મિત્ર હતા. તેમની સાથે દીક્ષા લેવાના હતા એટલામાં તેમને કોઇએ સલાહ આપી કે મુનિ થયા પછી તમે પરદેશ જઇ નહિ શકો. હમણા તમે જઇ શકશો." પંડિતજીને એ સલાહ ઠીક લાગી. તેઓ અમેરિકા ગયા. ત્યાં ૪॥ વર્ષ રહ્યા. તેમની સાથે જ દીક્ષા લેવાના હતા, તેમણે " દીક્ષા લીધી. તેમનું નામ **વિનયવિજયજી** રાખવામાં આવ્યું. **કેશરવિજયજી**ના તેઓ ગુરૂભાઇ હતા, તેમને બન્નેને ઠીક બનતું. બનતા સુધી

બન્ને સાથે જ રહેતા. પંડિતજીએ શુદ્ધોપયોગનું પુસ્તક પ્રગટ કર્યું ત્યારે તેમને બંન્નેને તે અર્પણ કર્યું. એટલું જ નહિ પણ સંવત ૧૯૬૦ માં તેઓ જ્યારે પાલીતાણામાં ચાતુર્માસ રહ્યા હતા ત્યારે તેમના માટે મુંબઈથી ખાસ લાલન પાલીતાણા આવ્યા અને તળાજા તેમની સાથે ગયા. અને પાંતજલ યોગમાંથી કેટલીક બાબતો કેશરવિજયજી અને વિનયવિજયજીને તેમણે શીખવી હતી. બન્નેના અંતરમાં પંડિતજીની પ્રત્યે લાગણી હતી.

લાલન સાહેબમાં જેમ નિઃસ્પૃહતા હતી તેમ તેમના સ્વભાવમાં વિનોદભાવ હતો. તેઓ સરલ બાળક જેવા હતા. તેઓ બીજાના દોષ જોવામાં અંધ હતા અને પરની નિંદા કરવામાં મુંગા હતા, પરની નિંદા સાંભળવામાં બહેરા હતા. તેઓ પરનાં ગુણો જોતા ને રાચતા અને તેની તારીફ કરતા. તેમને કોઇ દિવસ એવો વિચાર નહિ આવ્યો કે દસ વીસ હજાર ભેગા કરી લઉં. તેઓ જ્યારે અમેરિકામાંથી ભારતમાં આવ્યા ત્યારે તેમના ખીસ્સામાં એક જ ગીની હતી.

તેમનું એક પુસ્તક અમેરિકામાં ટ્રેનમાં કયાંક રહી ગયું. તેમણે જ્યારે સ્ટેશન માસ્તરને પુસ્તકની વાત કરી ત્યારે માસ્તરને તેમણે કહ્યું કે પુસ્તક ઉપર લાલન નામ નથી પણ સર્વેષામ્ લખ્યું છે" એથી પુસ્તક મળી ગયું. સર્વેષામ્ એટલે એ પુસ્તક સહુનું છે એ સાંભળી સ્ટેશન માસ્તર ખુશ થઇ ગયો.

સમયનો સંદેશ

[૧૭]

૫૦ વર્ષ પહેલાં મુનિરાજો ઉપાશ્રયમાં વ્યાખ્યાન વાંચતા. યતિઓ પર્યુષણમાં પર્યુષણના વ્યાખ્યાનો અને કલ્પસૂત્ર વાંચતા. જાહેર વ્યાખ્યાનોનો યુગ આવ્યો નહોતો. પંડિત લાલન તો પ્રસિદ્ધ વક્તા હતા. તેમના વ્યાખ્યાનોમાં જનતાની સારી ભીડ જામતી. આપણા મુનિરાજોને આશ્ચર્ય થતું. પંડિતજીની વાણીમાં જાદુ હતો. તે સભાને મંત્રમુગ્ધ કરી દેતા હતા અને ધાર્મિક, સામાજિક કે શિક્ષણ પ્રચારના વિચારોથી સમાજના યુવકોમાં જાગૃતિ આવતી હતી.

આ વખતે શ્રીમદ્ રાજચંદ્રનું અવસાન થયું. તેમના વચનામૃતો તેમના લઘુબંધુ શ્રી મનસુખલાલભાઈએ પ્રકાશિત કર્યા. 'શ્રીમદ્ રાજચંદ્રના વચનામૃતો' નામ રાખવામાં આવ્યું. આ પુસ્તક જે જે વાંચતા તે પાગલ બની જતા. શ્રીમદ્ના અનુયાયી બની જતા. ધર્મમાં ચુસ્ત એવા લોકોને શ્રીમદ્ની વિરૂદ્ધ ભડકાવવામાં આવ્યા, અને શ્રીમદ્ના અનુયાયીનો બહિષ્કાર થતો. મુનિ લલ્લુજી જેવા કેટલાક સ્થાનકવાસી મુનિઓને શ્રાવકો વહોરાવતા પણ નહિ.

સંવત ૧૯૬૫ ની વાત છે. હું પાલીતાણામાં બોર્ડિંગ ચલાવતો તે વખતે મુનિ લબ્ધિજી અને તેમની સાથે બીજા ચાર સાધુ હતા તેમના આહાર પાણીની અને રહેવાની વ્યવસ્થા મારે ભાગે આવી હતી.

સં. ૧૯૬૬ માં પાલીતાણામાં વીર શાસન આનંદ-સમાજનો ઉત્સવ આઠ દિવસ અમે ઉજવ્યો. બહારથી પણ ૬૦-૭૦ ભાઇઓ આવેલા. દરરોજ ૧૦૦-૧૨૫ ભાઇઓ સાથે તીર્થાધિરાજની યાત્રાએ જતા. શ્રી આદિનાથ ભગવાનની પૂજા કરતા. ફૂલ-પૂજાનો આનંદ અનેરો હતો. અમે બધા પ્રભુભક્તિમાં તલ્લીન થઇ જતા. એ વખતે પંડિત લાલને પૂજા કરાવી એવો આક્ષેપ થયો અને આ પ્રકરણમાં પંડિત લાલન તથા મને સંઘ બહાર કર્યા. એટલું જ નહિ પણ સુરતના શ્રી સંઘે શ્રીમદ્ રાજચંદ્રની વિરૂદ્ધ પણ ઠરાવ કર્યો.

આજ તો જમાનો તદ્દન બદલાઇ ગયો છે. મુનિરાજો જાહેર વ્યાખ્યાનો આપે છે. લાઉડ-સ્પીકર પણ વપરાય છે. મુનિરાજો ડોળીઓનો ઉપયોગ કરે છે. મુનિઓ નામના જ્ઞાનમંદિરો થવા લાગ્યા છે. આજે વેશપૂજા તરફ કોઇને પણ ભાવ નથી અને નવા જમાનાના યુવાનો તો આજે ધાર્મિક ક્રાન્તિની વાતો કરે છે.

જૈન સમાજમાં હજી આચાર્યપ્રવરોમાં શ્રદ્ધા છે. મુનિરાજોની સેવાભક્તિ પણ થાય છે. પણ કીર્તિના કોટડા બંધાવા લાગ્યા છે. શ્રીમંતો ધર્મ-ભાવનાથી લાભો ખરચે


છે. અને તેમાં ધર્મનો ઉદ્યોત માને છે પણ જૈન સમાજ તો ખૂબ સબડી રહ્યો છે. મધ્યમ વર્ગ ઘસાઇ રહ્યો છે.

દર વર્ષે લાખો ખર્ચનાર જૈન સમાજ કેવો ઉજ્વળ હોવો જોઇએ. પણ સમયનો સંદેશ કોણ સાંભળે છે! આવતી કાલનો સમાજ પ્રાણવાન સમૃદ્ધ અને સુસંસ્કારી બનાવવો હોય તો સમયનો સંદેશ સાંભળ્યા વિના છૂટકો નથી.

પૈસાની કીંમત આજે તો હજી ઘણી વધી રહી છે. અને જ્યાં વાત-વાતમાં પૈસો જોઇએ. ધર્મમાં પણ પૈસા વિના ચાલે નહિ. મંદિર, મૂર્તિ, પૂજા, ઉદ્યાપનો, પ્રતિષ્ઠા આદિમાં પણ પૈસો જોઇએ એટલે પૈસાની પ્રતિષ્ઠા તો છે પણ શ્રીમંતો સમયનો સંદેશ સમજતા થશે ત્યારે પૈસા કરતાં સેવાના, ચારિત્રના અને નિષ્ઠાના મૂલ્યાંકન થશે. મેં દિક્ષા કુમારીનો પ્રવાસ ભાગ ૧-૨ પ્રકાશિત કર્યા. એ જે જે બહેન-ભાઇઓએ વાંચ્યા તેણે મુનિ પદની તો કીંમત કરી પણ વેશની મમતા જતી રહી.

આજાદ ભારતમાં જૈન સમાજના ધડવૈયાઓ, યુવાન હૃદયો પંડિત લાલનની જેમ સમાજના સમુદ્ધારનો વિચાર કરી સમયનો સંદેશ સાંભળશે અને રચનાત્મક કાર્ય કરશે તો સમાજની કાયા પલટ થતાં વાર શી?





મઢડા લાલન નિકેતન



મઢડા યોગાશ્રમ



જમણી બાજુથી ત્રીજા નંબરની ખુરશી ઉપર તેમના મિત્રમંડળ સાથે
બેઠેલા પંડીત લાલન છે.

મઢડામાં લાલન નિકેતન

[૧૮]

પંડિત લાલન સંવત ૧૯૫૭ માં અમેરીકાથી આવ્યા અને મને તેમનો સહવાસ થયો. છ મહીના હું તેમની સાથે રહ્યો. મેં તેમની પાસેથી પાતંજલ યોગનો અભ્યાસ કર્યો. મેં તેમને ધર્મપિતા ગણ્યા. તેમણે મને દીકરો માન્યો. જૈન પ્રજામાં લાલન–શીવજીની જોડી ગણાતી.

સંવત ૧૯૫૭ માં મારી ઉંમર ૨૦–૨૧ વર્ષની હતી. સંવત ૧૯૬૬ માં મને સંગ્રહણીની વ્યાધી લાગુ પડી. દરરોજ ૩૫–૪૦ ઝાડા આવતા. પાલીતાણાની પાસે મઢડા સ્ટેશન સામે મારા માટે શિવસદન બાંધ્યું. એ સાલ હતી સંવત ૧૯૬૯. શિવસદનમાં હું રહેવા આવ્યો અને પાલીતાણામાં જળપ્રલય થયો એ વખતે મારી દસ વર્ષની મહેનત એક રાતમાં બરબાદ થઇ ગઇ.

બોર્ડીંગ ગઇ, વિધવાશ્રમ ગયું, હજારો રૂપિયાના પુસ્તકો ડુબી ગયા, બાર વર્ષની મારી દીકરી ગુજરી ગઇ, મારા લઘુબંધુ કુંવરજીની પત્ની અને દીકરો મરી ગયા. કુંવરજીભાઇની મારામાં શ્રદ્ધા હતી. તેમને મેં કહ્યું, "બળદીઆ લ્યો, ખેતી કરો."

તેમણે મારૂં કહ્યું માન્યું. ખેતી કરી. હજી કસોટી થવાની બાકી હતી એટલે દુષ્કાળ આવ્યો એટલે ગાયો-ભેંસો-બળદોઆનો ખોળે થઈ પડયો, એથી મુંબઈમાં કુંવરજીભાઈએ દુકાન કરી અને લોખંડનો ધંધો શરૂ કર્યો.

કુંવરજીભાઈ ૩૮ વર્ષની ઉંમરે ગુજરી ગયા. ખેતીવાડી મારા મોટા દીકરા સુધાકરે સંભાળી અને કુંવરજી ટ્રેવશીની કુાં. ની દુકાન મારા નાના દીકરા સુમતિચંદ્રે સંભાળી આજે બન્ને દીકરા પોતાના પગ ઉપર છે. જલપ્રલય વખતે જો હિમ્મત હારી ગયા હોત તો આજે જે દિવસ તેમણે દીઠા તે દેખત નહિ.

સંવત ૧૯૭૦ થી ૧૯૭૬ સુધી કુંવરજીભાઇએ ખૂબ પરિશ્રમ કર્યો. પરીવાર રોટલા ભેગો થયો ત્યાં પૂજ્ય લાલન સાહેબના પત્ની ગુજરી ગયા. એટલે પાછી ઉપાધી આવી પડી.

સંવત ૧૯૭૭ માં મઢડામાં લાલન નિકેતનની સંસ્થા સ્થાપી અને એ સંસ્થા તરફથી સેવાશ્રમ ચાલુ કર્યો. તેમાં પૂજ્ય લાલન સાહેબ રહેવા લાગ્યા તે પછી યોગાશ્રમ ચાલુ કર્યો. એ સંસ્થા સંવત ૧૯૮૧ સુધી ચાલુ રહી તે પછી એ બધી સંસ્થાઓ બંધ કરી હું પોંડીચેરી શ્રી અરવિંદ આશ્રમમાં ચાલ્યો ગયો.

પૂજ્ય પંડિતજી અમદાવાદમાં શેઠ ભોળાભાઇ જેસંગભાઈ દલાલ પાસે કેટલોક સમય રહ્યા. તે પછી શેઠ ચીમનલાલ નગીનદાસના ધર્મપત્ની શ્રી માણેકબાઈ પાસે કેટલોકવખત રહ્યા. મેં ભાઇ શ્રી વીસનજી જેતશી અને વેલજીભાઇ

મેઘજીની સહાયતાથી રૂ. ૧૩૬૦૦ ભેગા કર્યા અને તે લાલન સાહેબને સ્વ. શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆના પ્રમુખપદે પર્સ તરીકે અર્પણ કર્યા.

એ રકમ શેઠ નરશી નાગશીની કું. માં જમા રાખી અને પૂજ્ય લાલન સાહેબ જ્યાં હોય ત્યાં બાર મહીને રૂ. ૨૦૦૦ મોકલવાનો ઠરાવ કર્યો એથી હું નિશ્ચિંત થયો. એ હકીકત વિસ્તારથી હવે પછી લખીશ.

મહાત્માજી પર અનન્ય પ્રેમ

[૧૯]

પૂજ્ય લાલનસાહેબ ગાંધીજીના પરમ ભક્ત હતા. એક વખત હું બીમાર પડ્યો. મને કમળો થયો. હું ૨૪ રતલ ઘટી ગયો. મારા માટે મારા લઘુબંધુ કુંવરજીભાઈએ અંધેરી પાસે આવેલા વરસોવાના સેનેટેરીયમમાં રહેવાની સગવડ કરી. મારા ધર્મપત્ની સુલક્ષણા પણ ત્યાં જ હતા. એ વખતે પૂજ્ય લાલનસાહેબ થોડો સમય મારી પાસે રોકાયા હતા.

એવામાં પૂજ્ય ગાંધીજી જેલમાં બીમાર પડ્યા. તેમના પેટનું ઓપરેશન રાતોરાત કરવામાં આવ્યું. પૂજ્ય લાલન-સાહેબ તે વખતે પોકેપોક રોવા લાગ્યા. તેમણે કહ્યું "જો ગાંધીજી જીવતા રહેતા હોય તો હું તેમના બદલે મરવા તૈયાર છું." તેમણે એમ પણ કહ્યું, કે "હું મારા બધા સામાયિકનું પુણ્ય તેમને અર્પણ કરૂં છું."

સામાયિક તેમને બહુ પ્રિય હતા. તેમની વહાલામાં વહાલી કોઇ ચીજ હોય તો તે સામાયિક અને તે તેમણે અર્પણ કરી. એથી જણાય છે કે તેમનો મહાત્માજી પ્રત્યે અનહદ પ્રેમ હતો.

તેઓ રાષ્ટ્રપ્રેમી હતા, મહાત્માજીના જીવન-પ્રસંગો સત્યના પ્રયોગો તેમને ખૂબ પ્રિય હતા. તેમણે સામાયિકના પ્રયોગો કેવા સુંદર રીતે આલેખ્યા છે તે આપણે જોઈ ગયા. મહાત્માજીનો સંદેશ તેઓ પોતાના વ્યાખ્યાનો દ્વારા આપતા અને મહાત્માજીના સંદેશવાહક પોતાને માનતા.

અભિનંદન અને થેલી સમર્પણ

[૨૦]

સાઠ વર્ષ પહેલાની વાત યાદ આવે છે. અને આજે પણ તે રોમાંચ જગાવી જાય છે. મારી ઉમર વીશ વર્ષની હતી. જુવાનીનું જોમ હતું. કચ્છની ધીંગીધરાએ મને સુદૃઢ શરીર આપ્યું હતું. મારાં વિચારો કલ્પનાની પાંખે ઉડતા હતા. સંગીત, નાટ્યકલા અને રમત-ગમતની મસ્તીમાં હું મહાલતો હતો. સં. ૧૯૫૪ ના શ્રાવણની અમાવાસ્યાએ મારા જીવનમાં એક ડોશીમાએ નવચેતન આપ્યું અને મારો સુષુપ્તઆત્મા જાગી ગયો. પર્યુષણના દિવસો હતા. મને ડોશીમા કચ્છ-નળીયામાં વ્યાખ્યાનમાં લઇ ગયા. પૂજ્ય માલશીભાઇ લોજરાજના વ્યાખ્યાને મારા અંતરને પ્રકાશ આપ્યો. કર્મની વાતો અને ભગવાન મહાવીરના જીવન-પ્રસંગોથી હું ચેતી ગયો અને પૂજ્ય માલશીભાઇને મારા ગુરૂ માન્યા. તેમણે જીંદગી સુધી મારા પથપ્રદર્શક તરીકે કાર્ય કર્યું અને જીવન પરિવર્તનના શ્રી ગણેશ મંડાયા.

સમયસાર નાટક વાંચતાં વાંચતાં મેં અનેક રાત્રિઓ અશ્રુભરી આંખે વીતાવી અને નોકરીને તિલાંજલી આપી. મારા પરમ ઉપકારી મિત્ર શ્રી ગાંગજીભાઇ હેમરાજે પંડિત

લાલનનો પરિચય કરાવ્યો. અને પ્રથમ દર્શને હું તેમને ધર્મપિતા માનવા લાગ્યો. તેમના સત્સંગથી મારા જીવનમાં પ્રાણ પૂરાયા અને સેવાનો યજ્ઞ આરંભવા પ્રતિજ્ઞા કરી.

પંડિતજી તો સાધુચરિત્ર હતા. તેઓ ટ્યુશન આપી ઘરસંસાર ચલાવતા. પણ કોઇ કોઇ વખત તો કાલે શું કરવું તેની ચિંતા પણ રહેતી. પરિગ્રહ વધારવાની વિરૂદ્ધ હતા. કોઇ માગનાર પછી તે ગમે તે હોય મળી જાય તો પોતાની વહાલી વસ્તુ પણ આપી દેવામાં આનંદ માનતા.

હું હમેશાં પંડિતજીના ગૃહવ્યવહારની ચિંતા કરતો અને પંડિતજીના તેમજ મારા આપ્તજનો--સ્નેહીજનો ને ભક્તજનો પાસેથી રોટી મેળવી લેતો.

સં. ૧૯૬૯ માં મેં મારા પરિવાર માટે મઢડામાં શિવસદન શરૂ કર્યું. મારા લઘુબંધુ કુંવરજીએ બળદો લાવી ખેતી શરૂ કરી અને શ્રમદ્વારા રોટીનો પ્રશ્ન ઉકેલ્યો.

શિવસદન ઘણા મિત્રો ને સ્નેહીજનોનું પ્રિય નિવાસ-સ્થાન બની ગયું. પરિવારની રોટીનો પ્રશ્ન ઉકેલ્યા પછી સેવાશ્રમ, ભારત મંદિર, પરિશ્રમ મંદિર આદિનું નિર્માણ થયું. અને રાષ્ટ્રીય આંદોલનને વેગ આપવા માટે વણાટ-શાળા અને રેંટીયાશાળા વગેરે પ્રવૃત્તિઓ પણ શરૂ કરી.

સં. ૧૯૭૫ માં પંડિતજીના ધર્મપત્ની શ્રી મોંઘી-બાઇનો સ્વર્ગવાસ થયો. હું તેમને મઢડા શિવસદનમાં લઇ આવ્યો. તેઓને શાંતિપૂર્વક રહેવાની તથા જમવા વગેરેની વ્યવસ્થા પણ શિવસદનમાં થઇ ગઇ. તે શિવ-

સદનના આપ્તજન બની ગયા. તેઓશ્રીને મળવા અનેક મિત્રો ને સ્નેહિજનો આવતા તે બધા પાસેથી કાંઇ ખર્ચ લઇ શકાય નહિ. આ ખર્ચનો બોજો મારા ઉપર વિશેષ હતો. તે પંડિતજીને ન રૂચ્યું અને તેઓ મુંબઇ ચાલ્યા ગયા. તેઓશ્રી મારા સન્માર્ગદર્શક ધર્મપિતા હોવાથી તેમની વૃદ્ધાવસ્થામાં મારાથી કંઇપણ સેવા ન થઇ શકે તે મને પણ ન ગમ્યું. મુંબઇના મિત્રો પાસે આ વાત મેં રજુ કરી. મિત્રોએ મને ખૂબ મમતાપૂર્વક સહકાર આપ્યો, અને પૂજ્ય લાલન સાહેબનું નામ જળવાઇ રહે તેમજ તેમના સત્સંગનો લાભ લેવા ઇચ્છનારાઓ પણ લાભ મેળવી શકે તે માટે મઢડામાં ૧૯૭૭ ના કાર્તક સુદ પુનમના પવિત્ર દિવસે ' લાલન નિકેતન ' નામની સંસ્થા શરૂ કરવામાં આવી.

પંડિતજીને ૯૧ વર્ષ થયા હતા.

સેવા એ પંડિતજીનો જીવન મંત્ર હતો. પંડિતજીની ઉમર, આજ સુધીનું ઉચ્ચકોટીનું જીવન, તેમનો ઉજ્વળ ભૂતકાળ, તેમની શ્રેયસ સાધના, નીડરતા તેમજ સત્ય-પરાયણતા આ સર્વ જોતાં તેમનું સન્માન થાય તેવી મારા મનમાં ભાવના જાગી અને તે માટેના પ્રયાસો શરૂ થયા. કચ્છ-ભુજપુર નિવાસી શ્રી વેલજીભાઇ મેઘજીએ ઘણો સારો ફાળો આપ્યો તેવી જ રીતે ભાઇ વિસનજી જેતશીએ હુબલી અને ગદગથી સારો ફાળો એકઠો કર્યો. આ ઉપરાંત મુંબઇ અને જુદા જુદા ગામના સ્નેહીજનોએ પણ પોતાનો ફાળો નોંધાવ્યો અને મેં ધારેલી રૂા. ૧૦,૦૦૦ ની રકમ કરતાં

રૂા. ૧૩,૬૦૦ થયા અને માત્ર થોડા જ આપ્તજનોનો આ ફાળો મને પ્રેરણા આપી ગયો.

પંડિતજીને અભિનંદન આપવા તથા તેમની આજ-સુધીની અનેકવિધ સેવાઓની કદરરૂપે તેમને રૂા. ૧૩૬૦૦ની થેલી સમર્પણ કરવા માટે કચ્છી જૈનસમાજ તરફથી શ્રી મહાવીર જૈન વિદ્યાલયના પ્રાણ અને જૈનસમાજના ઘડવૈયા રા. શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ સોલી-સીટરના પ્રમુખપણા નીચે તા. ૩-૪-૪૮ ને રવીવારના રોજ એક સન્માન સમારંભ યોજવામાં આવ્યો.

આ પ્રસંગે પંડિતજી પ્રત્યે આદર ધરાવતા કેટલાક ભાઇ બહેનોએ ભાવભર્યા પ્રવચનો કર્યા.

જૈન સમાજમાં તેઓ પ્રસિદ્ધ વક્તા હતા. દસ-દસ હજાર માણસોની સભાને તે મંત્રમુગ્ધ કરી શકતા હતા. યુવક સમાજ તો તેમની પાછળ ગાંડો થઇને ભટકતો હતો ત્યારે સ્થિતિ ચુસ્ત વર્ગ તેમનાથી ભારે ભડકતો હતો. જૈન સુધારકોમાં પંડિત લાલનનું સ્થાન અગ્રગણ્ય ગણાય. તેમનું આખું જીવન જૈન ધર્મના એક પ્રચારક તરીકે જ વ્યતીત થયું હતું. તેમણે જ્ઞાનની અખંડ ઉપા-સના જ કરી છે. જ્યાં જ્યાં તેમને સત્ય દેખાયું, ધર્મ-સાધના દેખાઇ, અધ્યાત્મ ઉપાસના જોવામાં આવી ત્યાં ત્યાં તેઓ ગયા છે અને સાર સાર ગ્રહણ કરવો તેમજ અસત્યની ઉપેક્ષા કરવી આવી તેમની સમભાવ તેમજ સદ્‌ભાવ ભરી જીવનવૃત્તિ બની રહી છે.

પંડિતજીએ આ અભિનંદન સમારંભનો જવાબ આપ્યો. તે આજે પણ ગુંજી રહ્યો છે. તેમણે દર્શાવ્યું, કે હું ૯૧ વર્ષનો યુવાન છું. યુવાનીમાં સેવાની દીક્ષા લઈને અમેરિકા ગયો ત્યારે મારા અમેરિકન ભાઈ–બહેનોને મેં અહિંસા, સંયમ અને તપનો સંદેશ આપ્યો. જૈનદર્શનની ખૂબીઓ દર્શાવી અને અમેરિકામાંથી પણ જીવન જીવવાની કળા શીખી લાવ્યો. મેં કોઈ પરિગ્રહ રાખ્યો નથી. જ્યાં તક મળી ત્યાં જૈનદર્શનની પ્રભાવના કરી છે. સામાયિકના પ્રયોગોમાં હું તલ્લીન બની જાઉં છું. તમે મને જે સન્માન આપો છો તે લાલનને નહિ લાલનની ભાવનાઓને, લાલનની સેવાને ઘટે છે; હું તો લાલનનો સેવક છું. સમાજનો સેવક છું, રાષ્ટ્રનો સેવક છું, ધર્મનો સેવક છું.

'મારા પરમ પ્રિય મિત્ર, પુત્ર, શિષ્ય શિવજીભાઇ અને અન્ય નાના–મોટા કચ્છી આપ્તજનો ને સ્નેહિજનોએ મમતાપૂર્વક મારી સેવાની એક કદર કરવા નિમિત્તે રૂા. ૧૩૬૦૦ જેટલી મોટી રકમની મને જે થેલી આપી રહ્યા છો તે માટે હું યોગ્ય છું કે કેમ તેનો નિર્ણય હું કરી શકયો નથી. પણ આપ સૌની પ્રેમભરી લાગણી માટે હું આપનો ઋણી રહીશ. હું જીવનને કાંઠે બેઠો બેઠો તીર્થંકરને શરણે જીવનનું દર્શન મેળવવા તલસું છું. અને જૈન જગતનો સર્વાંગી વિકાસ થવાના ભણકારા પણ સાંભળું છું. આપ સૌનો ફરી ફરી આભાર માનવા તક લઉં છું. પ્રમુખશ્રીએ પંડિતજીની વિદ્વતા, ઉચ્ચ ચારિત્ર, સેવાભાવના, જીવનદર્શનની ઝંખના તેમજ વિનમ્રતા અને

સૌમ્યતા તેમજ નવીન જીવનદ્રષ્ટિ વિષે ઉલ્લેખ કરી તેમની ભૂરિ ભૂરિ પ્રશંસા કરી તેમજ વિશાળ જૈન સમાજના એક નાના સરખા વર્ગ તરફથી પંડિત લાલનનું બહુમાન થાય એટલાથી સંતોષ માનવો જોઇએ નહિ પણ આવા મેધાવી પુરૂષનું સમગ્ર જૈનસમાજ તરફથી વ્યાપક આકારમાં સન્માન થવું ઘટે છે.

હર્ષનાદ સાથે પંડિતજીને થેલી સમર્પણ કરવામાં આવી હતી. આ રૂા. ૧૩૬૦૦ ની રકમ શેઠ નરશી નાગશીની કું. માં જમા રાખવામાં આવી અને પંડિતજી જીવે ત્યાં સુધી દર વર્ષે રૂા. ૨૦૦૦) જ્યાં હોય ત્યાં તેમને મળે તેવી વ્યવસ્થા કરી હતી અને તેમના સ્વર્ગવાસ પછી જે રકમ વધી તેમાં ઉમેરીને દસ હજારની રકમ એકઠી કરીને શેઠ રામજીભાઈ રવજીભાઈ લાલને મુંબઇમાંડવી ઉપર એક લાલન સાહેબના નામથી લાઇબ્રેરીની સ્થાપના કરવામાં આવી છે. આ સમારંભથી મારા આત્માને અત્યંત આનંદ થયો. પંડિત લાલનનું ઋણ અદા કરવા હું ભાગ્યશાળી બન્યો.



યુવકસંઘ તરફથી સન્માન-સમારંભ

[૨૧]

કચ્છી સમાજ તરફથી થેલી સમર્પણનો સમારંભ થયા પછી બરાબર અઢી મહિને તા. ૧૯-૬-૪૮ શનિવારના રોજ વિઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપરના આનંદ-ભુવનમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે સુપ્રસિદ્ધ વક્તા પંડિત ફતેચંદ કપુરચંદ લાલનનું જાહેર સન્માન કરવા નિમિત્તે એક સભા યોજવામાં આવી હતી.

આ પ્રસંગનો મને અત્યંત આનંદ હતો. પંડિતજી તો મારા પથપ્રદર્શક ગુરૂ અને ધર્મપિતા હતા. પણ હજારો ભાઇ-બહેનોના તે સન્માર્ગદર્શક હતા. હજારો વિદ્યાર્થીઓના તે પ્રેરક હતા, કેટલીએ સંસ્થાઓમાં ધર્મ સંસ્કારોના સિંચનમાં પંડિતજીનો મહામૂલો ફાળો હતો. મારા જેવાના રાહબર હતા અને જૈન સમાજના એક અણમોલ રત્ન હતા. આવા સેવામૂર્તિ પુરૂષનું સન્માન શ્રી જૈન યુવક સંઘ કરે તે સુયોગ્ય હતું.

જૈન સમાજ દર વર્ષે ઘણા ઘણા ઉત્સવો-મહોત્સવો ઉજવે છે. અને તે પાછળ હજારો ખર્ચે છે. દાનવીરો-

શ્રીમંતોના બહુમાન પણ થાય છે. તેઓને માનપત્રો–અભિનંદન પત્રો અને ફાસકેટો અપાય છે. તેમજ કીર્તિના કોટડા ખૂબ બંધાય છે. પણ જૈન સમાજની આજીવન સેવા કરનાર, સુપ્રસિદ્ધ લેખક, કળાકાર, પ્રસિદ્ધ વક્તા, વિદ્વાન કે અધ્યાત્મપ્રેમી સેવકોને પ્રેરણાના પાન કરાવવા, તેમના કાર્યમાં હમદર્દી બતાવવા અને તેમના ઉત્સાહની વૃદ્ધિ કરવા માટે અભિનંદનના સમારંભો યોજવાની દૃષ્ટિ કે ભાવના આજસુધી જૈન સમાજના લક્ષ્યમાં નથી.

પંડિત સુખલાલજી જેવા અદ્વિતીય વિદ્વાન, સુપ્રસિદ્ધ લેખક, નવીન વિચારક અને પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં મહાન તત્વચિંતક તેમજ દર્શકને ગૂજરાત યુનીવર્સીટી ડોકટર ઓફ ફીલોસોફીની માનદ પદવી આપે, તેમનું વિશાળ મિત્રમંડળ એક લાખ રૂપીઆની થેલી આપે, યુવક-મંડળ સત્કાર સમારંભ યોજે, તેમના પુસ્તકો માટે પુરસ્કારો આપે તેમજ મુંબઇ વિદ્યાપીઠ જેવી સુપ્રસિદ્ધ સંસ્થાઓ તેમના વ્યાખ્યાનો યોજે ત્યારે જૈન સમાજને આવા મેધાવી પુરૂષનું બહુમાન કરવાનું પણ સૂઝે નહિ એ જૈન સમાજની દીર્ઘદૃષ્ટિનો અભાવ ગણાય.

એમાં તો જૈન સમાજની શોભા છે. પોતાના રત્નોને પ્રસિદ્ધિ આપવી, તેમના સોણલા સિદ્ધ કરવા માટે પ્રેરણા આપવી, તેમનામાં રહેલી અનેક શક્તિઓનો લાભ લેવો અને તેમના સેવાકાર્યને પુષ્પપાંખડીથી વધાવવું એ તો પ્રગતિશીલ જૈનસમાજનું પુણ્ય કાર્ય હોવું જોઇએ.

એ મંગળ દિવસોની મારા જેવો ૮૦ વર્ષનો યુવાન રાહ જોઈ રહ્યો છે. સમાજના કલ્યાણદાતાઓ એતો સમાજના સ્તંભો છે. અને એ અકિંચન સેવકોનો પ્રેમપૂર્વક સત્કાર થશે ત્યારે જૈન સમાજ પ્રાણવાન અને નવરચનાનો મોખરે હશે. જૈન સમાજની કાયા પલટ કરનારા એ ઘડવૈયાઓને શોધી કાઢવા જોઈએ. સમાજના ઉત્કર્ષ માટે તેમને દટાઇ જવા એ મીઠા શબ્દોને પ્રેમભર્યું સન્માન સમાજને નવચેતના આપી જશે.

પંડિત લાલનના સત્કાર સમારંભનું પ્રમુખસ્થાન સુપ્રસિદ્ધ ક્રાન્તિદષ્ટા પુણ્યપુરૂષ શ્રી કેદારનાથજીને આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જૈનસમાજના અગ્રગણ્ય આગેવાનોએ હાજરી આપી હતી તે ખરેખર આનંદપ્રેરક હતું.

આ પ્રસંગે શ્રી જૈન યુવક સંઘના પ્રાણપ્રેરક આજીવન કાર્યકર અને નીડર વિવેચક શ્રી પરમાણંદભાઇએ પંડિતજી વિષે સુંદર વિવેચન કર્યું હતું. તે આખું વિવેચન તો અત્રે આપી શકાય નહિ પણ તેમાંથી પંડિતજીના જીવનના ઉજ્જવળ પ્રસંગો આપવામાં આવે છે.

" પંડિત લાલન જૈનસમાજની એક વિશિષ્ટ વયોવૃદ્ધ વ્યક્તિના સન્માન કાર્યમાં સહકાર આપવા માટે આપ સૌનો આભાર માનવા તક લઉં છું.

પંડિતજીનો જન્મ સને ૧૮૫૭ માં થયો. તેઓ મેટ્રિક સુધી પહોંચ્યા. સંજોગોને લીધે અભ્યાસ છોડવો પડ્યો.

રૂા. ૧૦) ના પગારે ધાર્મિક શિક્ષકનો વ્યવસાય શરૂ કર્યો. ૧૦ ના વધીને ૧૨।। માસિક થયા. સ્માઇલ્સના સેલ્ફહેલ્થ અંગ્રેજી ગ્રંથ ઉપર લોકમાન્ય તિલકે લખેલ સ્વાશ્રયની પુસ્તિકા વાંચી પંડિતજીએ પુરૂષાર્થ માટે અભિગ્રહ કર્યો.

શનિ-રવિના દોઢ દિવસની રજામાં અભ્યાસ વધારવા લાગ્યા–અંગ્રેજી તો સુંદર કર્યું પણ હિન્દી-સંસ્કૃત, મરાઠી, અને બંગાળી પણ શીખ્યા અને ટ્યુશનોમાં છેવટે રૂા. ૩૦૦) ની માસિકની આવક થઇ. કેવો પુરૂષાર્થ !

અમેરિકાની સર્વ ધર્મ પરિષદમાં મુનિશ્રી આત્મારામજી મહારાજના પ્રતિનિધિ તરીકે શ્રી વીરચંદ રાઘવજી ગાંધી ગયા. પંડિતજી કેમ રહી જાય ! પણ રૂા. ૫૦૦૦) કયાંથી લાવવા. પુરૂષાર્થને દૃઢ મનોબળથી વ્યવસ્થા થઇ ગઇ. બીજે જ અઠવાડીયે ઉપડ્યા–ત્યાં ૪।। વર્ષ રહ્યા અને જૈનધર્મના વ્યાખ્યાનો આપ્યાં. પુસ્તિકાઓ લખી. સં. ૧૯૦૧ માં પાછા આવ્યા. પંડિતજી તો નવનવા વિચારો લાવ્યા હતા. વિચાર સ્વાતંત્ર્યની ભાવનાથી રંગાઇ ગયા હતા.

જૈનસમાજ વિચારના પ્રદેશમાં કેવળ સુષુપ્ત દશામાં હતો. નવા વિચારને નવી કેળવણીનો સ્પર્શ નજીવો હતો. પંડિતજીના વિચારોએ ક્ષોભ ઉભો કરવા માંડ્યો. માણેકજી પારસી ગૃહસ્થે પંડિતજીના પરિચયથી જૈન ધર્મ અંગીકાર કર્યો અને તેમણે શ્રી શત્રુંજય આવીને શ્રી આદીશ્વર ભગવાનની પૂજા કરી–જૈન સમાજમાં ખળભળાટ થયો. જૈનોમાં પાંચ પ્રતિક્રમણ–પંડિતજીએ આ ભવનું અને બીજું ભવો-

ભવનું એમ બે પ્રતિક્રમણો ઉમેરવા વિચારણા દર્શાવી અને સાધુ સમાજ છેડાઇ પડ્યો. મંદિરોમાં નર્કના દુઃખોના ચિત્રોની સાથે સ્વર્ગના ચિત્રો મૂકવા અને શુભ કર્મો કરવા પ્રેરણા મળે તે વિચાર મૂકયો અને આવી અવનવી વાતોથી બધા ચોંકી ઊઠ્યા.

સ્વાનુભવ દર્પણનો અનુવાદ કર્યો. તેમાં મૂર્તિ પૂજાનો વિરોધ હતો પણ પંડિતજીએ તો દિગમ્બર આચાર્ય યોગીન્દ્ર દેવથી પોતે કેવી રીતે જુદા પડે છે તે દર્શાવ્યું અને મૂર્તિ-પૂજા દ્વારા પોતે પ્રભુપૂજાને કેવી રીતે ઘટાવે છે તે વિષે નોંધ લખી તેમ છતાં વિરોધ થવા લાગ્યો. એમાં વળી શત્રુંજય ઉપર પંડિત લાલને પોતાની પૂજા કરાવી એવી કેવળ પાયા વિનાની વાત ચાલી ને સંઘ બહારની હીલચાલ ચાલી.

આ બધામાં પંડિતજી તો ખૂબ શાંન્તપૂર્વક પોતાનો અભ્યાસ, અધ્યયન, વ્યાખ્યાનો ને નવા વિચારનો પ્રચાર ચાલુ રાખતા અને તેમણે ૨૪ ગુજરાતી અને ૨ અંગ્રેજી પુસ્તકો આપ્યા છે. તેમના સમાધિ શતકનું તેમની જ દ્વારા જૈનધર્મની દીક્ષા પામેલા શ્રી હરબર્ટ વોરને ૧૯૧૪ માં અંગ્રેજીમાં ભાષાંતર કર્યું છે.

તેમનો યોગનો અભ્યાસ તો ચાલુ હતો. પતંજલ યોગદર્શન તો તેમને કંઠાગ્ર હતું. પતંજલ યોગ અને જૈન યોગનો સમન્વય એ તેમના અભ્યાસ, ચિન્તન અને મનનનો વિશિષ્ટ વિષય છે. તેઓ યોગના અભ્યાસી તો હતા પણ યોગ સાધનાની દિશાએ તેમણે ઘણી પ્રગતિ

સાધી હતી. અનેક સાધકોને તેમણે યોગ માર્ગમાં પ્રવેશ કરાવ્યો છે.

વક્તૃત્વના પ્રદેશમાં તો તેઓ અદ્વિતીય વક્તા ગણાતા. દશ દશ હજાર માણસોની સભા સમક્ષ તેઓ ભાષણ આપતા, તેમના અવાજમાં રણકાર હતો. તેમની વાણીમાં લાલિત્ય, મધુરતા, ભાવના ઉપરાંત અદ્‌ભુત અભિનય કળા હતી. કૉન્ફરન્સનું અધિવેશન તેમના વક્તૃત્વથી તાજગી અનુભવતું. શ્રોતાઓ તેમના વક્તૃત્વથી મુગ્ધ બની જતા. તેમની સાથે નાચી ઉઠતા.

જૈન ધર્મની તેમની શ્રદ્ધા અને નિષ્ઠા એટલી જ ઊંડી છે, એવી તેમના એક વખતના વિરોધી લેખાતા જૈન આચાર્યો અને આગેવાનોને પ્રતીતિ થઇ છે.

સં. ૧૯૩૬ માં આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના પ્રતિનિધિ તરીકે સર્વધર્મ પરિષદમાં ભાગ લેવા ઇંગ્લાંડ ગયા હતા અને ત્યાં સાતેક માસ રહ્યા હતા.

તેમનું જીવન પ્રારંભથી જ જૈન સમાજની એક યા અન્ય પ્રકારની સેવામાં જ ગયું છે. જૈન સમાજમાં નવા જૂના વિચારની જે પચાસ વર્ષથી લડત ચાલે છે તે લડતના વિચાર સ્વાતંત્ર્યની હિમાયતના પક્ષે તેઓ પ્રથમ સૈનિક છે, સેનાની છે, અને એ રીતે આજની યુવાન પ્રજા અને ઉગતી પ્રજા તેમની ભારે ઋણી છે.

આવાં સાધુપુરૂષના જીવનનું મૂલ્ય મેળવવાનું શક્ય જ નથી. પંડિત લાલન એક સાધુ-સન્તપુરૂષ છે. આપણા

તેમને અન્તરનાં અનેક અભિનન્દન-અભિનન્દન હો. તેમની આપણા ઉપર હંમેશાં શુભાષિશો રહો.

આ વિવેચનના સમર્થનમાં મુનિ જિનવિજયજી, શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ, શ્રી જીવરાજ ઓધવજી દોશી, શ્રી હુકમીચંદ જસાણી તથા શ્રી તારાબહેન માણેકલાલ પ્રેમચંદે પંડિત લાલન સાથેના પોતાના અંગત અનુભવોની અનેક બાબતો જણાવી હતી. પૂજ્ય નાથજીએ પંડિતજીને પુષ્પહાર પહેરાવી તેમનું બહુમાન કર્યું હતું. બે સમાન ધર્માત્માઓ એક બીજાને ભેટી પડ્યા હતા. એ દૃશ્ય હૃદયંગમ બની ગયું હતું.

પંડિતજીએ પોતાના સત્કાર સમારંભના જવાબમાં એવું મનનીય વ્યાખ્યાન આપ્યું હતું કે આજે પણ તેમના વિચારો આપણને નવનવી દ્રષ્ટિને પ્રેરણા આપી જાય છે.

આ પ્રસંગે શ્રી નાથજી જેવા રાજયોગી-શિરોમણીને તમે પ્રમુખ સ્થાને લઇ આવ્યા તેથી મને આનંદ થયો છે. યોગની બાબતમાં તે મારા ગુરૂ છે.

જૈન સિદ્ધાંત લાલનની દ્રષ્ટિએ રાજયોગનો માર્ગ છે. દર્શનોમાં પતંજલિનો યોગ સીધી રીતે આવતો નથી. છતાં સર્વદર્શનો માફક જૈન દર્શને પણ પતંજલિના રાજયોગને અનેક રીતે અપનાવ્યો છે, એટલું જ નહિ પણ રાજયોગના કર્તાને જૈન ધર્મના માર્ગાનુસારી પણ ગણેલ છે. આખુંને આખું યોગશાસ્ત્ર લગભગ ૯૫ ટકા જૈન સિદ્ધાંતને સાનુકૂળ છે.

તમે મારા પ્રત્યે તો ખૂબ સદ્‌ભાવના બતાવી. મારા ગુણો તમે ઘણા ઘણા દર્શાવ્યા પણ મારા દોષો હું ઘણા જોઉં છું. અનેકવાર મારૂં પતન થયું છે, પણ એમ કહેવામાં હું જરા પણ અતિશયોક્તિ કરતો નથી કે એ દોષોમાંથી મને કોઇએ બચાવ્યો હોય તો તે જિનધર્મે જ બચાવ્યો છે. માટે મન જિનધર્મ-નિજધર્મ અર્થાત્ આત્મ ધર્મ છે, આ ધર્મે મને વારંવાર ઉઠાડ્યો છે, જગાડ્યો છે, સ્થિર કર્યો છે.

હું મુંબઈ જૈન યુવક સંઘનો આમજન સભાસદ હોઉં એમ લાગે છે. મને કોઇ વૃદ્ધ કહે તો મને ગાળ દેતા હોય તેમ લાગે છે. ૯૧ વર્ષનું દૈહિક જીવન મને ૧૯ વર્ષ જેવું લાગે છે. હજી ઘણા વર્ષોની સાધના બાકી છે.

તમે અને તમારા સંઘે તેમજ પ્રબુદ્ધ જૈને સુતેલો જૈન સમાજ જાગતો થયો છે. હવે એ જાગૃત સમાજને બેઠો કરવો જોઇએ. ઉભો કરવો જોઇએ, આમ તો કરવો જોઇએ, ધર્મવ્યવહાર માર્ગે દોડતો કરવો જોઇએ, સ્વર્ગને નીચે લાવવું જોઇએ અને મોક્ષને હૃદયમાં વસાવવું જોઇએ.

સમભાવ પૂર્ણ જીવન ગાળવું એજ સાચો ધર્મ છે. આવા મંગળમય આત્મ કલ્યાણકારી વિશ્વ ઉપકારી જૈનધર્મનો જગતના ચોકમાં સંદેશ તમે જ યુવાનો યુવાન હૃદયો કયારે પહોંચાડશો.

અંતમાં એક સૂચન કરવા લાલન સાહસ કરે છે.

બાલાશ્રમો, ગુરૂકુળો વિદ્યાર્થી ગૃહો થાય છે, થવાં

જોઇએ પણ શાંતિ પૂર્વક જીવન પૂર્ણ કરવા વૃદ્ધાશ્રમો કયારે થશે.

આવા વિશ્રાંતિગૃહો તો સાચાં શાંતિનિકેતન બનવાં જોઇએ. જાગશે કોઇ ભાગ્યશાળી દાનવીર ! લાલન જેવા અનેક આત્માઓ આ શાંતિનિકેતનોમાં જીવનનું દર્શન મેળવી સાચી શાંતિ મેળવશે.

શ્રી નાથજીએ ઉપસંહાર કરતાં જણાવ્યું કે પંડિતજી જેવા જ્ઞાનવૃદ્ધ, સેવાપ્રિય અને અધ્યાત્મપ્રેમી પુણ્ય પુરૂષને શ્રદ્ધાંજલિ આપતાં ગૌરવ થાય છે. એ તો આપણા ભારતના અરે વિશ્વના યોગનિષ્ઠ મહામાનવ છે.

તેમની વકતૃત્વશક્તિ જ્યારે ૯૧ વર્ષે આટલી મધુર ને રસપ્રદ છે ત્યારે યુવાનીમાં આ શક્તિનો પ્રવાહ કેટલો જોરદાર હશે !

તેમને આજે પણ આધ્યાત્મિક જ્ઞાનની ખૂબ ખૂબ તૃષ્ણા છે. તેઓ મહાન શ્રેયાર્થી છે.

મારો પહેલો પરિચય ૨૬ વર્ષ પહેલાં સાબરમતી આશ્રમમાં થયો અને તેમણે જે વિચારો દર્શાવ્યા તે નવીન અને પ્રેરક હતા.

સમાજનો ગમે તેવો વિરોધ હોવા છતાં પણ પંડિતજીએ પોતાનું સત્ય પ્રતિપાદનનું કાર્ય એકસરખું ચાલુ રાખ્યું હતું તે ઉપરથી આપણે સત્ય પરાયણતા અને નિર્ભયતા શીખવાં જોઇએ. ધર્મની ખાતર સહન કરવા સિવાય મનુષ્યની કસોટી થઇ શકતી નથી.

પંડિતજીની ઉંમર આટલી મોટી હોવા છતાં અને વૃદ્ધાવસ્થાનું આક્રમણ હોવા છતાં એમનામાં તેજસ્વીતા છે. એ તેજ ધર્મનું તેજ છે જે ધર્મશીલ હોય છે તેનામાં વીરતા હોય છે. જે સાચો જ્ઞાની હોય છે તેનું તેજ વૃદ્ધાવસ્થામાં ઘટતું નથી. શરીર ભલે ક્ષીણ થાય પણ તે જ તો વિશેષ પ્રજ્વલિત થાય છે. આ પ્રભાવ ધર્મનો–વીરત્વનો–જ્ઞાનનો છે.

એમના ગુણો આપણામાં ઉતારવાનો પ્રયત્ન કરીએ તો આપણું જીવન પણ એમની માફક સાર્થક થશે.

એમનું અવશિષ્ટ આયુષ્ય સ્વાસ્થ્ય અને આરોગ્ય પૂર્ણ રહે એવી મારી પરમાત્માને પ્રાર્થના છે."

પંડિતજીનું આ રીતે ભવ્યસન્માન થાય. પુણ્ય પુરૂષ શ્રી કેદારનાથજી જેવાના મંગળ પ્રવચનો થાય અને પંડિતજી ૯૧ વર્ષની ઉંમરે પણ પોતાની સાધનાની મંગળ કામનાઓ વાંચ્છે તે કેવું મંગળમય ગણાય !

આજે પણ પંડિતજીનો આત્મા જ્યાં હશે ત્યાં પોતાનો મંગળ સંદેશ આપતા હશે ને હજારો હૃદયોને પ્રેરણાના પીયૂષ પાતા હશે.

હું તો તેમનો પુત્ર–શિષ્ય અને બાળક આજે પણ ૮૦ વર્ષની ઉંમરે તેમના સુધાભર્યા અમૃતવચનો યાદ કરી મારી જીવનયાત્રાને સફળ બનાવી રહ્યો છું.

હું પણ મારી જાતને ભાગ્યશાળી માનું છું.

★

માનવ-ગીતા

[૨૨]

પંડિત લાલને અમેરિકામાં Gospel of man પુસ્તક લખ્યું હતું. તેમાં સુપ્રસિદ્ધ તત્વચિંતક શ્રી એમર્સનના નિબંધમાંથી નિષ્કર્ષ લઈને પોતાની સાદી સીધી સરળ ભાષામાં ઉતારેલ છે.

પુસ્તકના વિવેચનમાં પંડિતજી ખૂબ ઉંડા ઉતર્યા છે. અને તેમણે પૂર્વ અને પશ્ચિમના વિચારકો એમર્સનાના લખાણોમાં જનતા રસ લેતી થાય તે ઉદ્દેશથી પુસ્તિકા લખી છે. તેનું નામ તેમણે માનવગીતા આપ્યું છે. અને તે સૂચક પણ છે.

આ પુસ્તિકાનું આમુખ વિદ્વત્વર્ય શ્રીયુત્ જગમંદ્ર-રલાલ જૈની એમ. એ. બેરીસ્ટર-એટ-લો એ વિદ્વતાપૂર્ણ ભાષામાં લખી આપેલ છે. આ પુસ્તિકાના સુધાભર્યા અમૃત વચનો આપણે જાણીએ–માણીએ અને તેને મનનપૂર્વક સમજીને આપણા અંતરને અજવાળીએ તો પંડિત લાલન સાહેબનો પરિશ્રમ સફળ થયો ગણાશે.

માણસ એ શરીર નથી. પણ શરીરવાળો આત્મા છે.

અજ્ઞાન ઇશ્વરનું મનુષ્ય જ્ઞાન ફળ છે.

માણસ હકીકતોનો સર્વ સંગ્રહ છે.

આત્મા જીવંત અને સજ્ઞાન છે. બધી ઇન્દ્રિયો, મન તેમજ હૃદયની ક્રિયાવાળું શરીર આત્માનું સાધન છે. તે જેવું વાવે છે તેવું લણે છે.

જીવો અને જીવવા દો, વિકસો અને વિકસવા દો, આપણે ઉર્ધ્વદર્શી થવું. વિશ્વ-બંધુતત્વનો ભાવ કેળવવો જોઇએ. આ ભાવમાંથી પરમ પુનિત પ્રેમ જન્મે છે. દર્શન જ્ઞાન અને ચારિત્રથી અપરિમિત શાંતિ અને સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય છે.

જેમ સૂર્યની અંદર દિવસ કે રાત્રિ નથી પણ બધો પ્રકાશ જ છે. તેમ માણસના આત્મામાં અંશતઃ જ્ઞાન કે અજ્ઞાનતા નથી પણ બધો પ્રકાશ જ છે.

માણસના આત્મા અને બ્રહ્માંડના આત્મા વચ્ચે કોઇ દીવાલ નથી.

માણસમાં સમગ્રનો આત્મા છે. તેની સાથે પ્રત્યેક અંશ અને અણુ સરખો સંબંધ ધરાવે છે.

હસ્ત શકિતનો સૂચક છે, મગજ ડહાપણનું સૂચક છે, હૃદય પ્રેમનું સૂચક છે, કંઠ-શબ્દ અથવા સંગીતના આવિષ્કારનું સૂચક છે.

સર્વ જીવોમાં એક જ પ્રાણ છે. સર્વ જીવોમાં એક જ પ્રેમ છે, એક જ જીવન છે, એક જ માનસ છે, એકજ ઇશ્વર તત્વ છે.

નદીના કોઇપણ ભાગમાં થતું તોફાન મહાસાગરના કોઈપણ ભાગમાં અનુભવી શકાય છે અને મહાસાગરના કોઇ ભાગમાં થતું તોફાન નદીના કોઇ ભાગમાં અનુભવી શકાય તેવી રીતે અમુક સમયે અને સ્થળે વિશ્વમાનસમાં જે બને છે તે વ્યક્તિગત માનસથી જાણી શકે છે. વ્યક્તિગત માનસમાં જે બને છે તે વિશ્વમાનસ જાણી શકે છે.

દિવ્યબુદ્ધિ અને માણસની આધ્યાત્મિક બુદ્ધિ વચ્ચે કોઈ જાતનો પડદો નથી. જ્યારે મનુષ્ય તેના અંતરતમ હૃદયમાં આધ્યાત્મિક બુદ્ધિ પામે છે ત્યારે તે દિવ્યબુદ્ધિના મધ્યબિંદુ સુધી પહોંચે છે.

સંતનું હૃદય અખિલ માનવ જાતનું જ નહિ પણ સર્વ જીવોનું હૃદય છે. પ્રત્યેક હૃદયના પ્રત્યેક ધ્વનિથી તે કંપાયમાન થાય છે.

જ્યારે રાજનૈતિક કે ધાર્મિક, વૈજ્ઞાનિક કે તત્વજ્ઞાની પ્રૌઢ વિચારકો સાથે બેસીને વિચાર કરે અને આપણા એક માનવ કુટુંબમાં શાંતિનો સંદેશ પહોંચાડે એ દિવસો વિશ્વશાંતિના સૂચક અને અતિ આનંદ પ્રેરક હશેઃ આપણે બધા એક જ પિતાના પુત્રો છીએ. પરમેશ્વરનું પ્રેમાળ માનવ જાતના શુદ્ધ અને શાંતિમય અંતઃકરણમાં દર્શન થશે.

કારણ એ છે કે શાંતિ, પ્રેમ, જીવન, જ્યોતિનાં આવાં સ્થાનો અને તેમની સાથે મહાનુભૂતિ ધરાવનારાની સંખ્યા વધતી જાય છે; અને પ્રજા, પ્રજા દ્વારા પ્રજાની રાજ સત્તાનો વિકાસ થાય અને માનવ જાત માટે માનવ-

જાત દ્વારા અને માનવ જાતની રાજસત્તા રૂપે પ્રત્યેક મનુષ્યના અંતઃકરણમાં પડઘો પાડે છે.

ફરી ફરીને એમર્સન કહે છે કે માણસ અને પ્રભુના મન વચ્ચે કોઇ દીવાલ અથવા અંતરાય નથી. ઉપસંહારમાં કવિ કેવું સર્વદેશીય સત્ય કહે છે—

In me there shines, The soul of whole.
Encentring and, Encircling all,
Twixt god & man, There is no wall.
Effect and cause, In me ever roll.

અર્થાત્—મારે વિષે સર્વમાં મધ્યબિંદુ રૂપ અને સર્વને ફરી વળતો સમસ્તનો આત્મા પ્રકાશે છે. ઇશ્વર અને મનુષ્ય વચ્ચે કોઇ દીવાલ નથી. મારે વિષે કાર્ય અને કારણની ઘટમાળ સદૈવ ચાલે છે.

આ માનવગીતા શ્રી લાલન સાહેબે ૨૧ જાન્યુઆરી ૧૯૦૦ માં લીલી ડેઇમ ન્યુયોર્ક યુ. એસ. એ. માં લખી છે. આ માનવગીતામાંના થોડા જ અવતરણો સૂત્રો જેવાં છે. અને આપણા જીવનના દર્શન માટે માર્ગદર્શક થઇ પડે તેવા છે. એ રત્નોને હૃદયમાં ધારણ કરી આપણાં જીવનને દિવ્ય પ્રકાશ આપીએ.

સામાયિકના પ્રયોગો

[૨૩]

આપણા ચરિત્રનાયક પંડિત લાલન સાહેબને કોઇ પ્રિયમાં પ્રિય પોતાના શરીર–મન–વાણી અને વિચારથી પણ અતિ પ્રિય કોઇ વસ્તુ હોય તો તે સામાયિક હતી. પંડિતજીએ શ્રમણ ભગવાન મહાવીરના સામાયિકના પ્રયોગો જાતે કર્યાં, અનુભવ્યા અને તેની પુણ્ય પ્રસાદી સમાજને ભેટ ધરી. આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ બત્રીસ વર્ષ પહેલાં સં. ૧૯૮૩ માં પ્રકાશિત કરવામાં આવી. તે પછી તેની ૫–૬ આવૃત્તિઓ થઈ અને દરેક આવૃત્તિમાં પંડિતજીએ નવનવી દૃષ્ટિ મૂકીને પુસ્તિકાને ખૂબ રસપ્રદ બનાવી હતી.

આ પુસ્તિકાની ૪ થી આવૃત્તિનો સત્કાર કરતાં શ્રી ધીરજલાલ ધનજીભાઇ શાહે સુંદર પ્રવેશ લખ્યો છે. તેઓશ્રી લખે છે કે ‘ મિલ્ટનના શબ્દોમાં કહીએ તો ’ મહાન પુસ્તક તો લેખકના મોંઘેરા લોહીથી લખાય છે. સાહિત્ય સર્જક પોતાના સર્જનમાં અણુએ અણુ ભરે છે.’

આ પુસ્તિકાના એકે એક શબ્દમાં પૂજ્ય પંડિતજીએ આજે તેમને ચુમોતેર વર્ષ થયા એટલા વર્ષોની શક્તિ અનુભવ ઠાંસી ઠાંસીને ભર્યાં છે. એક લીટીમાં કહું તો

એકે એક શબ્દમાં તેમના મોંઘેરા લોહીના બિંદુઓ છે. આ પુસ્તિકામાં શ્રી વીર પરમાત્માના સામાયિક યોગને આદર્શમાં રાખી કયા કયા જૈનોએ તે દ્વારા શ્રી વીર ભગવાને તેનાથી જે ફળ મેળવ્યું હતું તેવા ફળ મેળવ્યા તેના દૃષ્ટાંતો ઉમેરી પુસ્તિકાને રસપ્રદ બનાવી છે.

પંડિતજી પોતે દર વર્ષે ૧૮૦૦ સામાયિક કરતા તેમજ તેનાથી બમણા કરાવતા. તેમની એક એક ક્ષણ સામાયિકમાં જ વ્યતીત થાય એવી ભાવના તેઓ રાખ્યા કરતા હતા.

પંડિતજી એવા તો સામાયિકના રંગે રંગાઇ ગયા હતા કે સામાયિક કરાવતાં તેમના હૃદયની ઉર્મીઓ ઉછળતી અને ગંગાના પ્રવાહની જેમ ખળ ખળ સુધા-ભર્યો વાણીનો ધોધ વહેતો હતો.

સામાયિક શબ્દોના ઉચ્ચારથી થાય છે. તેની કીંમત એક રૂપીયો સમજીએ તો તેના ઉપરના વિચારની કીંમત એક ગીની થાય. ઉચ્ચારમય વિચારપૂર્વક આચરણ કરવામાં આવે તો આચારની કીંમત કરોડ થાય. પરંતુ જ્યારે જેવો ઉચ્ચાર તેવો જ વિચાર, તેવો જ આચાર હોય તો જીવનનું દર્શન મેળવી શકાય તેની કીંમત પંદર પંદર પરાર્ધથી પણ વધી જાય.

સામાયિકમાં સમભાવ કેળવવો એ જ જરૂરી છે.

પ્રદીપ કહે છે કે—

સમભાવ હોય વાણીમાં, જીવન સમાજને જગતમાં,
સમસ્ત માનવ જાતમાં, વિશ્વમાં રહેલ અણુયમાં.
સધાય છે માનવ માત્રથી, સુખો સર્વ ઇહ લોકના,
અહીંયા છતાંયે ભોગવાયે, સઘળાં સુખો સ્વર્ગલોકના.
સમભાવથી માનવ માત્રનાં, વરસે અમી તણી વૃષ્ટિ,
વેર ઝેર કળા હોય સમાવી, જીવમાત્ર સાધે આત્મસિદ્ધિ.

પંડિતજી આ પુસ્તિકતાના પ્રથમ પૃષ્ઠે શું સુંદર દૃષ્ટાંત રજુ કરે છે!

એક વિશાળ વન-કાનન Forest છે. આખું વન ચંદન-વૃક્ષોથી ભરપૂર છે. ચંદન-વૃક્ષમાં સુગંધથી પ્રત્યેક વૃક્ષની આસપાસ સર્પ વીંટળાઇ રહ્યા છે, અને જ્યારે સર્પ સુગંધ લેવા લાગે છે, ત્યારે ચંદનમાં રહેલ અમૃતમય સુગંધ પણ વિષમય થતી હોય એમ લાગે છે, આ વનમાં પુણ્યોદયે એક મયૂર આવી ચડે છે, જેવી ઉંદર અને બીલાડીને, વાઘ અને બકરીને તેમજ ગાય અને સિંહને સગાઇ હોય છે, તેવી જ સગાઇ સર્પ અને મયૂરને છે. આથી મયૂરને આવતો જોઇને એકેએક સર્પ ત્યાંથી નાસી જાઈ છે. અને આખુંય વન ચંદનની સુગંધથી મહેકી રહે છે.

આ રીતે જ સંસાર એક મહાન વન છે. તેમાં જીવો ચંદન વૃક્ષ સમાન છે. આ જીવરૂપી ચંદન વૃક્ષની આસપાસ કર્મરૂપ-કષાયરૂપ-મોહરૂપ સર્પો વીંટળાઇ રહેલ છે. એવામાં માનવોના પુણ્યોદયે આ ચંદન વનમાં-જીવન વનમાં શ્રી પાર્શ્વનાથ રૂપ મયૂર આવે છે. ત્યારે કર્મરૂપ

સર્પો તરત પલાયન થઇ જાય છે, અને આપણા જીવનરૂપ ચંદનની સ્વાભાવિક અમૃતમય સુગંધી પૂર જોસમાં મહેકી રહે છે.

આ પુસ્તિકાના પ્રવેશમાં ૪૬ પૃષ્ઠમાં એવું તો સુંદર ઉચ્ચ વિવેચન કર્યું છે જે જૈનધર્મના હાર્દને દર્શાવે છે.

દેહથી પર એવા આત્મસૂર્યના પ્રકાશમાં આવવા માટે આ સામાયિકના પ્રયોગો ઘણા જ ઉપયોગી છે–તેથી સંપૂર્ણ પ્રકાશની જેમ સંપૂર્ણ જ્ઞાન પ્રકાશમાં પ્રત્યેક ચિરશાંતિ માણી શકે છે.

આ સંસારરૂપી મહાસમુદ્રમાંથી તરવાને સામાયિક રૂપ સ્ટીમર મળેલ છે. નૌકાધિપતિ શ્રી મહાવીર છે. આપણે મુસાફરો છીએ, એ સ્ટીમરમાં બેસવા માટે ૪૮ મીનીટ જેટલા વખતની કીંમત આપી સામાયિકની ટીકીટ ખરીદીને જો આપણે સામાયિક રૂપ સ્ટીમરમાં ચડીએ તો જૈન શાસ્ત્રકારો પોકારી પોકારીને કહે છે કે–જે સ્થિતિ ઉપર શ્રી વીર પ્રભુ પહોંચ્યા છે તે જ સ્થિતિએ તમે પહોંચશો. આ ટીકીટ ખરીદીને અનંત આત્માઓ ત્યાં પહોંચ્યા છે. હજી અનંતા પહોંચશે–આપણે પણ ત્યાં પહોંચવા આત્માને તેજસ્વી બનાવીએ. આ પુસ્તિકામાં સામાયિકના સૂત્રો–અર્થ–ભાવ આપેલ છે.

વિશેષતા તો એ છે કે આઠ પ્રકારના સામાયિક ગણાવી દરેક પ્રકારના સામાયિક ઉપર તેનો વિશેષ બોધ થવાને માટે એક દૃષ્ટાંત આપેલ છે.

એક એક દૃષ્ટાંત એવું સુંદર, બોધપ્રદ, રસપ્રદ અને ભાવપૂર્વક પંડિતજીની કલમે આલેખાયું છે કે આ બધા દૃષ્ટાંતમાંથી એકાદ ચીનગારી મળી જાય તો બેડોપાર થઈ જાય.

પહેલા દૃષ્ટાંતમાં ચિત્રકાર અને વિચિત્રકારની કલ્પના ભારે રસિક છે.

સમભાવમાં સામાયિકમાં દમદંત મુનિનું દૃષ્ટાંત ગમે તેવા પરિસહોમાં પણ સમભાવ કેમ રાખવો તે દર્શાવ્યું છે. કૌરવો પૂર્વ વૈરના ભાવે મુનિ તરફ ઈંટો, બીજોરાના ફળ, પત્થર ફેંકી તેમને દુઃખ આપે છે. મુનિરાજ તો આ ઉપસર્ગને શાંતભાવે સહન કરી આત્મચિંતનમાં ધ્યાનસ્થ-પણે છે. થોડીવારમાં પાંડવો નીકળે છે.

મુનિરાજની આ દશા જોઈ પાસે આવી ઈંટ-બીજોરા દૂર કરે છે. મુનિરાજને થયેલ ઉપસર્ગથી અત્યંત ખેદ પામી પુનઃ પુનઃ વંદન કરી પોતાના નગર તરફ વિદાય થાય છે. દમદંત મુનિને તો પાંડવો તરફ રાગ નથી-કૌરવો તરફ દ્વેષ નથી. તે તો શુભાશુભ કર્મનો ક્ષય કરી કેવળ જ્ઞાન પામે છે.

સમયિક સામાયિક માટે મેતાર્ય મુનિવર્યનું દૃષ્ટાંત પણ એવું જ હૃદયદ્રાવક છે. સમવાદ સામાયિક ઉપર શ્રી કાલિકાચાર્યનું સમાસ સામાયિક માટે ચિલાતીપુત્રનું, સંક્ષેપ સામાયિક માટે રાજા જીતશત્રુનું, અનવદ્ય સામાયિક માટે ધર્મરૂચી મુનિનું, પરિક્ષા સામાયિક માટે ઇલાચીપુત્રનું પ્રત્યાખ્યાન સામાયિક માટે અમાત્ય તેયલિનું વગેરે દૃષ્ટાંતો

બહુ રસપ્રદ રીતે રજુ કરવામાં આવ્યા છે. ઉપસંહારમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દૃષ્ટાંત આપેલ છે. પરિશિષ્ટમાં પણ મહાત્મા દૃઢપ્રહારી અને મલ્લિના દૃષ્ટાંતો ઉમેર્યા છે–પ્રત્યાખ્યાન વિષે પણ એક કથા સુંદર છે. છેવટે ૮ પદ્યો આપીને આ પુસ્તિકા પૂર્ણ કરી છે.

આદર્શ જૈનોની આદર્શ સામાયિક, દૃષ્ટાંતો ને વિવેચન દ્વારા પંડિતજીએ એવી સુમધુર ભાષામાં આપી છે કે પ્રત્યેક વાચકને સામાયિકના ભાવ જાગે અને જીવન ઉજાળવા સામાયિક તરફ પ્રેમભાવ થાય.



આત્માવ બોધ

[૨૪]

આજથી સુડતાલીસ વર્ષ પહેલાં સને ૧૯૧૨ માં પંડિતજીએ આત્માવ બોધ કુલક–આત્મજ્ઞાનની પુસ્તિકા પ્રકાશિત કરી. આ ગ્રંથ રત્ન શ્રીમદ્ જયશેખરસૂરિજીએ રચ્યેા છે. તે માગધી ભાષામાં છે. બનારસ પાઠશાળાના એક અભ્યાસીએ તેને સંસ્કૃતમાં છાયા કરી અને શબ્દાર્થરૂપ અનુવાદ એક મુનિ–મહારાજે કરેલી. આ ગ્રંથના ૪૩ શ્લોકેા ઉપર એવું મનનીય વિવેચન પંડિત લાલને કર્યું છે કે તેમની અધ્યાત્મ દૃષ્ટિનેા અહીં પરિચય થાય છે. આ પુસ્તક ગુણાનુરાગી, શાસનપ્રેમી, મેવાડ–છોટી સાદડીના શ્રીયુત્ શેઠ ચંદનમલજી નાગેારીને અર્પણ કરવામાં આવ્યું છે.

આ પુસ્તકમાં આત્મજ્ઞાન મેળવવા માટે અનેક પ્રકારેા આપ્યા છે અને આત્મજ્ઞાનથી જીવને શેા લાભ થાય છે વગેરે સમજાવવા પંડિતજીએ ઠીક શ્રમ લીધેા છે. ૬૮ પૃષ્ઠના વિવેચનનેા સાર આપવામાં આવે તેા પણ ઘણા પૃષ્ઠો રેાકવા પડે. તેથી પંડિતજીના વિવેચનમાંથી થેાડાં અમૃતબિંદુઓ સમા મેાતીઓ વાચકેાના લાભાર્થે–આત્માર્થે આપવામાં આવે છે.

જેમ કુંભે બાંધ્યું જળ રહે તેમ જ્ઞાને બાંધ્યુ મન રહે. મન જ્ઞાનથી સ્થિર થાય છે. મન સ્થિર થવાથી ધ્યાન-રૂપ એકાગ્રતા થાય છે અને એકાગ્રતાથી આત્મસાક્ષાત્કાર થાય છે. તે આત્મખ્યાતિથી તદ્દનુકુળ સમભાવે વર્તતાં 'કેવળ' પણ પરંપરાએ પ્રગટે એવો સંભવ રહે છે. અનુ-ભવ રત્નચિંતામણી, અનુભવ સિદ્ધસ્વરૂપ, અનુભવ મારગ મોક્ષનો, અનુભવ કેવળરૂપ.

આત્મજ્ઞાન એ ભવોભવના દુઃખનો ક્ષય નહિ પણ પ્રલય કરનાર છે અને સમગ્ર સુખો આપી મોક્ષનું શાશ્વત સુખ આપનાર પણ તે જ છે. આત્મ સૂર્યના દર્શન કરવા અંતઃ ચક્ષુવડે હૃદયાકાશમાં જોતો લોકાલોક ભાસ્કર પ્રગટ જણાઇ આવશે.

આત્મજ્ઞાન સુગમમાં સુગમ છે.

ઇંદ્રિયોરૂપી અશ્વોને પણ શુભમાર્ગ વહન કરે તેવી રીતે શુભ રવાહે ચાલે તેવી રીતે કેળવવા જેમ ઇંદ્રિયરૂપી ઘોડા શરીરરૂપી ગાડીને ભાંગી ન નાખે તેમ મનરૂપી કોચ-મેનના હાથમાં રહી ગાડીમાં બેઠેલા પોતે જીવની શુદ્ધ દશા તરફ જ પ્રયાણ કરતા થાય, ત્યારે બોધડક સમજવું કે આત્મ-બોધ બીજ વવાઇ ચૂક્યાં છે.

મનોવિકારનું શમન કરવા શમ, સમતા, મૈત્રી, સંવેગ, વિવેક અને અત્યંત ઉદાસીનતાની જરૂર છે. તે માટે જીવે પ્રયત્ન કરીને મનને જીતી લેવું જોઇએ.

જે જીવ માનરૂપી પર્વતે ચડી ન જતાં નમ્રતારૂપી

મખમલની ભવ્ય જમીન પર ચાલે છે. અને લોભરૂપ કુવામાં ન પડતાં, સંતોષરૂપ શાંતિમાં મહાલે છે તે મનુષ્યને સંસાર અસાર નથી પણ સંસાર એટલે સમ્યક સારરૂપ થાય છે. મનુષ્ય સંસારમાં અસાર દૃષ્ટિ દૂર કરી આત્મવિજ્ઞાન વડે સંસારદૃષ્ટિ કરતાં મોક્ષ મનુષ્યને સંસારમાં જ મળે છે.

મનનો વિજય પણ ધ્યાનથી થાય છે.

માનવદેહરૂપી સ્ટીમરમાં પોતાની આગબોટ બને નહિ એટલા ધન-ધાન્ય-રૂપું-સોનું-હીરા-માણેક-ચતુષ્પદ પશુ વગેરે પરિગ્રહ ભરતા જ જઇએ તો સ્ટીમરનો ભાર વધી જાય અને આગબોટ ડૂબી જાય પછી તો મચ્છવા-હોડીમાં બેસવું પડશે એટલે તિર્યંચની માફક ફાં ફાં મારવા પડશે. અને પણ ડૂબ્યું તો નારકીની હોડીમાં પેસી જવાશે. દરેક મનુષ્યે યથાશક્તિ પરિગ્રહ પ્રમાણ કરવું જોઇએ તો આત્મ બળે મોક્ષ તરફ વળાશે.

સંસારિક માતા, પિતા, પુત્રો જ્યારે બંધન રૂપ છે, પણ ધર્મરૂપી પિતા, કરૂણા રૂપી માતા, વિવેક રૂપી ભ્રાતા ક્ષમા રૂપી સ્ત્રી અને જ્ઞાન દર્શન ચરિત્રાદિ ગુણ રૂપ ઉત્તમ પુત્રોને તું તારૂં અંતરંગ કુટુંબ બનાવ.

મોક્ષ પણ આત્મામાં જ મળે છે, આત્માથી જ મેળવાય છે, અને આત્મા જ મેળવશે. માટે સંસાર પણ તારો છે, બંધન પણ તારૂં છે, તેમજ મોક્ષ પણ બંધનથી મુક્ત અવસ્થા, એ પણ તારી જ છે.

શું કેવળ જ્ઞાન કરતાં કળા શ્રેષ્ઠ છે, ! શું અનંત વીર્ય કરતાં શરીર બળ વિશેષ છે! શું આત્મ સૌંદર્ય કરતાં મુડદાં જેવા શરીરનું સૌંદર્ય વિશેષ છે, માટે ધ્યાન વડે તારૂ નિજસ્વરૂપ ઓળખી લે એટલે બાહ્યમદ રૂપ આ શિખરોએ વજ્ર વડે તુટી પડશે અને સંસારી પર્વત શિખરોથી પણ ઉંચે એવા સિદ્ધ શિખર પર બિરાજશે.

મનન દ્વારા આત્માનું ધ્યાન કરવું, આત્મામાંથી સ્ફુરણા પ્રેરણા Inspiration થાય તેજ પ્રમાણે મન, વચન, કાયાને આચારમાં મુકવા તો પરિચીત જીવ આત્મા રૂપી બાગમાં રમશેજ અને તે બાગના અનંત ગુણ પુષ્પ અને અનંત ગુણ રૂપ ફળો તું પામીશ.

આઠે કર્મનો ક્ષય કરી સિદ્ધ ગતિ પામવી એ આ જીવનો ધર્મ છે. આત્માનું સ્વરૂપ જાણી–અનુભવી ધ્યાન માર્ગેથી આત્માનો પ્રકાશ મેળવવો તેથી સમાધિ થતાં કેવળ જ્ઞાન થશે. અને કેવળ જ્ઞાન, કેવળ ચારિત્ર, કેવળ આનંદ પામતાં ચરમ શરીરી જીવન મુક્તના આઠે કર્મ ક્ષય થઇ સિદ્ધ સ્વરૂપ થશે.



ધર્મ-શિક્ષણ

[૨૫]

પંડિત લાલનને ધર્મ-શિક્ષણ માટે ભારે રસ હતો. જૈન કુટુંબમાં જન્મીને બાળકને ધર્મના સંસ્કાર માતા પિતા આપી શકે પણ માતા પિતાને તો કયાં કુરસદ છે! આપણી શાળા પાઠશાળાઓ આ કામ કરી શકે, ધર્મના સૂત્રો, રહસ્ય, આચાર, ધર્મની વિશાળતા, ધર્મકથાઓ, ધર્મવિષે પ્રશ્નો તથા તેના સરળ ઉત્તરો એ પંડિતજીએ બાળકોના ધર્મ શિક્ષણમાં ખૂબ આવશ્યક લાગ્યાં અને તેથી જ પંડિતજીએ આજથી ૫૫ વર્ષ પહેલાં જ્યારે ધાર્મિક શિક્ષણ કેમ આપવું એ પ્રશ્ન હતો.

ગઇ કાલ સુધી પાઠશાળામાં પંચપ્રતિક્રમણના સૂત્રો જ તથા ભાવાર્થ શીખવવામાં આવતા હતા. ત્યારે બાળકોના મનને રૂચે તેમને ધર્મ શિક્ષણમાં અભિરૂચી થાય. આનંદ આવે, રસ જાગૃત થાય તે દૃષ્ટિએ સૌથી પહેલ વહેલી જૈનધર્મ પ્રારંભપોથીના શ્રી ગણેશ માંડ્યા અને જૈન સમાજને ચરણે નવી ભેટ ધરી.

આ પોથીના ત્રણ ભાગ તેમણે પ્રકાશિત કર્યા અને ત્રણે ભાગ મુનિરત્નોને પણ ખૂબ પસંદ પડ્યા. નાની વયના

બાળકોને પ્રથમ ધાર્મિક શિક્ષણ આપવા માટે આ પુસ્તકો ઘણા લાભદાયી થઈ પડયાં હતા.

આ ત્રણે પુસ્તિકાઓમાં પંડિતજીએ જૈનધર્મનું સામાન્ય જ્ઞાન, ધર્મજ્ઞાન પૂર્વક વિધિ, આચાર, ધર્મનિતિ વગેરે બહુ સરળ રીતે આપવામાં આવેલ છે. આની કીંમત પણ એક આનો અને દોઢ આનો રાખવામાં આવી હતી.

આ પુસ્તિકાઓ વિષે મુનિમહારાજ શ્રી કાંતિવિજયજી (પ્રવર્તકશ્રી) મુનિમહારાજશ્રી હંસવિજયજી, શ્રી નાનચંદ્રજી મહારાજ, મુનિમહારાજ શ્રી કપૂરવિજયજી, મુનિમહારાજ શ્રી કેશરવિજયજી, મુનિમહારાજ શ્રી મણિવિજયજી આદિએ ઘણા પ્રશંસનીય અભિપ્રાયો આપ્યા હતા. જૈન કોન્ફ્રન્સ હેરલ્ડે તો બે પૃષ્ઠમાં સુંદર સમાલોચના કરી હતી, જૈન વિવેક પ્રકાશમાં પણ સમાલોચના આવી હતી, બીજા પણ ધર્મ પ્રેમી ગૃહસ્થોના સારા અભિપ્રાયો આવ્યા હતા.

૫૫ વર્ષ પછી આજે તો ધાર્મિક શિક્ષણમાં ઘણી સારી જાગૃતિ આવી છે, જગ્યાએ-જગ્યાએ પાઠશાળાઓ થઇ છે, બહેનો અને બાળાઓ પણ ધાર્મિક શિક્ષણમાં ભાગ લ્યે છે. આપણી ૫૦-૬૦ જૈન શિક્ષણ-સંસ્થાઓ, ગુરૂકુળ-બાલાશ્રમ-વિદ્યાર્થી ગૃહોમાં હજારો વિદ્યાર્થીઓને તે પદ્ધતિસર ધર્મ શિક્ષણ આપવામાં આવે છે.

મુંબઇમાં તો શ્રી ધાર્મિક શિક્ષણ સંઘની યોજના અને પ્રેરણાથી બધી પાઠશાળાઓ એક જ પ્રકારનો પાઠ્યક્રમ ચલાવે છે. તેમાં સૂત્રો, સૂત્રોના અર્થ, ભાવાર્થ, રહસ્ય,

કથાઓ, પ્રશ્નો તેમજ સ્તવનાદિ અને તિર્થસ્થાનો આદિનો સુંદર ક્રમ યોજવામાં આવ્યો છે, અને ભાવનગરમાં પણ બધી પાઠશાળાઓ આ અભ્યાસક્રમ ચલાવે છે તેમ છતાં આજે ધાર્મિક શિક્ષણ માટેના પાઠ્યપુસ્તકોની ઘણી ઘણી આવશ્યકતા છે અને તેં શ્રેણી પ્રમાણે તૈયાર કરાવવાની ઘડી આવી લાગી છે.

જુદી જુદી સંસ્થાઓ જુદા જુદા પાઠ્યક્રમ ચલાવે છે પણ જૈન સમાજના હજારો બાળકોને ક્રમિક પાઠ્ય-પુસ્તકોનો લાભ મળે તો ધર્મ શિક્ષણ ઘણું તેજસ્વી બને. બાળકોના સંસ્કાર સુદૃઢ થાય, અને ઘેરેઘેર ધર્મકથાઓનું ગુંજારવ થઇ રહે.

પંડિતજી કેવા દૃષ્ટા હતા તે એમની જૈનમાર્ગ પ્રારંભ પોથીના ભાગો ઉપરથી આપણે જોઇ શકીએ છીએ.

ધર્મશિક્ષણ વિષે પંડિતજીએ જગ્યાએ-જગ્યાએ ભાષણો આપ્યા છે. શિક્ષણ સંસ્થાઓમાં તો ખાસ તેઓ પાઠ આપતા હતા, અને સામાયિક કરાવતા ત્યારે તલ્લીન થઇ જતા. બીજા વ્યાખ્યાનો વિષેની નોંધ તો મળતી નથી પણ તેમના વ્યાખ્યાનની એક પ્રસાદી મળી છે તે આપણે જોઇએ.

સં. ૧૯૩૯ ની જુલાઇમાં અમદાવાદમાં શ્રી પ્રેમાભાઇ હોલમાં ધાર્મિક શિક્ષણ સંબંધે શ્રી લાલનસાહેબે બે વ્યાખ્યાનો આપ્યાં છે તે સંક્ષેપમાં નીચે પ્રમાણે છે.

આત્મપ્રિય સુશીલ બહેનો અને આત્મપ્રિય સુજ્ઞ બાંધવો,

આ ધાર્મિક સંસ્થા ૩૦ વર્ષ પૂર્વે ઉત્પન્ન થઇ અને

ત્યારથી શિક્ષિત વર્ગમાં જૈનધર્મનું જ્ઞાન પ્રસરે તેવા પ્રયાસો થાય છે. આ સંસ્થાએ કેટલી પ્રગતિ કરી એનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે માલુમ પડે છે કે ધાર્મિક શિક્ષણ ક્રિશ્ચિયન આદિમાં ખૂબ ફેલાવો પામી છે તેટલો આપણે આપણા સમાજમાં પ્રચાર કરી શક્યા નથી. તથાપિ ધીમે ધીમે જે પ્રગતિ થઇ રહી છે તે અનુમોદન કરવા જેવી છે. ધર્મનું સ્થાન આપણા જીવનમાં ક્યાં છે એ આપણે સમજવું જોઇએ. ધર્મ વ્યવહારિક શિક્ષણનું વિરોધી નથી. પરંતુ સદ્‌વ્યવહાર એ ધર્મનો જ અંશ છે.

શ્રી હરિભદ્રસૂરિ ધર્મબિંદુના પ્રારંભમાં જ કહે છે કે ધર્મ એ કલ્પવૃક્ષ છે, તે ઇચ્છિત ફળ સર્વને આપનાર છે.

ધનાર્થીને ધન આપનાર, કામાર્થીને સુખ આપનાર અને પરંપરાથી ધર્મ એ મનુષ્યને મોક્ષનો સાધક છે. જીવનમાં એનું સ્થાન સર્વથી મુખ્ય હોવું જોઇએ. ધર્મ આપણા શરીરમાં રહેલા આત્માથી સાધ્ય થઇ શકે છે. બીજી કોઇપણ રીતે ધર્મનો ઉદ્‌ગમ નથી માટે શરીરને પણ સુદૃઢ કરવું જોઇએ.

શ્રી તીર્થંકરદેવ પણ મનુષ્ય દેહધારી હોય છે અને એમનું શરીર એ પણ આપણને આદર્શરૂપ હોવું જોઇએ. વજ્ર એટલે વિમાનમાંથી પર્વત ઉપર પડે તો પર્વતના ચુરેચુરા થઈ જાય તેવું શરીર, સુદૃઢ, મજબૂત, શક્તિશાળી, તંદુરસ્ત બધા બનાવી શકે છે.

ધર્મનું વર્ચસ્વ માત્ર આ જીવન સાથે સંબંધ ધરાવે છે એટલું જ નહિ પરંતુ હવે પછીના જીવન સાથે પણ

સંબંધ ધરાવે છે. તે પણ મોક્ષ મેળવવા સુધી આ વસ્તુ સમજવી તેનું નામ ધર્મ. ધર્મ અને જીવન જુદાં જુદાં હોઇ શકે નહિ.

એટલું જ નહિ પરંતુ મોક્ષને પણ સાધ્ય તરીકે સ્થાપિત કરી આત્મામાં રહેલી અનંત શક્તિઓની પૂર્ણતા ધર્મ દર્શાવે છે, તેમજ આપણને આત્માની અનંત શક્તિનું દર્શન કરાવે છે, અને જગતના જીવમાળને શાશ્વત શાંતિ અને મુક્તિ અપાવે છે.

મનુષ્યનું આયુષ્ય સો વર્ષનું ગણાય પરંતુ આપણા શરીરમાં રહેલા આત્માનું જીવન અનાદિ અનંત છે, એ અખંડ જીવનને સર્વ પ્રકારના સુખ આપનાર ધર્મ જ છે, ધર્મ મનુષ્યને સ્વાશ્રયી બનાવે છે. આપણાં બાળકોને નાનપણથી જ ધર્મના સંસ્કારો આપવા જોઇએ. માતા સો શિક્ષકની ગરજ સારે છે, બાળક ગર્ભમાં આવે ત્યારથી માતાએ ઉચ્ચ વિચારો કરવા જોઇએ.

છ વર્ષમાં તો બાળક ઘણા ઘણા સંસ્કારો મેળવી લ્યે છે, માતા પિતાએ બાળકનું જીવન ઘડતર કરવા ઉચ્ચ જીવન જીવવું જોઇએ. ધર્મમય જીવન જ બાળકને સુસંસ્કારો આપી શકશે. ધર્મ શિક્ષણ પણ બાળકોને પદ્ધતિ પૂર્વક રસમય રીતે અપાવું જોઇએ. તે માટેના સરળ પાઠ્યપુસ્તકો જરૂરી છે.

બીજું વ્યાખ્યાન તા. ૧૯-૭-૩૯ ના દિવસે પ્રેમાભાઇ હોલમાં જ યોજવામાં આવ્યું હતું, ધર્મ ક્યાં છે ?

તીર્યંચ આદિમાં તો ધર્મભાવના ક્યાંથી હોય પણ મનુષ્યમાં ધર્મભાવના જન્મથી જ હોય છે, જગતના કરોડો-અબજો જીવોમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જીવો છે તેમાં જળચર-ખેચર-પશુ-પંખી આદિ જીવો આવી જાય છે, મનુષ્ય એજ એક એવો જીવ છે, જેને મન-બુદ્ધિ-વિચાર-વાણી મળેલાં છે અને આત્મામાં રહેલી અનંત શક્તિનો તે સ્વામી હોવાથી તે ઉત્તમ ભાવનાઓ અને પુણ્ય કર્મોથી ઉંચામાં ઉંચી સ્થિતિએ પહોંચી શકે છે.

મનુષ્ય સર્વશ્રેષ્ઠ ગણાય છે અને તેથી જ મનુષ્યે ધર્મ દ્વારા આત્માનો ક્રમિક વિકાસ સાધી પ્રાણી માત્રના કલ્યાણ માટેનું ધામ મોક્ષપદ મેળવવા શુદ્ધ ભાવે પ્રયાસો કરવા જોઇએ. ધર્મ તીર્થાદિમાં છે કે મનુષ્યમાં તીર્થાદિ એ સ્થાવર છે અને મનુષ્ય એ જંગમ છે, માટે મુખ્યત્વે જંગમ તીર્થજ સ્થાવર જંગમની રક્ષા કરે છે. એટલું જ નહિ પણ સ્થાવર તીર્થ વડે મનુષ્ય પોતાના કરતાં પણ ઉત્તમોત્તમ ભાવના સેવે છે. માટે સ્થાવર તીર્થનું પણ મહત્વ એટલું જ છે.

મનુષ્ય હાલ જે સ્થિતિમાં છે, તેથી ઘણી ઉંચી સ્થિતિએ પહોંચે એ અપેક્ષાએ મનુષ્ય પણ શ્રેષ્ઠ છે, તેમજ સ્થાવર તીર્થ મનુષ્યને વર્તમાન સ્થિતિમાંથી ઉચ્ચ દશામાં લઇ જવામાં સહાયક હોવાથી સ્થાવર તીર્થ વર્તમાન મનુષ્યથી ઉચ્ચતર છે.

પરંતુ આપણે મનુષ્યને ભૂલીને સ્થાવર તીર્થની જ

ઉન્નતિ કરતા રહીએ તો તે એકાંત છે અને હાલના મનુષ્યને સ્થાવર તીર્થથી જ ઉંચે ચઢાવીએ તો તે પણ એકાંત છે. માટે પરસ્પર બન્નેને કેટલી જરૂર છે એ જો આપણે અનેકાંદવાદથી સમજીએ તોજ તે સાચો જૈન ધર્મ છે, એજ સાચું સમ્યકત્વ છે. તે વિના સર્વ મિથ્યાત્વ છે, તેને દૂર કરી બન્નેની ઉન્નતિ કરનાર જીવનધર્મ જાણી લેવો જોઇએ.

એટલે જ્ઞાન ધર્મ અને ક્રિયા ધર્મ બન્ને દ્વારા જીવનને ઉચ્ચત્તમ બનાવવાના પ્રયાસો પ્રત્યેક જીવે કરવા જોઇએ.

એજ પ્રમાણે વ્યવહારિક ઉન્નતિ પણ માર્ગાનુસારીના ગુણો વડે કરવી જોઇએ. વળી ધર્મ સર્વ શરીરમાં રહેલ આત્માની ઓળખ આપે છે, એટલું જ નહિ પણ તેમાં રહેલી અનંત શક્તિનો વિકાસ કરાવે છે. માટે મનુષ્યનો આત્મા કેવો બળવાન છે, કેવો અનંત શક્તિ શાળી છે, તે જો જીવ મનુષ્ય ન જાણે તો મનુષ્ય જડ રૂપ છે ને!

હાથ પગરૂપી અવયવો અને પાંચે ઇંદ્રિયો એ પ્રત્યેકમાં શી શી શક્તિ છે અને તેઓની પ્રગતિ કોણ કરાવે છે? તે પણ ધર્મ જ છે.

હાથ એ શૌર્ય, મસ્તક એ જ્ઞાન, હૃદય એ આનંદ અને વાણી એ ૐ કાર રૂપ ગાન, શબ્દ રૂપ શબ્દ બ્રહ્મ પ્રગટ આત્મા મનુષ્યના આત્મામાં રહેલ સર્વ ગુણોનો બાહ્ય વિકાસ બાહ્ય સ્વરૂપ એ વાણી જ છે, જગતમાં જ્ઞાન રૂપી દીપક પ્રત્યેક આત્માને કેવો પ્રકાશ આપે છે તે પણ ધર્મ જ દર્શાવે છે.

ધર્મ શિક્ષણ તો પ્રત્યેક જૈન કુટુંબમાં ઘેરે ઘેર, ગામેગામ, શહેરે શહેર અને સંસ્થાએ સંસ્થાએ મળવું જોઇએ. તે જ્ઞાન દીપક ઘર ઘરમાં ધર્મની જ્યોત જગવશે અરે જૈન કુટુંબ શા માટે પ્રાણી માત્ર માટે ધર્મ કર્તવ્ય સુસંસ્કાર-ઉચ્ચજીવન અને પવિત્ર ભાવના દ્વારા જીવનનું સાચું દર્શન કરાવવું હોય તો ધર્મ-શિક્ષણ-મહાત્માઓ-સંત-મહંતોના ચરિત્ર કથનો તેમજ અહિંસા-સંયમ-તપ અને વિશ્વપ્રેમના સાદા સિદ્ધાંતોનો પ્રચાર થવો જોઇએ.

ધર્મ શિક્ષણની પ્રભાવના કરીને આપણા તમામ બાળકોને જગતના રત્નો બનાવીએ.



તેરાપંથીનો આક્ષેપ

[૨૬]

પંડિત લાલન એવા સરળ, સૌમ્ય અને શાંત પ્રકૃતિ-વાળા હતા કે જ્યાં જ્યાં સદ્‌ગુણો જુએ, સદાચાર જુએ, મૈત્રીભાવના જુએ, વિશ્વપ્રેમ જુએ અને જ્યાં ઉચ્ચ આત્માઓ જુએ ત્યાં તેમનું મન નમી પડે. તે જબરા ગુણગ્રાહી હતા. તેમની દૃષ્ટિ જ એવી પવિત્ર હતી કે સાધુ–મહાત્માઓના દર્શનથી તે ધરાતા નહિ. તેમની સાથે ધર્મવાર્તા કરીને આનંદ માણતા. તેમના હૃદયના ભાવોને જગવતા, અને નિજાનંદી રહેતા હતા.

પંડિતજી એક વખત તેરાપંથીના આચાર્યને મળ્યા. તેરાપંથની ઐકયતા, ચારિત્ર અને સાધુ સંસ્થાની સુવ્યવસ્થા તેમને ગમ્યા. તે ગુણોની તેમણે પ્રશંસા કરી. તેમાં કોઇના ઉપર આક્ષેપ નહોતો, તેવી કોઇ વૃત્તિ નહોતી. જે કાંઇ સારૂં દેખાયું તે સારા સ્વરૂપે રજુ કરવાનું પોતાનું કર્તવ્ય સમજી તેમણે તેની માત્ર પ્રશંસા કરી હતી, પણ તેનો દ્વેષ એવો કે આટલું પણ સહન ન થઇ શકયું. આ વિચારો દર્શાવવા માત્રથી એવી વાત ઉડેતી મૂકવામાં આવી કે લાલને તેરાપંથની દીક્ષા લીધી છે. આ વાત તો ઉપજાવી

કાઢેલી હતી. તેમાં જરા પણ સત્ય હતું જ નહિ. પંડિતજીએ આ વાત સાંભળી અને તેમને ભારે આશ્ચર્ય થયું.

કોઇપણ પંથ કે ધર્મની સારી વાતોની પ્રશંસા કરવી એ પણ જો પાપ ગણાતું હોય તો તો આપણે કોઈપણ ધર્મ કે પંથને સારો ગણી શકીએ નહિ. આપણો ધર્મ તો સારો છે તેમ માનવાને સૌ સ્વતંત્ર છે, પણ જગતના ધર્મો બધા સારા છે. દરેકમાં સમાન તત્વો છે. બધાના સિદ્ધાંતો માનવ જાતના કલ્યાણ માટે જ રચેલા છે. બધાના આચારો ભલે જુદા જુદા હોય પણ અહિંસા, બ્રહ્મચર્ય, સત્ય, અસ્તેય, અપરિગ્રહ, તપશ્ચર્યા, સંયમ આ બધા તત્વો તો જગતના બધા ધર્મોમાં એક જેવા જ છે.

પંડિતજીએ તેરાપંથમાં દીક્ષા લીધાની વાત સાંભળી ભારે દુઃખ અનુભવ્યું અને તે તેમણે શેઠશ્રી લોળાભાઇ જેશંગભાઈ દલાલ ઉપર લખેલા પત્રથી સાબીત થાય છે.

તા. ૧૩–૭–૧૯૩૯

આત્મપ્રિય ભાઇ લોળાભાઇ વિ.

આપણામાંના પ્રત્યેકને ધર્મ વાત્સલ્યભાવે સંપૂર્ણ આશિષ હો.

પૂજ્ય કાકાશ્રી (શ્રી છોટાલાલ મલુકચંદ) કહેતા હતા કે આપ મંગળવારે આવવાના છો. ચી. ભાઇ વિમળ-ભાઇ કહેતા હતા, કે બે–ચાર દિવસમાં આવશે. એટલે **તેરાપંથ સંબંધી** સર્વ હકીકત તમને જણાવવાનું

મુલ્તવી રાખ્યું છે પરંતુ હજી સુધી આપનું આવવાનું થયું નથી. માટે નીચેની બીના સહજ પ્રસ્તાવનારૂપે લખાવું છું.

લંડનની The society for the study of religions. આ સભાનો લાલન વર્ષો થયાં મેમ્બર છે. અમે હાલ છેલ્લા ચાર વર્ષો થયાં વિશ્વ ધર્મ પરિષદ World's congress of Faiths, દુનિયાના પ્રખ્યાત શહેરોમાં મેળવી રહ્યા છીએ.

આ સોસાયટીનો હેતુ એક ધર્મના સંપ્રદાયો અને તેના વિભાગોમાં સમાનતા ક્યાં છે ? તેનો પ્રત્યેક મેમ્બરે યથાશક્તિ વિચાર કરવો જોઈએ.

પરિષદનો હેતુ એ સંપ્રદાયો આખા ધર્મને પરિસ્પર કેવી રીતે સહાય કરી શકે અને લઇ શકે. તેમને તેના વિભાગો એટલે ઉપાંગો એક-બીજાને મદદ કેમ કરી શકે ! એ હેતુથી દરેક મેમ્બરે યથાશક્તિ પ્રયત્ન કરવો જોઈએ.

આ દૃષ્ટિથી તેરાપંથનો અભ્યાસ યથાશક્તિ પ્રત્યક્ષ અને પરોક્ષ લાલન કરે છે, અને અત્યાર સુધી એવું જણાયું છે કે આપણા ત્રણે સંપ્રદાયોમાં તેમજ શ્રીમદ્‌ના વિચારોમાં પરસ્પર વિરોધ ક્યાં છે. એનો અભ્યાસ થતો હોવાથી એક-બીજાની નિંદા અને સમાજબળનો હ્રાસ થયા કરે છે. પરંતુ એક-બીજાને Agreements મળતાપણું-સમાનતા ક્યાં છે. એ જોવાની અગત્યતા છે કે નહિ તે આપ વિચારી જોશો.

બીજાનું સારૂં પણ આપણી સાચી માન્યતામાં વધારો કરે અને પોતાનું વ્યક્તિત્વપણું Individual Faith મુદ્દઢ રહે એવું ગુણદૃષ્ટિ અને સમદૃષ્ટિને ન જણાય ! એ આપ વિચારશો.

પૂજ્ય કાકાશ્રી દિવસાનુદિવસ પોતાના આત્મસ્વરૂપમાં સ્થિર અને સ્થિરતર જોવામાં આવે છે. અને હવે સંસારને છોડો અને મુક્તિને ગ્રહો એ બેમાંથી કોઇને પણ વિશેષ ભાર આપી ગૌણ મુખ્ય કરતાં ઓછા જણાય છે. અને શ્રી શાંતિનાથના સ્તવનમાં શ્રી આનંદઘનજી જણાવે છે કે—

મુક્તિ સંસાર બે સમગણે,
સમ ગણે કનક પાષાણ રે.

આવી સમતા ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી જોવાય છે.

અરેઅર શ્રીમદ્‌ના જ્ઞાનથી પ્રમોદ થાય છે. અને પ્રમાણિકપણે Faithful તદ્‌નુસાર તેઓશ્રીની શિક્ષા પ્રમાણે વર્તતાં આ કાળમાં મનુષ્ય જાણે ક્ષાયિકભાવ જાણે નજીક આવતો હોય એમ અનુમાન થાય છે. અરૂં સત્ય તો શ્રી વીર જાણે.

ચી. પદ્મા તથા ચી. મનુને તેમ જ અ. સૌ. નિર્મળાને વાત્સલ્યભરી આશિષ કહેશો. તમારી તબીયત સારી હશે. હું તો ધારતો હતો કે બેંગ્લોરના જળવાયુ ઇંગ્લેંડ જેવાં છે માટે ત્યાં કંઈક વિશેષ રહેશો અને તબીયત વિશેષ સારી થાય એવું કરશો એમ માન્યું હતું.

શરીર, મન અને હૃદયે આત્માભિમુખ થયા કરો અને થતા રહેશો.

કયારે આ તરફ આવવાનું થશે તે કાકાશ્રી અથવા લાલનને જણાવવા તસ્દી લેશો.

અત્ર આનંદ છે, તત્ર હો.

તેરાપંથમાં ગયાની વાત તદ્દન ઉપજાવી કાઢેલી છે. હું તો મારા આત્માનો પ્રકાશ મેળવી રહ્યો છું.

મંગળેચ્છુ,

લાલન



પંડિત લાલનની વિશિષ્ટતા

[૨૭]

પંડિત લાલનના જન્મ સમયે ક્રાન્તિની ચીનગારીઓ ભારતમાં પ્રસરી રહી હતી ત્યારે બાળ લાલન જન્મ સમયે રડવાને બદલે હસતા પુષ્પ સમા હસી રહ્યા હતા. અને પિતાની ઇચ્છા તેને ધનેશ્વરી બનાવવાની હતી. ત્યારે ભાઇ તો ધનને માટી માની પઢેશ્વરી બન્યા. સુધરાઇના દીવાએ વાંચી વાંચીને જીવનભરના વિદ્યાર્થી બની ગયા. મેટ્રિક સુધી ભણ્યા પછી રૂા. ૧૦ાા ની નોકરી મળી. વાંચનની ભારે ભૂખ એટલે રાત-દિવસ વાંચન ચાલુ રાખ્યું. સદા અભ્યાસી રહ્યા અને ટ્યુશનો આપવા લાગ્યા. માસિક દસના ૩૦૦) કમાવા લાગ્યા છતાં એ જ સાદાઇ, એ જ સંતોષ, એ જ જ્ઞાનદૃષ્ટિ, એ જ શાંતિ.

શ્રી વીરચંદભાઇ રાઘવજી ગાંધી અમેરિકા વિશ્વધર્મ પરિષદમાં જૈન ધર્મનો સંદેશ આપવા ગયા. અને પંડિતજીને અમેરિકા જવાની તમન્ના જાગી. આપ્તજનોને મળ્યા ને બીજે જ અઠવાડીએ ઉપડી ગયા. અમેરિકામાં બે-ચાર મહિના રહેવાય. પણ પંડિતજી તો ચાર વર્ષ રહ્યા અને જગ્યાએ જગ્યાએ અહિંસાનો સંદેશ આપ્યો. ત્યાંના ભાઇ-

બહેનોના સંપર્કમાં આવ્યા. ત્યાં ધર્મ શિક્ષણના વર્ગો શરૂ કર્યા. ધર્મના દીવડા અમેરિકામાં પ્રગટાવ્યા.

માતૃભૂમિમાં આવ્યા અને જગ્યાએ જગ્યાએ વ્યાખ્યાનો આપવા લાગ્યા. તેમની વાણીમાં જાદુ હતો. શ્રોતાઓ મંત્રમુગ્ધ થઇ જતા. એવી મીઠી–મધુર વાણી કે શ્રોતાઓ શાંતચિત્તે સાંભળ્યા જ કરે–બસ સાંભળ્યા જ કરે.

જૈન કોન્ફરન્સ કે દક્ષિણ મહારાષ્ટ્ર પરિષદ, ધર્મ શિક્ષણ સંઘ કે કોઇ સભાનું સંમેલન કે વિદ્યાર્થીઓની સભા, જ્યાં જ્યાં તક મળે ત્યાં પંડિતજી પહોંચે અને ચમત્કાર સર્જી શકે. વિરોધીઓ પણ શાંત થઇ જાય એવી તેમની મધુર વાણી હતી.

પંડિતજી લગભગ ૮ ભાષાઓ જાણતા હતા. કદી કામ વિનાના હોય જ નહિ. અરે હજામત કરાવતાં કોઇ આવ્યું તો તેમની સાથે વાતો કરવા મંડી પડે. હજામતના પૈસા ઠરાવે નહિ. હજામ રાજી થઇ જાય તે આપે ને આનંદ આનંદ માને.

બાળકો તેમને ખૂબ ખૂબ વહાલાં હતાં. તેમની સાથે ખૂબ આનંદ કરે અને બાળકોને આનંદ તો કરાવે પણ વાતવાતમાં બોધક ટુચકાથી બાળકોને સુસંસ્કારો આપે. બાળકો સાથે એવા પ્રશ્નોત્તર કરે કે બાળકો પણ ખીલે. બાળકને ગુરૂ બનાવે અને પોતે શિષ્ય બનીને વાતો કરે અને તેમાં ખૂબ રસપૂર્વક ભાગ લ્યે. બાળકોને બીસ્કીટ,

મીઠાઈ, ફળ-ફળાદિ મેવો અવરાવે પોતે પણ બાળક બની જઈને ખાય ને ખૂબ આનંદ કરાવે. પૈસાની ગણતરી ન રાખે પણ ખૂબ Accurate. ઉદાર પણ એવા કે પોતાને પ્રિય વસ્તુ પણ આપી દે. આશિષ તો હાંડા ભરી ભરીને આપે. લેનારને શોધી શોધીને આપે. તેમને એક જ લગન વીતરાગના પ્રશમ રસની, ઉપશય ભાવની, સમતામય શ્રેષ્ઠ જીવનની.

દાનથી જીવન શોભાવનાર તે લાલન.

જ્ઞાનથી ,, ,, તે લાલન.

ક્રિયાથી ,, ,, તે લાલન.

ગુણ ગ્રાહી દૃષ્ટિવાળા સદ્‌ગુણાનુરાગી તે લાલન.

દોષ જોવામાં આંધળી વૃત્તિ તે લાલન.

ઉદાર ચરિત ને પવિત્ર જીવન ગાળતા, સુખ દુઃખમાં સમાન વૃત્તિવાળા, સહાય મુસાફર પણ મુસાફરીનો હેતુ પ્રજાને ધર્મનો બોધ આપવા. શ્રી વીરચંદભાઇ રાઘવજીના તો પરમ પ્રિય સન્મિત્ર હતા. સાધુ સંતોના પરિચયમાં આવેને વિનયી બની જતા. શમ-ઉપશમ અને પ્રશમ એ પંડિતજીના ઉપનામ હતા.

પંડિતજીએ અનેક પ્લેટફોર્મો ગજાવ્યા છે, શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા છે, પૈસાને હાથનો મેલ સમજતા. અચ્છા બાબા શ્રી વેલજી લાલજી વોરા જામનગરના પ્રેમી પ્રીતિપાત્ર હતા. અંગત મિત્ર હતા. બન્ને સાથે જમતાને આનંદ માનતા મીઠું બોલે તેમ મીઠું ખાવાનો પણ શોખ.

અરે ચા કૉફીને કોકોમાં કેસરને જાફરાન નંખાવે પણ તે જીભના સ્વાદ માટે નહિ શોખ ખાતર. લેવા કરતાં દેવામાંજ આનંદ માનતા, વ્યાજથી કીંમત કરતાં વધારે આપવી એ એમની ખાસીયત. હલકો વિચાર મગજમાં પેસવા દેવો નહિ. કદાચ પેસી જાય તો કાઢી નાખવા પ્રયત્ન કરતા. "સવિ જીવ કરૂ શાસન રસી ઇસી ભાવ દયા મન ઉલ્લસી" એ ભાવ હંમેશા જાગૃત રહેતો. કોઇના દોષ જોવાના જ નહિ. નાના બાળક પાસેથી પણ ગુણ ગ્રહણ કરે. ઓછામાં ઓછું બોલે અને વધારેમાં વધારે કામ કરે. મન વાણી અને દેહમાં ઐકય સાધવા સતત પ્રયત્ન કરે. કોઇને પણ વિરોધી ન ગણે. બધા સાથે સમભાવ રાખે. પોતે જાણકાર હોવા છતાં જિજ્ઞાસુ બુદ્ધિ રાખે. મિષ્ટ ભાષા એ એમનું વ્યસન. નિશ્ચય તો અચલ ફરેજ નહિ. ગંભીર વ્યક્તિઓ સાથે ગંભીર બને પણ હાસ્યપ્રિય બંધુઓની સાથે તો ખૂબ ખૂબ હસે અને હસાવે. રોદડા રોવાનું તો શીખ્યા જ નહોતા. હસ્યા તેના વસ્યા ને રોયા તેણે ખોયા.

Laugh and the world will laugh with you but weep and you weep alone.

જે પ્રસન્ન મુખમુદ્રા રાખી શકે છે તેજ વિશ્વમાં વિજય પ્રાપ્ત કરી શકે છે.

Rejoice always સદાય આનંદી જીવન જીવો અને સુખી થાવ એ એમનું પ્રિય વાકય હતું.

તેઓ પોતાને સદા યુવાન માનતા young man of ninty two એમ કહેવામાં અભિમાન લેતા અને ખરે-

ખર તેમનામાં એક યુવાનને શોભે તેવી તમન્ના-ધગશ-ભાવના જાગૃતિ અને આનંદ હતો.

તેમની જ્ઞાનપિપાસા તો જીવનના અંત સુધી એવી જ તીવ્ર રહી. શ્લોકોના શ્લોકો કંઠે હતા. અંતરના અવાજને જ્યારે વાણીદ્વારા રજુ કરતા ત્યારે જ્ઞાનગંગાનો પ્રવાહ રેલાતો અને બધા મંત્રમુગ્ધ થઈ જતા.

પંડિતજી સુપ્રસિદ્ધ વક્તા, સદ્‌ગુણાનુરાગી, શાસ્ત્રના જ્ઞાતા, વિનમ્ર, પ્રશાંત અને સેવાપ્રિય જૈનસમાજના રત્ન હતા.

ધન્ય જીવન ધન્ય સેવા.



અવસર બેર બેર નહિં આવે

[૨૮]

પંડિત લાલન અમેરિકા જઈ આવ્યા, લંડન જઈ આવ્યા અને હિંદના નાના-મોટા શહેરોમા ફરી ફરીને યાત્રા પ્રવાસો કર્યા. તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં જ્ઞાનની ગંગા વહેવડાવી, જાગૃતિના પૂર રેલાવ્યા, પ્રકાશના દીવડા પ્રગટાવ્યા અને ધ્યાનની મસ્તી જગાવી. હજારો સ્ત્રી-પુરૂષો, યુવાનો અને કુમારોના હૃદયો ધર્મપ્રભાવનાથી મઘમઘતાં બનાવ્યા અને અધ્યાત્મ જ્ઞાનની સૌરભ પ્રગટાવી. આજે પણ પંડિતજીની મધુર મધુર અમૃતભરી વાણી અનેક હૃદયોમાં ગુંજે છે અને જીવનની ધન્યતા અનુભવાય છે.

પંડિતજીની સુધાભરી વાણી અને ધ્યાન વિષય ઉપર પોતે કરેલ વિવિધ લક્ષી વિવેચન તેમજ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરવાની કળાનો એક પ્રસંગ પંડિતજીના પરમ ભક્ત પરમ સ્નેહી આપ્તજન શ્રી વીસનજીભાઇ જેતશીભાઇ આપે છે તે આપણને પ્રેરણાના પીયૂષનું પાન કરાવી જાય છે.

પૂજ્ય લાલનસાહેબ ઘણા વર્ષો પહેલાં હુબલી પધાર્યા હતા. આ વખતે પર્યુષણના દિવસો હતા. પર્યુષણા આનંદપૂર્વક પૂર્ણ થયાં. તપશ્ચર્યા આદિ સારા પ્રમાણમાં થયાં. વ્યાખ્યાનમાં આનંદ આવ્યો.

પર્યુષણ પૂર્ણ થયા બાદ એક મોટા સભાગૃહના હોલમાં પંડિતજીનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું. સ્ત્રી-પુરૂષો અને યુવાનોથી આખો હોલ ભરચક હતો. પંડિતજીએ ધ્યાનનો વિષય પસંદ કર્યો. ધ્યાનનો મહિમા, ધ્યાન ધરવાનું પ્રયોજન, ધ્યાનથી અંતર આત્મામાં જે પ્રકાશ મળે છે અને ધ્યાન એ આત્મા સાક્ષાત્કારનું પ્રથમ પગથીયું છે. વગેરે વિવેચન સાદી સરળ ભાષામાં પંડિતજીએ કર્યું. પણ પંડિતજીની વ્યાખ્યાનની શૈલી તો અનોખી હતી. તે તો શ્રોતાઓને સમજાવીને, તેમના હૃદયમાં નવી ભાવનાઓ જગાવી પોતાની સાથે તન્મય બનાવીને પ્રત્યેક હૃદયને હચમચાવી ડોલાવી દેતા અને પોતે તેમાં તલ્લીન બની જતા.

ધ્યાનનું વિવેચન તો કર્યું પણ સભામાં જ ધ્યાનના પ્રયોગો કરવા લાગી ગયા, આખી સભા બધા નાનાં મોટા શ્રોતાજનો પંડિતજીના કલ્પનાના વિહારમાં ઉડ્યન કરવા લાગ્યા અને આખો હોલ ધ્યાન મગ્ન બની ગયો. આ છે, આપણા પંડિતજીની વક્તૃત્વ કળા અને વિવેચન દૃષ્ટિ.

પહેલા તો પંચ પરમેષ્ટિનું ધ્યાન કરાવ્યું અને તેમાં પગલે પગલે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વસાધુના ધ્યાનમાં બધાને તલ્લીન કરી દીધા. પંડિતજી પોતે પંચ પરમેષ્ટિના સાક્ષાત દર્શન કરી રહ્યા છે, અને શ્રોતાઓ પણ બધા ધ્યાનમાં લીન છે, અને તેઓ પણ પંચપરમેષ્ટિનું દર્શન ઝીલી રહ્યા છે, તેવું દૃશ્ય તાદૃશ થયું.

પછી તીર્થાધિરાજ શત્રુંજયનું ધ્યાન કરાવ્યું. પંડિતજી બધા શ્રોતાજનોને હુબલીથી પાલીતાણાની પવિત્ર

ભૂમિ પર લઇ આવ્યા. તીર્થાધિરાજના દર્શન માટે જય તલાટી અને ધનવશી ટુંકના દર્શન કરાવી પગલે પગલે વિસામે વિસામે કુંડે કુંડે ભાવનાઓને ઉચ્ચ બનાવતા બનાવતા જે તીર્થપતિ દાદાના દર્શનથી કરોડો આત્માઓને ચિરંતન શાંતિ મળી છે અને જેના મઘમઘતા પવિત્ર વાતાવરણ જગતના માનવીઓને દૂર-સુદૂર પ્રદેશોમાંથી આકર્ષી રહેલ છે તે શ્રી આદીશ્વર દાદાની અનુપમ, ભવ્ય, તેજતેજના અંબાર સમી અલૌકિક જ્યોતિર્મયી ચમત્કારી મૂર્તિના દર્શન કરાવ્યાં અને સભાગૃહના તમામ ભાઇ બહેનો દાદાના દર્શન કરી ધન્યતા અનુભવતા હોય તેવું પવિત્ર વાતાવરણ સર્જાઇ ગયું.

પંડિતજીએ જ્યારે પૂર્ણાનંદમય મહોદયમયના શ્લોકથી વાતાવરણ પવિત્ર બનાવી દીધું ત્યારે હૃદયે હૃદય નાચી ઉઠયું પંડિતજી તો દાદાના દર્શનમાં એક તાન બની ગયા અને હુંબલીમાં શત્રુંજય અને તીર્થપતિ દાદાના સભાજનોને દર્શન કરાવ્યાં.

પંડિતજીનો ભક્તિભાવ આ સમયે ખૂબ જાગી ગયો હતો અને ધ્યાનમાં મસ્ત હતા. સભાજનો દાદાના દરબારમાં જ ઉભા છે અને દાદાની અલૌકિક મૂર્તિના દર્શન કરી સૌ પાવન થઇ રહ્યા છે. એ દશ્ય ખરેખર ભવ્ય હતું.

સભાજનો તો અમૃતપાન કરી રહ્યા હતા. પંડિતજી પણ ધ્યાનના પગલે પગલે ઉચ્ચ ભૂમિકામાં પ્રવેશ કરી રહ્યા હતા. સભાજનોને પણ પોતાની સાથે ઉચ્ચ ભૂમિકા તરફ દોરી રહ્યા હતા.

આ પછી સમવસરણનું ધ્યાન કરાવ્યું. આ ધ્યાન તો અદ્વિતીય-અનુપમ અને ભવ્ય હતું. આપણે સમવસરણમાંજ બેઠા છીએ. ભગવાન પધાર્યા છે. દેવો અને દેવીઓ નમસ્કાર કરે છે. રાજા-મહારાજા શેઠ-શાહુકાર આમજનતા સ્ત્રીઓ-પુરૂષો અરે પશુ-પંખીઓ બધા સમાન ભાવે બેઠા છે. ભગવાનના અમૃત વચનો બધા સાંભળે છે, તે તૃપ્તિ અનુભવે છે, આનંદની લહેર લહેરાણી છે, ભગવાનના દર્શનથી આત્મા પ્લાવિત બન્યા છે.

આ દૃશ્ય તો એટલું બધું મનોરમ હતું કે સભાજનો સમવસરણમાં જ બેઠા છે, અને સમવસરણના દર્શન કરતાં ધરાતા નથી. પંડિતજીની સુધાભરી વાણીમાં એ ચમત્કાર હતો અને તે બધાને મુગ્ધ કરી જતો.

પછી પંડિતજી તો કલ્પનાના વિહારમાં ઉડવા લાગ્યા અને શ્રોતાજનોને ક્ષીર સમુદ્રના ધ્યાનમાં લઈ ગયા, પંડિતજી ક્ષીર સમુદ્ર પાસે પહોંચી ગયા છે. બધાને ક્ષીર સમુદ્રના દર્શન કરાવ્યા છે. ક્ષીર સમુદ્રમાં વચ્ચે હજાર હજાર પાંખડીઓ વાળું સોનાનું કમળ દેખાય છે, તે ખૂબ ઉંચે ઉંચે છે. તે કમળની કરણીકા ઉપર સ્ફટિકનું સિંહાસન છે' તેના ઉપર લાલન ઉભો છે, અને બધા શ્રોતાજનો પણ ઉભેલા છે. કેવું મનોરમ્ય ધ્યાન! કેવું અનુપમ દૃશ્ય! કેવી કલ્પના! કેવી ધર્મ ભાવના!

આપણે બધા એવી ભાવના ભાવો. હૃદયના અંતરતમ ભાવથી ભાવો કે બહીરઆત્મ ભાવ છોડીને અંતરાત્મા

છીએ અને તેમાથી પરમાત્મા પ્રત્યેના ભાવમાં જવા માટે કર્મોને છોડીએ એ કર્મોને છોડવા માટે નીચેની ભાવના ભાવો. સુખં પરં ધીમહી, સત્યં પરં ધીમહી, અચૌર્યં પરં ધીમહી. બ્રહ્મચર્યં પરં ધીમહી, આત્મલક્ષ્મીયં પરં ધીમહી.

આ ભાવનાઓએ શ્રોતાઓને પ્લાવિત કરી દીધા. ધ્યાનમાં મગ્ન બધા આત્મશુદ્ધિ અને આત્મશાંતિ તથા આત્મ જ્યોતિ અને આત્મ પ્રકાશમાં ઝબકોળાઇ ગયા, અને આનંદની લહેરો લહેરાણી.

આ વિવેચન પૂરૂં થયું અને પંડિતજીએ જગતના માનવો પ્રત્યે સ્ત્રી પુરૂષો તરફ કેવી ભાવના રાખવી તે બદલ નીચેનું પદ પ્રેમપૂર્વક ગાયું અને સૌને ગાતાં કરી મૂકયા.

મોટી તે સહુ માતૃતુલ્ય ગણું હું, છોટી ગણું પુત્રીઓ;
જે હોયે સમવર્ષ મુજતણી, તેને ગણું ભગીનીઓ.
મોટા તે સહુ પિતૃતુલ્ય ગણું હું, છોટા ગણું પુત્રવત્;
જે હોયે સમવર્ષ મુજતણા, તેને ગણું બંધુઓ,
એવી માનવ માત્રમાં મુજ થજો, પ્રીતીતણી વૃષ્ટિઓ;
આ કાલે મુજને કરી કૃપા, પ્રભુ આશીશ એવી દીઓ.

આ પદ ગાઇ રહ્યા પછી પંડિતજીએ પ્રાણી માત્ર તરફ ક્ષમાભાવ–પ્રેમભાવ–મિત્રભાવ–અવૈરભાવ દર્શાવવા ગંભીરતાથી શ્લોક રજુ કર્યો અને તે પણ શ્રોતાજનોએ ઝીલ્યો.

ખામેમિ સવ્વે જીવા, સવ્વે જીવા ખમન્તુ મે;
મિત્તિમે સવ્વ ભુએસુ, વેરં મજ્જં ન કેણુહી.

સભાગૃહ ક્ષમાપનાના આ ભાવથી ગુંજી ઉઠયું. મિત્ર-ભાવના જાગી ગઇ, પ્રાણી માત્ર તરફ પ્રેમભાવના પ્રગટ થઇ.

આ ઘડી એવી આનંદ-મંગળની હતી કે શ્રોતાજનો ખૂબ ખૂબ હર્ષિત હતા. વિશ્વના તમામ પ્રાણી સાથે મૈત્રી ભાવના દર્શાવતા દર્શાવતા પંડિતજીની આંખડીઓમાંથી અશ્રુબિંદુઓ ખરી પડ્યાં અને શ્રોતાજનોની આંખડીઓ ભીની થઇ ગઇ. આ પ્રસંગ હુબલીના સંઘનો અનુપમ પ્રસંગ હતો. પંડિતજી તો હજી ધ્યાનમગ્ન હતા ત્યાં તો ચમત્કાર સર્જાયો. અમારા હુબલી સમાજના આગેવાન મહાજનના પ્રમુખ ધર્મપ્રેમી કચ્છ-વરાડીયા નિવાસી શ્રી શામજીભાઇ માણેક ઉમંગથી દોડીને પૂજ્ય લાલનસાહેબને પ્રેમપૂર્વક ભેટી પડ્યા, અને ગદ્‌ગદ સ્વરે બોલી ઉઠ્યા કે આજનો દિવસ અમારા જીવનનો ઉત્તમોત્તમ દિવસ છે. આજે અમને જીવનનું પાથેય મળ્યું. પૂજ્ય પંડિતજીએ તીર્થાધિરાજ શત્રુંજય, સમવસરણ તથા ક્ષીરસમુદ્રમાંના હજાર પાંખડીવાળા કમળમાં બીરાજેલ આત્મતત્વના દર્શન કરાવ્યાં. આજ જે અદમ્ય શાંતિ મળી તે ચિરશાંતિ અમારા બધાના જીવનમાં મઘમઘી રહેશે.

અમને કોઇ નવો જન્મ મળ્યો હોય તેમ લાગે છે. અમારાં જીવન ધન્ય બની ગયાં છે. આજના નવીન અનુ-ભવોનું વર્ણન આ જીભ્હાએ તો શક્ય નથી. તમે તો ખરેખર સાચા જીવનદર્શક થયા છો. તમે સાચા માર્ગદર્શક બન્યા છો. અમને જે ધર્મપીયૂષનું પાન કરાવ્યું છે તે જીવનમાં અમર રહી જશે. પરમાત્મા આપને લાંબુ આયુષ્ય

આપે. આપ પૂજ્યશ્રી વારંવાર અમને સાચો પ્રકાશ આપતા રહો અને અમારાં જીવન ઉજ્વળ મંગળમય બને. અમે આપને અમારા પ્રેમની પુષ્પમાળથી વધાવીએ છીએ. આજનો આનંદ, આજનું ધ્યાન, આજનું દર્શન, આજનો ઉલ્લાસ અને આજની જીવનદૃષ્ટિ અમને સૌને પુનર્જીવન આપી ગયેલ છે. આપ અમારા કલ્યાણદાતા બન્યા છો.

આવો અવસર ફરી ફરી ક્યારે આવશે ! અવસર ફેર ફેર નહિ આવે ! જ્યું જાણે ત્યું કર લે ભલાઇ જનમ જનમ સુખ પાવે. એ ભજન અમારા જીવનની દીવાદાંડી બની રહેશે.

ધન્ય વાણી ધન્ય દર્શન.



આત્મશક્તિનો આવિર્ભાવ

[૨૯]

શ્રી વીસનજીભાઇ જેતશીભાઈ મારા પરમ સ્નેહી પરમ હિતૈષી આજ ૨૨–૨૦ વર્ષથી શ્રી અરવિંદ આશ્રમમાં કુટુંબ સહિત રહે છે અને વિશ્વમંગળના મહાન જ્યોતિર્ધર શ્રી અરવિંદ મહર્ષિના પરમ ભક્ત બની ગયા છે, પૂજ્ય માતાજી મીરાં માતાના આશીર્વાદ મેળવી જીવન ધન્ય બનાવી રહ્યા છે. પણ આ આશ્રમનો નાદ તેમને જગાડનાર તો આપણા પંડિત લાલન છે, જેમણે વર્ષો પહેલા હુબલી અને ગદગમાં ધ્યાન અને યોગના પ્રયોગો દ્વારા શ્રી વીસનજીભાઈના આત્માને જગાડી દીધો હતો.

શ્રી વીસનજીભાઇ રૂ બજારના રસીયા ગણાતા, સુપ્રસિદ્ધ વ્યાપારી હતા. હુબલી સંઘના આગેવાન હતા અને સેવાપ્રેમી સજ્જન હતા ૧૩૦૦૦ કચ્છી દશાઓશવાળ સમાજના ભાઇ બહેનોમાં આ એક જ આત્માને યોગની ચીનગારી લાગી અને તેઓ સમૃદ્ધિની છોળોમાંથી સાધનાના માર્ગે પોંડીચેરી દોડી ગયા અને પંડિતજીના સત્સંગથી તેઓએ પોતાના જીવનને ઉજ્વળ બનાવ્યું એટલું જ નહિ પણ કુટુંબના બધાને એ પવિત્ર–ઉચ્ચ–આનંદ મસ્ત–પ્રેરણાત્મક વાતાવરણમાં મૂકી દીધા અને આજે પણ તેઓ આશ્રમના અંતેવાસી બની ગયા છે.

હુબલીનો પ્રસંગ આપણને પ્રેરણા આપી જાય છે. તેવો જ બીજો ગદગનો પ્રસંગ શ્રી વીસનજીભાઇ લખી જણાવે છે તે પ્રસંગ પણ પંડિત લાલન સાહેબની વિશિષ્ટતા તથા ઉચ્ચ દૃષ્ટિ અને આત્મશાંતિની પ્રતિતી કરાવી જાય છે.

" ગદગમાં હું મારા શ્વસુર શ્રી લાલજીભાઇ લધાને ત્યાં હતો. પૂજ્ય લાલન સાહેબ ગદગ આવેલા અને શ્રી લાલજીભાઈને ત્યાં રહ્યા હતા. તેમણે મહાજન વાડીમાં બે ત્રણ ભાષણો આપ્યા અને તેની અસર સંઘના નાના–મોટા બધા ભાઇ–બહેનો ઉપર ખૂબ સારી થઇ. પ્રમુખ ભાઇઓ શ્રી લખમશીભાઇ, શ્રી માવજીભાઇ, શ્રી મેઘજીભાઇ વગેરે ભાઇઓએ વિનંતિ કરી કે આપ હંમેશાં અમને શાંતિ–પ્રેમ અને આત્માની અનંત શક્તિ વિષે પ્રવચનો સંભળાવો છો આપના બે ત્રણ વ્યાખ્યાનોથી અમને નવો પ્રકાશ મળ્યો છે. અમને જીવનનું દર્શન મેળવવા માટે જરૂરી આત્મિક ખોરાક મળ્યો છે. આપને સાંભળ્યા જ કરીએ એવી ભાવનાઓ થાય છે.

પંડિતજી શ્રી લાલજીભાઇના ઘરમાં સવારના નાસ્તો લઇને ધર્મ ચર્ચા કરવા બેસતા તેમાં હું પણ બેસતો પંડિતજી આત્માનો સ્વભાવ–સત–ચિત્ આનંદનું વર્ણન કરતા ત્યારે તેમનો તેજસ્વી ચહેરા ઉપર સચ્ચિદાનંદ સ્વરૂપની લહેરો લહેરાતી અને તેઓ કહેતા કે આવા આત્માને દુઃખની ઝાંખી પણ હોય નહિ. જ્યાં સુધી આત્માની પીછાણ ન હોય ત્યાં સુધી આપણા આત્માનું

સાચું લક્ષણ–અનંતજ્ઞાન–અનંતદર્શન–અનંત ચરિત્ર–અનંત-વીર્ય છે તે આપણે ઓળખી શક્તા નથી આવો આત્મા પોતાના સ્વભાવમાં રહી તમામ વૈભાવિક જે કરમોના લક્ષણો હોય વિષય અને કષાયોના લીધે થયા હોય થતા હોય તે સર્વને જીતી લે અશક્ત કરી લે અને કેટ-લાકનો નાશ પણ કરી દે છે, આત્મ લક્ષી મહાત્મા આનંદઘનજી મહારાજે કહેલ છે કે " સત્તા થલમે મોહ વિદ્યારત લાગે કાચી હોય ઘડી " આવા આત્મ લક્ષી વિવેચનો રોજ રોજ થતાં અને પંડિતજી તો દૃષ્ટાંતો દ્વારા એવી મધુર વાણીમાં સમજાવતા કે બધા પ્લાવિત થઈ જતા. આ બધાની મારા ઉપર ભારે અસર થતી અને આ રસપ્રદ ચર્ચા છોડીને ઉઠવાનું મન થતું નહિ.

બપોરના જમ્યા પછી ફરી ચર્ચા વિચારણા માટે બેસતા પંડિતજી તો એવા વિચારક હતા કે નવનવી દૃષ્ટિથી સમજાવતા અને ચર્ચામાં રસ જામે તે રીતે બધાને ઉદ્દેશીને વાતો રૂપે આત્મ દૃષ્ટિ આપી દેતા.

એક દિવસની વાત છે. આત્માની અનંત શક્તિનું વિવેચન એવું તો રસપૂર્વક કર્યું અને બધાને એવી ઉચ્ચ ભૂમિકા ઉપર લઈ ગયા કે બધાના હૃદયો નાચી ઉઠ્યા.

મારા ઉપર આ વિવેચનની ભારે અસર થઈ અને મારામાં પણ અનંત શક્તિ છે તે જાણે પ્રત્યક્ષ થતું હોય તેમ એવી પ્રેરણા થઈ કે આ મુઠ્ઠી ઉપાડી ભીંતને લગાવું તો ભીંત તૂટી પડે. લાલનસાહેબને આ મારી પ્રેરણા વિષે પૂછ્યું. આત્માની અનંત શક્તિમાંથી આ તો એક બિંદુમાત્ર

છે. પણ આ શક્તિના વિકાસ માટે પ્રયત્ન કરશો તો એ શક્તિ કલ્યાણકારી બનશે પણ સાથે સાથે ખૂબ સાવધાન પણ રહેવાનું છે. કારણ કે આ શક્તિનો અહં જાગ્યો તો કેટલાક પ્રસંગોએ આજ શક્તિ નીચે પાડી દે. પણ તમે જાગૃત છો તેથી તમને આ શક્તિ બચાવી પણ લેશે.

આ રીતે પંડિતજીના સત્સંગથી મને અને મિત્રોને ઘણો ઘણો લાભ થયો. પંડિતજીની નવી દૃષ્ટિ મને મળી અને આ આત્મદૃષ્ટિથી મારા જીવનમાં મને પ્રસંગે પ્રસંગે લાભ જ થયો. આજે શ્રી અરવિંદ આશ્રમના એક અંતેવાસી તરીકે રહેવાનો ૨૦-૨૨ વર્ષથી જે અપૂર્વ લાભ મળ્યો છે તેના બીજ પંડિતજીની આત્મદૃષ્ટિના વિચારો અને પંડિતજીએ આત્માની અનંતશક્તિ માટે જે પ્રેરણાના પીયૂષ પાયાં હતાં તેનું જ પરિણામ છે. મારૂં જીવન તો ધન્ય બની ગયું છે.

મારા જીવનનો એક અનુપમ પ્રસંગ જાણવા જેવો છે. હું એક વખત ધ્યાનમાં હતો. પૂજ્ય લાલનસાહેબે જે આત્માની અનંત શક્તિ અને જ્યોતિની અંતરમાં છાપ પાડી હતી તે ઉપર ખૂબ ચિંતન કર્યું અને મારા હૃદયમાં કોઇ દિવ્ય પ્રકાશ પ્રગટ્યો હું સ્વપ્નમાં હોઉં અને કોઇ શક્તિ મને ખેંચી રહી છે તેમ લાગવા માંડ્યું. આ સમયે મારા આનંદની સીમા નહોતી. હું તો હર્ષાવેશમાં આવી ગયો. પરમ શાંતિની લહેર આવી ગઇ અને એ લાખેણી ક્ષણ તો જોતજોતામાં અદૃશ્ય થઇ ગઈ પણ સાચી શાંતિનો અનુભવ જીવનમાં દિવ્ય પ્રકાશ આપી ગયો.

એ સમયે મને ઉચ્ચ ભાવનાઓ જાગી. અરેરે હું

આ સંસારની મોહજાળમાં ફસાયેા છું એમાંથી વિમુક્ત થવા પ્રયત્ન કરવેા જોઇએ. ત્યારપછી તેા હું અલ્પાંશે પણ આ આધિ-વ્યાધિ અને ઉપાધિથી નિવૃત્ત થવા પ્રયાસ કરી રહ્યો હતેા અને થેાડા જ સમયમાં મેં નિવૃત્તિનેા નિર્ણય કરી લીધેા. આજે પણ એ તેજસ્વી ચહેરેા મને યાદ આવે છે. અને તેમનેા ચિદ્‌ઘનંદ સ્વરૂપ આત્મા મને પ્રેરણા આપી જાય છે.

તેમના વચનામૃતેાને આત્માનું દર્શન એવું ભવ્ય હતાં કે મારા અંતરને હચમચાવી દેતા અને તેની ચેાટનેા પ્રતાપ હું નથી ભૂલી શકતેા.

જીવનમાં કેટલાએ પ્રસંગેા આવ્યા અને ગયા. કેાઇ કેાઇ પ્રસંગે તેા હું લપસવાની અણી ઉપર હતેા ત્યારે એ મધુર અવાજ અને આત્માની અનંત શક્તિનેા સંદેશ હું સાંભળતેા અને મારી જાતને બચાવી લેતેા. વ્યવહારના પ્રસંગેામાં લેાભ, લાલચ અસત્ય તથા વાસનાઓ જ્યારે જોર કરતા ત્યારે પંડિતજીની સુધાભરી વાણી યાદ આવી જતી. મને રેામાંચ થતેા. અને હું આત્માની શક્તિનેા પરચેા પામી જતેા અને બચી જતેા. અને આત્માની ઉચ્ચતા મેળવતેા.

સચ્ચિદ્‌ઘનંદનેા આત્મભાવ આ રીતે સૌ મેળવીએ તેા જીવન ધન્ય ધન્ય બની જાય.

[૩૦]

પંડિતજીએ પોતાના જીવનમાં ઘણું ઘણું લખ્યું હશે. પત્રો પણ ઘણા લખ્યા હશે પણ તે પ્રયત્ન કર્યા છતાં મળેલ નથી. તેમાંથી થોડું લખાણ મળ્યું છે. તેમજ થોડા પત્રો મળ્યા છે. તેમાંથી જાણવા જેવું અત્રે આપવા પ્રયાસ કર્યો છે.

જૈનદર્શન સર્વ દર્શનોની સાથે કેવા પ્રકારે ભાતૃભાવ સમજાવે છે. સર્વ દર્શનોનો સમન્વય કેમ થઇ શકે તે પ્રત્યેક વિચારક વિચારે.

× × ×

મહાત્મા પુરૂષો એ મહાન જ્યોતિર્ધરો છે. તેઓના જીવન આપણા જીવનનો આદર્શ છે. એ જીવન આપણા જીવનને પ્રેરણાના પીયૂષ પાય છે.

× × ×

પ્રત્યેક મનુષ્ય જાતે મહાન આત્મા છે. અનંત શક્તિવાળો છે. તેમજ તે સર્વનો આત્મબંધુ છે.

× × ×

પ્રકૃતિ ઉત્તમોત્તમ માટે જ પોતાનું અસ્તિત્વ રાખી રહી છે. સુજનોની પ્રમાણિકતાએ વિશ્વને ધારણ કરી રાખ્યું છે. તેઓ પૃથ્વીને અનારોગ્ય રાખે છે.

× × ×

જીવન મધુર અને સુખકર છે. પણ જીવન જીવતાં શીખવું જોઇએ. જગતના ઝંઝાવાતો તો કસોટી છે. ગમે તેવા સંજોગોમાં પ્રશાંત રહેવું અને નિર્ભય રહેવું તેમાં જીવનની મહત્તા છે.

× × ×

મહાપુરૂષોના ચિત્રો આપણા ઘરની શોભા તો છે. પણ તે પ્રત્યેકને પ્રેરણા આપી જાય છે. દિવસના પ્રત્યેક બનાવ તેઓના જીવન પ્રસંગોને યાદ કરાવે છે.

× × ×

જે તારામાં છે તે બીજામાં નથી. માટે તારા કાવ્ય ચિત્રો વિચારો ચિંતનને જગતમાં પ્રસરાવવા મોકલો અને તેનાથી ચમત્કાર સર્જાશે.

× × ×

પુસ્તકો પણ જીવનનું દર્શન કરાવે છે. કેટલાક ગ્રંથરત્નો તો એવા હોય છે કે તે વાંચતાં વાંચતાં હૃદયની ઉર્મિઓ ઉછળે છે. અને એવાં ઉદ્‌ગારો જાગે છે કે તેનો આનંદ આત્મા જ માણી શકે.

× × ×

ઉચ્ચ વિચારણા કરે વિચાર પ્રમાણે મધુર ભાષી હોય અને વાણી પ્રમાણે વર્તન હોય તે સાચો માનવ.

× × ×

જે માનવ વિચાર કરતો નથી. તે માનવવર્ગનો ગણાય પણ તે સાચો માનવ નથી.

× × ×

જે માનવ વિચારક મહાપુરૂષને અથવા ધાર્મિક પરંપુરૂષને અવતારી પુરૂષને અનુસરે છે તે માનવ છે.

× × ×

દર્શનકારો કે ધર્મવેત્તાઓ માનવ કક્ષાથી ઉંચે હોય છે. વિજ્ઞાનક્ષેત્રમાં સમાધિક્ષેત્રમાં હોય છે. મનુષ્યને વિચાર કરતા કરાવી તેઓને દુઃખથી મુક્ત કરે છે. અને સુખને માર્ગે વહન કરાવે છે.

× × ×

પૂર્ણ યોગી મહાત્મા અરવિંદઘોષ અધ્યાત્મને માર્ગે જગતને દોરી રહ્યા છે. માનવ માત્રનો સમુદ્ધાર સાધવા સાધના કરે છે જેથી મનુષ્ય સ્વતંત્ર થઇ મુક્તિ પામી પરમાત્માના સાનિધ્યમાં, સાલોક્યમાં, સારૂપ્યમાં, સાયુજ્યમાં રહી શકે.

× × ×

મહર્ષિ રમણસ્વામી આપણને બ્રહ્મદર્શન કરાવવા કૃપા કરી રહ્યા છે. અને તે ધ્યાનને માર્ગે નહિ પરંતુ આત્મદર્શનને માર્ગે.

× × ×

યથા ચિત્તં તથા વાચા, યથા વાચા તથા ક્રિયા,
ચિત્તે વાચી ક્રિયા યાંચ, મહતા મેક રૂપતા.

જેવું ચિત્તમાં તેવું વાણીમાં જેવું વાણીમાં તેવું વર્તન, ચિત્ત, વાણી, અને ક્રિયામાં એક રૂપતા એ જ મહાનતા

× × ×

સુખી કોણ ! શરીરે સુખી, વ્યાપારે સુખી, વાહને સુખી, માનવબંધુતાએ સુખી, કલાએ સુખી, ઉદ્યોગે સુખી, તેમજ મન અને આત્માએ સુખી, તે સાચો સુખી.

× × ×

Head Hand Heart

મન, હાથ, હૃદયનો સંબંધ જાણો.

× × ×

મનુષ્ય એ જ્ઞાનનો અખૂટ ભંડાર છે, આનંદનો અપરંપાર સમુદ્ર છે.

× × ×

પર્ણકુટીમાંથી ઉરજ, ઉરજમાંથી ઘર, ઘરમાંથી હવેલી, હવેલીમાંથી મહેલ એ મનુષ્યની કૃતિ છે.

× × ×

ચામડાનાં વસ્ત્રો, વલ્કલ વસ્ત્રો, રૂઇના વસ્ત્રો અને રેશમના વસ્ત્રો એ પણ મનુષ્યની કૃતિ છે.

× × ×

આજની દુનિયા ઉપરની અવનવી શોધો પણ મનુષ્યની કૃતિ છે.

× × ×

મહાન બંધો, જબરજસ્ત પૂલો, સ્ટીમરો, હવાઈ-જહાજો, પહાડો તોડીને કાઢેલા માર્ગો અને કાઢેલી રેલ્વે લાઈનો, દરીયા પૂરીને બનાવેલ નગરો અને ગગનચુંબી મહાલયો કલાત્મક મંદિરો આ બધું પણ મનુષ્યની કૃતિ છે, પણ આત્માની શોધ, જીવન દર્શન તેમજ આત્મ-શાંતિ એતો ગહન છે. તે માટે સાધના કરવી જોઇએ સાધનાથી સ્વર્ગ પણ સધાય છે.

× × ×

મનુષ્ય એ મૂળ સૂત્ર છે, જગત એ સૂત્ર ઉપરનું ભાષ્ય છે.

× × ×

માણસના આત્મા અને બ્રહ્માંડના આત્મા વચ્ચે કોઈ દિવાલ નથી. આ દિવાલ સ્વયંકૃત છે, અને તેથી તેને ટુંકાવવા લંબાવવા અથવા આવિષ્કારને અર્થે પુનઃ રચના કરવાને આત્મા શક્તિવાન છે.

× × ×

એજ રીતે દિવ્ય બુદ્ધિ અને માણસની બુદ્ધિ વચ્ચે કોઇ જાતનો પડદો નથી. જ્યારે મનુષ્ય તેના અંતરતમ હૃદયમાં આધ્યાત્મિક બુદ્ધિ પામે છે, ત્યારે તે દિવ્ય બુદ્ધિના મધ્યબિંદુ સુધી પહોંચે છે.

× × ×

પૃથ્વી તો મનુષ્યના પગમાં ઘડીવાળીને સમાઈ ગઇ છે. તેના પગના તળીયામાં સમાઇ ગઇ છે. મનુષ્યનો પગ

એટલો બધો વિશાળ છે, કે જો તે આખા બ્રહ્માંડમા વ્યાપવા માંડે તો આખું બ્રહ્માંડ Cosmos પૂરું થાય પણ પગ પૂરો ન થાય. પૃથ્વીની પ્રદક્ષિણા પૂરી થાય પણ પગ તો થાકતો નથી.

× × ×

કોહીનુર હીરાની કીંમત પાંચ કરોડ હોય તો કોહીનુર જોનાર ચક્ષુની કીંમત પાંચ અબજ ગણાય પણ દેહ રૂપી ઘરમાં રહેનાર જે આત્મ રત્નની કીંમત પાંચ પરાર્દ્ધ ગણાય ને! આત્મ રત્નને ઓળખીને અંત દૃષ્ટિ કરે તો આત્માની ઝાંખી થાય કે જેની કીંમત અપરંપાર છે.

× × ×

ભગવાન મહાવીર સ્વામી સાધના વડે આત્માના પૂર્ણ વિકાસને પહોંચ્યા એટલે કે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત વીર્ય, અને અનંત ઉપયોગ એવા અનંતાનંત ગુણોની પૂર્ણતાએ પહોંચ્યા તે સાધન તે વિધાન તે ક્રિયા તે ચારિત્ર સામાયિક છે.

× × ×

મહાત્મા બુદ્ધ **માર** કહે છે.

મહમદ પયગમ્બર **સેતાન** કહે છે.

મહાત્મા મોઝિઝ **ડેવીલ** કહે છે.

શ્રીમદ્ શંકરાચાર્ય **માયા** કહે છે.

ઋષિ-મુનિઓ **મોહ** કહે છે.

મહાત્મા કપિલ **પ્રકૃતિ** કહે છે.

મહાત્મા ક્રાઈસ્ટ ડાંભ કહે છે.

શ્રી મહાવીર સ્વામી મિથ્યાત્વ કહે છે.

આ દેહને આ દેહાધીનને આ કર્મને કર્મના પરિણામને હું માનવો તે મિથ્યાત્વ છે.

જૈન શાસ્ત્રમાં એ મિથ્યાત્વને 'બહિરાત્મ ભાવ' પણ કહે છે.

× × ×

જૈન દર્શન વૈજ્ઞાનિક Scientifie એટલા માટે છે કે તેમાં કલ્પનાને સ્થાન નથી, આત્મ સંશોધન અને આત્મા વલંબન મુખ્ય છે. જૈન દર્શને માન્યું છે કે **આત્મા એજ પરમાત્મા છે.**



પંડિતજીની દૃષ્ટિ

[૩૧]

પંડિતજી વિચારક હતા, ચિંતક હતા, તત્વજ્ઞાની હતા, વક્તા હતા, અને સદ્‌ગુણાનુરાગી હતા, તે આપણે જોઇ ગયા. પંડિતજીની દૃષ્ટિ ઘણી વિશાળ તો હતી પણ તેઓ દીર્ઘદ્રષ્ટિ હતા. અને તેમની દૃષ્ટિ વેધક હતી તેમને દૃષ્ટાંતોનો ભારે શોખ અને એ દૃષ્ટાંતો પણ એવી સુંદર રીતે રજુ કરી શકતા કે શ્રોતાઓ પ્લાવિત થઇ જતા. દૃષ્ટાંતોની ભાષામાં પણ ખૂબ મધુર અને દૃષ્ટાંતો હૃદયમાં જડાઈ જાય તેવાં.

પંડિતજીની દૃષ્ટિ જાણવા માટે તેમણે પોતે જુદા જુદા વ્યાખ્યાનોમાં રજુ કરેલ બે દૃષ્ટાંતો પૂરતાં થશે.

એક વેળા ચાર મિત્રો પોતાનું નશીબ અજમાવવાને કોઇ મોટા શહેરમાં જવાને પોતાના ગામથી નીકળ્યા. રસ્તામાં પહેલી મંજલે સંધ્યા કાળ થવાથી એક વડ વૃક્ષની નીચે ઉતારો કર્યો.

એક મિત્રે ત્રણ કલાક સુધી મિત્રોની અને સરસામાનની ચોકી એક પહોર સુધી કરવી. બીજાએ બીજા પહોરમાં ચોકી કરવી ત્રીજા મિત્રે ત્રીજા પહોરમાં ચોકી કરવી અને ચોથાએ છેલ્લા પહોરમાં ચોકી કરવી.

અંધકાર થતાં પહેલા મિત્રની ચોકીનો વારો ૬ થી ૯ નો શરૂ થયો તે જાગૃતો રહ્યો બીજા મિત્રો શાંતિપૂર્વક નિદ્રાને વશ થયા. ચોકીના વારાવાળા મિત્રે ત્રણ કલાકનો વખત પસાર કરવા યુક્તિ શોધી કાઢી. વટવૃક્ષની થોડે દૂર એક લાકડાનો મોટો કકડો પડેલો જોઈ તે લઈ આવ્યો અને ત્રણ કલાકમાં તો એક સુંદર બાળાનું પૂતળું તૈયાર કર્યું. નવ વાગતાં બીજા મિત્રને કંઈપણ કહ્યા વિના તેને ઉઠાડી પોતે સૂઈ ગયો.

બીજો મિત્ર પણ વખત પસાર કરવા શું કરવું તે વિચારતો હતો ત્યાં તેણે સુંદર બાળાની પૂતળી જોઈ. તે જોઈ ઘણો ખુશી થયો. આ પૂતળીને સુંદર કપડાં પહેરાવ્યા હોય તો તેની સૌંદર્યતામાં ઘણો વધારો થાય. ત્રણ કલાકમાં તેણે પોતાની પાસેના કપડામાંથી વસ્ત્રો તૈયાર કરી લીધાં અને પૂતળીને પહેરાવ્યા. બાર વાગ્યા એટલે ત્રીજા મિત્રને જગાડી કંઈપણ કહ્યા વિના સૂઈ ગયો.

ત્રીજો પણ વખત પસાર કેમ થશે તેમ વિચાર કરે છે ત્યાં તો વસ્ત્રથી આભૂષિત પૂતળીને જોઈ. તેને ખુટો સૂઝી આવ્યો કે આ પૂતળીને અલંકારથી વિભૂષિત કરેલી હોય તો તેની સુંદરતામાં મણા રહે નહિ. તેણે ત્રીજા પહેરામાં સુંદર અલંકારો તૈયાર કરી લીધાં અને પૂતળીને અલંકારોથી વિભૂષિત કરી. પૂતળીની સુંદરતા જોઈને ચકિત થઈ ગયો. ત્રીજો પહોર પૂરો થતાં રાત્રિના ત્રણ વાગે ચોથા મિત્રને ઉઠાડી પોતે સૂઈ ગયો.

ચોથો મિત્ર પોતાનો વખત પસાર કરવા વિચાર કરતો હતો એટલામાં સર્વાંગ સુંદર બાળાને સુંદર વસ્ત્રો અને સુંદર તમ અલંકારોથી વિભૂષિત થયેલી જોઇને આનંદ આશ્ચર્ય પામ્યો અને પોતે યોગી હોવાથી આ પ્રતિમામાં પ્રાણ પ્રવેશ કરૂં તો આની અદ્‌ભૂતતાનો પાર રહે નહિ. બરોબર ત્રણ કલાક પુરા ન થાય તે પહેલાં તેણે પ્રાણાયામ કરી મંત્રદ્વારા તેમાં પ્રાણ–પ્રતિષ્ઠા કરી.

પ્રભાત થયું. બધા મિત્રો જાગી ઉઠ્યા બાળાને સજીવન જોઇને આશ્ચર્ય ચકિત થઇ ગયા. એ સ્ત્રી કોની એ વિષે મિત્રોમાં ચર્ચા વિચારણા ચાલી.

એટલામાં કોઇ એક સહૃદય, બુદ્ધિમાન, વિદ્વાન આવી પહોંચ્યો. તે વ્યવહાર–કુશળ હોવાથી તેમના મનનું સમાધાન થાય તેમ ઉકેલ કાઢ્યો. પૂતલીને ઘડનાર તો પિતા થયા. વસ્ત્ર પહેરાવનાર બંધુ થયા. અલંકારો પહેરાવનાર પતિ અને પ્રાણ સંચાર કરનાર તો ગુરૂ થાય. વ્યવહાર દૃષ્ટિએ એ સ્ત્રી અલંકાર પહેરાવનાર સોનીની છે. તથાપિ અધ્યાત્મ દૃષ્ટિએ એ ચારેની છે. એક સ્ત્રી ચારની હોય એ વ્યવહાર દૃષ્ટિએ ખોટું છે પણ અધ્યાત્મ દૃષ્ટિએ ખરૂં લાગે છે. આખી ને આખી સ્ત્રી, તેનો કોઇ ભાગ નહિ, પહેલાની પૂર્ણ પુત્રી, બીજાની પૂર્ણ બહેન, ત્રીજાની પૂર્ણ પત્ની અને ચોથાની પૂર્ણ શિષ્યા છે.

આ કથાનો સિદ્ધાંત એ છે કે તુલનાત્મક દૃષ્ટિએ સર્વ સર્વનું છે. પરંતુ વિવિધ નહિ કે વિરોધી આત્મરસ પ્રમાણે સમજવું જોઇએ.

શ્રી શંકર પણ કહે છે કે—રસો વૈ સહઃ અર્થાત્—આત્મા એજ રસ છે. જેમ દાડમ, કેળાં, આંબા અને સંતરા એમાંના પ્રત્યેકમાં રસ છે પણ એ રસના વિવિધ પ્રકાર છે.

આ પ્રકારે જગતની તમામ વસ્તુઓ વિવિધ પ્રકારે પ્રત્યેક વ્યક્તિની છે. અને વિવિધતાની વિશાળતા આત્મા સમજે તો પૂર્ણાનંદનો વિરોધ વિના આનંદ ભોગવી શકે.

જેમ છોકરો અરધો માતાનો ને અરધો પિતાનો નથી પણ આખો ને આખો માતાનો ને આખો ને આખો પિતાનો છે, તેમ પ્રત્યેક વસ્તુ એકની પણ છે અને બધાની પણ છે.

'જે થાય તે સારાને માટે' આ ઉપર એક બીજું દૃષ્ટાંત પણ જાણવા જેવું છે.

કૌશામ્બી નગરીમાં અજીતસેન કરીને ચક્રવર્તી રાજા રાજ્ય કરતા હતા. તેમના પ્રધાન સુબુદ્ધિ પ્રધાન તો હતા પણ સાથે મહારાજાના દિલોજાન દોસ્ત પણ હતા.

એક વેળા આમ્રફળ છોલતાં છોલતાં મહારાજાના હાથની આંગળી છોલાણી પ્રધાનજી બોલી ઉઠ્યા કે 'જે થયું તે સારાને માટે' મહારાજા આ ઉપરથી ગુસ્સે થઇ ગયા અને બીજા અમલદારને હુકમ કર્યો કે પ્રધાનને કેદમાં પૂરો જે વખતે પ્રધાનને કેદમાં લઇ જવામાં આવ્યા તે વખતે પ્રધાનજી બોલી ઉઠ્યા કે 'જે થાય તે સારાને માટે'

શ્રોતૃ આંધળો અને સુશીલ બહેનો તમે સમજ્યા હશો

કે મહારાજાની આંગળી છોલાણી અને પ્રધાનજીએ સારૂં થયું એમ કહ્યું અને પોતાને કેદમાં જવું પડયું એ પણ સારૂં થયું એમ કહ્યું આ એક કોયડો થયો.

એક સપ્તાહ પછી મહારાજા પોતાના બીજા અમલદારો સાથે શિકારે નીકળ્યા. મહારાજાએ શિકારની ધૂનમાં પોતાનાં અશ્વને ખૂબ દોડાવ્યો અમલદારો પાછળ રહી ગયા. ઘોડો થાકથી વચ્ચે મરણ પામ્યો. રાજાજી શોકમાં બેઠા છે, ત્યાં એક યોગી પોતાના શિષ્યો સાથે આવી ચડયા અને રાજાને સુવર્ણ સિદ્ધિ સિદ્ધ કરવા હોમ પાસે લઇ ગયા. હોમ મંત્રનો પ્રારંભ થયો. રાજા તો મૃત્યુ સમીપ આવેલું જોઇ મનમાં પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યા. રાજાને નખ શીખ તપાસી લીધા અને એક શિષ્ય બોલી ઉઠ્યો ગુરૂદેવ ! આ માણસની આંગળી કપાયેલી છે, તેથી તે હોમવા યોગ્ય નથી, યોગીએ રાજાને છોડી દીધો. રાજાને પ્રધાનજી યાદ આવ્યા કે જે થયું તે સારા માટેનું રહસ્ય આજે સમજાયું એટલામાં બીજા અમલદારો પણ આવી પહોંચ્યા, બધા કૌશામ્બી આવી પહોંચ્યા. પ્રધાનજીને છોડી મૂકયા. પ્રધાનજીને મહારાજાએ હોમની વાત કરી. પ્રધાનજીએ કહ્યું, કે મને જેલમાં મોકલ્યો તે સારૂં થયું નહિ તો હું તમારી સાથે જ હોત અને તમારે બદલે મને હોમી દેત 'જે થાય તે સારાને માટે' એ કુદરતી રચના છે.

સુશીલ બહેનો અને સુજ્ઞ બંધુઓ નૈષેધિક વિધાન પણ આપણા મનુષ્યના જીવનમાં કેટલું ઉપયોગી છે તે જો

આપણે કષાય–ક્રોધ આદિને વશ થતાં ધીરજથી વિચારીએ તો આપણા જીવનમાં ઘણું જ ઉપકારી થઇ પડે.

વિશેષ વ્યવહાર દૃષ્ટિથી ઘણા ગુરૂ છે, પણ પરમાર્થથી આત્મા સિવાય કોઇ આપણો ગુરૂ નથી જ મનુષ્યનો શુદ્ધાત્મા Absothte sohl એજ ગુરૂ છે અને એનો અનુભવ એજ મનુષ્ય જીવનનો પુર્ણાનંદ છે.

પંડિતજીની દૃષ્ટિ કેટલી વેધક હતી. તે દરેક પ્રશ્નને કેવી રીતે ઘટાવતા હતા, તેમજ તેમનું વિવેચન કેવું સરળ અને સચોટ હતું અને તેમના દૃષ્ટાંતો કેવાં હૃદયની આરપાપર ઉતરી જાય તથા જીવનનું નવું દર્શન આપી જાય તેવા હતાં તે આ બે દૃષ્ટાંતો ઉપરથી જોઇ શકશો.



પત્રબોધ

[૩૨]

પંડિતજીએ તો જીવનમાં ઘણા ઘણા પત્રો લખ્યા-લખાવ્યા હશે, પણ એ પત્રો ક્યાંથી મળે ! બે-પાંચ પત્રો મળ્યા છે તે આ ચરિત્રમાં આપ્યા છે એ પત્રો પણ આપણને પંડિતજીની વિદ્વતા અને જીવનદૃષ્ટિનો પરિચય આપી જાય છે.

પંડિત લાલન
C/o મીસીસ ચીમનલાલ નગીનદાસ
ખાનપુર, અમદાવાદ
તા. ૧૬-૧-૫૧

આત્મપ્રિય ધર્મબહેન શ્રી નારંગીબહેન તથા ચી. ભાઈ મણીલાલ,

આપને સવિનય જણાવવાનું કે લાલનની ભાવના અગાસમાં થોડો સમય રહેવાની અને ભક્તિવત્સલ બન્ધુ-ઓના સહવાસની અત્યંત અગત્ય હૃદય પ્રદેશમાં જણાય છે.

ચર્મચક્ષુઓથી વિશેષ દેખાતું નથી તેથી એક સહચર સાથે રહે છે એટલે ભોજનશાળામાં લાલનના રૂા. ૪૦) તથા સહચરના રૂા. ૩૫) આપીશ. આપ સદ્‌ગત્ પિતાશ્રીના મકાનના નીચેના રૂમમાં ગોઠવણ કરી શકાય તો કરવા કૃપા કરશો.

મહારાજશ્રી મહાસતીજી સમયના જાણકાર પુરા દેખાયા. અને આપણા જૈન ભાન્ડુઓના કલ્યાણનો માર્ગ બહુ જ સરળ રીતે દર્શાવતા હોવાથી આત્મપ્રદેશમાં શાન્તિપૂર્વક પ્રમોદ ઉપજ્યો છે. વળી પૂજ્ય માણેકબા પણ વ્યાખ્યાન સાંભળી સંતુષ્ટ થયા છે. આપણા સર્વને અને પ્રત્યેકને શ્રીમદ કૃપાળુ દેવના માર્ગની પ્રવૃત્તિ હો એવી ભાવના સાથે.

આપનો પંડિત લાલન

સાધક સદન સોનગઢ

તા. ૧૫-૩-૫૨

પરમપૂજ્ય માણેકબા,

આપના કહેવા પ્રમાણે હાલ તો સોનગઢ રહેવાનો ચોક્કસ વિચાર છે. અને તબીયત સહન કરવાને યોગ્ય થાય તો, અર્ધ ચૈત્ર માસ વીત્યા પછી શેઠશ્રી બકુભાઇ મણીલાલને ત્યાં રહેવાનો વિચાર થાય છે. જેથી આચાર્યશ્રી વિજય રામચંદ્રસૂરિજી મહારાજ લાલનને લલિત વિસ્તરામાં વિશેષ પ્રવેશ કરાવી શકે જે લલિત વિસ્તરા શ્રી હરિભદ્રસૂરીએ રચીને તેને અમર કરનાર શ્રી ઉપમિતિ ભવપ્રપંચના કર્તાને સીલ્વેાનથી અહીં હિંદમાં સ્થિર કર્યા હતા. અહીં ચારિત્ર રત્નાશ્રમના સેવામૂર્તિ શ્રી કલ્યાણચંદ્રજી મહારાજની દવા લઉં છું અને તમારી સૂચના પ્રમાણે દુધ પણ લેવાય છે.

તમારા કથન મુજબ મારી જાતની સંભાળ રાખીશ જેથી આપના જેવા ઉપકારીજનોને ચિંતા ન થાય.

યોગદૃષ્ટિ સમુચ્ચય જે ડૉ. ભગવાનદાસે તૈયાર કરેલ છે. તેનું વાંચન-મનન કરવાની જરૂર છે. જ્યારે અવકાશ મળે ત્યારે જરૂર પુસ્તકનું અવગાહન કરશો. જે કામ ૫૦૦ સામાયિકે થાય તે આ ગ્રંથના અવગાહનથી ૫૦ સામાયિકમાં થશે.

લાલનનો ૬૪ મો જન્મદિવસ અહીં ઉજવાશે. આપને તથા શ્રી ગજીબહેનને એક વખત અહીં આવવા માટે નિમંત્રણ છે. તમને અહીં ઘણું જાણવાનું મળશે.

શ્રી ઇન્દુબહેનને પત્ર લખો તો મારા પૂર્ણ આશીશ લખશો.

આપ સર્વને સુખશાન્તિ હો એવી ભાવના સાથે—

આત્મબંધુ લાલન.

સાધક સદન સોનગઢ
તા. ૨૭-૩-૧૯૫૧

આત્મ પ્રિયબંધુ રામજીભાઈ રવજીભાઈ લાલન મંગળમય આશીશ સાથે લખવાનું કે તા. ૧ લી એપ્રિલ રવીવારે લાલનનું શારિરીક વય ૬૪ મા વર્ષમાં પ્રવેશ કરશે. કારણ કે એના બાળચક્ષુ કચ્છ-માંડવીના પ્રકાશમાં ૧૯૧૪ ના મધ્યાહ્નને આ જગતનો પ્રકાશ જોવાને ઉઘડ્યાં.

માતુશ્રી કહેતાં હતાં કે એક નાની માચીમાં તને સુવાડ્યો, પાસે એક દીવો રાખ્યો હતો તેના પ્રકાશમાં આસપાસ જોતાં તું તો હસ્યા જ કરતો હતો. મને એ પ્રમાણે

જોઇને તેઓ પણ આશ્ચર્યથી આનંદ પામવા લાગ્યાં અને કહ્યું હતું કે બીજા છોકરાઓ તો જન્મતાં રડે છે અને આ છોકરો હસે છે તેથી આ છોકરો સૌને રાજી કરશે.

ચિ. ધર્મપુત્ર શિવજીભાઇ અહીં મળી ગયા હતા અને કચ્છ જવાનું કહેતા હતા. સર્વને યથા ઘટિત આનંદ દેા. થેાડાક દિવસ પછી અમદાવાદ જવા ભાવના છે.

છાદ્ર મહેન્દ્રના
પાયલાગણ
લાલન વતી

સાધક સદન–સોનગઢ
તા. ૧૧–૪–૫૧

આત્મ પ્રિય પરમોપકારી પૂજ્ય બા માણેકબા લાલ-લનનેા ૬૪ મેા જન્મોત્સવ આનંદપૂર્વક ઉજવાઇ ગયેા. તા. ૬ ઠ્ઠી જાન્યુઆરીએ જે મેળવણ દેવી ગૌમાતાના મિષ્ટ દુધમાં રેડયું તેનેા વિકાસ નવા જન્મમાં દિવસાનુ દિવસ વૃદ્ધિ પામ્યા કરે છે, એ તમારા ઉપકારમાં વૃદ્ધિ અનુભવી સાનંદાશ્ચર્ય હૃદયમાં સ્ફુરી આવે છે.

અભિનવ જ્ઞાન પછી અંતર અનુભવ અને અંતર અનુભવ પછી આત્મ પ્રતિનું પ્રભાત ઉગે અને એ પ્રભાત જેમ જેમ સૂર્યોદય તરફ દેાડે છે. તેમ તેમ પ્રતીતિમાં Convietetion માં વૃદ્ધી થયા કરે છે. દિવસેા અને રાત્રિઓ ક્ષાયિક ધ્યાનમાં ઝુલે છે. રાત્રિએ રાત્રિકે અંધકાર નથી પરંતુ અભિનય આત્મ દર્શન કરાવ્યા કરે છે. અને શારી-

રિક જળ પ્રવાહ આંખમાંથી વહી નાના પ્રકારના વિચિત્ર રંગો દેવી દર્શને થયા કરે છે.

આપણા લાલનને હવે શ્રદ્ધા સમ્યકત્વ પછીનું પ્રતીતિ સમ્યકત્વ થતું હોય એમ લાગે છે અને અનુભવ સમ્યકત્વ રૂપી સૂર્ય યથા સમયે ઉગશે એમ પણ લાગે છે. નથી ત્વરા કે નથી ઢીલ, કારણ કે અનુભવે પહોંચતા વચમાં જે જે ધર્મશાળાઓમાં વિશ્રામ લેવાય છે, તેનો આનંદ શા માટે સમતા ભાવે ન ભોગવવો !

શબ્દ પ્રણાલિકા જરા ઉંચી હોવાનું કારણ એ છે કે એ શબ્દાવલિ ભાવને દર્શન આપી શકે એ હેતુથી જે ભાવ આપના હૃદય દર્પણમાં ઝાંખો પણ દેખાતો હોયતો પુનઃ લખાવી જણાવશો એટલે પ્રતીતિ વિશેષ ઉજ્વળ થઇ રહી છે તેનું દર્શન આપને કરાવવાનું બની શકે.

ધર્મબંધુ લાલન

સાધકસદન સોનગઢ
તા. ૨૫-૩-૫૧

આત્મપ્રિય પરમઉપકારી પૂ૦ માણેકબા વિ.

સર્વ મનુષ્યોને આ રંગભૂમિ ઉપર જુદા જુદા ભાવો ભજાવતા જોઈ આત્મ સ્વરાજ્ય પામો.

તા. ૭ મી જાન્યુઆરી રવિવારે પ્રશમ (લાલન) જ્યારે પૂ૦ સ્થિરીને આત્મ ખ્યાતિ સમજાવતો હતો ત્યારથી અત્યાર સુધી દિવસાનુ દિવસ પ્રભાત ઉગતું રહે છે અને તેનો આનંદ જેમ અમદાવાદની થીઓસોફીકલ સોસાયટીના

સભ્યોને તેમજ પંદર દિવસ પછીના રવિવારે ભાવનગરની સોસાયટીને સમજાવતાં એક આત્માનંદ રસ જામ્યો.

શ્રી હરિભદ્રસૂરિ પણ કહે છે કે રાત્રિનો વિલય થયા પછી અને સૂર્યોદય થયા પહેલાં જે ચારઘડી એ પ્રભાતની છે, અને પ્રભાત જેમ જેમ પ્રસાર થાય છે, તેમ તેમ અરૂણોદય શુદ્ધાત્માનું સ્વરૂપ પ્રગટ થતું રહે છે.

સાધકસહન રૂ. ૫૨૦૦ માં રીખભદાસ નામના એક મારવાડીએ ખરીદી લીધું પરંતુ લાલનને સહચાર સાથે રહેવાની પૂર્ણ પરવાનગી આપેલ છે.

આજે રવિવાર તા. ૨૫ મી છે. અને આવતા રવિવારે તા. ૧ લી એપ્રિલ ઉગવાની છે એ દિવસે લાલનની જન્મોત્સવી ૯૪ વર્ષમાં પ્રવેશ કરશે. આપ કે ગજીબહેન તે દિવસે સ્નાત્ર ભણાવશો અને શ્રી ધર્મનાથ તથા શ્રી પાર્શ્વનાથના સ્તવન કરતાં બંધુ લાલનને યાદ કરશો.

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, અને મનઃપર્યય જ્ઞાન એ એક શુદ્ધ જ્ઞાન, અથવા કેવળજ્ઞાનના વિવિધ પ્રસંગો છે. કેવળજ્ઞાન એ સામાયિક છે અને વિવિધ જ્ઞાનોના પ્રકારના તેના પર્યાયો છે. દ્રવ્યને પર્યાય જુદા ન હોય, અનંત શુદ્ધ ગુણોમાં.

જે જે પ્રશ્નો હૃદયમાં ઉદ્ભવે છે એ પ્રશ્નોનું સમાધાન તેજ ક્ષણે કે બીજે સમયે થઇ જાય છે, જેમકે નિષેધ દૃષ્ટિએ જોઇએ તો જૈન શાસ્ત્ર લખે છે કે નકંખીઅ, નસંખીય, વિ. હવે જુઓ; નિસંખીય જેને શંકાનું સમાધાન થઇ જાય તેને શંકા શાની રહે ?

નિસંખીય, જેને ઇચ્છા પૂર્ણ થઇ જાય તેને કાંક્ષા શાની રહે ?

આ પ્રકારે આત્માને ઉભયરીતીએ અનંત શક્તિયેાનેા સદ્‌ઉપયેાગ નથી થતેા ! ચિ. ગૌરી તથા ચિ. હંસાને પસલી ભરી ભરી આશિષ આપશેા. ચિ. ગજીને મામાં શું આપે ! શક્તિ પ્રમાણે જે માગે તે ! સુપુત્રી મંગુને તથા રેવાને સદા મંગળકારી આશીશ.

આત્મજ્ઞાન એ સિદ્ધ અવસ્થા અને આત્મક્રિયા એ ભાવી તીર્થંકર અવસ્થા. હવે તેા શબ્દ પ્રવૃત્તિ દૂર રાખી વિચાર પ્રવૃત્તિ Sete pathy થાય.

ધર્મબંધુ લાલન

શ્રી તપગચ્છ ઉપાશ્રય, જામનગર
તા. ૧૪–૧–૫૧

પૂજ્યપાદ શાસનદીપક આચાર્ય પ્રવર શ્રીમદ્‌ વિજય વલ્લભસૂરીશ્વરજીના પુણ્ય સરેાજમાં,

અનેકશઃ ભક્તિપૂર્ણ વંદનાવલિ સાથે લખવાનું કે આપશ્રી અખંડ સંધારક સાથે સંયમયાત્રા સુખપૂર્વક વહન કરતા હશેા.

આજની પત્રવાહિનીમા આપ તરફ એક બૂકપેાસ્ટ પાઠવ્યું છે. આપ તેને વંચાવી સદ્‌ઉપયેાગ થાય તેમ કરશેા. પાઠવેલ લેખના લેખક શ્રી ભટ્ટાચાર્ય છે. જેઓ જિનવાણી નામના માસિકમાં વરસેા પહેલાં બંગાળી ભાષામાં લેખેા લખતા હતા. એ લેખમાંનેા એક લેખ જે 'ભારતીય દર્શનેા મેં

જૈન દર્શન કા સ્થાન ' બંગાળીમાં લખેલ તેનો અનુવાદ ભાઇશ્રી સુશીલે ' ગુજરાતી ' ભાષામાં કરે છે. તેનું નવું સંસ્કરણ છે જે લાલને જામનગરમાં મુદ્રિત કરાવેલ છે. આ લેખનો ઉપોદ્ઘાત માત્ર લાલને વિધાયક દૃષ્ટિએ લખાવ્યો છે. શેષ સર્વ શ્રી ભટ્ટાચાર્યનું છે. જૈન દર્શન માનવજાતિને ઉત્તમોત્તમ જ્ઞાન અને ક્રિયામાર્ગે ચઢાવે એનું આલેહુળ ચિત્ર છે.

આપની ચરણકમળ રજ,
લાલનની
વંદનાવલિ અવધારશો.

Pandit Lalan,
C/o. Mrs. Chimanlal Nagardas
Khanpur, Ahmedabad.
Dt. 25-3-1951

Priyatama Bhratar me,

Glad am I to hear from you so soon by your welcome letter dated 13th inst. rich with blissful thoughts.

While I dictate my epistle to you, I am happy and well, but it was not so a week ago. Lalan's birthday hurries on friday 1st April when his eyes opened to the light of this beautiful world in India before 93 years.

When you leave off **આર્તધ્યાન** (sorrowful condition) and **રૌદ્રધ્યાન** (selfishly killing others) you are in **ધર્મધ્યાન** (Living life of Saintlihood)

and શુક્લધ્યાન abiding your absolute soul); in these last two conditions you are neither losing binding karmas and running to final liberatios.

It depends upon the condition in which performing these actions whether the actor in the last two ધ્યાન (Dhyanas) or the former duel.

A wrangler proffessor says in a verse that we are dividing our actions into the spiritual state and worldly one. If he can do this we are making નિર્જરા out of former karmas.

I presume our religion teaches how to conquer miseries by knowledge and life.

I agree with the idea of our friend Tarachand and let us clear our way before teaching our અહિંસા to the present human world.

I cannot fathom the sense to your Svayambhu so I wish to have more light on this term of yours.

Even in the sea there is the part of it which makes Meraman meaning sweet water as oasis in Sahara desert.

My heartful blessings to my well wisher Mr. Adam and his daughter Mrs. Haime with her boy Jack.

Yours ever fraternally,
Pandit F. K. Lalan

Pandit F. K. Lalan
C/o. Mrs. Chimanlal Nagindas
Khanpnr, Ahmedabad
Dt. 25-3-51

My bosom friend brother,

Harihar Bhatta
M. A. B. L.

I cannot covey my joy that I feel, while perusing your 'ભારતીય દર્શનોમેં જૈન દર્શનકા સ્થાન'

I hope this book of yours is translated in Gujarati by સુશીલ of Bhavnagar. I have bought almost all copies from Ahmedabad book-sellers and wish to get it reviewed by learned scholars and jain saints. Can you conceive 'વિશ્વદર્શનોમેં જૈન દર્શનકા સ્થાન' I can put before you the સાહિત્ય whicn opens their belief.

Yours Atmabandhu,
F. K. Lalan



મૃત્યુ મરી ગયું રે લોલ

[૩૩]

પંડિતજીનો જન્મ કચ્છ માંડવીમાં તા-૧-૪-૫૭ ના થયો હતો. કચ્છની ધીંગીધરાનું પાણી પીને સાહસિક બન્યા. જામનગરમાં મોટા થયા અને સૌરાષ્ટ્રની મીઠાશ ધારણ કરી. મોહમયી મુંબઇમાં શિક્ષણ અને સંસ્કાર મેળવ્યા અને વિદ્વાન બન્યા. મેટ્રિક સુધી અભ્યાસ કર્યો પણ જ્ઞાન પિપાસુ એવા કે પુસ્તકોને જીવન સાથી ગણીને રાત દિવસના વાંચન મનન ને ચિંતનથી વિદ્વાન બન્યા. પહેલા તો રૂા. ૧૦) ના માસિક પગારથી શિક્ષક બન્યા. ૧૦) ના ૧૨૫ થયા. ટયુશનની ફાવટ એવી આવી ગઇ કે રૂ. ૩૦૦) માસિક મળવા લાગ્યા. યુનીસીપાલીટીના ફાનસને દીવે વાંચનની તૃષા છીપાવવા લાગ્યા. અને વક્તૃત્વનો પણ એવો નાદ લાગ્યો કે સારા વક્તા થવા માટે પ્રયત્ન કર્યો અને સારા વક્તા બની ગયા.

અમેરિકામાં ચિકાગો શહેરમાં વિશ્વધર્મ પરિષદ મળવાની હતી. શ્રી આત્મારામજી મહારાજને જૈનધર્મનો સંદેશ આપવા નિમંત્રણ હતું. જૈન સાધુ હોઇને ને તો પાદ વિહાર કરતા હોવાથી અમેરિકા જઇ શકે તેમ ન હોતું. વીરભૂમિ મહુવાના શ્રી વીરચંદ રાઘવજી ગાંધી,

બી. એ. ને મોકલવાનું ઠરાવ્યું અને તેઓ તો અમેરિકા ઉપડી ગયા. પંડિત લાલનને ભાવના જાગી કે હું પણ જાઉં તો ! પણ વસુદેવ–નાણાનું શું ? ભાવના એવી પ્રજ્વલિત હતી કે તે મિત્રોને મળ્યા. શ્રીમંતોને મળ્યા અને કામ થઈ ગયું. બીજી જ સ્ટીમરમાં પંડિતજી ઉપડ્યા અને અમેરિકામાં ૪॥ વર્ષ રહ્યા. ત્યાં જૈનધર્મ, જૈનઆચાર, અહિંસા અને જૈન તત્વજ્ઞાનનો પ્રચાર કર્યો.

અમેરિકાથી પાછા આવ્યા અને મને તેમનો સત્સંગ થયો. મેં તેમને ધર્મ પિતા માન્યા. તે મારા માર્ગદર્શક બન્યા.

પંડિતજી કચ્છ આવ્યા અને કચ્છમાં ધર્મ પ્રભાવના કરી. પછી તો તેઓએ યોગાભ્યાસના વર્ગો શરૂ કર્યા. જ્યાં જ્યાં ગયા ત્યાં ધર્મના દીવડા પ્રગટાવ્યા. તેમની મીઠી મધુરી સુધાભરી વાણીએ જાદુ કર્યા અને સુપ્રસિદ્ધ વક્તાઓ હજારોની માનવમેદનીને મંત્રમુગ્ધ કરી.

પંડિતજી સામાયિકના એવા તો રસિયા હતા કે જ્યાં જ્યાં જતા ત્યાં સામાયિકના પ્રયોગો કરાવતા અને સામાયિકના સંશોધનમાં તેઓ મસ્ત બની જતા. હજારો વિદ્યાર્થીઓ અને બહેન ભાઈઓએ તેમના સામાયિકના પ્રયોગોનો લાભ લીધો છે. અને આજે પણ એ દિવ્ય દૃષ્ટિ હૃદયે હૃદયમાં ભરી પડી છે.

પંડિતજી એવા અભ્યાસી હતા કે તેમનું વાંચન–મનન–નિદિધ્યાસન ચાલુ જ હોય. ૯૦–૯૨ વર્ષની ઉંમરે પણ તેઓની અભ્યાસની પિપાસા એવી જ તીવ્ર હતી. અને તેઓ પોતાને હંમેશા વિદ્યાર્થી માનતા હતા.

શ્રીમદ્ રાજચંદ્રજીના તેઓ પરમપ્રિય ઉપાસક હતા તેમના જીવન-કથન અને વાણીને જીવનમાં ઉતારવા તેમણે સાધના કરી હતી.

મારી એક ભાવના હતી કે પંડિતજી મારા ધર્મપિતા છે તો તેમના જીવનપર્યંત મારે તેમની સંભાળ રાખવી. તેમના ધર્મપત્ની ગુજરી ગયા અને હું તેમને મઢડા લઇ આવ્યો. ત્યાં લાલનનિકેતન શરૂ કર્યું અને પંડિતજીએ સ્નેહીજનો ને મિત્રોને પોતાની નવી દૃષ્ટિ અને જીવન-પ્રણાલી દર્શાવી તેમજ યોગ અને સમાધિ ઉપરાંત વ્યવહારૂ યોગદૃષ્ટિ સામાયિકમાં કેવી રીતે સમાયેલી છે તેનો પ્રચાર કરવા લાગ્યા.

તેઓ સદ્‌ગુણાનુરાગી હતા. ગમે તે ગચ્છના, ગમે તે વિચારના, ગમે તે માન્યતાવાળા આચાર્યો-પદસ્થો-મુનિવરો અને વિદુષી સાધ્વીજીઓના ગુણગાન ગાતાં અને બધાની પાસેથી જે કાંઇ જીવન પાથેય મળે તે મેળવવા હમેશાં ઉત્સુક રહેતા.

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સના તે પ્રેમી હતા અને પોતાના સુમધુર વ્યાખ્યાનોથી હજારોને મંત્રમુગ્ધ કરી દેતા.

જૈન કુટુંબોમાં આપણા બાળકોને જૈનધર્મના સંસ્કારો પડે અને બાળકોને જૈનધર્મનું પદ્ધતિસર શિક્ષણ મળે તે દૃષ્ટિએ ૫૦-૫૫ વર્ષ પહેલાં જૈનધર્મ પ્રવેશપોથી લખી અને તેના ૪ ભાગો કર્યા. આજે પણ પંડિતજીના એ પુસ્તકો કેવાં ઉચ્ચ ભાવના દૃષ્ટિવાળાં છે.

પંડિતજીએ ૨૦ લગભગ પુસ્તકો લખ્યાં છે. માનવ-ગીતા, શ્રમણનારદ એ પુસ્તકો તો દેશ-વિદેશમાં ખૂબ પ્રસિદ્ધ પામ્યા છે.

પંડિતજી ૯૨-૯૩ વર્ષના થયા છતાં પોતાની જાતને પોતે યુવાન માનતા હતા અને તેમનો આત્મા તો સદા યુવાન હતો જ. તેમનામાં યુવાનનો જુસ્સો હતો. ધગશ હતી. નવનવી ભાવનાઓ-ઊર્મિઓ અને સોણલાં હતાં.

તેમનું સન્માન થવું જોઇએ અને તેમનાં જેવા આ જન્મ લોકસેવક, ધર્મસેવક, શાસનસેવકને ચરણે કુલ નહિ ને કુલપાંખડી અર્પણ થવી જોઇએ. એ દૃષ્ટિએ મારા કચ્છી સ્નેહીજનો, મિત્રો, આપ્તજનોની પાસેથી રૂા. ૧૩૬૦૦) મેળવ્યા અને તેમનું ભવ્ય સન્માન થયું. શ્રી જૈન યુવક-સંઘ-મુંબઇએ તેમનો સન્માન-સમારંભ ખૂબ આનંદપૂર્વક ઉજવ્યો. અને પંડિતજીના જીવન-કથન અને સેવાકાર્યની ભૂરિ ભૂરિ પ્રશંસા કરવામાં આવી.

પંડિતજી તો આખા જૈન સમાજના રત્ન હતા, વિદ્વાન હતા, ત્યાગી જેવા હતા, આજન્મ સેવક હતા, પ્રસિદ્ધ વક્તા-લેખક વિવેચક અને વિશ્વપ્રેમી હતા. જૈનસમાજે તેમના જેવા પુણ્ય પુરૂષનું સન્માન કરી પોતાનું ગૌરવ કરવાનું હતું પણ એ દિવસો હજી દૂર છે. જ્યારે આપણા ચારિત્રશીલ સેવકો, કાર્યકરો, વિદ્વાનો, કલાકારો અને સાહિત્યકારોની કદર કરતાં શીખીશું ત્યારે જૈનસમાજ નીડર, પ્રાણવાન અને જાગૃત રહેશે.

પંડિતજી તો ચિર પ્રવાસી હતા. શ્રી ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારના નિર્માતા શ્રી માણેકબાના બંગલામાં ૪ વર્ષ લગભગ રહ્યા હતા. ખંભાત પાસે આવેલા વડવા અને અગાસમાં થોડો થોડો સમય રહી આવ્યા હતા. તેઓ સોનગઢ પૂજ્ય કાનજીસ્વામી પાસે રહ્યા હતા અને તેમના વ્યાખ્યાનોનો લાભ લીધો હતો. ત્યાં તેમને ઠીક શાંતિ મળી હતી. અહીં રહેવા જમવાની તેમજ જ્ઞાનચર્ચા કરવાની સારી અનુકૂળતા હતી.

તેઓ જ્યાં હોય ત્યાં હું તેમના દર્શને જતો. તેઓ મને મંગળ આશીર્વાદ આપતા રહેતા હતા.

તેઓ જેવા ધર્મપ્રેમી અને અધ્યાત્મપ્રેમી હતા તેવા જ રાષ્ટ્રપ્રેમી હતા. પૂજ્ય ગાંધીજીના આઝાદીના જંગની તે ભૂરિ ભૂરિ પ્રશંસા કરતા અને પ્રસંગે પ્રસંગે રાષ્ટ્રીય પ્રવૃત્તિ માટે પ્રેરણાઓ આપતા.

મહર્ષિ અરવિંદ ઘોષના અને તેમની વિશ્વશાંતિની વેધક દૃષ્ટિના તે ખૂબ પ્રશંસક હતા. શ્રી રમણ મહર્ષીના પણ તેઓ પ્રશંસક હતા. જે જે મહાન આત્માઓ તેમના પરિચયમાં આવ્યા તે બધા પાસેથી જીવન દર્શન મેળવવા તેમણે પ્રયત્ન કરેલો અને તેઓ પોતાના આત્મદર્શનના લક્ષમાં ઉદ્યમ અનુભવતા.

છેલ્લે તેઓ જામનગર પાર્વતી બહેનને ત્યાં રહ્યા અને જીવ્યા ત્યાં સુધી જામનગર જ રહ્યા. હું જામનગર પણ ગયો હતો. અને મેં જોયું કે ચર્મચક્ષુ ન હોવા છતાં

તેઓ દિવ્ય દૃષ્ટિથી જોતા હતા. ધ્યાનમાં મગ્ન રહેતા. શરીરના રોગો તરફ તદ્દન બેપરવા હતા, જીવનદર્શન, આત્મ-દર્શન, વિશ્વપ્રેમ, આત્માની મિત્રતા, આત્મચિંતન, વગેરેની વાતો ખૂટતી નહિ, જે કોઇ આવે તે નવી દૃષ્ટિ લઇને જાય. એ હંમેશા જ્ઞાનદૃષ્ટિથી વિચારતા અને છેવટની ઘડી સુધી તેમણે પંચપરમેષ્ઠીનું ધ્યાન ચિંતન મનન રાખ્યું હતું.

ૐ શાંતિના જપ તો ચાલુ જ હોય અને જાણે મૃત્યુની અરે સ્વર્ગના દરવાજા ઉઘડવાની રાહ જોઈને બેઠા હોય મસ્ત યોગીની જેમ તૈયાર જ હતા.

સંવત ૨૦૧૦ ના માગશર શુદ ૧ ના દિવસે સવારના પાંચ વાગે પંચપરમેષ્ટિનું સ્મરણ કરતાં કરતાં પૂજ્ય પંડિતજીએ આ નાશવંત દેહનો ત્યાગ કર્યો અને આત્મસમાધિમાં લીન થઇ ગયા. પોતાના જીવનને ધન્ય બનાવી ગયા અને વર્ષોની તેમની પ્રભુભક્તિ, અધ્યાત્મદૃષ્ટિ, સંતસમાગમ, સેવા, તેમની ઉચ્ચ કામનાઓ એવી તો વિશુદ્ધ બની ગઇ હતી કે તેમની પવિત્ર આંખડીઓ, મધુર સુધાભરી વાણી અને વિશુદ્ધ વર્તન તેમજ પરમ પ્રેમના નિર્મળ અમી ઉછળી રહ્યાં. એ તો ગૃહસ્થવેશે સાધું હતા, બ્રહ્મચારી હતા, સંત હતા, આત્મજ્ઞાની હતા, તેમ છતાં પંડિતજી વિનમ્રસેવક અને આજીવન લેખધારી વિશ્વપ્રેમી મહા માનવ હતા.

સન ૧૯૫૩ ના ડીસેમ્બરની તા. ૭ મીએ આ જગતની તેમણે વિદાય લીધી. અને પોતાના જાગૃત આત્માને

પરમાત્માપણા સુધી લઇ જવા આત્મભૂમિમાં પ્રવેશ કર્યો અને એ આત્મભૂમિના પ્રત્યેક આત્મ પંડિતજીના આત્માનું સ્વાગત કરવા ઉમટી આવ્યા અને મૃત્યુ બીચારૂં મરી ગયું.

તેમની ૯૬ વર્ષની ઉમ્મર હોવા છતાં સદા યુવાન પંડિતજી ગમે તે સ્થિતિમાં આનંદમાં રહેતા અને પોતાને નિજાનંદી કહેવરાવતા.

તેમના સ્વર્ગવાસ પછી જામનગરમાં તેમના પુણ્યાર્થે અઠ્ઠાઇ-મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. એક સાધુચરિત્ર પુણ્યપુરૂષની જેમ રડવા-કૂટવાનું તો બંધ જ હતું પણ પ્રભુભક્તિમાં સૌ મસ્ત રહેતા. ધન્ય જીવન ધન્ય સમાધિમરણ.



પંડિતજીની પ્રતિભા

[૩૪]

જીવન પ્રસંગો મોકલો

૧

પ્રસિદ્ધવક્તા પંડિત ફતેચંદ કપુરચંદ લાલનની જીવન યાત્રા અંગેનું પુસ્તક પ્રગટ કરવા શ્રી શીવજીભાઇ દેવસી મઢડાવાળાએ નિર્ધાર કર્યો છે તો પં. લાલનના સંપર્કમાં જે જે સ્નેહીઓ, આપ્તજનો કે પૂજ્ય શ્રમણ સમુદાય આવ્યા હોય તેઓને પોતાની સાથેનો પ્રસંગ લખી નીચેના સીરનામે મોકલવા વિનંતિ છે.

શ્રી શીવજીભાઇ દેવશી મઢડાવાળા
C/o. શ્રી સુધાકરભાઈ શીવજી
૧૧૦, હરિયાલા પ્લોટ, ભાવનગર

જૈન તા. ૨૧-૪-૫૯



સદ્‌ગત શ્રી લાલન સાહેબનું ચરિત્ર

૨

સિત્તેર, એંશી કે નેવું વર્ષની ઉંમરે પણ પોતાની જાતને Young Lalan (નવજુવાન લાલન) તરીકે ઓળખાવનાર સદ્‌ગત શ્રી ફતેચંદ કપુરચંદ લાલન, એ વીસમીસદીના એક સહૃદય, ધર્મપ્રેમી આત્માર્થી પુરૂષ થઈ ગયા.

એમણે પોતાની છટાદાર અને ઊર્મિભરી વક્તૃત્વશક્તિ દ્વારા આ દેશના તથા પરદેશના લોકોને મુગ્ધ બનાવ્યા હતા. તેમજ એમને જૈનધર્મનો પરિચય કરાવ્યો હતો.

મઢડાનિવાસી શ્રી શીવજીભાઇ (શ્રી શીવજી દેવશી શાહ) જેઓ શ્રી લાલન સાહેબના મિત્ર અને ચિરસાથી છે, તેઓ શ્રી લાલન સાહેબનું જીવનચરિત્ર તૈયાર કરી રહ્યા છે. આ માટે એમને જે કંઇ સામગ્રી મળી શકે તેની જરૂર છે, તો જેમની પાસે આવી ઉપયોગી સામગ્રી હોય તેમણે એ સામગ્રી તથા જેઓને સદ્‌ગતનો પરિચય થયો હોય તેમણે પોતાના સંસ્મરણો શ્રી શીવજીભાઇને (ઠે. કૃષ્ણનગર, હરીયાળા પ્લોટ નં. ૧૧૦, "સ્મૃતિ" ભાવનગર (સૌરાષ્ટ્ર)એ સરનામે બનતી ત્વરાએ મોકલી આપવા.

જૈન તા. ૨-૫-૫૯

❁

જીવન-પ્રસંગો માટે વિજ્ઞપ્તિ

૩

પંડિત ફત્તેચંદ કપુરચંદ લાલન આપણા યુગના અધ્યાત્મપ્રેમી વિદ્વાન થઇ ગયા છે. તેઓ પ્રસિદ્ધવક્તા, કર્મઠ, નિર્જાનંદી, આત્મદૃષ્ટિવાળા, જૈનદર્શનના વેત્તા, સદ્‌ગુણાનુરાગી, સંતજનોના પ્રેમી હતા.

૯૫ વર્ષ ઉપરના હોવા છતાં તે પોતાને યુવાન માનતા અને તેમનો યુવાનને શરમાવે તેવો જ્વલંત જુસ્સો હતો. તેમની ભાષામાં માધુર્ય હતું. તેમના દૃષ્ટાંતો રસપ્રદ હતા

અને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરવાની તેમનામાં અજબ મોહિની હતી.

તેમના જીવન-પ્રભાને વિવિધ પ્રસંગો મેળવીને એક સુંદર ચરિત્ર પ્રકાશિત કરવા મેં નિરધાર કર્યો છે. તેઓ યૂરોપ બે-ત્રણ વખત જઈ આવ્યા છે. આપણા દેશમાં જગ્યાએ જગ્યાએ તેઓશ્રીએ મનનીયપ્રેરક અને બોધપ્રદ વ્યાખ્યાનો આપી સભાઓ ગજવી છે.

તેમણે થોડાં પણ પ્રાણવાન ઉત્તમ કોટિના ગ્રંથરત્નો સમાજ અને દેશને ચરણે ધર્યા છે. તેમનું આખું જીવન સેવા અને જૈનતત્વના પ્રચારમાં વીત્યું છે.

તેમણે જગ્યાએ જગ્યાએ હજારો સામાયિકો કરાવી સામાયિકના રહસ્ય અને સામાયિકમાં યોગ તેમજ સામાયિકના મનોહર દૃષ્ટાંતો તેમજ એક એક સૂત્રોના મનનીય વિવેચનો કરી સમતા રસની લહાણ લેવરાવી.

તેઓ પૂજ્ય આચાર્ય પ્રવરો, પદસ્તો, સાધ્વીજી મહારાજો, અન્ય ધર્મના સંત-મહંતો, વિદ્વાનો, યુવાનો, ધર્મનિષ્ઠ ભાઈ-બહેનો, શિક્ષણ-સંસ્થાઓ તથા હજારો ભાવિકોના સંપર્કમાં આવ્યા હતા.

તેઓશ્રીના સંસ્મરણો, જીવનદૃષ્ટિ, તેમની ભાવનાઓ, ગ્રંથરત્નોનો વિશેષ પરિચય તેમજ તેમના જીવનના નાના-મોટા પ્રસંગો, સેવાકાર્ય વગેરે આપશ્રી કે આપના મિત્રો લખી મોકલવા કૃપા કરશો તો હું અત્યંત આભારી થઈશ.

એ બધા જીવન-પ્રસંગો કે પરિચય-પ્રસંગોને તેમની જીવન-યાત્રામાં પ્રકાશિત કરવામાં આવશે.

તેઓશ્રીના પત્રો-લેખો કે જાણવાલેગ હકીકતો પણ અત્યંત આવકારપાત્ર લેખાશે. આ જીવનચરિત્ર વૈશાખ માસમાં પ્રકાશિત કરવા માટે પ્રેસમાં મોકલવા ભાવના છે.

આથી છે પંડિત લાલનના સ્નેહીજનો, જૈન લેખકો, અન્ય વિદ્વાન મિત્રો, કાર્યકરો, તેઓશ્રીના પરિચય પ્રસંગો વૈશાખ શુદિ પૂર્ણિમા સુધીમાં વહેલામાં વહેલી તકે થોડો શ્રમ મેળવી લખી મોકલશે તો અત્યંત આભાર થશે.

લેખો મોકલવાનું ઠેકાણું:—

સુધાકર શીવજીભાઈ **શિવજી દેવશી**
૧૧૮ હરીયાળા પ્લોટ, કૃષ્ણનગર મઢડાવાલા.
ભાવનગર (સૌરાષ્ટ્ર)

૪

બીદડા-કચ્છ તા. ૭-૧-૫૬

Grace of God may be with you for ever.
Blessed heart.

My dear in spirit,

આત્મીય શ્રી શિવજીભાઈ,

આપશ્રીનો કૃપાપત્ર તા. ૧ નો લખેલ મળ્યો તે માટે આભાર સહવન્દના. પૂજ્ય લાલન સાહેબ માટે આપશ્રીએ

કંઇ લખવા આદેશ આપેલ છે તે મુજબ કંઈ લખી મોકલાવ્યું છે. યોગ્ય લાગે તો સ્વીકારશોજી.

Yours in spirit,
ચરણરજ વેલજીના
પ્રેમવંદન સ્વીકારશોજી.

Peace and Love unto you
forgive and forget,

પૂજ્ય શ્રી લાલન સાહેબે અહિં આશ્રમ ઉપર પધારવા માટે કૃપા કરેલી.

તેઓશ્રી નિર્દોષ આત્મા હતા. તેઓની નિર્દોષતા સ્મૃતિમાં જડાઈ ગઇ છે.

આ અલ્પ જીવ, તેઓના ભવ્ય આત્માને સદૈવ દીનભાવે નમે છે.

વેલજી

(આ પત્ર લખનારનું નામ છે શ્રી વેલજી હાકરશી. તેઓના માટે **કચ્છના સંતો અને કવિઓ** નામના પુસ્તકમાં ભાઇશ્રી દુલેરાય કારાણી લખે છે, કે કચ્છ બીદડાના સાધનાશ્રમનું નામ આજે સમસ્ત કચ્છમાં સુવિખ્યાત છે. સાધનાશ્રમ એટલે જ્ઞાન અને સાહિત્યનો ભંડાર. સાધનાશ્રમનાં દર્શન વિના કચ્છનું સંસ્કાર દર્શન અપૂર્ણ ગણાય. આ સાધનાશ્રમના સંસ્થાપક શ્રી વેલજીભાઇનું જ્ઞાન અને સંસ્કારમય જીવન એક અનુપમ દૃષ્ટાંતરૂપ છે.)

૫

ડુમરા-કચ્છ તા. ૫-૧-૫૯

ભક્તાત્મા શિવજીભાઈ જોગ,

તમારો તા. ૧-૧-૫૯ નો લખેલ પોસ્ટકાર્ડ આજે મળેલ છે. તમો વૃદ્ધાવસ્થામાં પણ પરમાર્થ કાર્યોમાં એવો જ પ્રેમ ધરાવો છે જે જાણી આનંદ થયો.

શ્રી લાલનસાહેબ યોગ માર્ગના અભ્યાસી અને પ્રભુ-માર્ગના પ્રેમી હતા. તેઓ સમતાભાવમાં રહેવા પોતે સામાયિક કરતા અને અન્યને પણ કરાવતા. "સામાયિકના પ્રયોગો" એ પુસ્તકમાં તેમણે પોતાના અનુભવો લખ્યા છે. દેશ-પરદેશમાં પોતાનો સંદેશો ફેલાવ્યો છે.

પૂ. મહારાજસાહેબની તબીયત સામાન્ય રીતે સારી છે. તમારા શુભકાર્યમાં પ્રભુ તમોને યશ અપાવો એજ પ્રાર્થના. અત્રે શાતા છે.

લી૦ મુનિ પદ્મવિજયજી તથા
માણેકવિજયજીના
ધર્મલાભ વાંચશો.

(આ પત્ર લખનારનું નામ છે મુનિ પદ્મવિજયજી મહારાજ તેઓ વયોવૃદ્ધ છે, શાંત છે. તેઓ હાલમાં કચ્છ-ડુમરામાં રહે છે. તેઓએ પણ પંડિત શ્રી લાલન પાસેથી યોગનો અભ્યાસ કર્યો છે. તે વખતે તેમનું નામ હતું રાયચંદજી. તેમનામાં ગુણદૃષ્ટિ છે, જિજ્ઞાસા છે અને નિઃસ્પૃહતા છે. તેમના એક શિષ્ય છે તેમનું નામ છે મુનિ માણેક-વિજયજી. તેમનામાં સેવાભાવ છે.)

૬

કચ્છભુજપુર તા. ૧૯-૧-૧૯૫૯

પૂજ્ય પરમોપકારી શ્રીની પવિત્ર સેવામાં, શ્રી મુંબઇ

આપનો કૃપાપત્ર મોગાથી તા. ૧૩ મીનો લખેલો ત્રણ દહાડા પર મળ્યો, ફરી લખવા કૃપા કરશો.

વિશેષ લખવાનું કે પૂજ્ય બાપુજીના જીવન પરત્વે પત્ર લખી આ સાથે આપશ્રીને મોકલું છું તેમાં તારીખ કે સ્થલ લખ્યાની જગ્યા રાખી છે તે આપને ઠીક લાગે તો તે તારીખ અને સ્થલ લખી લેશો.

મારો લીપી જ્ઞાન કે ભાષા જ્ઞાન તદ્દન મર્યાદિત છે તે આપ જાણો છો એટલે મારા લખાણમાં લીપી અને શબ્દોની અશુદ્ધિ હોય તે તદ્દન સ્વાભાવિક છે, એટલે તેવી અશુદ્ધિઓ હોય તો સુધારી લેવા વિનંતી છે, તેમજ વિરામ ચિન્હ કરવાની મારી પહેલાથી જ ટેવ નથી એટલે તે કરવા જતાં બહુ જ તકલીફ પડે છે, માટે તેવી જરૂર જણાય તો તે પણ કરાવી લેશો તેમજ કોઇ વાક્ય પ્રયોગ કલીષ્ટ જણાય કે કોઇ ફકરા ટુકાવવાનું યોગ્ય જણાય કે સમુળગો કાઢી મુકવાનું યોગ્ય જણાય તો એટલે કોઇપણ જાતનો ફેરફાર કરવાનું ઉચીત જણાય તો તેમ કરાવી લેવા મારી આપને નમ્ર વિનંતી છે.

લી. આપનો કૃપાકાંક્ષી,
વેલજીના સવિનય વન્દન સ્વીકારશો.

કચ્છ-ભુજપુર, તા. ૧૯-૧-૫૯

પૂજ્ય મહોપકારીશ્રીની પવિત્ર સેવામાં,

સહર્ષ જણાવવાનું કે આપનો તા. ૧૯-૧૨-૫૮ નો લખેલો પત્ર મળ્યો. આપશ્રીએ ભક્તાત્મા શ્રી વિશનજીભાઇ જેતશીની શુભ પ્રેરણાથી પુણ્ય શ્લોક પરમ પૂજ્ય બાપુજી (લાલન સાહેબ) નું જીવનચરિત્ર લખવાનું જે સ્તુત્ય નિર્ણય કર્યો છે તે વાંચી મને ખૂબ જ આનંદ થયો છે. કારણ કે પૂજ્ય બાપુજી જેવા આદર્શ મહાપુરૂષનું જીવનચરિત્ર ધર્મ જીજ્ઞાસુ ભાઇઓને તેમજ બહેનોને ખૂબ જ શુભ પ્રેરણા-જન્ય થશે.

પૂજ્ય બાપુજીનું સ્વર્ગવાસ લગભગ ૪ થી ૫ વર્ષ પર થયું ત્યારે હું મુંબઇ હતો ત્યારે તેમના વિયોગના દુઃખદ સમાચાર સાંભળી મને ખૂબ જ આઘાત થયો હતો પણ તેઓશ્રી ૯૫ વર્ષ જીવ્યા અને જીવન દરમ્યાન સ્વપર આત્મહિત અને કલ્યાણ કરવામાં જ સદુપયોગ કરી મોંઘેરા મનુષ્ય જીવનને સાર્થક કર્યું અને છેવટે તો આ નશ્વર ક્ષણ-ભંગુર દેહ હરકોઇ મનુષ્ય પછી ભલે કોઇ રંક હો કે રાય હો મૂર્ખ હો કે પંડિત હો, સંસારી હો કે ત્યાગી હો, અજ્ઞાની હો કે પૂર્ણ જ્ઞાની હો પણ ચાર દહાડા મોંઘું કે વહેલું પોતાના ધર્મ અને સ્વભાવ પ્રમાણે પડવાનું તો છે જ. એમ સમજી મનને કાંઇક સ્વસ્થ કર્યું.

પૂજ્ય બાપુજી આપણા જૈનસમાજમાં તો પંડિત લાલન તરીકે ખૂબ જ પ્રખ્યાત હતા પણ તેમના જીવનમાં જૈન કે

અન્ય દર્શનો કે સંપ્રદાયો પ્રત્યે કોઇપણ જાતનો પક્ષપાત ન હતો. તેમની તટસ્થ અને તત્વગ્રાહી તેમજ નિરભ્ર સમ્યક્-દૃષ્ટિ હોવાથી ગમે તે દર્શન કે સંપ્રદાયમાં જે સારભૂત તત્વ હોય તેને પોતાના જીવનમાં સ્થાન આપતા તેમજ સર્વ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતા એટલે અન્ય દાર્શનિકો કે સમાજોમાં પણ તેઓશ્રી તેટલા જ સુવિખ્યાત હતા છતાં પણ તેઓના આંતર જીવનમાં પૂર્વ ભવાંતરમાં સતત ઉપાસના અને આરાધનાના યોગે જન્મ સિદ્ધ ઉન્નત અને ઉત્કૃષ્ટ આદર્શ સાધુતા તેમના જીવનમાં સાંગોપાંગ પ્રતિષ્ઠાને પામી હતી. તે ઉર્ધ્વકોટીની સાધુતાના દર્શન તો તેમના નિકટના સાથીઓ કે તેમના સતત્ પરિચયમાં આવનારાઓ કોઇ મહાનુભાવોને થયા હશે પણ તે સંખ્યા બહુ જ અલ્પ હશે કારણ કે સમદર્શી અને વિશદ તાત્ત્વીક દૃષ્ટિ બહુ જ ઓછા મહાનુભાવોને લભ્ય હોય છે.

પૂજ્ય બાપુજી તેમના જીવનકાળ દરમ્યાન વિશેષ ભાગ તો શ્રીમાન્ શેઠ વિશનજી ત્રીકમજીએ પોતાના પુત્રો અને પુત્રીઓને ધાર્મિક ઉચ્ચ શિક્ષણ આપવા માટે પૂજ્ય બાપુજીને નિયત કર્યા હતા એટલે પૂજ્ય બાપુજીનું બાવું-પીવું-સવું-બેસવું કે નિવાસ સ્થાન ચોવીસે કલાક શેઠજીના સાથે જ રહેવાનું થતું. શેઠ વિશનજી ત્રીકમજી તે વખતના એક કોટ્યાધિપતિ ગર્ભ શ્રીમંત હતા. (જે હમણાં દશ કરોડ અને તે વખતના એક કરોડ સરખા ગણાય) નામ-દાર બ્રીટીશ ગવર્નમેન્ટે તેઓશ્રીને સર નાર્યટ રાવ બહાદુર અને જે. પી. ના માન્યવંતા બીતાબો બેનાયત કર્યા હતા

એટલે શેઠશ્રી સર નાઇટ વિશનજી ત્રીકમજી જે. પી. ના નામથી હિંદુસ્તાન તેમજ બહારના દેશોમાં પણ ખૂબ જ વિખ્યાત હતા એટલે તેઓશ્રીના વૈભવનું તો પુછવું જ શું હોય ? અને તેવા સુખસગવડ કે વૈભવમાં પૂજ્ય બાપુજીનું સતત્ નિવાસ છતાં પણ એ ઐહિક વૈભવ તેમના સાધુ જીવનને લેશ માત્ર પણ સ્પર્શ કરી શકયું ન હતું.

પૂજ્ય બાપુજીનું અંગ્રેજી અને સંસ્કૃત જ્ઞાન ઘણું જ વિપુલ હતું તેમજ તેમની વકતૃત્વ શક્તિ પણ અજોડ હતી. તેઓશ્રીએ કોઇ વખત શ્રીમાન શેઠજીની સંગાતે કે કોઈ વખત સ્વતંત્ર રીતે યુરોપ અને અમેરીકાની ત્રણથી ચાર મુસાફરીઓ કરી હતી. એકાદ બે મુસાફરી તો બહુ લાંબા કાલની હતી અને વરસોના વરસો તેઓશ્રીએ ત્યાં ગાળ્યા હતા એ રીતે લાંબા કાલનો ત્યાં નિવાસ છતાં પણ ત્યાંના અનાર્ય સંસ્કારો એક રતી ભાર પણ તેમના જીવનમાં પ્રવેશી શકયા ન હતા બલ્કે તેમની અમોઘ વકતૃત્વ શક્તિ અને વિશુદ્ધ ચારિત્રના પ્રભાવથી ત્યાંના સેંકડો કે હજારો મનુષ્યો આર્ય સંસ્કૃતિ પ્રત્યે આકર્ષાયા હતા તેમજ સેંકડો મનુષ્યોએ આમિષાહારનો ત્યાગ કરી નિરામિષાહારી બન્યા હતા એ રીતે પૂજ્ય બાપુજીનું વિદ્વદ્ પુર્ણ અને સર્વોત્કૃષ્ટ સમૃદ્ધ જીવન છતાં પણ તેઓશ્રી છેક જ નિરાભિમાનિ તેમજ બાલક સુલભ સરળ હતા.

મને તો હજી પણ જ્યારે જ્યારે પૂજ્ય બાપુજીનું સ્મરણ થાય છે અને તેઓશ્રીના નિર્મળ સ્ફટિકસમ આર્શ જીવન પ્રત્યે મારૂં લક્ષ ખેંચાય છે ત્યારે કલીકાલ સર્વજ્ઞ

પરમ પૂજ્ય પુરૂષ શ્રીમદ્ રાજચંદ્રકૃત પદ્ય (જે પદ્ય આપણા જૈન સમાજમાં સુપ્રસિદ્ધ છે.) જેની અપૂર્વ અવસર એવો કયારે આવશે એ મથાળાથી શરૂઆત છે જેમાં જીજ્ઞાસુ પણાથી લઇને અંતીમ ધ્યેય પર્યંતનું ગુણ સ્થાનક ક્રમ ઉક્ત મહાપુરૂષે એવી તો વિશદ ભાષા અને શૈલીમાં આલેખન કર્યું છે કે કોઇપણ ઉચ્ચ કોટીના સાધકને જીવનના સર્વોત્કૃષ્ટ સાધ્ય પ્રત્યે આરોહણ કરવા જીવન પથના એક માર્ગ દર્શક ભોમીઆ તરીકે સહાયક બની રહે તે પદ્યની અમુક કંડીકાઓ મને યાદ આવી જાય છે જેવી કે—

બહુ ઉપસર્ગ કર્તા પ્રત્યે પણ ક્રોધ નહી,
વંદે ચક્રી તથાપિ ન મળે માનજો.
જીવ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહી છો પ્રબલ સિદ્ધિ નિધાનજો. અપુર્વ૦

વલી આગળ જતાં કહે છે કે—

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમ દર્શીતા,
માન અમાને વર્તે તેજ સ્વભાવજો.
જીવિત કે મરણે નહી ન્યુનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવજો. અપુર્વ૦

ઉક્ત કંડીકાઓનો અર્થ ગાંભિર્ય વિચારતા કોઇ જીવન મુક્ત દશા સુચક ઉત્કૃષ્ટ ભાવ વ્યક્ત કરે છે અને તે દશા પૂજ્ય બાપુજીના જીવનમાં સાંગોપાંગ અવતરણ થઇ હતી એમ મારો નમ્ર અભિપ્રાય છે.

મારા કોઇ પૂર્વના ભાગ્યોદયથી આજથી લગભગ વીશ વરસના અરસામાં ફક્ત બે વર્ષને આંતરે બે વખત પૂજ્ય

બાપુજી કચ્છ પધાર્યા હતા. પહેલી વખતે સાત મહીના અને બીજી વખતે ત્રણ મહીના ભુજપુર, બીદડા અને કોડાય એ ત્રણ સ્થળે તેઓશ્રીની સ્થિરતા હોવા છતાં તદ્દન અલ્પ સમય બાદ કરતાં તમામ સમય ભુજપુર અને તે પણ મારા ઘરે જ નિવાસ કરવાની તેઓશ્રીએ કૃપા કરી હતી એટલે તેટલો સમય તેમના સત્સંગનો તેમજ મારી સામાન્ય યોગ્યતાનુસાર તેમની સેવા કરવાનો અલભ્ય લાભ મેળવવા હું ભાગ્યશાળી બન્યો હતો. જો કે તે પહેલા પણ વરસોના વરસ હું તેમના સત્સંગમાં અને પરિચયમાં અવાર-નવાર (મોટે ભાગે મુંબઇ ખાતે) આવતો જ હતો પણ ઉપરોક્ત દશ મહીના તો હું ચોવીશે કલાક તેમના સત્સંગ અને સેવામાં જ રહેતો. એ દશ મહીનાના સમય દરમ્યાન કોઈપણ વેળાએ કોઇપણ અનુકુલ કે પ્રતિકુલ સંયોગોમાં તેઓશ્રીના પ્રશાંત અને પ્રસન્નતાદર્શક મુખારવિન્દ પર લેશ માત્ર પણ વિષાદની રેખા મેં જોઇ ન હતી. કોઇપણ પ્રાણીનું અંતર દુભાય તેવો કર્કશ શબ્દ તેમની જીભ પર આવ્યો નહતો. અહંતા કે અભિમાનની તો ગંધ સુદ્ધાં તેમના જીવનમા હતી જ નહીં. માયા અને લોભ એ તત્વોએ તો તેમના ઊદાત્ જીવનને રંચમાત્ર સ્પર્શ જ કર્યો નહતો. ઉક્ત સમય તો મારા માટે મારા જીવન દરમ્યાન પૂજ્ય બાપુજી જેવા એક સંત શિરોમણી પુરૂષના સતત્ સમાગમ અને સત્સંગ તેમજ સેવાકાર્યની એક મોંઘેરી લ્હાણ હતી. જે મારા હૃદયપટ પર જીંદગીપર્યંત અંકિત થઇ રહેશે.

એ પરમ પુરૂષના જીવનમાં દયા, ક્ષમા, સરળતા,

સંતોષ, સમતા, અદ્વેષ, સમભાવપ્રેમ, કરૂણા સ્હાનુભૂતી વિગેરે અનેક સદ્‌ગુણરાશીનો જે સંભાર પ્રતિષ્ઠાને પામ્યો હતો. તેનો યથાયોગ્ય આલેખન મારા જેવો એક સામાન્ય અભ્યાસી તો ક્યાંથી કરી શકે.

આપશ્રી તેમના જમણા હાથ તરીકે નાનપણથી જ રહેતા આવ્યા છો તેમજ બહુ જ લાંબો સમય તેમના સાનિધ્યમાં રહી તેમની પવિત્ર સેવાનો અમુલ્ય લાભ આપ શ્રીએ લીધો છે. તેમ જ તેમના લોકોતર મહદ્ જીવનના આપશ્રી ખાસ અભ્યાસી છો એટલે આપશ્રીના વરદહાથે એમના સમૃદ્ધ જીવનનું આલેખન થશે તે મનુષ્ય માત્રને સહુ સહુને પોતાની યોગ્યતા અનુસાર શુભ પ્રેરણાદાયી બનો તેમજ જીવનના અંતીમ ધ્યેય પ્રત્યે માર્ગદર્શક થાઓ એમ શુભેચ્છાપૂર્વક વિરમું છું.

પૂજ્ય બાપુજીનો આપણને ચર્મચક્ષુથી તો આત્યંતિક વિયોગ થયો છે છતાં આંતરચક્ષુથી જ્યારે પણ એ મહાન વિભૂતીનો સ્મરણ કરીએ છીએ ત્યારે તે મંગલમય મૂર્તિ આપણી સામે સાક્ષાત્ વાત્સલ્ય ભાવપૂર્વક (પરોક્ષ છતાં પ્રત્યક્ષની જેમ) આપણને દર્શન આપવાની કૃપા કરે છે. એટલે આપણે એ અનન્ય ઉપકારક વિભૂતીનો સ્મરણ કરવા તેમજ આંતરચક્ષુથી એ પરમ વિભૂતીના દર્શન કરવા સદા ઉજમાળ રહીએ. અસ્તુ.

લી૦ આપનો કૃપાકાંક્ષી,
વેલજીના સવિનય વન્દન સ્વીકારશો.

(આ પત્ર લખનારનું નામ છે વેલજી મેગજી. તેઓ સત્સંગના ચાહક છે અને પંડિત લાલનસાહેબના ભક્ત છે. ઘણાભાગે હાલમાં તેઓ કચ્છ-ભુજપુરમાં જ રહે છે.)

❁

૭

ગંગાદાસવાડી, બાબુલનાથ રોડ
મુંબઇ ૭. તા. ૨૨–૪–૫૯

મુરબ્બી સ્નેહી શિવજીભાઇ,

તમારો કાગળ કેટલાક દિવસ પહેલાં મળેલો. તેનો જવાબ લખવામાં આટલી આળસ કરવા માટે તમારી હું ક્ષમા યાચું છું. કાગળ આવ્યા બાદ સૌ. સરલાબહેનનો ટેલીફોન હતો અને આજથી ૧૧ વર્ષ પહેલાં અમારા સંઘ તરફથી તેમનો સન્માન–સમારંભ ગોઠવવામાં આવ્યો હતો તેને લગતો તેમ જ તે પહેલાં તેમના વિષે એક નોંધ મેં લખેલી તેને લગતો–એમ પ્રબુદ્ધ જૈનના બે અંકો કાઢીને મેં તેમને પહોંચાડયા છે. આથી વિશેષ પંડિત લાલન વિષે હાલ તુરત લખવાનું મારા ચિત્તમાં સ્ફુરતું નથી.

જવાબ લખવા માટે તમે સ્ટેંપ મોકલ્યો તે મોકલવાની બીલકુલ જરૂર નહોતી. આવો પત્ર વ્યવહાર તો સ્વજન સંબંધીઓ વચ્ચે સામાન્યપણે ચાલ્યા જ કરતો હોય છે.

તમે ઠંડી હવાના કારણે હાલ ઉનાળામાં ઘોઘા રહેવાનું રાખ્યું છે એ સરલાબહેનથી જાણ્યું. તમારી તબિયત સારી રહેતી હશે. મારી તબિયત હાલ તદ્દન સારી રહે છે.

લી૦ તમારો,
પરમાનંદ

આ પત્ર લખનારનું નામ છે શ્રી પરમાનંદ કાપડીયા. તેમણે ૧૧ વર્ષ પહેલાંનો પ્રબુદ્ધ જીવનનો અંક શોધી મોકલ્યો છે. તેના બન્ને લેખ વાંચવા જેવા હોવાથી અમે તે નીચે પ્રગટ કરીએ છીએ.)

❋

કેટલાક સમાચાર અને નોંધ.

૮

પંડિત લાલનને અભિનંદન અને થેલી સમર્પણ

પંડિત લાલન આજે ૯૧ વર્ષની ઉમ્મરે પહોંચ્યા છે તે નિમિત્તે તેમનું અભિનંદન કરવા માટે અને તેમની આજ સુધીની અનેકવિધ સેવાઓની કદરરૂપે તેમને રૂા. ૧૩૬૦૦ ની થેલી સમર્પણ કરવા માટે કચ્છી જૈનસમાજ તરફથી શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆના પ્રમુખપણા નીચે તા. ૩-૪-૪૮ રવિવારના રોજ એક સન્માન સમારંભ ગોઠવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પંડિત લાલન પ્રત્યે આદર ધરાવતા કેટલાક ભાઇઓ તથા બહેનો તરફથી ભાવભર્યાં પ્રવચનો થયા હતાં. પંડિત લાલનની ઉમ્મર, આજ સુધીનું તેમનું ઉચ્ચ કોટીનું જીવન અને તેમનો ઉજ્જવળ ભૂતકાળ, તેમની ધર્મપરાયણતા અને શ્રેયસ-સાધના, નિડરતા તેમજ સત્યપરાયણતા-આ સર્વ જોતાં વિશાળ જૈન સમાજના એક નાના સરખા વર્ગ તરફથી પંડિત લાલનનું બહુમાન થાય એટલાથી સંતોષ માનવો જોઇએ નહિ. આવા પુરૂષનું સમગ્ર જૈન સમાજ તરફથી વ્યાપક આકારમાં સન્માન થવું ઘટે છે. તો જ જે વિશાળ જૈન સમાજની તેમણે આજ

સુધી અનેકવિધ સેવાઓ કરી છે તે વિષે જૈન સમાજે કૃતજ્ઞતા દાખવી લેખાય અને તેમની પ્રત્યેનું ઋણ જૈન સમાજે કંઇક અંશે અદા કર્યું લેખાય.

જૈન સમાજમાં નવા અને જુના વિચારની અથડામણ શરૂ થઇ અને ચાલુ પરંપરાથી જુદા પડીને સ્વતંત્ર રીતે પોતાના વિચારો રજુ કરવાની પ્રથા શરૂ થઇ તેનો આજ સુધીનો ઇતિહાસ ક્રમવાર આપણે યાદ કરીએ છીએ તો તેમાં સૌથી પહેલું નામ આપણને પંડિત લાલનનું માલુમ પડે છે, સ્થિતિચુસ્ત વર્ગ તરફથી ધર્મવિરોધી, નાસ્તિક, મિથ્યાત્વપ્રરૂપક-આવાં વિશેષણોની સૌથી પહેલી બીરદાવલિ મેળવનાર પંડિત લાલન હતા, તેમનું વકતૃત્વ એ વખતની એક અજબ મોહિની હતી. તેઓ દશ દશ હજાર માણસોની સભાને પોતાની વિલક્ષણ વકતૃત્વશૈલીથી મુગ્ધ કરી શકતા હતા. તેઓ જૈન ધર્મના તત્વજ્ઞાન સાથે પાશ્ચાત્ય તત્વજ્ઞાનના પણ સારા અભ્યાસી લેખાતા હતા. તેઓ ઇંગ્લાંડ તેમજ અમેરિકા ઠીક ઠીક સમય રહ્યા હતા અને ત્યાં તેમણે જૈન ધર્મ વિષે સારા પ્રમાણમાં માહીતી ફેલાવી હતી અને સારા સારા વિદ્વાનોને જૈન ધર્મ તરફ તેઓ આકર્ષી શકયા હતા. તેમણે અનેક પરંપરાગત ધર્મ-વિચારોને નવા આકારમાં રજુ કર્યા હતા અને તેમની પ્રરૂપણશૈલી નિડર તેમજ મૌલિક હતી. યુવાન વર્ગ પંડિત લાલન પાછળ ગાંડો થઇને ભટકતો હતો. અને સ્થિતિ-ચુસ્ત વર્ગ તેમનાથી ભારે ભડકતો હતો. આજથી લગ-ભગ ૩૫ વર્ષ પહેલાં તેમનો શ્રી શિવજી દેવશી સાથે

સંઘ-બહિષ્કાર જાહેર કરવામાં આવ્યો હતો. તેમણે રજુ કરેલા વિચારોમાં આજે તો એવું કશું જ દેખાતું નથી કે જેથી કોઈ પણ સમાજને તેમની સામે જરા પણ વાંધો ઉઠાવવાનું કારણ હોય. પણ તે વખતનો જૈન સમાજ અત્યન્ત અજ્ઞાગૃત અને રૂઢિગ્રસ્ત હતો. પશ્ચિમની કેળવણીનો હજુ જૈનસમાજને બહુ ઓછો સ્પર્શ થયો હતો. ધાર્મિક લેખાતા પ્રશ્નોને બુદ્ધિવાદની કસોટિએ ચઢાવવાની હજુ શરૂઆત હતી. જૈનસમાજની મનોદશા ધાર્મિક બાબતોમાં બહુ જ આળી હતી. જૈન સુધારકોમાં પંડિત લાલનનું સ્થાન આદ્યિમ તેમ જ અગ્રગણ્ય ગણાય, તેમનું આખું જીવન જૈન ધર્મના એક પ્રચારક તરીકે જ વ્યતીત થયું છે. આજ સુધી પણ તેમણે જ્ઞાનની અખંડ ઉપાસના જ કર્યા કરી છે, અને વિશદ જીવન વડે એ ઉપાસનાને તેમણે શોભાવી છે, એજે ૯૧ વર્ષની ઉમ્મરે તેમના વિષે તેઓ નવા વિચારના છે કે જુના વિચારના છે એવો પક્ષ-લેદ આપણા સમાજમાં કોઇના દિલમાં રહ્યો નથી. જ્યાં જ્યાં તેમને સત્ય દેખાયું, ધર્મસાધના દેખાઇ, અધ્યાત્મઉપાસના તેમના જોવામાં આવી ત્યાં ત્યાં તેઓ ગયા છે અને સારને ગ્રહણ કરવો અને અસાર લાગે તેની ઉપેક્ષા કરવી-આવી જ તેમની સમભાવ તેમજ સદ્ભાવભરી જીવનવૃત્તિ બની રહી છે. આજે તેમના ઉપર ઉમ્મરની સારા પ્રમાણમાં અસર છે, આંખે લગભગ દેખાતું નથી; કાને બહુ ઓછું સંભળાય છે. એમ છતાં તેઓ જ્યારે બોલે છે ત્યારે આજથી ૪૦-૫૦ વર્ષ પહેલાના સુપ્રસિદ્ધ

વક્તા પં. લાલનને જ આપણે સાંભળીએ છીએ એવો ભાસ થાય છે. આ ઉમ્મરનો આવો જીવતો જાગતો પવિત્ર પુરૂષ આપની વચ્ચે હોય-એ આપણા સમાજનું સદ્‌ભાગ્ય લેખાય. તેમને આપણે સર્વના બહુમાન અને વન્દન ઘટે છે.



પંડિત લાલન સન્માન-સમારંભ

૯

પંડિત લાલનનો આછો પરિચય

તા. ૧૬-૬-૪૮ શનિવારના રોજ વિઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલ આનંદભુવનમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે મુંબઇનાં જૈનસમાજ તરફથી સુપ્રસિદ્ધવક્તા પંડિત ફતેચંદ કપુરચંદ લાલનનું જાહેર સન્માન કરવા નિમિત્તે એક સભા યોજવામાં આવી હતી. આ સભામાં ભિન્ન ભિન્ન વિચાર પક્ષનાં જૈન આગેવાનોએ પંડિત લાલન પ્રત્યે પોતાનો આદરભાવ વ્યક્ત કરવા માટે સારી સંખ્યામાં હાજરી આપી હતી. પ્રાર્થના--ગીત સાથે સભાના કામ-કાજનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે શ્રી નાથજીને સભાનું પ્રમુખસ્થાન લેવાની વિનંતિ કરતાં પંડિત લાલને જૈન સમાજની કરેલી કેટલીક સેવાઓનો તેમજ પંડિતજીના જીવનની કેટલીએક વિશેષતાઓનો ખ્યાલ આપ્યો હતો અને આવા પુરૂષનું સન્માન કરવા માટે

ચેાજાયેલી સભાનું પ્રમુખસ્થાન શેાભાવવા માટે પૂજ્ય નાથજી જેવા પુણ્ય-પુરૂષ આપણને પ્રાપ્ત થાય એ આપણું મેાટું સદ્‌ભાગ્ય ગણાય એમ જણાવીને આજની સભાનું કામ-કાજ શરૂ કરવા તેમણે નાથજીને વિનંતિ કરી હતી. આવા સંમેલનમાં આ રીતે ભાગ લેવાની તક આપવા બદલ સભાજનેાનેા ઉપકાર માનીને પ્રમુખસાહેબે શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆને પંડિત લાલન સંબંધમાં પેાતાનું વક્તવ્ય રજુ કરવા આજ્ઞા કરી હતી. શ્રી પરમાનંદ કુંવરજી કાપડીયાએ શરૂઆતમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના નિમંત્રણને માન આપીને ભૂતકાળના સર્વ મતભેદેા ભૂલી જઇને આ સભામાં હાજર રહેવા બદલ તેમજ પંડિત લાલન જેવી જૈન સમાજની એક વિશિષ્ટ વયેાવૃદ્ધ વ્યક્તિના સન્માન કાર્યમાં સહકાર આપવા બદલ અહીં હાજર રહેવા જૈન સમાજના જાણીતા આગેવાનેાનેા ઉપકાર માન્યેા હતેા. ત્યારબાદ પંડિત લાલનનેા પરિચય આપતાં તેમણે જણાવ્યું કે " આજે તેમને ૯૧ વર્ષ થયાં એ હિસાબે તેમનેા જન્મ ઇ. સ. ૧૮૫૭ માં ગણાય. અઢારેક વર્ષની ઉમ્મરે તેઓ મેટ્રીક સુધી પહેાંચ્યા. ત્યારબાદ અંગત સંજોગેાને લીધે તેમને અભ્યાસ છેાડવેા પડ્યો અને રૂા. ૧૦ ના પગારે તેમણે શિક્ષકનેા વ્યવસાય શરૂ કર્યો. એક શિક્ષક તરીકેની વિશિષ્ટ યેાગ્યતા નક્કી કરતી તેમણે અમુક પરીક્ષા આપી, જેના પરિણામે તેમનેા રૂા. ૧૦ નેા પગાર વધીને રૂા. ૧૨૫ થયેા. એ દરમિયાન સ્માઈલ્સનાં ' સેલ્ફ-હેલ્થ ' નામના અંગ્રેજી ગ્રંથ ઉપરથી લેાકમાન્ય તિલકે લખેલ ' સ્વાશ્રય '

નામની એક ચોપડી પંડિત લાલનનાં વાંચવામાં આવી જેનાં પરિણામે પોતાનાં જીવનમાં પુરૂષાર્થ કરીને તેમણે આગળ વધવાનો નિશ્ચય કર્યો. તેમની નોકરીમાંથી મળતી અડધી શનિવારની અને આખા રવિવારની એમ દોઢ દિવસની છુટીનાં પોતાના અભ્યાસ પાછળ પુરી નિષ્ઠા અને ખંતપૂર્વક અને કશા અપવાદ સિવાય તેમણે ઉપયોગ કરવો શરૂ કર્યો, અને પોતાના **અંગ્રેજીભાષાના** જ્ઞાનમાં તેમણે ખુબ વધારો કર્યો, **સંસ્કૃતભાષાનું** સાહિત્ય પણ સારા પ્રમાણમાં વાંચ્યું, **બંગાળી, હિંદી** તેમજ **મરાઠી** પણ તેઓ શિખ્યા. પરિણામે તેમને સારાં સારાં 'ટયુશનો' મળવા લાગ્યા અને તેમાંથી તેમને માસિક રૂા. ૩૦૦ ની આવક થવા લાગી. મૂળથી જ તેમનું વળણ મોટાભાગે ધાર્મિક તેમજ તાત્વિક વિષયોના અધ્યયન પાછળ હતું. જૈન ધર્મનાં ગ્રંથ સાહિત્યનો તેમનો અભ્યાસ પણ વધતો જતો હતો. ૧૯૯૫ ની સાલમાં મળનાર અમેરિકાની સર્વ ધર્મ પરિષદમાં જૈન સમાજનાં પ્રતિનીધિ તરીકે મુનિશ્રી આત્મારામજી મહારાજની નીમણુંક કરવામાં આવેલી. જૈન મુનિ માટે આવો પરદેશપ્રવાસ શક્ય નહિ હોવાથી તેમણે પોતાનાં પ્રતિનિધિ તરીકે સદ્‌ગત શ્રી વીરચંદ રાઘવજી ગાંધીને મોકલવાનું નક્કી કર્યું. પંડિત લાલનને શ્રી વીરચંદ રાઘવજી ગાંધી સાથે બહુ ગાઢ સંબંધ હતો. શ્રી વીરચંદ ગાંધીને જૈનસમાજ તરફથી બહુમાનપૂર્વક વિદાય આપવામાં આવેલી. શ્રી વીરચંદ ગાંધી અમેરિકા જાય અને પંડિત લાલન અહીં એકલા કેમ રહી શકે ? તેમનું દીલ અમેરિકા જવા

માટે અને વીરચંદભાઇનાં કાર્યમાં પુરવણી કરવા માટે અત્યંત આતુરતા અનુભવવા લાગ્યું, પણ ત્યાં જવા માટે તો બે-પાંચ હજાર રૂપિયા જોઇએ ! તેમનાં અડગ સંકલ્પનાં પરીણામે જોઇતી રકમ પંડિત લાલનને મળી ગઇ, પ્રવાસની બધી વ્યવસ્થા થઇ ગઇ અને શ્રી વીરચંદ ગાંધી પાછળ બીજે જ અઠવાડીએ પંડિત લાલન અમેરિકા જવા ઉપડ્યા. બન્ને મીત્રો ઇંગ્લાંડમાં ભેગા થયા અને સાથે અમેરિકા પહોંચ્યા. ત્યાં તેઓ ૪૫ વર્ષ જૈનધર્મ વિષે, જૈનધર્મનાં સિદ્ધાંતો અને આચાર-વિચાર વિષે પંડિતજીએ કેટલાયે લેખો લખ્યા, સંખ્યાબંધ ભાષણો કર્યા અને જૈનધર્મથી કેવળ અજાણ અમેરિકન પ્રજામાં જૈનધર્મ વિષે ખુબ માહિતી ફેલાવી.

" ૧૯૦૧ ના જાન્યુઆરી માસમાં તેઓ હિંદ ખાતે પાછા ફર્યા. અહિં આવીને તેમણે લખાણો લખવા માંડયાં, ભાષણો કરવા માંડયા, નવી દુનિયા પંડિતજી જોઇ આવેલા, વિચારસ્વાતંત્ર્યની નવી ભાવનાથી પંડિતજી રંગાયેલા. આની છાપ તેમના લેખો અને ભાષણો ઉપર પડયા વિના કેમ રહે ? એ વખતનો આપણો જૈન સમાજ વિચારના પ્રદેશમાં કેવળ સુષુપ્ત દશા અનુભવતો હતો, નવા વિચાર અને નવી કેળવણીનો બહુ જ અલ્પ ભાગને કાંઇક નહિ જેવો સ્પર્શ થયો હતો. પરંપરા વિરૂદ્ધ, ચાલુ રૂઢ માન્યતા વિરૂદ્ધ, કાંઇ પણ બોલાય કે લખાય-એ એ વખતનો જૈન સમાજ સહન કરી શકે તેમ નહોતું. મૂળ સિદ્ધાન્તોનું મૂળ માન્યતાઓનું ઉદાર ભાષ્ય liberal interpretaion કરવામાં આવે તો તે પણ એ વખતની સ્થિતિચુસ્ત મનો-

દશાને માટે અસહ્ય હતું. આ કારણે પંડિતજીના વિચારોએ જૈન સમાજમાં ક્ષોભ ઉભો કરવા માંડયો. એ વખતે એક માણેકજી નામના પારસી ગૃહસ્થે પંડિત લાલનના પરિચયના પરિણામે જૈન ધર્મ અંગીકાર કર્યો. પારસી જૈન થઇ શકે જ કેમ? તેને જૈન તરીકે સ્વીકારી જ કેમ શકાય? માણેકજી શત્રુંજય આવ્યા, આદીશ્વર ભગવાનની તેમણે પૂજા કરી. આ બધું સાંભળીને તેમના વિષે અને તેમને પંડિત લાલનનો ટેકો છે એમ સમજીને પંડિત લાલન ઉપર જૈન સમાજ ખુબ બળભળવા લાગ્યો. જૈનોમાં પાંચ પ્રતિક્રમણની પરંપરાગત માન્યતા છે. આ પાંચ પ્રતિક્રમણ તે દિવસનું રાત્રીનું, પાક્ષિક, ચૌમાસિક અને સાંવત્સરિક. આ અનુક્રમને લંબાવીને પંડિત લાલને એમ પ્રતિપાદન કર્યું કે આ ઉપરાંત એક આ ભવનું અને બીજું ભવોભવનું એમ બે પ્રકારના પ્રતિક્રમણો ઉમેરાવા જોઈએ. જૈન સમાજના આગેવાનો અને સાધુઓને લાગ્યું કે આ તો કેવળ મિથ્યાત્વ, નાસ્તિકતા છે. મંદિરોમાં નર્કનાં ચિત્રો જ્યાં ત્યાં આલેખવામાં આવતા હતા. પંડિત લાલને સૂચવ્યું કે આ મુજબ સ્વર્ગના ચિત્રો પણ આલેખવા જોઇએ કે જેથી સત્કર્મોનાં શુભ ફળોનો પણ લોકોને ખ્યાલ આવે અને પરિણામે શુભ કર્મ કરવાને લોકો પ્રેરાય, આ તે વળી કેવી વાત? આજ સુધી કોઇને ન સુઝયું અને પંડિત લાલન એવા તે કોણ કે આવી વાતો કરે? એવામાં પંડિતજીએ જાણીતા દિગંબર આચાર્ય શ્રી યોગીન્દ્રદેવના રચેલા મૂળ સંસ્કૃત 'સ્વાનુભવ દર્પણ' નામના ગ્રંથનો અનુવાદ

તથા વિવેચન લખ્યાં. આ આચાર્યે તત્કાલીન સમાજમાં કંઇ કાળથી રૂઢ થયેલી જડ મૂર્તિપૂજાનું પોતાના ગ્રંથમાં ખંડન કર્યું હતું અને વાસ્તવિક પ્રભુપૂજા કેવી હોય એ બાબત આગળ ધરી હતી. આ સંબંધમાં પોતે યોગીન્દ્રદેવઆચાર્યથી કેવી રીતે જુદા પડે છે અને પ્રચલિત મૂર્તિપૂજાદ્વારા પોતે પ્રભુપૂજાને કેવી રીતે ઘટાવે છે એ વિષે પંડિતજીએ એક સ્વતંત્ર નોંધ એ પુસ્તકમાં પ્રગટ કરી હતી. પણ આ કોણ જુએ, વાંચે કે વિચારે ? એ સ્વાનુભવદર્પણ પ્રગટ થયું અને પંડિત લાલન મૂર્તિપૂજાના કટ્ટર વિરોધી છે એવો કોલાહલ આખા જૈન સમાજમાં વ્યાપી વળ્યો. એવામાં વળી શત્રુંજય ઉપર પંડિત લાલને પોતાની પૂજા કરાવી એવી કેવળ પાયા વિનાની વાત ચાલી અને આવા માણસને સંઘબહાર કરવો જોઇએ એવી હીલચાલ શરૂ થઇ. આજથી લગભગ ૩૫ થી ૪૦ વર્ષ ઉપર ઑટાદ મુકામે શ્રી. વિજયનેમિસૂરિની આગેવાની નીચે પંડિત લાલનનો અને સાથે સાથે તેમના સાથી શિવજી દેવશીનો સંઘબહિષ્કાર કરવામાં આવ્યો. આમ એ વખતના સમાજનો પુષ્કળ વિરોધ ચાલુ રહેવા છતાં તેમણે પોતાનું કાર્ય ચાલુ રાખ્યું. તેમનું એક બાજુ વિદ્યાર્થીજીવન ચાલુ હતું જે ખરી રીતે આજ સુધી ચાલુ જ છે. બીજી બાજુએ તેમનું અધ્યાપન કાર્ય પણ ચાલુ જ હતું. તેમની પાસે અનેક જિજ્ઞાસુઓ આવતા અને પોતાના ચિત્તનું સમાધાન શોધતા. તેમના પુસ્તકો તો પ્રગટ થયે જ જતાં હતાં. ઉપરોક્ત યોગીન્દ્રદેવ આચાર્યના સમાધિશતક તેમજ પરમાત્મપ્રકાશ

પણ પોતાના વિવેચન સાથે તેમણે પ્રગટ કર્યા. આજ સુધીમાં તેમની મારફત ૨૪ ગુજરાતી ગ્રંથો અને ૨ અંગ્રેજી ગ્રંથો પ્રગટ થયા છે. તેમના સમાધિશતકનું તેમની જ દ્વારા જૈન ધર્મની દીક્ષા પામેલા શ્રી. હરબર્ટ વોરને ૧૯૧૪ માં અંગ્રેજી ભાષાન્તર કર્યું છે.

" આ ઉપરાંત તેઓ યોગના અભ્યાસમાં પણ આગળને આગળ પ્રગતિ કરી રહ્યા હતા. પતંજલ યોગદર્શન તો તેમને કંઠાગ્ર છે. પતંજલ યોગ અને જૈન યોગનો સમન્વય એ તેમના અભ્યાસ ચિન્તન અને મનનો વિશિષ્ટ વિષય છે. તેઓ યોગના કેવળ અભ્યાસી જ છે એમ નથી. પણ યોગ સાધનાની દિશાએ તેમણે ઘણી પ્રગતિ સાધી છે અને અનેક સાધકોને તેમણે યોગમાર્ગમાં પ્રવેશ કરાવ્યો છે.

" વકતૃત્વના પ્રદેશમાં તેમણે પ્રાપ્ત કરેલી કુશળતા એ તેમના જીવનની એક ખાસ નોંધવાલાયક સાધના છે, વકતૃત્વની દિશાએ તેમને સુરેંદ્રનાથ બેનરજીએ પ્રેરણા આપેલી. સુરેંદ્રનાથ બેનરજી જેવો પ્રખરવક્તા હજુ સુધી આપણા દેશમાં બીજો કોઇ પાકયો નથી. એક તો પંડિત લાલનમાં વકતૃત્વની કુદરતી બક્ષીસ તો હતી જ અને આ બક્ષીસને તેમણે પ્રયત્ન અને પુરૂષાર્થ પૂર્વક કેળવેલી. પરિણામે એમના જમાનામાં એ વખતના લોકોને પંડિતજીને બોલતા સાંભળવાનું ભારે કૌતુક રહેતુ હતું. તેમની પાછળ યુવાન પ્રજા ગાંડી હતી, તેમના વખતમાં આજની જેવા ધ્વનિવર્ધક કોઇ સાધનો નહોતા. દશ દશ હજાર માણસોની સભા સમક્ષ તેઓ સહેલાઇથી ભાષણ આપી શકતા

અને તેમને સૌ કોઈ બરોબર સાંભળી શકે તેવો તેમના અવાજમાં રણકાર હતો. એ યુગ પણ વક્તૃત્વનો જ હતો. કોઇ પણ વિદ્વાન માણસને, કાર્યકર્તાને સાંભળવો એ બાબતનો એ વખતના લોકોને ભારે મોહ હતો. પંડિત લાલનનું વક્તૃત્વ માત્ર વાણીનું જ નહોતું. તેને જ અનુરુપ તેમનામાં અદ્‌ભુત અભિનય કળા હતી. કોઇ પણ વાત યા વિચારને લાક્ષણિક રીતે જાણે કે કોઈ નવા જ આકારમાં મૂકવાની તેમનામાં કળા હતી. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સનું એવું ભાગ્યે જ કોઇ અધિવેશન હોય કે જેમાં તેમની હાજરી ન હોય. એમની હાજરી વિનાનું અધિવેશન સૌ કોઇને નિરસ જ લાગે. આ કોન્ફરન્સના અધિવેશનમાં તેમને આવવા દેવા કે નહિ, બોલવા દેવા કે નહિ–એ સમસ્યા દરઅધિવેશન વખતે ઉભી થાય. તેનો આખરે કંઈક નિકાલ આવે, પંડિત લાલન હાજર થાય અને તેમને સાંભળીને સૌ કોઇને કૃતકૃત્ય થયા જેવું લાગે.

" આ તેમનું વક્તૃત્વ આટલું બધું આકર્ષક તેમ જ અસરકારક હતું તેનું ખરું કારણ તો આખરે તેમનું ચારિત્ર્ય, જનસેવાની લાગણી અને વિશાળ જ્ઞાનાનુભવ હતા. ઉમ્મરે તેઓ વૃદ્ધ થવા લાગ્યા, તેમનું જાહેર જીવન કમી થવા લાગ્યું, તેમની શારીરિક તાકાત પણ ઘટવા લાગી. એમ છતાં પણ અધ્યયન અને અધ્યાપન એ તો તેમની આજની ૯૧ વર્ષની ઉમ્મરે પણ છુટ્યા નથી. પાછળના સમયમાં તો જે સાધુઓએ અને આચાર્યોએ તેમનો સખ્તમાં સખ્ત વિરોધ કરેલો તેમની સાથે પણ તેમનો સંબંધ પુરો સદ્‌

ભાવ ભરેલો બન્યો છે અને સૌ કોઇ તેમને આદરભાવથી જોતા થયા છે. આનું કારણ એ છે કે પંડિત લાલનના અમુક અમુક બાબતમાં વિચારો ગમે તે હોય, પણ તેમનામાં ઉંડી ધાર્મિકતાએ વાસ કર્યો છે અને જૈન ધર્મમાં તેમની શ્રદ્ધા અને નિષ્ઠા એટલી જ ઉંડી છે એવી તેમના એક વખતના વિરોધી લેખાતા જૈન આચાર્યો અને આગેવાનોને પ્રતીતિ થઇ છે. છેલ્લાં છેલ્લાં ૧૯૩૬ માં આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિના પ્રતિનિધિ તરીકે સર્વધર્મપરિષદમાં ભાગ લેવા તેઓ ઇંગ્લાંડ ગયેલા અને ત્યાં સાતેક માસ રહ્યા હતા. આવી જેની ઉજ્જવળ જીવન કારકીર્દી છે તેમનું આપણે આજે સન્માન કરવા એકત્ર થયા છીએ. તેમનું જીવન લગભગ પ્રારંભથી જ જૈનસમાજની એક યા અન્ય પ્રકારની સેવામાં જ ગયું છે. જૈનસમાજમાં નવા અને જુના વિચારની આજે જે છેલ્લા પચ્ચાસ વર્ષથી લડત ચાલે છે તે લડતના વિચારસ્વાતંત્ર્યની હીમાયતના પક્ષે તેઓ પ્રથમ સૈનિક છે, સેનાની છે અને એ રીતે આજની યુવાન પ્રજા અને ઉગતી પ્રજા તેમની ભારે ઋણી છે. તેમના સમગ્ર જીવન દરમિયાન તેમણે આ સેવા કરી કે તે સેવા કરી એવી તારવણી કરવી શકય જ નથી. દ્રવ્યોપાર્જન અને કુટુંબની ઉપાસના એ જ જેના જીવનનાં પ્રધાન લક્ષ્યો હોય અને તે સાથે જેણે બીજાં અનેક કાર્યો સાધ્યા હોય તેમના જીવનમાંથી આવી તારવણી કરવાની જરૂર લેખાય પણ જેનું જીવન કોઈ એક નદી માફક તેના સંસર્ગમાં આવતા સૌ કોઇનું શ્રેય સાધવામાં જ વ્યતીત થયું હોય તેવા

સાધુપુરૂષના જીવનનું મૂલ્ય મોલવવાનું શક્ય જ નથી. પંડિત લાલન આવા એક સાધુ સન્તપુરૂષ છે. આપણા તેમને અંતરનાં અનેક અભિવન્દન હો ! તેમની આપણા ઉપર હંમેશા શુભાશિષો ઉતરતી રહો ! ”

આ વિવેચનના સમર્થનમાં મુનિ જિનવિજયજીએ, શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ, શ્રી જીવરાજ ઓધવજી દોશીએ, શ્રી હુકમીચંદ જસાણી તથા શ્રી તારાબહેન માણેકલાલ પ્રેમચંદે પંડિત લાલન સાથેના પોતપોતાના અંગત અનુભવની અનેક બાબતો જણાવી હતી. ત્યારબાદ પૂજ્ય નાથજીએ પંડિત લાલનને પુષ્પહાર પહેરાવી તેમનું બહુમાન કર્યું હતું. આ વખતે પંડિતજી નાથજીના પગે પડ્યા હતા અને બે સમાનધર્મી આત્માઓ એકમેકને ભેટી પડ્યા હતા. આ સન્માનવિધિ પુરી થવા બાદ પંડિત લાલને નીચે મુજબ ઉત્તર આપ્યો હતો.

“ આપ સર્વે ભાઇઓએ મારા માટે આવો પ્રસંગ યોજ્યો તેને માટે આપ સર્વનો હું અન્તઃકરણપૂર્વક ઉપકાર માનું છું. ખાસ કરીને આ પ્રસંગે નાથજી જેવા રાજયોગી-શિરોમણીને તમે લઇ આવ્યા તેથી મને જે આનંદ થયો છે તે હું શબ્દોમાં વર્ણવી શકતો નથી. યોગની બાબતમાં તો તેમને હું મારા ગુરૂના ગુરૂ સમાન લેખું છું. કારણ કે રમણીકલાલ સારાભાઇ મોદી મારે મન આ દિશાએ ગુરૂસમાન છે, અને નાથજી રમણીકભાઇના ગુરૂ છે એ કદાચ આપમાંના કેટલાક ભાઇઓ જાણતા હશો.

" જૈન સિદ્ધાંત લાલનની દૃષ્ટિએ રાજયોગનો માર્ગ છે. દર્શનોમાં પતંજલિનો યોગ સીધી રીતે આવતો નથી, છતાં સર્વ દર્શનો માફક જૈન દર્શને પણ પતંજલિના રાજયોગને અનેક રીતે અપનાવ્યો છે, એટલું જ નહિ પણ તે રાજયોગના કર્તાને જૈન ધર્મના માર્ગાનુસારી પણ ગણેલ છે. જુઓ જ્ઞાનાર્ણવ, શ્રી હેમચંદ્રનું યોગશાસ્ત્ર તથા ભગવાન હરિભદ્રસૂરિનું યોગદૃષ્ટિ સમુચ્ચય તેમ જ રાજયોગ પર શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે કરેલી જૈન ધર્મને અનુસરતી ટીકા. તેમાં તેમણે એમ કહ્યું છે કે આખું ને આખું યોગશાસ્ત્ર લગભગ ૯૫ ટકા જૈન સિદ્ધાંતને સાનુકુળ છે. પતંજલિના ૨૬ સુત્રો ઉપર યશોવિજયજીએ ટીકા લખી છે. તેમાં જો કે ૨૦ સુત્રોમાં તેમણે શબ્દાંતરે ભેદ બતાવ્યો છે છતાં અર્થાંતરે ઉભયમાં રહેલી એકવાકયતાનું તેમણે પ્રરૂપણ કર્યું છે. ઇશ્વરનું સ્વરૂપ બીજા પાદના ૨૪ માં સુત્રમાં જે રીતે વર્ણવામાં આવ્યું છે તે જૈનોને સ્વીકૃત છે એમ યશોવિજયજીએ સાબીત કરી આપ્યું છે. યશોવિજયજી એક જ ભેદ રજુ કરે છે, અને તે ૨૭ માં સુત્રમાં છે. આ ભેદ એ છે કે જયારે સાંખ્ય અને યોગ આત્માને કૂટસ્થ માને છે ત્યારે જૈનદર્શન આત્માને પરિણામી પણ જણાવે છે. એટલે કે આત્મા સ્વભાવે નિત્ય છે. અને ગુણોનો પિંડ છે તેમજ છદ્મસ્થ અવસ્થામાંથી સિદ્ધપણું પણ તે પર્યાયે પામી શકે છે. અર્થાત્ તે કેવળી પર્યાયને પણ સિદ્ધ કરી શકે છે.

" આગળના સર્વે વિવેચનોમાં તમો બધાએ મારા

પ્રત્યે સદ્‌ભાવથી પ્રેરાઇને મારા ગુણોને જ આગળ ધર્યા છે. આ તમારા સદ્‌ભાવ માટે તમારો હું ઉપકાર માનું છું. પણ સાથે સાથે તમારે મારા દોષો પણ જણાવવા જોઇએ. મારામાં એવા દોષો હું ઘણા જોઉં છું અને અનેકવાર મારૂં પતન થયું છે એ પણ હું જાણું છું. અહિં આ પ્રસંગે એમ કહેવામાં હું જરા પણ અતિશયોક્તિ કરતો નથી કે આ દોષો અને પતનોમાંથી મને કોઇએ બચાવ્યો હોય તો તે જિન ધર્મે જ બચાવ્યો છે. મારે મન જિન ધર્મ એ નિજ ધર્મ અર્થાત્ આત્મધર્મ છે. આ ધર્મે મને વારંવાર ઉઠાડ્યો છે, જગાડ્યો છે, અને સ્થિર કર્યો છે. આ આત્મધર્મને-જિન ધર્મને-હું મારા હૃદયની વારંવાર વંદનાવલિ અર્પું છું.

" હું પણ આ મુંબઇ જૈન યુવક સંઘનો સભાસદ હોઉ એમ મને લાગે છે. કોઇ મને વૃદ્ધ કહે તો મને તે ગાળ દેતા હોય એવું મને લાગે છે. ૯૧ વર્ષનું મારૂં દૈહિક જીવન મને ૧૯ વર્ષ જેવું લાગે છે. અને હજુ પણ સ્વ-પરની સેવા બીજાં ૩૪ વર્ષ કરૂં એવી મારી સતત ભાવના છે.

" પ્રબુદ્ધ જૈન " આ સંઘનું મુખપત્ર છે. જ્યારથી એ પત્રનો જન્મ થયો છે ત્યારથી હું જોતો આવ્યો છું કે સુતેલો જૈન સમાજ ઉંઘતો પણ જાગતો થયો છે. હવે એ જાગૃત સમાજના મુખપત્રે જૈનસમાજને બેઠો કરવો જોઇએ, ઉભો કરવો જોઈએ, ચાલતો કરવો જોઇએ. અને ધર્મ

વ્યવહાર માર્ગે દોડતો, ઉડતો કરવો જોઇએ. સ્વર્ગને નીચે લાવવું જોઇએ અને મોક્ષને હૃદયમાં વસાવવું જોઇએ.

" મરણ વિનાનું કદિ જીવન સંભવે છે ખરૂં ? રોગ વિનાનું કદિ આરોગ્ય સંભવે છે ખરૂં ? વૃદ્ધત્વ વિનાની કદિ યુવાની સંભવે છે ખરી ? સંસારનું આ સામાન્ય સ્વરૂપ છે. ઇષ્ટનો આપણે સંયોગ ઇચ્છીએ અને વિયોગ થાય છે અને અનિષ્ટનો આપણે વિયોગ ઇચ્છીએ અને સંયોગ થાય છે. આ સર્વ વચ્ચે સમભાવપૂર્ણ બનીને જીવન ગાળવું એજ સાચો ધર્મ છે. આનું જ નામ જૈન ધર્મ. આ ધર્મ સ્વાવલંબી છે, આ ધર્મનો જનતામાં આપણે બને તેટલો ફેલાવો કરવો જોઇએ.

" શ્રી યશોવિજયજી મહારાજ તો કહે છે કે—

" નિશ્ચયદૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર,
પુણ્યવંત તે પામશે જી, ભવસમુદ્રનો પાર. "

આજ નિશ્ચયદૃષ્ટિથી હજુ પણ લોકો ભડકે છે, પણ આમ થવું ન જોઇએ. નિશ્ચયપૂર્વક વ્યવહાર એ જ સાચો વ્યવહાર છે.

" અક્ષરોમાં બે વિભાગ પડે છે. સ્વર અને વ્યંજન આધ્યાત્મિક પરિભાષામાં સ્વર એ આત્મા છે અને વ્યંજન એ શરીર છે તેનો સુમેળ મનુષ્યને શાશ્વતપણું દેખાડે છે. સ્વરને વ્યંજન સાથે જોડાયેલો આપણે કલ્પી શકીયે છીએ તેમ જ તેથી છુટો પણ આપણે કલ્પી શકીએ છીએ તેવો જ આત્મા અને શરીરનો સંબંધ સમજવો. અને

શાશ્વત સ્વરની માફક આપણો આત્મા અમર છે એ હકીકત આપણા અંતરમાં ઉતારવી. ”

જ્યારે આપણી કોઇ નિંદા કરે છે ત્યારે આપણે અકળાઇએ છીએ અને તેવી નિંદા કરનારા ઉપર આપણને રોષ આવે છે. પણ તાત્વિક રીતે વિચારતાં એ નિંદા કરનાર આપણા દોષોને મોટા દેખાડીને ખરી રીતે આપણને જાગૃત કરે છે અને એ રીતે તે આપણા ઉપર ઉપકાર કરે છે, માટે મારી નિંદા કરનારને હું એમ કહું કે જે કંઇ તમારે કહેવું હોય તે મારી સમક્ષ કહો અને હિંમત ન હોય તો મારી પાછળ કહો. એ બન્ને પ્રકારના લોકો અત્યાર સુધી મારા ઉપર અનુગ્રહ કરતાં જ આવ્યા છે.

‘ જ્યારે મેં સુપ્રસિદ્ધવક્તા શ્રી સુરેન્દ્રનાથ બેનરજીને કોંગ્રેસમાં ભાષણ કરતાં સાંભળ્યા ત્યારે મને વક્તા થવાની પ્રેરણા ઉત્પન્ન થઇ અને એ દિશાએ મારી શક્તિ કેળવવાનો મેં પ્રયત્ન કરવા માંડ્યો. દશ વર્ષ બાદ આજે જેને આઝાદ મેદાન તરીકે ઓળખવામાં આવે છે તે મેદાનમાં જૈન શ્વે. કોન્ફરન્સનું અધિવેશન મળેલું, અને ત્યાં મને વ્યાખ્યાન કરવાની તક આપવામાં આવી હતી. મને સાંભળીને આપણી જૈન કોમના જાણીતા આગેવાન સદ્‌ગત શેઠ કુંવરજી આણંદજીએ મને ખૂબ શાબાશી આપી હતી. ત્યાર પછી કેટલાક સમય બાદ પંડિત સુખલાલજીનો કાશીમાં પ્રથમ સમાગમ થયો ત્યારથી જૈનધર્મની નિશ્ચય અને વ્યવહાર ઉપર રચાયલી ઇમારતનો મેં યથાશક્તિ અભ્યાસ કરવા માંડ્યો. આ રીતે મને ઘણું જાણવા-સમ-

જવાનું મળ્યું. આમ છતાં પણ આજે લાલન જે કાંઇ જાણે છે તે સમુદ્રના એક બિંદુ જેવું છે એનું લાલનને સ્પષ્ટ ભાન છે અને એ જ્ઞાનના મીઠા મહાસાગરના કયારે સંપૂર્ણ દર્શન થાય એ ભાવનાથી નહિ જાણેલું જાણવાની આજે પણ લાલન એટલી જ ઉત્સુકતા અનુભવી રહેલ છે.

'અંતમાં આજે આ પ્રસંગે એક સુચના કરવાનું મને સુજે છે. આપણા સમાજમાં ઘણા શ્રીમાનો છે. માબાપ વિનાના બાળકો માટે બાળાશ્રમો થયાં છે અને થાય છે. પણ બાળકો વિનાના વૃદ્ધ માબાપો માટે વૃદ્ધાશ્રમો કાં નથી થતાં? પશુઓને માટે પાંજરાપોળો છે, પણ અશક્ત અને વૃદ્ધ માનવીઓ માટે આશ્રમો કાં નથી? યુરોપ તેમજ અમેરિકામાં મેં "ડોગ્ઝ હોમ" શ્વાનાશ્રમો જોયા છે તેમ જ "એજેડ હોમ" વૃદ્ધાશ્રમો પણ જોયાં છે. આમ એક વૃદ્ધાશ્રમમાં નેપોલીયનના યુદ્ધમાં જેણે ભાગ લીધો હતો તેવા એક ૧૩૦ વર્ષની ઉમ્મરના ડોસાને મેં જોયો હતો. આપણે ત્યાં આવી સંસ્થાઓ ઉભી થવાની ખાસ જરૂર છે.

'અંતમાં મારા પ્રત્યે આટલો બધો સદ્‌ભાવ અને લાગણી બતાવવા માટે આપ સર્વનો હું ફરી ફરીને અતઃકરણપૂર્વક ઉપકાર અને આભાર માનું છું."

ત્યાર બાદ શ્રી નાથજીએ સમગ્ર પ્રસંગનો ઉપસંહાર કરતાં જણાવ્યું કે "આજે આપણે સઘળા લોકો એકત્ર થઇને પંડિતજીનું ગૌરવ કરી રહ્યા છીએ તે કેવળ

એમની ઉંમરના અંગે નથી. આપણા સમાજમાં પંડિતજી કરતાં પણ વધારે ઉંમરવાળા પુરૂષ નહિ મળે એમ આપણે નહિ કહી શકીએ. પણ પંડિતજી જેટલા વયોવૃદ્ધ છે, તેટલા જ્ઞાનવૃદ્ધ પણ છે અને પોતાના જીવનનો ઘણો મોટો ભાગ તેમણે આધ્યાત્મિક વિચાર અને સાધનાની પાછળ ગાળ્યો છે. આજ તેમની વિશેષતા છે અને એ કારણે જ આપણે એમનું માન અને ગૌરવ કરીએ છીએ. એમની વક્તૃત્વશક્તિનો પરિચય મને આજે જ થયો, એ ઉપરથી પણ હું કલ્પના કરી શકું છું કે આજે એમની ૯૧ વર્ષની ઉંમરમાં પણ જ્યારે તેઓ આવું એકધારું અને ભાવપૂર્ણ વક્તૃત્વ કરી શકે છે તો તેમની જુવાનીમાં આ શક્તિનો પ્રવાહ કેટલો બધો જોરદાર હશે ?

પંડિતજી સાથે મારો પહેલો પરિચય લગભગ ૨૬ વર્ષ પહેલાં સાબરમતી આશ્રમમાં થયો હતો. એ વખતે એમની ઉંમર ૬૯ વર્ષની હતી. એ વખતે એમની સાથે મારો જે વાર્તાલાપ થયો એ ઉપરથી મને માલુમ પડયું કે એમને આધ્યાત્મિક જ્ઞાનની ખૂબ તૃષ્ણા છે. તે વખતે એમનું પૂર્વજીવન હું બીલકુલ જાણતો નહોતો. ધીમે ધીમે એમના પૂર્વજીવનની વિગતો પણ મારા જાણવામાં આવી અને મારા દિલમાં એમના વિષે આદર ઉત્પન થયો. ત્યારબાદ એમને મળવાનું કદિ અમદાવાદમાં થતું તો કદિ મુંબઇમાં થતું. એક વખત તેઓ માંદા હતા અને હું તેમની પાસે ગયો હતો. તેમની તબીયત બીલકુલ સારી નહોતી અને તેઓ તદ્દન અશક્ત બની ગયા હતા. એમ છતાં પણ મારી

સાથે પતંજલ યોગદર્શન ઉપરથી યોગાભ્યાસ સંબંધી એમણે વાતો કરવા માંડી. જ્યારે જ્યારે પણ એમને મળવાનું બનતું હતું ત્યારે ત્યારે દરેક વખતે તેઓ મને આધ્યાત્મિક પ્રશ્નો જ પૂછતા રહ્યા છે. અને એ બાબતોની જ તેમણે મારી સાથે ચર્ચા કરી છે. આ સિવાય બીજો કોઇ વિષય તેમણે મારી સામે ઉપસ્થિત કર્યો નથી. આ બધી બાબતો ઉપરથી મને વિશ્વાસ થયો કે પંડિતજીને આધ્યાત્મિક વિષય અત્યન્ત પ્રિય છે અને એ વિષય પાછળ લાગેલા એક ધ્યેયાર્થી છે.

પંડિતજી જ્યારે ધાર્મિક ક્ષેત્રમાં કામ કરતા હતા ત્યારે તેઓ સુપ્રસિદ્ધ પુરૂષ હતા. અમેરિકા, ઇંગ્લાંડ વિગેરે દૂર દેશોમાં વસતા લોકો પણ તેમને જાણતા હતા. મારા સાંભળવામાં આવ્યું છે કે કદિ કદિ તેમને પ્રચલિત ધર્મ-કલ્પનાની વિરૂદ્ધ બોલવું પડતું હતું. આના પરિણામે તેમને સાધારણસમાજ તરફથી કેટલું સહન કરવું પડયું હશે તેની આપણે કલ્પના કરી શકીએ તેમ છે. પણ આશ્ચર્ય તેમ જ આનંદની વાત તો એ છે કે સમાજનો ગમે કેટલો વિરોધ સહન કરવા છતાં પણ પંડિતજીએ પોતાનું સત્યપ્રતિપાદનનું કાર્ય એકસરખું ચાલુ રાખ્યું હતું. એમના જીવન પરથી આપણે સત્યપરાયણતા અને નિર્ભયતા, આ ગુણોનું મહત્ત્વ સમજવું જોઈએ અને તે ગુણો આપણા જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરવો જોઈએ. ધર્મની ખાતર સહન કરવા સિવાય મનુષ્યની કસોટી થઇ શકતી નથી. જે એ કસોટીમાંથી પાર ઉતરે છે તેનું તેજ વધે છે. પંડિતજીની ઉંમર આટલી

મોટી હોવા છતાં અને વૃદ્ધાવસ્થાનું તેમની ઉપર આટલું બધું આક્રમણ હોવા છતાં એમનામાં રહેલી સ્વાભાવિક, તેજસ્વિતા બીલકુલ ઓછી થઈ નથી. એ તેજ ધર્મનું તેજ છે. વૃદ્ધાવસ્થામાં સર્વ કોઇનું તેજ ઘટતું જાય છે, પણ જે ધર્મશીલ હોય છે તેનામાં વિરતા હોય છે. જે સાચો જ્ઞાની હોય છે તેનું તેજ વૃદ્ધાવસ્થામાં પણ ઘટી શકતું નથી. શરીર ભલે ક્ષીણ થાય, જર્જરિત થાય, પરંતુ તેના તેજમાં જરાપણ કમીપણું આવતું નથી. આ પ્રભાવ ધર્મનો છે, વીરત્વનો છે, જ્ઞાનનો છે. પંડિતજીના જીવનમાંથી આપણે આટલી વાતો સમજીને એમના ગુણ આપણામાં ઉતારવાનો પ્રયત્ન કરીએ તો આપણું જીવન પણ એમની માફક સાર્થક થશે. એમનું ગૌરવ કરવાનો આજ સાચો રસ્તો છે. જેના પ્રત્યે આપણે માન દાખવતા હોઇએ તેનો દરેક ગુણ પોતાનામાં લાવવાનો પ્રયત્ન કરવો એ આપણા સર્વનું કર્તવ્ય છે.

પંડિતજીનું માન અને ગૌરવ કરવાનું ભાગ્ય આજે આપણ સર્વને જે રીતે પ્રાપ્ત થયું છે, તે રીતે પરમાત્માની કૃપાથી એમનું ગૌરવ કરવાનો પ્રસંગ હજુ કંઇક વર્ષો સુધી આપણને મળતો રહે અને એમના જ્ઞાનનો તથા એમના સદ્‌ગુણોનો આપણને હંમેશા લાભ મળતો રહે એ ઇચ્છા પ્રગટ કરવા સાથે એમનું અવશિષ્ટ આયુષ્ય સ્વાસ્થ્ય અને આરોગ્યપૂર્ણ રહે એવી મારી પરમાત્માને પ્રાર્થના છે.'

ત્યારબાદ શ્રી વેણીબહેન કાપડીઆએ પ્રમુખશ્રીનો, પંડિત લાલનનો તેમજ સર્વ સભાજનોનો ઉચિત્ત શબ્દોમાં

ઉપકાર માન્યો હતો અને વંદેમાતરમ્‌ના સમુહગાન સાથે સભા વિસર્જિત થઇ હતી.



૧૦

પૂ. બાપુજી, ભાવનગર તા. ૩-૪-૫૯

કાર્ડ મળ્યો. તબીયત સંભાળશો, દવા લેશો. આ લેખ સુશીલ-ભાઇએ લખાવી મોકલ્યો છે. સુધારો કરશો કેમકે બીજા પાસે લખાવેલ છે એટલે ફેરફાર કરવા જેવું લાગે તે કરશો.

લી૦ આપનો,
અભય

ભાવનગર તા. ૩-૪-૫૯

પંડીત લાલનના જીવન-પ્રસંગો

લખાવનાર

ભીખજીભાઇ હરજીવનદાસ (સુશીલ)

પંડીત લાલને એક ખોંયરૂં મઢડામાં તૈયાર કરાવ્યું હતું. ત્યાં બેસીને તેઓ જાપ કરતા અને એમના અનુયા-યીઓને સાથે રાખતા. આ બધી કર્મની લીલા છે હું તો માત્ર કેવળ આત્મ સ્વરૂપ છું. હું આત્મા છું એવી પ્રતિતી માટે જાપ જપું છું. મેં એક દિવસ કહ્યું બાપુજી આત્મ-સ્વરૂપનું ધ્યાન ધરવાથી આત્મસ્વરૂપનું જ્ઞાન થતું નથી. હું આત્મા છું હું આત્મા છું એમ તાણીતાણીને બોલવાથી આત્મસ્વરૂપ કાંઇ થતું નથી. તેમ ધ્યાન કરતા હો એ વખતે મરેલો સાપ આપની વચ્ચે ફેંકું તો તમે ઉઠીને

નાસ્યા સિવાય શું કરી શકે. પણ પંડીત લાલને કાંઇ જવાબ આપ્યો નહીં. ધ્યાન અને જાપમાં પંડીત લાલનને ખુબ શ્રદ્ધા હતી. એ રીતે જોતાં તો પંડીત લાલનના જીવનના તબક્કા ગણી શકાય. એક દિવસ પણ લાલનને ધ્યાન અને જાપમાં તલ્લીન થએલા દેખીએ. એક દિવસ આધ્યાત્મિક ચીંતનમાં ડુબી ગએલ જોઇએ તો વળી એક દિવસ નિશ્ચેતન જૈનસમાજને ઝળભળાવતા જોઇએ. જીણવટથી જોઇએ તો પંડીત લાલને સમાજ અને દેશની પ્રત્યે ઘણું કરેલ છે. બલીદાનની તો કોઇ હદ નથી. બલીદાનમય જીવન હતું. આ પ્રમાણે પંડીત લાલનને તો સૌ સંભારશે પણ એમના મૌન પત્નિને કોણ સંભારશે.

પંડિત લાલનને ઘેર આવતા જરા મોડું થાય તો હરીકન લઇને ગુલાલવાડીના પરિચીત માળાઓ કોણ ઢુંઢશે.

નિશ્ચયનય આત્મવિચારોએ જૈનસમાજમાં ખૂબ સંક્ષોભ પ્રગટાવ્યો હતો. સંક્ષોભ થાય ત્યારે સંક્ષોભ એટલો વ્યાપક ઉંડો હોય કે આપણને એમજ લાગે કે આ સંક્ષોભ શાંત નહીં થાય. થોડા દિવસ ગયા ન ગયા એટલામાં સંક્ષોભ મટી જાય. માત્ર ધુંધવાટ રહે. લાલન-શીવજીનું આખું પ્રકરણ એ જ દાખલો પુરો પાડે છે. કોણ જાણે કેટલા વરસ સુધી સંક્ષોભ ચાલ્યો. લાલન અને શીવજી એ પ્રકરણમાંથી બહાર આવ્યા. લોકોને લાગ્યું કે આ પ્રકરણ આટલા બધા મહત્વના સ્થાનને યોગ્ય ન હતું. શીવજી કે પંડિતે ડુંગર ઉપર પોતાની પૂજા કરાવી હોય તો એમાં કયું મોટું મહાભારત અશુદ્ધ થઇ જાત. એક

વખતે દીગન્ત જેવા મહારથી નેમવિજયસૂરિ હૈયાત હતા એમણે પણ ઈંધન ઉમેરવામાં આગળ પડતો ભાગ લીધો હતો. જૈનસમાજને આ આંચકો બહુ આકરો લાગેલો. પંડિત લાલન તો આક્ષેપ વિક્ષેપની દુનિઆમાંથી સ્નાન કરીને બહાર આવ્યા હોય તેમ પોતાના આધ્યાત્મિક અભ્યાસમાં તલ્લીન થઇ ગયા.

ત્યાર પછી પંડિત લાલન ઘણા વર્ષ જીવતા રહ્યા. આટલા બધા ક્ષોભને પી જવા છતાં લાલન તો એના એ જ રહ્યા. એ જ પંડિત નિર્લેપ, નિર્વિકાર રહીને પોતાની બાળકોચીત્ત પોતાનું જીવન વીતાવતા રહ્યા. છેવટે એમના જીવનના છેલ્લા દિવસોમાં સામાઇકની રઢ લાગેલી અને સામાઇકના કલાસો શરૂ કર્યા. થોડા ઘણા જિજ્ઞાસુ આવી મળેલા. સામાઇક જેવી બીજી વસ્તુ દુનિઆમાં ન હોય એવી જ કોઇ માન્યતા સાથે તેમણે આ પ્રચાર કાર્ય કરેલું. થોડા દિવસ પછી કાનજીમુનીને તેઓ મળ્યા. ત્યાં પણ કાનજીમુનીના વિચારોએ અજબ મોહીની લગાડી. એ પણ લાંબુ ન ચાલ્યું. કોઇને હલકા પાડવાની વૃત્તિ મુળથી જ ન હતી. એટલે ગમે તેની પાસે જઇ આવે તો પણ કોઇનું ઘસાતું બોલવાની સાફ ના પાડતા. પંડીતજીના લાંબા જીવનમાં વાવાઝોડા તો ઘણા આવેલા. તરતોફાનમાં ભુલથી સપડાઇ જશે એવી બીક લાગેલી પણ બાળક જેવા સ્વભાવે એમને તોફાનોમાંથી બચાવી લેતા. પંડિતજી સાથે એમના મણીબેનનો ઉલ્લેખ ન કરૂં તો આ લેખ અધુરો કહેવાય. મુળ તો મણીબેન શીક્ષીકા હતા. પણ લાલનને એમની

સાથે બહુ મેળ હતો. ઘણું ખરૂં સાહિત્ય કામ મણીબેન કરતા. મણીબેન પંડિતજીના દીર્ઘાયુષ્યમાં ઓતપ્રોત થઈ રહેલા. પંડિત લાલનને અધ્યવસાયને ઉદ્દેશીને આપણું મસ્તક નમી પડે છે, તેમ મણીબેનની સમર્પણતા આપણા નમન માગે છે.

આ પત્ર લખનારનું નામ છે. ભીમજી હરજીવન સુશીલ તેઓ ઘણા વર્ષથી બીમાર છે. ભાવનગરની હોસ્પીટાલમાં રહે છે. તેઓ લખી નથી શકતા છતાં પંડિતશ્રી લાલન પ્રત્યે તેમનો સદ્‌ભાવ હોવાથી તેમણે લખાવ્યો છે. તેમને જૈન પ્રશ્ન અને ગુજરાતી સાક્ષર વર્ગ સારી રીતે જાણે છે.

❖

૧૧

મુંબઈ તા. ૧૪-૪-૫૯

ભાઇશ્રી શીવજીભાઇ,

જત આપનો પત્ર ઘણા લાંબા ગાળે મળ્યો. તે જાણી ઘણો આનંદ. આપની તબીયત બરાબર ન હોવાનું જાણી ઘણા દીલગીર થયા છીએ. ઘોઘાબંદર ઘણું ઠંડું છે, તો ત્યાં બ્લડપ્રેશર સારૂં થશે. આપે પંડિત સાહેબનું જીવન-ચરિત્ર લખવા માંડયું એ ઘણું સરસ કામ કરેલ છે. અને તેમના અનુયાયી તરીકે પણ આપણી ફરજ છે. પંડિતજીનો મને તથા મારા ઘરને ઘણો પરીચય છે. અને અમારા ઉપર ઘણો ઉપકાર છે, મારા ઘરમાંથી ગુજરી ગયા પછી ઘણું જ દુઃખ લાગ્યું છે તેથી ઘરમાં પણ અમારી સાથે રહી શકતા નહોતા. તેઓ ઘણા સહૃદયી, માયાળુ અને સામાયિકના કામમાં રચ્યા જ રહેતા હતા. ક્રોધનો અવર્ણ-

વાદ બોલવાનો એ સમજ્યા જ નહતા. અને કદાચ મારાથી કોઇ સાધુનું અવાર-નવાર બોલાઇ જાય તો તેમની આંખમાંથી આંસુ નજરે પડતા એમના કોઇપણ હસ્તાક્ષરના કાગળો અમારી પાસે નથી. શ્રીમદ્ રાજચંદ્રજીના અપૂર્વ અવસર પદનો કાનજીસ્વામીએ કરેલો આખો અનુવાદ એમણે મને આપેલો હતો. જે અત્યારે મેં અમદાવાદથી અહીં રહેવા આવ્યો ત્યારે મેં બધા પુસ્તકો અમદાવાદ લાયબ્રેરીમાં આપી દીધા છે, તેમાં આપી દીધેલ છે, તો તે પણ મારી પાસે નથી.

હાલમાં મને પણ બ્લડપ્રેશર રહે છે, હવે અવસ્થા થઇ માટે જેમ ચાલે તેમ ચાલવું. હાલમાં મુંબઇથી બહાર જવાનું રાખ્યું નથી. એજ. કામકાજ લખશો.

લી૦ સેવક,
ભોળાભાઇના ઘટીત.

(પત્ર લખનારનું નામ છે ભોળાભાઇ જેસંગભાઇ દલાલ તેઓ શ્રીમંત છતાં નમ્ર છે, સત્સંગના રસીયા છે અને દાનેશ્વરી છે.)



૧૨

મુંબઇ તા. ૧૧-૪-૫૯

શ્રી શીવજીભાઇ (ભગનબાબા) ની સેવામાં,

વિ. તમારો ઘોઘાબંદરનો તા. ૫-૪-૧૯૫૯ નો પત્ર તથા સાથે વિજ્ઞપ્તી પેપર છાપેલો મળ્યો. વાંચી બીના જાણી.

જવાબમાં હું લેખક તેમજ વક્તા નથી. પરંતુ સમાજ-સેવક છું, છતાં બે શબ્દો લખ્યા છે. ગાંડા-ઘેલા તેને ગોઠવીને લખવું તે તમારૂં કામ છે.

પરમ્ ઉપકારી લાલનસાહેબને મેં અમદાવાદ-શામળાની પોળમાં પાર્શ્વચંદ્ર ગચ્છના ઉપાશ્રયે આચાર્યદેવ યુગપ્રધાન ભટારક શાસન શિરોમણી શ્રી ભ્રાતૃચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના વ્યાખ્યાન વખતે તેઓશ્રી પધારેલા ને તે વખતે મારી ઉમ્મર સોળેક વર્ષની હશે. અને હું તે વખતે વ્યાખ્યાનમાં સામાયક લઈને બેઠેલો હતો. તે વખતે એમણે જે સામાયકની વિધિ કરી બતાવી છે તે હાલ મારી ઉમ્મર ૬૯ વરસની ચાલે છે. તેવી વિધિ હજુ સુધી મેં કોઇની જોઇ નથી. તેમજ એમનું પ્રવચન તે વખતે તથા સાથે એક પારસીભાઇ માણેકજી કરીને જૈન ધર્મ પાળનાર હતા. તેઓએ પણ તે વખતે લાલનસાહેબની ઓળખ માણેકજીભાઇએ આપેલી. માણેકજીભાઈ પણ પારસી હોવા છતાં સાચા જૈનથી અધિક હતા. એજ.

લી૦

શુભવિજયના જયહિન્દ, જય મહાવીર.

(આ પત્ર લખનારનું નામ છે શુભવિજય મહારાજ. તેમને સેવાની લગની છે. તેમનામાં નમ્રતા છે અને કુરબાની છે.

૧૩

અમલનેર તા. ૨૧–૩–૫૯

મુરબ્બી શ્રી શીવજી દેવશી મઢડાવાળા,

મુ. ભાવનગર

આપનો પત્ર પહોંચ્યો. બીજું અત્રે સં. ૧૯૬૧ માં જૈન પ્રાંતીક કોન્ફરન્સ ભરાઇ હતી. તેમાં પંડિતજી લાલન ડેલીગેટ તરીકે આવેલ, પણ મેં તો તેમનું નામ સાંભળેલ. હું સ્ટેશન ઉપર ઉતારવા ગયો હતો. તેઓ સ્ટેશન ઉપર ધનજીભાઈ ખામગામવાળા સાથે ઉભા હતા. ધનજીભાઇને પુછયું, જે પંડિતજી દેખાતા નથી. ધનજીભાઇ હસી બોલ્યા, જે મારી પાસે ઉભા છે તેઓ જ પંડિતજી છે, મારા મનમાં થયું જે પંડિતજી બહુ રોફવાળા અને કોટ–પાટલુન-વાળા હશે. પણ તેઓ તો સાદાઇ ધોતી, કોટ, કાઠીઆ-વાડી ફેંટો, ગળામાં ઉપરણું, બીલકુલ સાદા. તેમને નમન કર્યું, તેઓ હસી બોલ્યા, જે પહેલો જ મેળાપ થાય તેમાં આવું બને. અત્રેના જાણીતા શ્રીમાન્ શેઠ વીશનજી અર-જણને ત્યાં ઉતારો હતો.

તેજ દહાડે નેતાઓની મીટીંગ ભરાઇ હતી. રાતનો બહુ ટાઈમ થઈ ગયો હતો. કામ અધુરૂં રહેલ તે બીજા દહાડે સવારની ભરાઇ તેમાં કામ પુરૂં થયું. પાછળ બપો-રની જનરલ મીટીંગમાં ઠરાવ મુકવાની શરૂઆત થઇ. પહેલા ચેવલાના આગેવાને ઠરાવ મુકયો. તેના પછી લાલન સાહેબની વારી આવી. એમનો વિષય જૈન સમાજને આગળ

કેમ લાવવો એના ઉપર બોલવાનો હતો. બોલવાની શરૂઆત કરીને તાળીઓનો તડાકો લાગેલ. વચમાં જ પંડિતજી બોલ્યા જે ભાઇઓ મારા બોલવાનું પાલન કરો તોજ તમારી તાળીઓની કીંમત, નહીં તો ફોકટના હાથ દુઃખાવો છો. તેમનું ભાષણ બહુ અસરકારક હતું. સાંભળનારને એવું મન થાય જે હજી બોલે તો સારૂં.

બીજે જ દહાડે બધા નેતાઓના ભાષણ થયા. પંડિતજીની વારી આવી. ઘણું સારૂં બોલ્યા, અને બધા ભાઇઓએ મળી, આપણે ત્રણ દહાડા મળી આનંદથી ઠરાવ કરેલ છે તેનું આપણે પાલન કરીએ તોજ સફળતા મળે, ઠરાવના કાગળોનો અમલ થાય તેવા પ્રયત્ન કરવા જોઇએ. જેમ પેટીમાં ઠરાવ નહીં રહી જાય. છેવટ પ્રેસીડેન્ટનું ભાષણ થયું. કામ પુરૂં થયું.

પંડિતજીને એક દહાડો વધારે રોકવાનું થયું. તે દહાડે તો બહુ આનંદ થયો. જેવું નામ તેવા ગુણ હતા.

લી. પાસુભાઈ શીવજી

આ પત્ર લખનારનું નામ છે પાસુભાઈ શીવજી તેઓ કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના છે અને કચ્છ નલીયાના વતની છે. તેમનામાં જ્ઞાતિ અભિમાન છે અને તેઓ દેશભક્ત છે. પારોલાનાં શ્રી શાંતિનાથ મહારાજના મંદિરના ટ્રસ્ટી છે અને મહાજનના પ્રમુખ છે.

૧૪

ભુજપુર તા. ૨૫-૪-૧૯૫૯

મુરબ્બી શ્રી શિવજીભાઇ,

શ્રી ધોધા

પત્ર મળ્યો. આનંદ પૂજ્ય લાલન સાહેબના જીવન સંબંધમાં લખી મોકલવાના પ્રસંગે મને યાદ કરવા માટે આભાર.

તેઓશ્રીજીના અલ્પ પરિચયમાંથી મારા ચિત્ત પર જે છાપ પડી છે તે સાથેના પાનાઓમાં વ્યક્ત થવા દીધી છે. ઠીક લાગે તો એમના જીવન સ્મરણ સાથે જોડશો. લખાવવાની મારી ટેવ ઘટી ગઇ છે. અને તબીયત સામાન્ય છે.

આપના આણંદજીના પ્રણામ.

આત્મલક્ષી પંડિત લાલનસાહેબ.

પૂજ્ય લાલનસાહેબને હું સહુ પ્રથમ સંવત ૧૯૬૯માં શત્રુંજયતીર્થમાં મળીને એમના પ્રવચનો સાંભળીને કૃતાર્થ થયો. ત્યાં તેઓશ્રી વિવિધ વિષયો પર જાહેર વ્યાખ્યાનો આપતા એ સાંભળીને બહોળો જનસમુહ પ્રભાવિત થતો અને પ્રેરણા મેળવતો. હું તો ત્યારે માત્ર વયમાં જ નહીં પણ અભ્યાસ વિચારના વ્યાપ અને અનુભવ સુદ્ધામાં બાળક હતો. તેમ છતાં પૂજ્ય લાલનસાહેબ મને માનવ શરીરમાં કોઇ દૈવદુત આ દુનિયામાં ઉતર્યા હોય એવી ઉંડી અસરમાં તરબોળ થઇ ગયો. વિદ્યાભ્યાસ માટે ત્યાંથી હું ઉતર ગુજરાતમાં મહેસાણા ગયો અને ત્યાં દશ વરસ રહ્યો. આ સમયમાં અનેકવાર પૂજ્ય લાલન સાહેબનો સંપર્ક સાધવાની તે મારફતે વિચાર જ્ઞાન અને અનુભવ વધારવા

પ્રયત્ન કરતો રહેતો. એટલામાં શ્રીમતી એનીબીસેન્ટનો હોમરૂલયુગ, લોકમાન્ય તીલક મહારાજનો અને પૂણ્યશ્લોક મહાત્મા ગાંધીજીનો નિષ્કામ કર્મ યુગનો મહા પ્રવાહ ભારતભરમાં આકાશ ગંગાના પુનીત પ્રવાહની જેમ વિજળીની જડપે ફરી વળ્યો. એમાં અનેક ગુપ્ત આત્મલક્ષી વિભૂતીઓ સપાટી પર જડપથી આગળ આવી. એમાં પૂજ્ય લાલનસાહેબે પણ દેખા દીધો.

સન. ૧૯૨૧ ની અમદાવાદમાં મળેલ રાષ્ટ્રીય મહાસભાના જ્ઞાનસત્ર વિભાગમાં એક-પછી એક આત્મ જીવનને સાચું જીવી બતાવનાર વક્તાઓમાં પંડિત લાલનસાહેબની પ્રશાંતવાહી બ્રહ્મનાદિની પ્રવચન ધારાએ લક્ષાવધિ જનતાના ચિત્ત હરી લીધા. આ પ્રવચન પ્રભાવનામાં આ સેવકનો ભાગ હતો. પછી તો સત્યાગ્રહાશ્રમમાં પરમ પૂજ્ય ગાંધીજી, ભારતભુષણ માલવિઆજી વિગેરે અનેક રાષ્ટ્ર ધુરંધરો સાથે પંડિત સુખલાલજી, સંત વિનોબા, કાકા કાલેલકર, દાદા ધર્માધિકારી, પૂજ્ય કેદારનાથજી અને મશરૂવાલા વિગેરે જ્ઞાન દૃષ્ટાઓ સાથે પૂજ્ય લાલનસાહેબને મેં વિચાર વિનીમય કરતા તત્ત્વ ગવેષણા ખોજતા અને સમન્વય-સાધતા મેં સાંભળ્યા અને અનુભવ્યા ત્યારે પૂજ્ય લાલનસાહેબ મને પરમ્ આત્મલક્ષી જણાયા. મારી આ સમજ લાલનસાહેબના જીવનકાળ લગી વધતી અને વિકસતી રહી હતી. અને હવે તો છેવટની દૃઢ બની છે. પંડિત લાલન સાહેબના જીવનનો આંતર પ્રવાહ આત્મલક્ષ્ય ભણી વહેતો અને એમના જીવનનો બહિરંગ પ્રવાહ સંસાર સુધારા, સમાજ-

કલ્યાણ, દેશ અને રાષ્ટ્રપ્રેમમાં દેખા દેતો. પણ હકીકતમાં એ પરમ સજ્જન વિશ્વપ્રેમી વિભૂતી હતા.

તત્ત્વચિંતક લાલનસાહેબ.

સંવત ૧૯૯૧ થી ૧૯૯૩ ની સાલના ગાળામાં મારી જન્મભુમિના ભુજપુર ગામમાં મારા મિત્ર શ્રી વેલજીભાઇ મેઘજીને ત્યાં અનુક્રમે બે વખત પૂજ્ય લાલનસાહેબનો મહીનાઓ સુધીનો નિવાસ થયેલો. ત્યારે દરરોજ કલાકો લગી હું તેઓશ્રીનો સત્સંગ સાધતો, માર્ગદર્શન મેળવતો અને એમની જીવનદૃષ્ટિ અને જીવનચર્યાનો પરિચય પામી કૃતાર્થ થતો લાલનસાહેબનું ઉંડું તત્ત્વચિન્તન, તેટલું જ ઉંડું તત્ત્વાધ્યયન, જ્ઞાનવિચારણા અને આત્મ-ચર્યાની અગાધ ઉંડાણ સમજવા મળતી. પંડિત લાલન આંતરદેશીય અને ભારતીય ખ્યાતનામ તેમજ ગુપ્તનામ તત્ત્વદૃષ્ટા, પ્રાચીન અને અર્વાચીન સંત મહાત્માઓના તત્ત્વ રહસ્યના અભ્યાસી તો હતા જ પણ ઉપાસક અને અનુ-શીલક પણ હતા. પ્રાચીન તત્ત્વ સાહિત્યમાં કુન્દકુન્દાચાર્યની રત્નત્રયી (સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય) યોગેંદ્રનો પરમાત્મા પ્રકાશ, હરિભદ્રસૂરીનો યોગદૃષ્ટિ સમુચ્ચય, દિવા-કરજીનો સમંતીતર્ક, મુની સુંદરસૂરીનો અધ્યાત્મ કલ્પદ્રુમ હેમચંદ્રાચાર્યનો યોગશાસ્ત્ર વિગેરે અનેક જૈન ગ્રંથો અને ઉપનિષદો, ભગવતગીતા અને એ કોટીના વિવિધ આરણ્યક ગ્રંથો તેમજ અર્વાચીન તત્ત્વ દૃષ્ટામાં આનંદઘનજી, ચિદાનંદજી રામદાસ, કબીર, અખો, નિવૃત્તિનાથ, જ્ઞાનદેવ, શ્રીમદ્ રાજચંદ્ર અને પુણ્યશ્લોક ગાંધીજીનું તત્ત્વજ્ઞાન એમને

કોઠે એવું હતું તેથી તેઓ વૃત્તિથી અનાસક્ત અને સ્વભાવથી પરમ ઉપશાંત જીવન સહજ ભાવે જીવતા હતા.

પરિણામે એમનો જીવનપ્રવાહ માનવ જીવનના પ્રત્યેક સદ્‌ગુણોને અપનાવતો સર્વોદયી અને સર્વતોમુખી સહજ બની રહ્યો હતો. વિચારોનું એમનું વલણ સંપ્રદાયોના આગ્રહથી મુક્ત અને તેમાં રહેલા સત્યનું ગ્રાહી અનેકાંતવાદી નૈસર્ગિક સ્વયં સિદ્ધ સ્થિર થયું હતું. પંડિત લાલન એક સાથે વિદ્યાર્થી, અધ્યાપક અને ચિન્તકનું ત્રિવિધ જીવન જીવતા, સંસાર-સુધારા, સમાજ સુધારણા, રાષ્ટ્રીય ઉત્થાન અને ધર્મયાત્રાની દરેક કુચ સાથે કદમ મીલાવતા અને ઉંડો રસ લેતા. તેમ છતાં કયાંય એકાંગી ઢળી જવા નાપસંદ કરતા. વૈભવો એમને આકર્ષી શકતા નહીં અને ગરીબી એમને ખટકતી નહીં. વિચારમાં મધ્યસ્થ, જ્ઞાની, શ્રદ્ધામાં આસ્તિક, આત્મદૃષ્ટિ અને વર્તનમાં સાચા અર્થમાં તપસ્વી જીવન જીવતા, પોતાની જાતની પ્રશંસાથી સદા દૂર રહેતા અને અન્યના અલ્પગુણને બિરૂદાવતા, દોષ દર્શન તરફ અણગમો ધરાવતા અને માનવ ઉપકારમાં આનંદતા એવી આયુગની વિશ્વ વિભૂતિને વન્દન હો.

આણંદજી દેવશી શાહ

આ પત્ર લખનારનું નામ છે. આણંદજી દેવશી તેઓ પંડિત છે. તેઓ અનેક વક્તા છે. પ્રજ્ઞાચક્ષુ છે. સંસ્કૃતના જાણુ છે અને આગમ વેત્તા છે. શ્રી ભદ્રેસર તિર્થની તેમણે તન-મન-ધનથી સેવા કરી છે.

૧૫

તા. ૩૧-૩-૫૯

શ્રી પૂજ્ય શિવજીભાઈ,

મુ. ગોધા

સ્યાદ્વાદ અને સાપેક્ષવાદ

પંડિત શ્રી લાલને કહ્યું કે જગતને જો આપણામાં સમાવી દઈએ તો પણ હદમાં આવી જઈએ તેથી બધું અભિન્ન જોવું, પણ તેની હદ રાખવાથી એકાન્તિક બની જવાય છે. જેમ આપણે બ્રહ્મ છીએ તેમ બધા જીવ બ્રહ્મ છે. અને આપણે જો પશ્યંતિને બદલે યશમાં જઈ શકીએ તો બીજાને પણ અસર કરી શકીએ અને શરીર ઉપર પણ આત્માની અસર આવી શકે, જૈનોની સ્યાદ્વાદ પદ્ધતિ હાલના સાપેક્ષવાદને ઘણી મળતી આવે છે. જૈન ધર્મમાં ઘણા એમ માને છે કે આત્માને અને જડને સંબંધ નથી. જડ જડના ધર્મમાં રહે છે અને ચેતન ચેતનના ધર્મમાં રહે છે. જે વસ્તુનો જે ધર્મ હોય તે છોડે નહીં.

એકને એકથી ગુણીએ તો જવાબમાં એક આવે છે. (૧×૧=૧) એકને એકથી ભાગીએ તો પણ જવાબમાં એક આવે છે. (૧÷૧=૧) તેવી જ રીતે એકમાં એક ઉમેરીએ તો પણ જવાબમાં એક આવે છે. (૧×૧=૧) આ સાધારણ માણસ માટે સમજવું અઘરું છે પરંતુ દૃષ્ટાંત લઈએ : એક જ સ્ત્રી કોઇની કાકી થાય છે, કોઇની મામી થાય છે, કોઇની માશી થાય છે અને કોઇની ફઇ થાય છે. એ કાકી, માશી, મામી, અને ફઇનો સરવાળો

કરીએ તો ૪ સ્ત્રી થતી નથી, અને એ ચારમાંથી માશી-પણું કાઢી લઈએ તો ૩ જીવ થતા નથી, પણ દરેક વખતે જીવ એક જ રહે છે.

અમુલખરાય. પી. સરૈયા.

(આ પત્ર લખનારનું નામ છે અમુલખરાય સરૈયા તેઓ ગોધા બંદરના વતની છે, વકીલ છે. સાક્ષર છે. તેમનામાં શ્રદ્ધા ભક્તિ ને સેવાની ભાવના છે.

ø

૧૬

સાંગલી તા. ૬-૪-૫૯

શ્રી ધર્મપ્રભાવક, દે. ભ. શીવજીભાઇ દેવશી,

મુ. ગોધા બંદર

જયજીનેંદ્ર, વિ. વિ ઘણા દિવસથી આપ સાહેબનો પત્ર મળ્યો. સાથે પત્રિકા પણ મળી છે. આપની તબીયત સારી છે એ વાંચી ઘણો સંતોષ થયો. આ વયમાં હજી આપ ઉત્સાહથી કામ કરો છો તે પ્રશંસનીય છે. પરમેશ્વર આપને આયુ, આરોગ્ય આપો એવી તેમના ચરણે નમ્ર પ્રાર્થના છે.

શ્રી પંડિત ફતેચંદ કપુરચંદ લાલન બાબત લખવા જેવું ઘણું છે. તે સારા વિદ્વાન, ધર્મપ્રેમી, સમાજ હિતેચ્છુ, વક્તા અને અભ્યાસી હતા. આપની સુચના મુજબ લેખ લખી મોકલવો મારાથી યોગ્ય શબ્દોમાં બરાબર થવાનું નહીં. સિવાય મારી ગુજરાતી ભાષા અશુદ્ધ છે એ આપ

જાણો છો. માટે આપની સુચના અમલમાં આવતી નથી. તે બદલ દરગુજર કરશોજી.

અમારા તરફ સર્વે ક્ષેમ, સંસ્થાનું કામ ઠીક ચાલેલ છે. મારો પુત્ર ચિ ચારૂભાઇ સર્વે દેખરેખ રાખે છે. બધા-યના નમ્રતાપૂર્વક પ્રણામ. હાલ એજ.

ચતુરભાઇ પીતાંબર શહા.

(આ પત્ર લખનારનું નામ છે ચતુરભાઇ પીતાંબર તેઓ સાંગલીના વતની છે. બુદ્ધિવાન છે. ચતુર છે સેવા પ્રિય છે. શિક્ષ-ણના પ્રચાર માટે તેમણે જાતી ભોગ આપ્યો છે.)

૧૭

સુરતથી લી. સાધ્વીજી નેમશ્રીજી, ચંપકશ્રીજી ઠાણા ૬ ભાનગર મધ્યે. પવિત્રાત્મા પૂ. શીવજીભાઇ દેવશીભાઇ,

બીજું લાલનસાહેબ માટે જૈનમાં આપે છપાવ્યું છે તો તે બાબત મારી સમજ પ્રમાણે જણાવું છું. જ્યારે દેહગામમાં સ્વર્ગસ્થ કેસરસૂરી મહારાજ ચોમાસું રહેલ ત્યારે અમારૂં પણ ચોમાસું ત્યાં હતું. ચોમાસામાં લાલન-સાહેબ ત્યાં રહેલ ગુણશ્રીજી, રતનબેન પણ ત્યાં હતાં. બધા સાથે લલીતવિસ્તરા વાંચતા હતા. તે વખતે તેમની જ્ઞાન પ્રત્યે અભીરૂચી, અર્થ કરવાની જીજ્ઞાવટ હજી પણ મારી નજર આગળ તરવરે છે. બાલાદપિ સુભાશિતં ગ્રાહ્યં એ સૂત્ર એમના જીવનમાં વણેલ હતું. ભણાવતી વખતે સામાના હૃદયમાં કેમ વસ્તુ ઠશે તે તેમની અંતરવૃત્તિ જ્યારે એમના

ચહેરા સામે જોઇએ ત્યારે હસતાં જ દેખાતા. લેકચર આપતી વખતે વૃદ્ધાવસ્થા છતાં નવયુવકનું લોહી ન હોય તેમ સામાને ભાસ થતો. તેમનું જીવન મહાન પવિત્ર ને સદ્‌ગુણોથી સુવાસીત મને દેખાતું હતું.

(આ પત્ર લખનારનું નામ છે સાધ્વીજી નેમશ્રીજી. તેઓ બાળબ્રહ્મચારી છે. કચ્છ તેમની જન્મભૂમિ છે. સમર્થ યોગી વિજયકેશરસૂરિના તેઓ શિષ્યા છે. તેમનામાં વિદ્વતા છે અને તેઓ પ્રખર વક્તા છે.)

❁

૧૮

માલેગામ, તા. ૫-૪-૫૯

પંડિત લાલન

(લેખકઃ—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ.)

પંડિત લાલનના દર્શન મને પહેલાં મુંબઇની બીજી કોન્ફરન્સમાં થયા. તેમની ઉંચી ભવ્યમૂર્તિ જોઇ મારા મનમાં તેમના માટે માનની લાગણી ઉત્પન્ન થઇ. ત્યારપછી તેમનું ભાષણ જ્યારે સાભળવામાં આવ્યું ત્યારે તેમના માટે વધુ આકર્ષણ અને આદર જાગ્યો. ભાષણ કરવાની તેમની ખુબી, પોતાનું બોલવું, લોકોના હૃદય સુધી પહોંચે તેટલા માટે આપેલા દૃષ્ટાંતો અને સમયાનુકુલ છટાદાર અભિનય જોઇ મારા મન ઉપર ખૂબ ઉંડી અસર થઇ. તેમજ તેઓ વિલાયત જઇ આવેલા છે એવું જ્યારે મારા જાણવામાં આવ્યું ત્યારે તેમના માટે મારો આદર ખૂબ વધ્યો. તે વખતમાં

દૂર ધ્વનિક્ષેપક યંત્રનું સાધન ન હોવાથી ભાષણકર્તાને ખૂબ ગળું તાણી બોલવું પડતું. વક્તાનું ગળું એટલું સહન કરે એવું હોય તો જ વક્તા-શ્રોતાઓને કાબુમાં રાખી શકે તેમ હતું, તેથી જ પંડિતજીના ભાષણમાં લોકોને રસ જાગતો. વક્તા ગમે તેવો વિદ્વાન હોય અને ઉંચે સ્વરે બોલી ન શકે તો એ શ્રોતાઓને આકર્ષી શકતો ન હતો. એમની સાથે બોલવાનો થોડો જ પ્રસંગ મને મળ્યો. તેમાં તેમના ગૂઢ ગુંજન કરતા શબ્દ પ્રયોગો અને સાંભળનારને વિચાર કરતા મુકી દે એવા દૃષ્ટાંતો સાંભળી મને એમના એ અલ્પ સહવાસથી પણ ખૂબ જાણવા મળ્યું હતું.

પ્રસંગ અમદાવાદની કોન્ફરન્સનો હતો. હું મુંબઇ પહોંચ્યો અને 'સ્વાનુભવ દર્પણ' નામનું પુસ્તક મેં ખરીદ્યું. તેના પાના ફેરવતા તેના વિવેચક તરીકે પંડિત લાલનનું નામ મારા જોવામાં આવ્યું. ત્યારે તે પુસ્તક આખું વાંચી જવાનું મેં વિચાર્યું. રેલ્વેમાં ગિરદી અને રાતનો સમય તેથી તે પુસ્તક હું વધારે વાંચી શકયો ન હતો. અમદાવાદ સ્ટેશન ઉપર ઉતરતાની સાથે જ એક ઓળખીતા સ્વયં-સેવકની મુલાકાત થઇ, અને એક ધડાકો સાંભળવા મળ્યો. એજ 'સ્વાનુભવ દર્પણ' પુસ્તકનો એ વિષય હતો. પંડિત લાલને એ પુસ્તકમાં ધર્મ વિરૂદ્ધ લખાણ કર્યું છે અને મોટો અનર્થ કરી જૈન ધર્મને જોખમમાં મુકી મોટા વિધાનો કરેલા છે. વિગેરે હકીકત સાંભળી હું તો આશ્ચર્ય મુગ્ધ જ બની ગયો. પુસ્તક તો મારા હાથમા જ હતું. મેં તરત જ તેની ઉપર રૂમાલ ઢાંકી દીધો. પંડિતજી માટે

જાગેલી આદર બુદ્ધિ અને એમના જ લખાણ ઉપરનો આવો વિચિત્ર આક્ષેપ જાણી હું ઊંડા વિચારમાં પડી ગયો. અને કુરસદે એ પુસ્તક આખું વાંચી ધર્મ કયાં જોખમમાં આવી પડ્યો છે ? અને એવું તે શું ભયંકર પંડિતજીએ લખ્યું હશે તે જોવા નિશ્ચય કર્યો.

ઘેર આવ્યા પછી મેં પુસ્તક વાંચી જોયું, અને મને એમાં એક અક્ષર પણ આક્ષેપ જેવો જણાયો નહીં. છતાં ગેરસમજુતી ઉત્પન્ન કરનારા સ્થળો મારા જોવામાં આવ્યા હતા, તે ઉપરથી આક્ષેપ લેનારાઓની બાલિશતા, તર્કદુષ્ટતા અને મુળ વિષયને સમજી લેવાની અશક્તિના જ દર્શન મને થયા. અગર આક્ષેપ મુકનાર કોઇ અનાકલનીય, દ્વેષ કે ઈર્ષ્યાની બુદ્ધિથી એ વિચારો વહેતા મુકેલા હોવા જોઇએ, નહીં વાંચનારા, અને સ્વતંત્ર બુદ્ધિથી વિચાર નહીં કરી શકનારા તેમજ ગતાનુગતિકતાના ચક્ર વ્યૂહમાં આથડનારા માનવોને ભડકાવી મૂકવા માટે જ આ વિચાર પ્રવાહ છુટો મુકયો હશે એમ મારી ખાત્રી થઇ, અને આવી જ દોરવણી જૈન સમાજને મળતી રહેશે, અને જૈન સમાજ પોતાનો અંગત વિચાર ભુલી જઇ ભડકતો રહેશે ત્યાં સુધી આવા લોકો પોતાનો દોર ચલાવતા રહેશે અને જૈન ધર્મ અને સમાજની ઉન્નતિ દૂરને દૂર ઠેલાતી રહેશે એમાં શંકા નથી.

અમદાવાદના નગરશેઠ ચીમનભાઇ લાલભાઇના પ્રમુખસ્થાને અમલનેરમાં મહારાષ્ટ્રની પ્રાંતિક કોન્ફરન્સનું અધિવેશન થયું હતું. તે પ્રસંગે સરદાર શેઠ લાલભાઈ

ઠક્કરભાઈ, શેઠ અનુપચંદ મલુકચંદ અને પંડિત લાલન એ બહારના નામવંત ગૃહસ્થો પધારેલા હતા, છટાદાર ભાષણની બાબતમાં પંડિતજી એક મોટું આકર્ષણ બની ગયા હતા. અને પંડિતજીનું નામ મહારાષ્ટ્રના ઘેર ઘેરમાં ગાજતું થઈ ગએલ હતું. એ પ્રસંગે મને એમનો નજીકનો પરિચય થવાનો યોગ આવ્યો હતો. અનેક વિષયો ઉપર અમોએ ચર્ચા કરી હતી. અને તેમના અધ્યાત્મલક્ષી ગૂઢ વિચાર પ્રણાલીનો મને પરિચય થયો હતો.

(આ પત્ર લખનારનું નામ છે બાલચંદ હીરાચંદ તેઓ વિદ્વાન છે, સમયના જાણુ છે, દક્ષિણ મહારાષ્ટ્રના જૈનોના અગ્રેસર છે. કરાડની દક્ષિણ મહારાષ્ટ્રના તેઓ પ્રમુખ હતા.)



૧૯

ભાવનગર, તા. ૩૦-૩-૫૯

પૂજ્ય બાપુની સેવામાં

આપે પૂજ્ય શ્રી લાલન બાપુનો પરીચયનો હેવાલ લખવા ફરમાવ્યું તો હું તે મહાન પુરૂષના જીવનના વિષે શું લખી શકું? હું તો અલ્પજ્ઞ છું, છતાં આપની સેવાના પવીત્ર પરમાણુંના પ્રભાવે અંતરમાં જે કંઈ ઉદ્‌ભવ્યું તે લખાયું છે. તે બાબતમાં યોગ્યતા મુજબ સુધારી તેમના જીવનને અલંકૃત કરશો. એજ વીનંતી.

લી૦ છગન ફરશનના વંદન,

દા૦ વેણીલાલ છગનલાલના વંદન.

શ્રી પાર્શ્વનાથાય નમઃ

ભાવનગર તા. ૩૦-૩-૫૯

સ્મરણીય લાલનબાપુ,

દર્શન જ્ઞાન ચારિત્ર એ ઉત્તમ આત્મ લક્ષ્યે લ્યો જાણી,
ૐ અંર્હનો જાપ જપ્યાથી લાલનજીવન એંધાણી રે,
તને સમજાવે ગુણજ્ઞ શાણા.

મન, વચન, કાયાથી (લાલનબાપુ)
શાંત સ્વભાવી, સમભાવી, સદ્‌ભાવી એવા માનવ અવતારી,
જીવન રહસ્યે (લાલનબાપુ)

અરિહંત પદ ધ્યાતો થકો, દ્રવ્યહ ગુણ પજ્જાય રે,
ભેદ છેદ કરી આતમા, અરિહંતરૂપી થાય રે;
શ્રી મહાવીર જિનેશ્વર ઉપદેશે.

મારૂં અને તારૂં અને હું તું જેમના જીવનમાં નહોતું, આત્મા અને દેહનો ભેદ પાડી વ્યવહારિક કાર્યો લાલન શબ્દ સંબોધી વ્યવહાર કરતા.

જાગ્યા અને જગાવ્યા (લાલનબાપુ)
એ કોણ છે જે જાગ્યા, જેણે જાગીને જગાડયા.
એ કોણ પંડિત જનમ્યા, સદ્‌બોધ પાઠ દીધા,
એ કોણ વક્તા જનમ્યા, જેણે પ્રવચને સાર કીધા.
એ કોણ છે રે જીવ્યા, કે જેણે જીવીને જીવાડયા.

આ રીતે તેમના અંતરના શુદ્ધ પ્રેમ પરીચય કરનારને અનુપમ આનંદ મળતો. વીદાયગીરી લાલનબાપુની. જે જે તેમના સત્સંગમાં આવતા તે તે ભાવીક જનોએ તેમની

પાસેથી મેળવેલો માનવ જન્મનો આનંદ એ વારંવાર તેમના વિરહથી વેદના ભોગવે અને આ સંસારની ઘટનાને સમજી માનવ જન્મ સાર્થક કરે.

છેવટે હે સુજ્ઞ, વિવેકી તમારી વિદાય નથી સહેવાતી,
તમ વીયોગે અમ અંતરની આગ નથી બુજવાતી.

લી૦ **છગન કરશનના વંદન.**

(આ પત્ર લખનારનું નામ છે છગનલાલ કરશનદાસ તેઓ ભાવનગરમાં ગોડીજી મંદિરના મહેતાજી છે, ભક્ત છે, ગુણજ્ઞ છે.)



૨૦

ભાવનગર, તા. ૨૭-૩-૫૬

ભક્ત કવિ શ્રી મગનભાભા ઉર્ફે શિવજીભાઇનીપવિત્ર સેવામાં,

મધુમતી-મહુવા, (સૌરાષ્ટ્ર)

આપના એક વખત દર્શન થયા. આ સાથે શ્રી લાલનસાહેબ માટે મારા તરફથી લખી મોકલ્યું છે.

૧ શ્રી સુશીલે જૈન પત્રથી જાણી શ્રી લાલનસાહેબ અંગે લખવાનું શરૂ કરેલ છે.

૨ સોગઠમાં શ્રી કારાણીજી પાસે આપ જે જાનમનમર અંગે જાણવા ઇચ્છો છો તે હકીકત મળશે.

લી૦ આપનો,
અભેચંદના વંદન.

ૐ શંખેશ્વર પાર્શ્વનાથાય નમો નમઃ

સુપ્રસિદ્ધ વક્તા

પંડિત શ્રી ફતેહચંદ કપૂરચંદ લાલન.

જેઓ પંડિત લાલન નામથી જૈન કોમમાં નહીં પરંતુ સર્વ પ્રજામાં જાણીતા સુપ્રસિદ્ધ હતા. એમનો પરિચય થયો હોય તે જ તેમના મહાન્ વિકસ્વર આત્માને સમજી શકે, યત્કિંચિત જાણી શકે. તેઓ વિદ્વાન અને પ્રસિદ્ધ વક્તા હતા. પરંતુ તેઓ આત્મનિષ્ઠ આત્મરંગથી રંગાએલ હતા. તેમના જેવાના ચરિત્ર આ લખવા માટેનું મગનબાળા શ્રી શિવજીભાઇ પાસેથી સાંભળ્યું ત્યારે હૃદય નાચી ઉઠયું. ખરેખર તે પ્રયાસની જરૂર હતી, તે અમલમાં મુકાયું છે. તે માટે તેમને પ્રેરણા આપનાર મહાનુભાવને ધન્યવાદ ઘટે છે. તેઓશ્રીનો પરિચય સાહિત્ય અંગે જીવનમાં ઘણીવાર મને પ્રાપ્ત થયો હતો. એ યાદ આવતા હૃદય દ્રવી જાય છે.

તેઓ સૌરાષ્ટ્રના દરિઆ કિનારે ભાવનગર સ્ટેટમાં આવેલ ગોપનાથ પાસે આવેલું નાનું ગામડું ઝાંઝમેર–સૌરાષ્ટ્ર છે. ત્યાં શાંતિ લેવા આરામ લેવા મહીનો બે મહીના રહેતા, અને આત્મશાંતિમાં મસ્ત રહેતા. આવા ગ્રામ્ય જીવનમાં બહુ ઉપાધી ન આવે તે માટે સ્થાન પસંદ કરેલું અને સાહિત્ય મંથન આત્મધ્યાનની સાધના સારી રીતે કરી શકાય તે હેતુ સાધ્ય કરતાં આવા એક આત્મનિષ્ઠ, સજ્જન, સરલ, ભદ્રપુરૂષ બહુ અલ્પ પાકે છે.

તેમના નામ સ્મરણથી ધન્ય મનુષ્ય બની શકે છે. આવા ગૃહસ્થ હોવા છતાં ગુણોમાં સાધુ જેવા હતા. યુરોપનો પ્રવાસ કરી જૈન ધર્મ માટે અનેકાન્ત ધર્મના મર્મને સમજાવી વિદેશીઓને તેઓએ આકર્ષ્યા હતા. એટલું નહીં પરંતુ ધર્મના અનુયાયી કર્યા હતા. તેવા પુરૂષ માટે મારા જેવો અલ્પરૂપ શું લખી શકે.

તેવા પુરૂષનું ચરિત્રચિર સ્મરણિય બની રહે તે માટે પ્રયાસ કરનારાઓને ધન્યવાદ આપી વિરમું છું.

શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા ગાંધીચોક, ભાવનગર

લી૦ ગુણપૂજક
અભયચંદ ભગવાનદાસ ગાંધી

(આ પત્ર લખનારનું નામ છે અભયચંદ ભગવાનદાસ ગાંધી તેઓ વિદ્વાન છે. સત્સંગના રસીયા છે. અને સેવાપ્રિય છે.)

ૐ

ૐ તત્ સત્

૨૧

તા. ૧૮-૪-૫૯

સદ્‌ગુણાલંકૃત, પરમ સ્નેહી, સન્મિત્ર શ્રીયુત્ શિવજીભાઇની પુનિત સેવામાં,

સ્નેહ વંદનપૂર્વક લખવાનું કે પૂજ્ય લાલન સાહેબનો પરિચય વધારે ન હોવાથી તેમના જીવન વિષે શું લખું ? એ જ વિચારવા મુંઝવણ થાય છે. તથાપિ આપનું ફરમાન થવાથી બે શબ્દો લખી મોકલું છું તે સ્વીકારી લેશો.

પંડિત ફતેહચંદભાઇ કપુરચંદ લાલન જામનગરના વીશા ઓશવાળ જ્ઞાતિમાં જન્મેલ હતા. મહાન વિદ્વાન હતા. ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત આદિ ભાષાના નિષ્ણાત હતા. ધાર્મિક શાસ્ત્રોનું વાંચન ઘણું જ વિશાળ હતું. તેમણે નાના-મોટા અનેક પુસ્તકો લખેલા હતા. જેથી પંડિત લાલન એ નામથી પ્રસિદ્ધ હતા. વાંચન, અભ્યાસ અને મનનમાં ઘણા ઉત્સાહી હતા. ૯૨ વર્ષની ઉંમરે મારી પાસે એક નાના ઉત્સાહી, મહેનતુ અને ખંતિલા વિદ્યાર્થી જેમ યોગના સંસ્કૃત પુસ્તકો વાંચતા હતા. વાંચન વખતે તેમની નમ્રતા, વિનય, સરલતા અને લઘુતા જોઈને આપણું હૃદય શરમીંદુ બની જતું હતું.

તેઓ સાચા જીજ્ઞાસુ, ધર્મપ્રેમી, સરલ, તત્વચિંતક, તત્વશોધક અને સજ્જનતાની આદર્શ મૂર્તિ હતા. ષટ્દર્શનના સારા અભ્યાસી અને પ્રખરવક્તા હતા. યૂરોપ-અમેરિકાદિ પરદેશમાં પણ તેમણે પોતાની મીઠી ભાષામાં પાશ્ચાત્ય દેશના વિદ્વાન માણસોના હૃદયમાં જૈનધર્મનો અદ્ભૂત પ્રભાવ પાડ્યો હતો. કયાંયે પણ પોતાની માન્યતામાં ભૂલ જણાય તો ઘણી જ સરલતાથી તે ભૂલને સ્વીકારીને તરત જ સુધારી લેતા. કેમકે તેમનામાં કદાગ્રહનો અંશ પણ ન હતો. સરળતા અને ગુણગ્રાહીતાનો અપૂર્વ ગુણ તેમનામાં હતો.

સામાયિક વ્રત ઉપર તેમને ઘણો જ પ્રેમભાવ અને ધર્મશ્રદ્ધા હતા. તેમનામાં ક્રોધ, માન, માયા અને લોભાદિ કષાયો ઘણા જ મંદ હતા. ઉપશમ, વૈરાગ્ય, પ્રેમ, ભક્તિ

અને શ્રદ્ધાની જ્વલંત મૂર્તિ હતા. પરમ જ્ઞાની શ્રીમદ્ રાજચંદ્રજી અને વિશ્વવંદનિય મહાત્મા ગાંધીજી પ્રત્યે તેમને અપૂર્વ ગૌરવ, પ્રેમ અને સન્માન હતાં. સામાજીક, વ્યવહારિક, નૈતિક, રાષ્ટ્રિય, ધાર્મિક અને આધ્યાત્મિક સુધારાના તેઓ ઉચ્ચ અને આદર્શ સુધારક હતા. કોઇ પણ દર્શનની વ્યાખ્યા કરતા વા સમાલોચના કરતાં મધ્યસ્થતા, નિષ્પક્ષપાતતા અને વિધાયક શૈલીથી વ્યાખ્યા કરતા કે કોઇ પણ દર્શનના અનુયાયીને જરા પણ દુઃખ થતું ન હતું. તેઓશ્રી એમ કહેતા કે–એક થાળીમાં સો ખોટા કાચના કકડા સાથે એક જ સાચો હીરો પડેલો હોય અને આપણને કોઇ પૂછે કે આ થાળીમાં સાચો હીરો કયો છે ? તો અકેક કાચના કટકાને ઉપાડી ઉપાડીને આ કાચનો કટકો ખોટો છે, આ એ ખોટો છે એમ સો વખત કહેવામાં શ્રમ, શક્તિ અને સમયનો નિરર્થક વ્યય કરવો તે વિઘાતક ભાષાનું લક્ષણ છે. થાળી તરફ તેના કરતાં બારીક દૃષ્ટિથી જોઇને નિરીક્ષણ કરીને આ થાળીમાં ફક્ત હીરો એક જ આ જ છે એમ વિધાયક શૈલીથી કહેવામાં આવે તો પણ સમજનાર સુગમતાથી સમજી શકશે અને આપણો શ્રમ, શક્તિ અને સમયનો સાથે સાથે બચાવ પણ થશે.

જૈન સમાજને આવા વિદ્વાન, વયોવૃદ્ધ પંડિતની ઘણી જ ન પૂરાય તેવી ખોટ પડી છે. અનંત દયાળુ પરમાત્મા

તેમના આત્માને પરમ શાંતિ અપો. એટલું જણાવીને વિરમું છું.

લી૦ સ્નેહાધીન, સંત ચરણોપાસક,
પંડિત જયંતિલાલ જાદવજી
ના સ્નેહવંદન સ્વીકારશોજી.

(આ પત્ર લખનારનું નામ છે પંડિત જયંતિલાલ. તેઓ સંસ્કૃત સારૂં જાણે છે અને આગમના જાણુ છે. શ્રીમદ્ રાજચંદ્રના ભક્ત છે અને અનેક વક્તા છે.)

❖

૨૨

મુંબઇ તા. ૨૩-૪-૫૯

પૂજ્ય બાપુજી,

અથાગ શ્રમ વેઠીને આ ઉંમરે પંડિત શ્રી લાલનનું જીવન ચરિત્ર આપ પ્રગટ કરો છો એ ખરેખર ! યુવાનને પણ શરમાવે એવો આપનો અથાગ શ્રમ સૌ કોઈને આપની કર્તવ્ય પાલનતા માટે આપના પ્રત્યે આદર ઉત્પન્ન કરે એવી સત્ય હકીકત છે. મારા કમ ભાગ્યે સ્વ. પંડિતજીની સાથે રૂબરૂ મળવાનો પ્રસંગ મને સાંપડ્યો ન હતો છતાં એઓશ્રીની સુવાસ સમસ્ત જૈન આલમમાં પસરેલી હતી. એઓશ્રીએ કરેલ શાસનની પ્રભાવના સૌ કોઇની પ્રશંસા માગી લે છે, આપનો આ પ્રયાસ સફળ નીવડો. એવી શાસન દેવ પ્રત્યે અભ્યર્થના.

લી. આપનો ગુણાનુરાગી,
પ્રેમજી ઉકેડા શાહ
ના વંદન.

(આ પત્ર લખનાર સત્સંગના રસીયા છે, જિજ્ઞાસુ છે અને સેવા પ્રિય છે.)

ઈ

૨૩

તા. ૧૪-૪-૫૯

મુ, ભાવનગર મધ્યે શ્રીયુત સુધાકરભાઇ શીવજીભાઇની પરમાત્મા સદાય ચઢતી રાખે, કચ્છ કોડાયથી લી. આપનું શુભ ચાહનાર ભાઇ રવજી ખેરાજના ઘટીત વાંચશો, આપે શ્રી પંડિત લાલન સાહેબના જીવન ઉદ્‌ગારો વીષે ઉત્તમ યોજના રચી છે, તેમજ મારા સાથેનો થોડો અનુભવ છે તે આપ સુધારીને લખી લેશો.

" નીચે પ્રમાણે "

શ્રી પંડીતશ્રીજી એક તેજસ્વી પુરૂષ હતા. તેમનો ગરીબો કે તવંગરો પર સમાન ભાવ હતો. કચ્છ કોડાયમાં એઓશ્રી ઘણા વખત આવેલા. તેનું મુળ કારણ એ હતું કે અહીં સંસ્કૃતની પરાંગત વ્યક્તિઓ હતી. તેથી એમને મળવામાં આનંદ આવતો. મારો એઓની સાથે ઘણા વખતનો પરિચય હતો. જે વખતે એમના દેહ ત્યાગના સમાચાર મળ્યા ત્યારે કોડાયના ગૃહસ્થોને ઘણો જ શોક થવા લાગ્યો. તેમના માટે એક શોક સભા મારા પ્રમુખ પણે યોજાએલી ત્યારે ઘણાના દીલ અતીજ દુઃખાયા. એક વખત કોડાય આવ્યા ત્યારે બીમાર પડ્યા. ત્યારે મને તેમની સેવાનો મોકો મળેલ, તે માટે તેઓ ઘણા વખત યાદ કરતા.

જંગતમાં આવા મહાન નરો તો જવલેજ હોઇ શકે.

જીવનમાં જેને યાદગીરી મેળવવી હોય તેઓ હંમેશા આવા પૂજ્ય બાપુજીની માફક સારા કામો કરતા રહે તોજ જનતાને હંમેશા સાલ્યા કરે, આવા પ્રેમી પુરુષો હંમેશા જગતમાં જીવતા જાગતાજ ગણાય. વધુ શું એમનું વર્ણન કરું ? એઓ જરૂર કયાં ઉંચ ગતીમાં બીરાજતા હશે. પણ આપણને કોણ સંદેશો પહોંચાડે અસ્તુ.

લી૦ આપનો,
રવજી ખેરાજના સ્નેહવંદન સ્વીકારશોજી.

(આ પત્ર લખનારા ઘણા ભાગે કચ્છમાં જ રહે છે તેઓ વયોવૃધ્ધ છે સત્સંગના રસીયા છે, ગુણાનુરાગી છે અને સેવા પ્રિય છે.)

૨૪

મુંબઇ તા. ૨૦-૪-૫૯

પરમ ઉપકારી દયાળુ સન્માર્ગ દર્શક પૂજ્ય બાપુની સેવામાં,
ગોધા,

આપનો પત્ર પહોંચ્યો આનંદ થયો.

પૂજ્ય લાલન સાહેબમાં સરલતા ખૂબ હતી. નાના બાળકની પાસે પણ તેઓ આત્માની વાતો કરતા.

એક વખત એમની કામળી કોઇ લઈ ગયો તો કહે, હવે તે ઓઢશે.

ઘણા વરસ પહેલા હું મઢડે આવી હતી ત્યારે તેમની સાથે સામાયક કર્યું, તેમાં મને ખૂબ આનંદ આવ્યો.

આપના ઉપર તેમનો અંતરનો રાગ હતો. વારંવાર કહેતા કે શીવ તો મારો દિકરો છે, તે એક હજાર જેવો છે.

આપ પણ તેઓ જીવતા હતા ત્યારે તેમની દરેક જાતની ફીકર રાખતા અને તેમના મૃત્યુ પછી પણ તેમના જીવન ચરિત્ર માટે આટલી મહેનત કરો છો. માટે આપનું જીવ્યું ધન્ય છે, તેના જેટલા વખાણ કરૂં તેટલા ઓછા છે.

લી. બ્હેન દેવકાબાઇના નમન.

(આ પત્ર લખનારા બ્હેન દેવકાબાઇ કચ્છ નલીયાના વતની છે. વયોવૃદ્ધ છે, તેઓ ધર્મના પ્રેમી છે, સેવા પ્રિય છે.)



૨૫

મુંબઇ, તા. ૧-૫-૫૯

પૂજ્ય બાપુજીની સેવામાં,

ધોધાબંદર

આપનો પત્ર તથા તેની સાથે પૂજ્ય લાલનસાહેબની છપાવેલી પત્રીકા મળી. આપ એમનું જીવનચરિત્ર છપાવવા માગો છો એ જાણી હું ઘણો જ ખુશી થયો છું.

આપનો અને એમનો સંબંધ ઘણો જ ગાઢ હતો. અને તેઓ ગુણી અને સજ્જન પુરૂષ હોવાથી એમના ગુણની કદર તો જરૂર થવી જ જોઇએ. એ હિસાબે આપે જે વિચાર કર્યો તે પૂ. લાલનસાહેબના ગુણોની કદરરૂપે એમનું સન્માન છે. પૂજ્ય લાલનસાહેબના ગુણોનું વર્ણન તો મારા જેવાથી થઇ શકે જ નહીં. તેઓ બહારના દેખા-

વથી તેા ભલે ગૃહસ્થ હતા, છતાં અંતરમાં તેા તેઓ એક સંત-મહાત્મા હતા. જેઓ એમના પ્રસંગમાં આવ્યા હશે તેઓ એમના ગુણેાની કદર કરી શકે. તેઓ કેાઇપણ દિવસ પરની નિંદા કરતા નહીં. તેમના પ્રસંગમાં આવનારાઓને હું ભાગ્યશાળી માનું છું. પ્રભુ મરહુમના આત્માને ચીર-શાંતી અર્પે એવી પ્રભુ પ્રત્યે મારી નમ્ર અરજ છે. અમે સૌ કુશળ છીએ, આપશ્રીની કુશળતા ચાહું છું.

લી૦ આપના,
નરશીના સવીનય પ્રણામ સ્વીકારશેા.

(આ પત્રના લખનારા કચ્છ-વરાડીઆના વતની છે. તેમનામાં ઉત્સાહ છે, ઉદારત્તા છે, ચતુરાઇ છે. કેટલાક વર્ષોથી મુંબઇમાં વસે છે અને શેઠ વિસનજી માવજીની કંપની ચલાવે છે.

૮૭

૨૬

સં. ૨૦૧૫ ચૈત્ર સુદ ૩ શનિવાર
વડોદરા, તા. ૧૧-૪-૫૯

સાક્ષર-શિરેામણી શ્રી શિવજીભાઇ યેાગ્ય,
ભાવનગર.

સાદર જયજિનેંદ્ર. વિ. તમારી તરફથી, ઘેાઘાથી તા. ૩૧-૩-૫૯ ના લખાયેલું કવર-પત્ર પેાસ્ટે જ સાથે પહેાંચ્યું છે, તે માટે આભાર. જવાબમાં વિલંબ થવા માટે ક્ષમા કરશેા. પં. લાલન સંબંધમાં શું લખી શકાય ? તે માટે વિચાર કરી રહ્યો છું. સદ્‌ગત લાલનના વિશેષ પરિ-

ચયમાં હું આવી શકયો નથી. તેમ છતાં ભાવનગર, વડોદરામાં તેમના જાહેર પ્રવચનમાં હું હાજર રહ્યો હતો, તેવું સ્મરણ છે. 'સામાયિક' યોગ ઉપર તેમનું વક્તવ્ય હતું તેમ યાદ આવે છે. 'સદ્‌વક્તા બનો.' એવું પુસ્તક વાંચ્યાનું સ્મરણ થાય છે. તેમણે તેમની ૬૧ વર્ષની વયે મને ૨-૪ કાગળો લખ્યા હતા, જે અત્યારે મારી સામે નથી. એ કાગળો વડોદરા રાજ્ય તરફથી પહેલાં બહાર પડેલા અને પાછળથી અલભ્ય થયેલાં. પાતંજલ યોગ-દર્શન (મરાઠી ભાષાંતર સાથે) તથા સમાધિ શતક પુસ્તકો મેળવવા માટે હતા. આથી મ્હારા મન પર એવી છાપ પડી હતી કે વૃદ્ધાવસ્થામાં પણ તેમને સામાયિક, યોગ, સમાધિ જેવા આધ્યાત્મીક વિષયો પર ઉત્કટરૂચી હોવી જોઇએ. પત્રદ્વારા તેમની સરલતા પણ જણાતી હતી. આશા છે કે તમે તેમની જીવન-યાત્રાના પ્રસંગોનો જાણવા યોગ્ય પરિચય જગતને આપશો. તમારા જીવન-પ્રસંગો કુદરતી રીતે તેમની સાથે જોડાયેલા હતા.

આ કાર્યથી વિશેષ કૃતજ્ઞતા પ્રકાશમાં આવશે, તથા જૈન, જૈનેતર સમાજને તેમાંથી ઘણું જાણવવાનું મળી આવશે તેમ ધારૂં છું.

આપનો વિશ્વાસુ,

પં. લાલચન્દ્ર ભગવાન ગાંધી

(આ પત્ર લખનારા જૈન વિદ્વાન છે. તેઓ વડોદરામાં રહે છે અને જ્ઞાનનો પ્રચાર કરે છે.)

૨૭

ઘાટકોપર, તા. ૨૫-૪-૫૯

સ્નેહી શીવજીભાઇ,

પંડિત લાલન સાથે મેં પરિચય સાધ્યો. સને ૧૯૧૫ માં પ્રથમ તેમનું "સદ્‌વક્તા" પુસ્તક વાંચ્યું. પછી તેમને વારંવાર વક્તવ્ય આપતા સાંભળ્યા તેમનો પરદેશીઓ સાથેના પરિચયમાંથી જૈન તત્ત્વજ્ઞાન અને યોગ વિષે તેમણે તારવેલા સંસ્મરણો ઉપર ઘણી વખત રસ ભરી ચર્ચાઓ કરવાનો યોગ મને સાંપડયો હતો.

શ્રીમદ્ રાજચંદ્રના પુસ્તક વિષે તથા તેમના શિષ્ય મુનિ લઘુરાજજી વિષે ખૂબ પૂજ્ય ભાવપૂર્વકની રસીલી વાતો અમે કરી છે.

છેલ્લા વર્ષોમાં તેમણે આંખનું ઓપરેશન કરાવ્યા પછી થોડા દિવસ તેમની સેવાનો લાભ લેવાતથા અધ્યાત્મની ચર્ચા કરવાની તક મેં લીધી હતી. એ વખતે ઘાટકોપરમાં મ્હારા નિવાસ સ્થાને તેમના જીવન પ્રસંગોના નીચોડનો અનુભવ મને થયો હતો.

જૈનદર્શન ઉપરની તેમની મમતા ગુણાનુરાગી સ્વભાવ તથા સંસારમાં રહી નિર્લેપ અવસ્થા માણવાની તેમજ સહજ ઇચ્છા મારે મન તેમના પ્રત્યેનું મોટું આકર્ષણ હતું.

પંચાણુ વર્ષની વયે પણ તેઓ શરીર અને મનથી તરૂણ ભાસતા.

અથાગ પરિશ્રમ કરીને તેમણે અનેક શક્તિઓ કેળવી હતી છતાં તેઓ એક સાચા સંતને છાજે તેવી જીજ્ઞાસુ અવસ્થામાં રહેતા એ એમની મહત્તા હતી.

અધ્યાત્મ જીવનને ખીલવવા માટે તેમનો ઉત્સાહ જવાળામુખી જેવો જવલંત હતો. એવા પુરૂષનો સત્સંગ એ જીવનનો એક લ્હાવો છે.

તેમનું જીવન ચરિત્ર જનતા સમક્ષ રજુ થશે તો મહદ્ પુણ્ય કાર્ય કર્યું ગણાશે.

લી૰ સ્નેહી,
દુર્લભજી કેશવજી ખેતાણી
ના જયવીર.

(આ પત્રના લખનારા સ્થાનકવાસી સંઘના અગ્રેસર છે. તેઓ ઘાટકોપરમાં રહે છે. સમયના જાણુ છે, તેઓ ગુણાનુરાગી છે અને સેવાપ્રિય છે.)

ø

૨૮

પાલીતાણા તા. ૫-૪-૫૯

પરમ પૂજનીય, શિવજીભાઇની પવિત્ર સેવામાં,

આપશ્રીનો કૃપા પત્ર મળ્યો. વાંચી આનંદ થયો છે. સંત સદ્‌ગુરૂ લાલનસાહેબના સત્સંગ સમાગમ, સંભાષણો, વાર્તાલાપનો લાભ લગભગ આ સેવકે ચાલીશ સુધી લીધો છે. તેઓ ગૃહસ્થ યોગી હતા. આબાલવૃદ્ધ સૌના આત્મ-પ્રિય પિતા હતા. પ્રિય અને મધુરવાણીનો અસ્ખલીત પ્રવાહ તેમના સિવાય ઓછા વક્તાઓમાં જોયો છે.

પાલીતાણામાં વીરશાસન આનંદ સમાજની સ્થાપના સમયે ચાર ચાર દહાડા ધાર્મિક પ્રવચનો, સ્તવનો, ભજનોનો લાભ પાલીતાણાની પ્રજાએ પ્રેમભાવે લીધો છે. તદુપરાંત કાઠીયાવાડ રાજકીય પરિષદના પિતા શ્રીમાન્ મનસુખલાલભાઇ રવજીભાઇ સાહેબના સાનિધ્યે પાલીતાણા ટેનીસ ક્લબમાં ચાર દહાડા સુધી સદ્‌ગુરૂ લાલનસાહેબના તેમજ શ્રીમાન્ મનસુખલાલભાઈના સંભાષણો અદ્‌ભુત વક્તૃત્વ શક્તિ વાળા સાંભળી પાલીતાણાની પ્રજાએ ખૂબ લાભ લીધો. આ સિવાય સદ્‌ગુરૂ લાલનસાહેબ પાલીતાણે પધારતા ત્યારે ત્યારે શેઠશ્રી નરશી નાથાની ધર્મશાળાના માથેના રૂમમાં મુનીમ શ્રી સોજપાળભાઇ તેમજ પાલીતાણાના સુપ્રસિદ્ધ-વક્તા પંડિતજી જયંતીલાલભાઇ મારફત અનેક વખત લાભ લીધો છે.

શ્રી વડોદરા શ્રેયસ સાધક અધિકારી વર્ગના સદ્‌ગુરૂ ઉપેન્દ્ર ભગવાન તેમજ શ્રીમાન્ માસ્તર સાહેબ છોટાલાલ જીવનલાલ શ્રી વિશ્વવંદ્યના સાધન સમારંભોમાં શ્રી ગુમાનદેવ, ડુમસ, કરનાલી, માંડવી, તલસાડા આ સમારંભોમાં સદ્‌ગુરૂ લાલન સાહેબ પધારતા હતા અને તે સમારંભોમાં લાલન સાહેબના ભાષણોથી સાધક સમુદાય ખૂબજ પ્રભાવીત બનતા આનંદ કરતા હતા.

તેઓશ્રીની ભાષણ કરવાની કળા, હાવ-ભાવ, કુદકે અને ભુસકે દોડવા માફક ભાષણો સાધક સમુદાયને આનંદ આપતો હતો, શ્રીમાન્ સદ્‌ગુરૂ ઉપેન્દ્રભગવાન તેમજ શ્રીમાન્

માસ્તરસાહેબ છોટાલાલભાઇ (વિશ્વવંદના) તે તરફ લાલનસાહેબનો ખૂબજ આદરભાવ અને માનની લાગણી ધરાવતા હતા. અને સમગ્ર સાધક સમુદાય, લાલનસાહેબ આ બન્નેને મુખ ઉપદેશક તરીકે માનતા અને પૂજ્યભાવ રાખતા હતા. એવા એ મહાન સદ્‌ગુરૂનું સ્મરણુકરી પાવન થઇએ છીએ.

છેલ્લે છેલ્લે પાલીતાણામાં ધાર્મિક પ્રવૃત્તિ ગૌણ બનતી ગઇ અને રાજકીય પ્રવૃત્તિ પ્રધાન્ય બનતી ગઇ. તેવા પ્રસંગે પણ લાલનસાહેબે પાલીતાણાની પ્રજાને ધર્મ, અર્થ અને મોક્ષ માટે પણ રાજકીય સંબંધો શી રીતે મેળ ખાય. બાદી, અસ્પર્શતા અને માનવ સેવા એજ પ્રભુસેવા છે. એવા ઉત્તમ ભાષણો આપી સૌને સ્વધર્મ સમજાવ્યો છે.

એવા પવિત્ર સંત સરળ સાધુ સ્વભાવના લાલન-સાહેબ જેવી વિરલ વ્યક્તિના દર્શન દુર્લભ છે. પરમાત્મા એવા પરમ પવિત્ર સંતના ચરણો કમળમાં હર હંમેશ સેવક તરીકે રાખે એવી ભાવના રાખતો–

સંતના ચરણુનો સેવક,
પોપટલાલ માસ્તર
ના ભક્તિ અને પ્રેમવડે દંડવત સ્વીકારશો.

(આ પત્ર લખનારા પાલીતાણાના વતની છે, બ્રાહ્મણ છે. સત્સંગ અને સેવાના રસીયા છે. રાજા અને પ્રજાના પ્રિય છે. ભક્ત છે તેમનામાં શ્રદ્ધા છે, ભક્તિ છે.)

★

૨૯

કોડાય, તા. ૧૦-૪-૫૯

પૂજ્ય બાપુજી,

આપ પૂજ્ય બાપુજી લાલનસાહેબનું જીવનચરિત્ર લખવાનું શરૂ કર્યું છે એ ખૂબ અગત્યનું કાર્ય છે. કારણ કે આપણા સમાજમાં એ એક ઉમદા મહાપુરૂષ પાકયા હતા. જેમના કંઈ પણ સંસ્મરણો ન હોય તો પરિચયમાં આવ્યા સિવાયનો સમાજ એમની ઓળખથી વંચિત જ રહે. એટલે આપે આ કાર્ય આરંભ્યું છે તે તેઓશ્રીના તરફ આપની અન્યય ભક્તિથી પ્રેરાઇને આ અવસ્થાએ પણ સમાજની મોટામાં મોટી સેવા આદરી છે.

હું કોડાય આવી ત્યાર બાદ એકાદ વર્ષે એટલે સં. ૧૯૯૨ ની સાલમાં પૂ. બાપુજી લાલનસાહેબ કોડાય પધાર્યા, તે સમયે હું તો તેમનાથી તદ્દન અપરિચિત હતી. પરંતુ એમના માટે તો કોઇ અપરિચિત જ ન હતું. એટલે થોડા સમયમાં જ એમની મધુર ભાષા, પવિત્ર અને નિર્વિકાર મનોવૃત્તિથી તેમના તરફ આકર્ષાઇ અને એમની ધર્મપુત્રિ તરીકેનું કાયમી સ્થાન મેળવ્યું, ત્યારથી એ તો મને 'મધુર' કહીને જ સંબોધતા. એ સમયે હું પૂ. કુ. પાનબાઇ પાસે સંસ્કૃત કાવ્યોનો અભ્યાસ કરતી હતી. બીજી પણ મારી સહાધ્યાયી બહેનો હતી. પૂ. બાપુજીને વિદ્યાર્થીઓ તરફ તો અપાર પ્રેમ હતો, અમારા અભ્યાસના અનુસંધાનમાં જ અમને એમણે સંસ્કૃત શીખવવાનું શરૂ કર્યું સાથે મને અને બીજી બહેનોને અંગ્રેજી શીખવા કહ્યું. તે

સમયે હું એ લીપી પણ જાણતી ન હતી. એટલે મેં અંગ્રેજી શીખવા ના પાડી કે મને એ આવડશે નહીં. તો પૂ. બાપુજીએ કહ્યું " અરે દીકરા તું જો તો ખરી અને મારા પર વિશ્વાસ રાખ કે થોડા સમયમાં તને અંગ્રેજી વાર્તા વાંચતાં શીખવી દઇશ " મને પોતાના પર વિશ્વાસ ન હતો પણ એઓશ્રીના નિઃસ્વાર્થ પ્રેમ અને ભલી ભાવનાને વશ થઇ એમનું કથન સ્વીકાર્યું, તો એમણે એ પૂરવાર કરી આપ્યું કે બે માસની અંદર હું રસપૂવક વાર્તાઓ વાંચતી થઈ ગઈ. એ કંઈ મારી બુદ્ધિ કે મહેનતનો પ્રતાપ ન હતો. પણ પૂ. બાપુજીની સતત અથાગ મહેનત અને પ્રેમ ભરી એક નિરાળી શિક્ષણ પદ્ધતિનું પરિણામ હતું ચોવીશ કલાક સંપર્કમાં હોતાં પૂ. બાપુજીની આખી દિનચર્યા જાણ બ્હાર ન હતી. એમનું પવિત્ર મન સદા ચિંતનશીલ રહેતું. તે સમયે એઓ પોતાને ૮૩ વર્ષના તરૂણ માનતા. ખરેખર યુવાનોને શરમાવે એવા એમના અદમ્ય જુસ્સા અને આત્મનિષ્ટસાત્વિક દિનચર્યાથી ખૂબ ઉત્સાહ અને પ્રેરણા મળી છે.

તે સમયના એઓશ્રીના ત્રણ મહીનાના વસવાટ દરમ્યાન બીજા અનેક ધાર્મિક, અધ્યાત્મિક દ્રષ્ટીવાળા સત્સંગી ભાઇ-બ્હેનો અને સાધુ-સંતો એમના પાસે જ્ઞાન ધનનો લાભ લેવા આવતા. તે સૌને પૂ. બાપુજી પોતાની રસપ્રદ શૈલીથી ઉદાહરણો આપી આત્મસંતોષ પમાડતા.

પૂ. બાપુજીની અહીંથી વિદાય સૌને વસમી લાગી પણ એમનો અડગ નિશ્ચય કોઇ હઠાવી ન શકે. એજ વર્ષના ઉનાળામાં હું અને પૂ. બ્હેનશ્રી પાનબાઇ પાલીતાણા

મઢડા તરફ આવ્યા ત્યારે ત્યાં આપશ્રીને ખબર મળ્યા કે, પૂ. લાલનસાહેબ યુરોપની મુસાફરીએ જાય છે. એમનું જીર્ણ શરીર ૮૪ વર્ષની અવસ્થા અને યુરોપની મુસાફરીનો વિચાર કરતાં આપશ્રીનું તો તે વખતે જાણે લોહી જ ઉડી ગયું ને દિગ્મૂઢ જેવા બની ગયા. ખૂબ આઘાત લાગ્યો. અમે આપને કહ્યું કે " આપ પૂ. બાપુજી લાલનસાહેબ પાસે જઇ તેમને સમજાવીને ત્યાં જતા અટકાવો " પણ આપને તો પુરી ખાત્રી હતી કે, પૂ. બાપુજીના નિશ્ચયને ફેરવવા કોઇનામાં તાકાત નથી. એઓ યુરોપ ગયા અને એ યાત્રા પુરી કરીને સહી સલામત રીતે આપણી વચ્ચે પાછા આવી ગયા.

સંવત. ૧૯૯૬ ની સાલમાં ફરી પૂ. બાપુજી કોડાય પધાર્યા. તે સમયે મુનિ વિદ્યાવિજયજી પણ મહિનો દિવસ રોકાયા હતા. ત્યારે અહીંના જનસમુદાયને ધાર્મિક પ્રવૃતિમાં જોડવા સતત ઉપદેશ આપતાં અને સામાયિક વગેરે શુભ પ્રવૃત્તિઓ કરવા કરાવવા સદા અપ્રમતપણે મંડયા રહેતા. આટલી વૃદ્ધઅવસ્થાએ જરા પણ ગ્લાની કે થાક ન અનુભવતા

સં. ૧૯૯૮ ની સાલમાં પૂ. બાપુજી અમદાવાદ હતા ત્યાં એમને એપેન્ડીસાઇડની વ્યાધિ થઇ અને આપશ્રીને મઢડા તાર આવ્યો અને તુરત જ રવાના થવાની તૈયારી કરી. હું પણ ત્યાં હતી, અને પૂ. બાપુજીને મળવા ઇચ્છા બતાવીને તૈયાર થઈ. સાથે પારોલાવાળા માણેકજીભાઇ પણ આવ્યા. આપણે ત્રણે અમદાવાદ પહોંચ્યા અને પૂ. બાપુજીને મળ્યા. ત્યારે એમને પેટમાં સખ્ત દર્દ થતું હતું. એ જોઇ

આપથી તેા ત્યાં બેસી ન શકાયું આપ તેા ડેાકટરેાને મળી તુરત ઉપચાર થાય અને જલદી દર્દ કેમ મટે તેની દેાડાદેાડમાં પડયા. અને હું પૂ. બાપુજી પાસે રેાકાઇને એમના પેટમાં જ્યાં દર્દ થતું હતું ત્યાં મારેા હાથ રાખી સતત બેસી રહી. ત્યારે પૂ. બાપુજી વારેઘડીએ બેાલતા કે " દીકરા મધુરી તારા હાથે તેા મારૂં દર્દ ઓછું કરી નાખ્યું છે અને મને ખૂબ આરામ મળ્યેા છે. " ત્યારબાદ આપે મહિનેા દિવસ ત્યાં ખડે પગે ઉભા રહી શકય તેટલા ઉપાયેા કરી પૂ. બાપુજીને વ્યાધિ મુક્ત અને સાજાસમા કરવાનેા યશ મેળવ્યેા. અને પિતા-પુત્ર તરીકેના સંબંધને વધુ મહેાર મારી. સંવત. ૨૦૦૪ ની સાલમાં પૂ. કુ. પાનબાઇ અને હું અમારી આંખેાના ઓપરેશન કરાવવા મુંબઈ ગયેલા. તે સમયે પૂ. બાપુજીને થેલી અર્પણ કરવાની વિધ થઇ હતી. ત્યારે એમની બાહ્ય દ્રષ્ટિનેા લેાપ થયેા હતેા. અમે એઓશ્રીને મળ્યા. ત્યારે એમણે કહ્યું કે " ભગવાને મારા માટે બહુ સારૂં કર્યું છે, જે મારા ચર્મચક્ષુ બંધ કરી અંતરચક્ષુ ઉઘાડી આપ્યા છે. નહીં તેા હું પુસ્તકેાનેા જ કીડેા બની રહેત. પણ ચિંતન મનન માટે સમય ન મેળવત. " આવુ સુલટું અને સીધું પ્રણમાવનારા બહુ વિરલા હેાય છે.

ત્યારબાદ તેા થેાડા વર્ષે જ કાળના નિયમ પ્રમાણે પૂ. બાપુજી ક્ષણભંગુર અને જર્જરિત દેહનેા સંગ છેાડી આપણી વચ્ચેથી ચાલ્યા ગયા છે. પણ એમણે પેાતાનું જીવન ' વસુધૈવ કુટુંબકમ્ ' માનીને સમાજમાં જે જ્ઞાન અને સુસંસ્કારેાના બીજ વાવી નિસ્પૃહભાવે ઉચ્ચ સેવા કરી છે

જેથી પોતે અમર બનીને પોતાના અનુરાગીઓ માટે સુંદર બોધપાઠ આપી ગયા છે.

વાસના અને વિકારો રહીત બાળક જેવું પવિત્ર અને નિર્દોષ જીવન જીવનાર અને દુન્યવી આશા, પિપાસાઓથી નિર્લેપ રહેનાર એવા એ મહા પુરૂષને મારા આત્માભાવે કોટીશઃ હૃદય વંદન હો.

લી૦ અજ્ઞબાળા,
મિઠાંના હૃદયવંદન.

(આ પત્રના લખનારા બાલ વિધવા છે, તેમનું નામ છે મીઠાબાઇ સંસ્કૃત–ગુજરાતી અને હિન્દીના જાણનારા છે. કચ્છ કોડાયના સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં વર્ષોથી રહે છે. કચ્છની સરોજની બહેનજી પાનબાઇને માતા સમાન ગણે છે.

ø

૩૦

પ્રથમ પરિચય

તા. ૧૬–૪–૫૯
સોનગઢ મહાવીર ચારિત્ર રત્નાશ્રમ,
મુનિશ્રી કલ્યાણચંદ્રજી

શ્રી લાલન સાહેબના આત્મ–પ્રેમથી આકર્ષાઇને એમને પ્રસિદ્ધિમાં લાવનાર એમના ધર્મપુત્ર શ્રી શિવજીભાઇ સાચા ગુણગ્રાહક છે. લાલન સાહેબના અવસાન પછી પણ એમના પ્રત્યેની પોતાની ફરજ અદા કરવા તત્પર બનેલા શ્રી શિવજીભાઇને ખરેખર ધન્યવાદ ઘટે છે.

વિક્રમ સંવત ૧૯૫૭ ની સાલમાં શ્રી શિવજીભાઇ એમને પહેલ વહેલા કચ્છમાં લાવ્યા. એ વખતે નાગલપુર કોડાય વગેરે કચ્છના અનેક ગામોએ એમની આધ્યત્મિકતા અને વિદ્વતાનો લાભ લીધો. ઢેરાવાસી તેમજ સ્થાનકવાસી સાધુ-સાધ્વીઓએ પણ એમનો લાભ લીધો. માત્ર હું જ પ્રત્યક્ષ એમના સમાગમમાં આવી શકયો નહીં. પરંતુ એમની પ્રશસ્તિના અનેક શબ્દો મારા કાનપર પણ અથડાતા હતા અને પરિણામે એમના પ્રત્યેનું આકર્ષણ વધતું જતું હતું. એ વખતે એમની એક છબી નીચે વાંચેલા એમના શબ્દો આજે પણ મારા અંતર પટ પર કોતરાઈ રહ્યા છે. આ હતા એ શબ્દો.

મને કોઇ કહેતું જગત ખોટું, તેતો મેં હવે જાણ્યું,
મને કોઇ કહેતું જગત સાચું, તે પણ મેં હવે જાણ્યું.
કદી ખોટું તો મારે શું ? કદી સાચું તો મારે શું ?
નથી થાતું નથી જાતું, હું માં હું સમાયો છું.
અખંડ આ સ્થિર જ્યોતિમાં,
નથી થાતું નથી જાતું.

શ્રી લાલનના ઉપર્યુક્ત શબ્દો એમની આધ્યાત્મિક ભાવનાની ઝાંખી કરાવી જાય છે, આ શબ્દોએ મારા મન ઉપર પણ ઉંડી અસર કરેલી. એમ છતાં એ વખતે મારી અને એમની પ્રત્યક્ષ મુલાકાત ન થઈ તે નજ થઇ પરંતુ એમની સાદાઈ અને સરલતાની વાતોથી એમના પ્રત્યેનો મારો ભાવ તો વધતો જ ગયો. અને મારી આ ભાવનાને

મારા અંગત મિત્ર શ્રી શિવજીભાઇ દ્વારા દિન પ્રતિદિન વધુને વધુ પોષણ મળતું રહ્યું.

ત્યાર પછી તો શ્રી લાલન સાથે મારો પરિચય પણ જામી ગયો. અમારા પહેલા જ પરિચયનો જામનગરનો એક પ્રસંગ આજે મને યાદ આવે છે.

વિક્રમ સંવત ૧૯૭૨ ની સાલમાં હું પહેલ વહેલો જ જામનગર ગયો, એ જ દિવસે ગોંડલ સંઘાડાના આંબાજી મહારાજ એક સાધ્વીને મોટી દીક્ષા આપવા માટે લોકાના અપાસરામાં જતા હતા, ત્યાં મને પણ પોતાની સાથે લઇ ગયા. દીક્ષાનો કાર્યક્રમ સંપૂર્ણ થતા એમણે મને કંઇક બોલવા કહ્યું, મેં ના પાડી એટલે એમણે પોતે જ બોલવાની શરૂઆત કરી. બરાબર એજ વખતે શ્રી લાલન પણ આવી પહોંચ્યા. મેં પ્રથમ જ એ વખતે એમને જોયા, અને સાંભળ્યા. આંબાજી મહારાજે અને અન્ય ભાઇઓએ એમને કંઇક બોલવાનું કહ્યું. લાલન ઉભા થયા અને એમની પદ્ધતિ પ્રમાણે પા કલાક લગભગ બોલ્યા. એમના પ્રવચનમાં એમણે આપણા સાધુ-સમાજની ભારે પ્રશંસા કરી અને એમને ભગવાન મહાવીરના 'વાઇસરોય' તરીકે બિરદાવ્યા એ વખતે 'વાઇસરોય' શબ્દ અતિ મોટી પદવીનો સૂચક મનાતો.

હું પણ એ વખતે સંપૂર્ણ સાધુ-વેશમાં હતો. મને શ્રી લાલનની આ સરખામણી ગમી નહીં. હું એ દિવસે કંઇપણ ન બોલવાનો હતો, છતાં મનમાં ઉઠેલા કોઇ આવે-

શને લીધે ઉલો થયો અને બરાબર પોણો કલાક મારી પદ્ધતિ પ્રમાણે બોલ્યો. મારા બોલવાનો મુદ્દો એટલો જ હતો, કે આજના સાધુઓ મહાવીરના ' વાઈસરોય ' નહિ, પરંતુ એમના શાસનનું વાસીદું વાળનાર છે. મારા વક્તવ્યથી શ્રી લાલન ખૂબ ખુશી થયા, અને ત્યાર પછી દરરોજ મારા વ્યાખ્યાનમાં આવવા લાગ્યા. પછી તો અમારો પરિચય દિવસે દિવસે ગાઢ થતો ગયો અને એમની હયાતી સુધી અમારો એ મીઠો સંબંધ કાયમ રહ્યો.

કલ્યાણચંદ્રજી

(આ પત્ર લખનારાને સમગ્ર જૈન પ્રજા જાણે છે. તેઓશ્રી મહાવીર જૈન ચારિત્ર રત્નાશ્રમના સ્થાપક અને સંચાલક છે. તેઓ ઘણા ભાગે સોનગઢમાં રહે છે, તેમના માટે કચ્છના સંતોમાં ભાઇશ્રી કારાણી લખે છે કે સૌરાષ્ટ્ર અને કચ્છની જનતા જેમને ' બાપા ' ના માનનીય નામથી બિરદાવે છે તે ' શ્રી મહાવીર જૈન ચારિત્ર રત્નાશ્રમ સોનગઢ ' ના સંસ્થાપક અને સંચાલક શ્રી કલ્યાણચંદ્રજી બાપા માત્ર કચ્છ, કાઠિયાવાડમાં જ નહિ પરંતુ સમગ્ર ગુજરાતમાં એક મહાન વિભૂતિ તરીકે વિખ્યાત છે.)

ø

૩૧

એક પ્રવચન–બીજ

તા. ૫–૫–૫૯

ચુનીલાલ વ. શાહ

મહાનુભાવ પંડિત ફતેહચંદ લાલનનું લેખન મેં ઠીક ઠીક પ્રમાણમાં વાંચ્યું છે. તેમના જીવન વિષે ખૂબ

જાણ્યું છે. પરંતુ તેમનો પ્રત્યક્ષ પરિચય માત્ર બેવાર થયો છે. એક તો આજથી ૪૦–૪૫ વર્ષ પૂર્વે તેમના એક-પ્રવચનના શ્રોતા તરીકે અમદાવાદમાં અને બીજો અગાસ ખાતેના તેમના ઉતારાના એકાન્ત ખંડમાં. આજે એ બેઉ પ્રસંગો દૃષ્ટિની સામે આવીને ઉભા રહે છે.

અમદાવાદની વીસાશ્રીમાળીની વાડીમાં પંડિત લાલનનું એક પ્રવચન ગોઠવાયું હતું. થીઓસોફિકલ સોસાયટીના ઉપક્રમે તે કોઇ તાત્વીક વિષય પર બોલવાના હતા. શ્રોતૃવર્ગ કેવળ જિજ્ઞાસુઓનો હોઇ પ્રમાણમાં નાનો હતો, પણ પ્રવચન સાંભળવામાં દત્ત ચિત્ત બની ગયો હતો.

અમેરિકામાં અને ઇતર દેશોમાં ભ્રમણ કરીને પંડિત લાલને જે કાંઇ નવું જોયું, જાણ્યું અને વિચાર્યું હતું તે શ્રોતાઓને આપવા તે હમેશાં ઉત્સુક રહેતા. જૈન દૃષ્ટિ સાથે પાશ્ચાત્ય દૃષ્ટિનો સમન્વય થાય એવા વિચારો તે દર્શાવતા અને દૃષ્ટાંતો આપતા.

એ પ્રવચન દરમ્યાન તેમણે આપેલું એક દૃષ્ટાંત આજે બરાબર સાંભરે છે. કારણ કે તે દ્વારા તેમણે જે દૃષ્ટિ આપી હતી તે દૃષ્ટિ તેજ ક્ષણે મારા ચિત્તમાં કોઇ દૈવયોગે વજ્રલેપ થઇ ગઈ હતી.

દૃષ્ટાંત અને પ્રવચન આ પ્રમાણે હતાં.

એક અમેરિકન બાઇએ એક વાર લાલનને મળવા માટે મિત્રોનો મેલાવડો યોજ્યો એક બાજુએ લાલનને માટે બેસવા ખુરશીને સામે મેજ હતું. મેજ પર શાહીનો

ખડીયેા અને પેન તથા કાગળ હતાં. નીચે સુંદર-ગાલીચેા બીછાવ્યેા હતેા. સામે હારબંધ ખુરશીઓ પર મળવા તથા લાલનનું પ્રવચન સાંભળવા આવેલા સંખ્યાબંધ મિત્રેા બેઠા હતા.

પ્રવચન શરૂ થાય તે પહેલાં કેાઇનેા હાથ અડકવાથી મેજ પરનેા શાહીભર્યો ખડીયેા ઉછળી નીચે પડ્યો. સુંદર ગાલીચા પર શાહી ઢળી અને છેડા પર મેાટેા ડાઘ પડ્યો. ગાલીચેા મૂલ્યવાન હતેા. તે બગડ્યો તેથી બાઇને એટલું બધું લાગી આવ્યું કે તેની આંખેામાં આંસુ ભરાઇ આવ્યા.

લાલને તેજ પ્રસંગ ઉપર મિત્રેા સમક્ષ પ્રવચન કર્યું.

મિત્રેા! આવેા સુંદર ગાલીચેા અને તે પર શાહીનેા ડાઘ પડ્યો તેથી બહેનને બહુ દુઃખ થયું અને મને પણ દુઃખ થાત પણ ના, મને એનું દુઃખ લાંગતું નથી! અને બહેન! તમે શા માટે દુઃખ માનેા છેા? આવડા? મેાટા ગાલીચાના છેડા પર એક ડાઘ પડ્યો, એ ડાઘ ગાલીચાના વિસ્તારના સેામા ભાગ જેવડેાયે નથી. નવ્વાણુ ટકા ગાલીચેા તેા તેવેાને તેવેા જ સુંદર છે! એ ડાઘ શા માટે જોવેા અને બાકીનેા સુંદર ગાલીચેા ન જોવેા? કેવળ ડાઘ જોવેા અને દુઃખ લગાડવુ એ મિથ્યા છે. ભ્રમ છે. જીવનમાં પણ એવેા જ ભ્રમ માણસને પીડનારેા અને છે. જીવનમાં સંકટ આવ્યું કે માણસ રડી ઉઠે છે. અરેરે મારૂં જીવન બગડ્યું, મારી જિંદગી એળે ગઇ! નહિ નહિ, ભાઇલા! જિંદગી પર માત્ર એક ડાઘ પડ્યો છે,

બાકીની બધી જિંદગી સુંદર થવા નિર્માયેલી છે. તે આપણા હાથમાં છે, તેથી તે એળે નથી ગઇ ! તે આશા ભર્યા જીવન પટ પર નાના સરખા કષ્ટનો ડાઘ શા હિસાબમાં છે ? કેવળ એક ડાઘ પર દૃષ્ટિ રાખીને આખા જીવન પટને નકામું કે નિષ્ફળ માનવું એ જૂઠાણું ન લેખો તો ભ્રમતો જરૂર માનો ! ગાલીચાના એક ડાઘવાળા ટુકડાને કાપી કાઢો, અથવા એ ડાઘ પર એવા જ રંગનું અસતર ચોડી દો, નજર સામેનો ડાઘ દૂર થઇ જશે ! હણાયેલો ઉત્સાહ નવે સરથી પ્રગટ થશે. એક ડાઘને કારણે અવશેષ સુંદર વસ્તુને બગડેલી માનવીએ મિથ્યા દૃષ્ટિ છે. હાથમાંની સુંદર વસ્તુનો સદુપયોગ કરવાની આપણી શક્તિની એ અવગણના છે.

આ દૃષ્ટાંત અને તે ઉપરથી તેમણે શ્રોતાઓમાં વાવેલું બોધબીજ મારી ચિત્ત ભૂમિમાં તે જ ક્ષણે અરેખર વવાયું અને ઉછરી ગયું ! તે પ્રવચન સાંભળ્યાને ત્યાર પછી વર્ષો વહી ગયાં છે, એ બોધ બીજ કોઇ અસાધારણ કે અલૌકિક પ્રકારનું કે અભૂતપૂર્વ નહોતું છતાં તે ચિત્તમાં સજ્જડ ચોટી ગયું છે તે હકીકત છે.

દુઃખાનુભવ, અણધાર્યું કષ્ટ, ગ્લાનિજનક પ્રસંગો કેટલીકવાર આવી ગયા છે. અને ઉભરાયા છે. ત્યારે એ પ્રવચન બીજ તરી આવીને ચિત્તને શાંત્વન આપનારૂં બન્યું છે. એ કોઇ યોગાનુયોગ હો કે દૈવયોગ હો, પણ મારે માટે તો પંડિત લાલનનું એટલું નાનકડું પ્રવચન બીજ અનેરૂં જીવનસંસ્મરણ બની ગયું.

અવસાનપૂર્વે ત્રણેક વર્ષે પંડિત લાલન મને અગાસના રાજચંદ્ર આશ્રમમાં અચાનક મળેલા. એક કલાક સુધી અમે જૂના યુગનાં સંસ્મરણો અને નવા યુગના પ્રશ્ન ઉપર વિચાર વિનિમય કર્યો હતો. અનેક મિત્રોને સંભાર્યા હતા. તે કાળે તેમની આંખો બરાબર કામ આપતી નહોતી. પણ અહો, એમની વાણીમાં ગાજતો ઉત્સાહ! યૌવન કાળનો જ એ ઉત્સાહભર્યો વાણી પ્રવાહ હતો, એ જ પ્રવચન ધારા જાણે વહી રહી હતી અને એ જ સ્મરણો જાણે તાજાં થતાં હતાં.

ચુ. વ્ર. શાહ, ગિરધરનગર.
અમદાવાદ. ૪

(આ પત્ર લખનારનું નામ છે. ચુનીલાલ વરધમાન. તેઓએ ઘણા વર્ષ સુધી અમદાવાદમાં પ્રજા બંધુમાં કામ કર્યું છે. તે પછી તેમણે અનેક પુસ્તકો લખ્યા છે. તેમની કલમમાં આકર્ષણ છે.)

❁

૩૨

મુંબઈ, તા. ૫-૫-૫૯

મારી દૃષ્ટિએ પંડિત લાલનસાહેબ

પંડિત લાલનસાહેબનું પુરૂં નામ ફતેહચંદ કપુરચંદ હોવા છતાં જૈન અને જૈનેતર સમાજમાં તેઓ પંડિત લાલન તરીકે મશહૂર હતા, એટલું જ નહીં પણ એ નામ હાર્દિક ઉમળકાથી બોલવામાં આવતું હતું. તેઓશ્રી પણ ફ. ક. લાલન તરીકે જ સહી કરતા. તેઓશ્રીની સ્મૃતિ

ભાવિ પેઢી માટે ખરેખર આશીર્વાદરૂપ છે. તેઓના પરિચયમાં વધારે સમય આવવાનું બની શક્યું નથી, છતાં જે કેટલાક પ્રસંગો સાંપડ્યા છે એ મારા જીવનમાં માઇલ્ સ્ટોનરૂપ નિવડ્યા છે.

પાયધુની ઉપર આવેલ માંગરોળ સભાના હોલમાં તેઓશ્રીનું ભાષણ સાંભળી, વક્તૃત્વ શક્તિ ખીલવવાની મને પ્રેરણા પ્રાપ્ત થઇ. એ પછીથી 'વક્તૃત્વ કળા' ઉપરનું તેમનું લખાણ વાંચી એમાંથી જે સુંદર માર્ગદર્શન પ્રાપ્ત થયેલ છે એ મારા જીવન ઘડતરમાં બીજરૂપ હોવાથી હરગીજ ભુલી શકાય તેમ નથી. આજે મારામાં લખવાની કે ભાષણ આપવાની જે કંઇ શક્તિ દૃષ્ટિગોચર થાય છે એમાં સબળ અવલંબનરૂપ તેઓશ્રીની ભાષણ આપવાની કળા અને વિષયને સમજાવવાની આવડત, તેમજ સ્પષ્ટ છણાવટ છે. નવા જિજ્ઞાસુઓને તેઓ સરળપણે અને સાદી ભાષામાં લેખન તેમજ વિવેચન સંબંધમા માર્ગદર્શન આપતા, થતી ભુલો સુધારતા અને ખભો ઠોકી આગળ વધવાની હિંમત આપતા. ઘણીવાર કહેતા કે-કવિ જન્મે છે પણ ભાષણકાર કે વક્તા તો અભ્યાસના બળે જ તૈયાર થાય છે. શિખાઉની નિરાશાને ઉરાડવા, જરા મ્હોં મલકાવી, હાસ્ય કરી જોરથી પોકારતા કે-ભલાભાઇ ! નીતિકારો કહે છે-કે અભ્યાસવડે સર્વ કંઇ સધાય છે. ધ્યાન અને મૌન પણ એના વડે જ કરાય છે, અરે મુક્તિ પણ એ મેળવી આપે છે, તો વક્તૃત્વની સાધના થાય એમાં શી નવાઇ ! કરોળીયાની માફક ઉદ્યમ જારી રાખવો.

ભાગ્યે જ કોઇ એવી સભા, જયન્તિ કે અન્ય પ્રકારનું સંમેલન હશે, અને એ વેળા તેઓ મુંબઈમાં હાજર હશે તો આવ્યા વગર રહ્યા હશે. હાજર હોય તો એમને સૌ કોઈ સાંભળવા આતુર બને. તેઓ પણ સમય જોઈને કંઈક નવું સંભળાવે. તેમનું આ કાર્ય જીવનના અંત સુધી ચાલુ રહ્યું હતું એમ કહેવામાં અતિશયોક્તિ નથી. હરવા-ફરવાની અને બોલવાની શક્તિ હતી ત્યાં સુધી એકાદ સૈનિકને છાજે તેવી ઢબથી તેમણે સમાજને પોતાના અભ્યાસનો લાભ આપ્યો છે. એકત્ર થયેલ સમુહમાં ગમે તેવો ગણગણાટ વર્તતો હોય પણ જ્યાં તેઓ ઉભા થયા કે સહજપણે શાન્તિ પથરાય. અમેરિકા તેમજ ઇંગ્લાંડ આદિ દેશોના પ્રવાસદ્વારા જે નવી દૃષ્ટિ મેળવેલી એથી એમના વિવેચનમાં એની છાંટ જોવા મળતી અને અનેરી પ્રેરણા સાંપડતી.

જૈન દર્શન પ્રત્યે તેમનો અનુરાગ દૃઢ અને સચોટ હતો. એના સિદ્ધાંતો સોટચના સોના જેવા શુદ્ધ છે એમ જાણીને એનો પ્રચાર વધે એથી જગતને લાભ જ છે એમ તેઓ માનતા. ઘણીવાર સાંભળવા મળતું કે-મારૂં તે સાચુ. કહેવા કરતાં **સાચું તે મહારૂં** એમ વદવું યથાર્થ છે. ભગવંત મહાવીરદેવે ' બાબા વચનમ્ પ્રમાણમ્ ' કરવાની સલાહ આપી જ નથી. તેમણે તો અનેકાંત દૃષ્ટિરૂપ અમૂલ્ય ગજ આપ્યો છે, જેનાવડે સર્વ વસ્તુ માપીને કિંવા ભરીને લેવાની છે. અપેક્ષાને સામે રાખી, સમન્વય સાધવાનો છે. અનુસંધાનમાં ઉદાહરણ ધરી દેતા કે આ કારણે તો પૂજ્ય **શ્રી હરિભદ્રસૂરિશ્વરજીએ** ' પક્ષપાતો નમે વીરે ' જેવો

ઉચ્ચાર કર્યો છે. અને પૂજ્ય શ્રી હેમચંદ્રસૂરિ સોમનાથ મહાદેવ સમક્ષ નમન કરતાં વદે છે કે—

भवबीज अंकुर जनना, रागाद्या क्षय मुपा गता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥

અધ્યાત્મમાં સદા રત રહેનાર યોગીશ્વર આનંદઘનજીએ 'ષટ્ દર્શન જિન અંગ ભણીજે, ન્યાય ષડંગ જો સાધા રે' જેવા ટંકશાળી વચનો ઉચ્ચાર્યા છે.

આ બધાનો સારાંશ એક જ છે કે સાંપ્રદાયિકતાના ઓછાયામાં ફસાયા વગર તત્ત્વ ગ્રહણમાં પરીક્ષા કરવી, અને જ્યાં એની સચોટતા સમજાય કે તરત જ એ ઉપર અટલ શ્રદ્ધા રાખવી. અન્ય ધર્મની જેમ નિંદા ન કરવી તેમ પોતાના ધર્મ પર અસ્થિર મન પણ ન રાખવું દુધ-દહીંયા નીતિથી કદાપિ ઇષ્ટ ફળની પ્રાપ્તિ થતી નથી. તેમના વિવેચના, સાંભળનારમાં જૈન ધર્મ પ્રત્યે શ્રદ્ધા દૃઢ થાય તેવા જ મશાલો પીરસતા, અને એ સાથે સંકુચિત વૃત્તિનો છેદ ઉરાડી, નવી દૃષ્ટિ પ્રતિ લઈ જતા.

સામાયિક સંબંધમાં તેમનું લખાણ એટલું સુંદર છે કે એ વાંચીને દરકોઇ આત્માને અપૂર્વ શાન્તિ લાભે. એ યોગમાં 'મનસા, વાચા, કર્મણા' ઓતપ્રોત થાય તો મુક્તિપર્યંત પહોંચવામાં કશી મુશ્કેલી નડે નહીં. મને યાદ છે ત્યાં સુધી તેમના એક પુસ્તકનું નામ 'સામાયિકથી મુક્તિ' હતું એ ઉપરાંત નાના-મોટા પુસ્તકોમાં તેમણે પરમાત્મ દશા અંગે સરળ વાણીમાં જે વાનગી પીરસી છે અને જૈન

સિદ્ધાંતો સંબંધમાં જે સમજ આપી છે એ આજે પણ હરકોઇ વાચકના અંતરને જાગૃત કરી આનંદપ્રેર છે. તેઓ સુપ્રસિદ્ધ વક્તા હતા તેમ સિદ્ધ હસ્તલેખક પણ હતા જ. એમની કીર્તિ-મર્યાદા માત્ર ભારતવર્ષ પુરતી નહોતી રહી. પણ અમેરિકા, ઇંગ્લાંડ જેવા દૂર દેશોમાં જે સુવાસ પ્રસરી હતી એના બળે એક કરતાં વધારે વાર તેઓ ત્યાં ગયા હતા.

એમના કાળમાં પરદેશ ગમન માટે શ્રીયુત્ વીરચંદ રાઘવજી ગાંધી જેવી સંપ્રદાય કટ્ટરતા નહોતી. પરદેશ જનારા જૈન ધર્મથી ચલિત થાય છે કિંવા અણછાજતો આહાર કરે છે એવી માન્યતા નામશેષ થઇ ચુકી હતી; એટલે એ દિશામાં પંડિતજીને કોઇની પણ ટીકાના ભોગ નહોતું બનવું પડયું. શ્રી શત્રુંજયગિરિના એક પ્રસંગે લાલન-શીવજીની જોડીને જૈન તેમજ જૈનેતર જનતામાં એટલી હદે મશહૂર બનાવી કે આજે શ્રીયુત્ શીવજીભાઇ, સ્મૃતિ-ગ્રંથ માટે કદાચ પ્રયાસ ન કરતે તો પણ લાલનસાહેબની સ્મૃતિ વર્ત્તમાન પેઢી તો કદીપણ વિસ્મૃત ન જ કરત. એ જોડીએ તો શ્વેતાંબર કોન્ફરન્સને હલાવી મૂકી હતી.

ચીકાગોની સર્વ ધર્મ પરિષદ માટે જેમ સ્વર્ગસ્થ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયાનંદસૂરિની નજર શ્રીયુત્ વીરચંદ રાઘવજી ગાંધી પ્રતિ વળી હતી. તેમ લંડનમાં ભરાતી પરિષદ માટે સ્વર્ગસ્થના પટ્ટધર શ્રીમદ્ વિજય વલ્લભ-સૂરિની નજર શ્રીયુત્ લાલનસાહેબ પ્રતિ વળી હતી. વડોદરામાં આત્મારામજી મહારાજની શતાબ્દિ ઉજવાઇ રહી હતી. ત્યાંથી જ ગુરૂદેવે પંડિતજીને જવાનો આદેશ કર્યો

હતો અને જઈફ વયના બારણા ઠોકતા લાલનસાહેબ એક નવયુવાનને છાજે એવી અદાથી ગણત્રીના દિવસોમાં તૈયારી કરીને જૈન ધર્મનો સંદેશ આપવા ત્યાં પહોંચી ગયા હતા.

મુંબઈની શ્રી મોહનલાલજી લાયબ્રેરીમાં પંડિતજીએ જે સાહિત્યરૂપી વારસાના કબાટો સોંપ્યા છે એ ઉપરથી તેઓશ્રીના બહોળા વાંચનનો, અનુભવ અભ્યાસનો ખ્યાલ સહજ લાભી શકાય છે. ખરેખર પંચાણું વર્ષે પણ તેઓ યુવાન હતા. વય ભલે દશકા કુદાવી રહી હોય, પણ જેના હૃદયની ધગશ એટલી તો જાગૃત દશામાં હતી કે એની સરખામણીમાં નવલોહીઆ ભાગ્યે જ ટકી શકતા. નિરાશા તેમને કદી સ્પર્શી શકી નથી, અને કાર્યરત દશાથી તેઓ કદી પાછા હટ્યા નથી. દેહથી ભલે પંડિતજી સામે ન હોય પણ તમન્નાને તનમનાટભરી વાણી પીરસનારરૂપે એ અમર રહેવાના.

મોહનલાલ દીપચંદ ચોકસી

(આ પત્રના લખનારાને જૈન બચ્ચો એમ નહિ કહે કે હું તેમને ઓળખતો નથી. તેઓ સેવાપ્રિય છે અને સમયના જાણનાર છે. તેમનું નામ છે મોહનલાલ દીપચંદ ચોકસી. તેઓ જેને મળે છે તે તેમનો બની જાય છે.)

❖

૩૩

મુલુંડ, તા. ૪-૫-૫૯ સોમવાર

પરોપકારી સદા આનંદી પૂજ્ય શિવબાપુની પવિત્ર સેવામાં,

આપશ્રીજીનો કુશળ પત્ર ઘણા દિવસ ઉપર મળ્યો હતો. પરંતુ મારાથી પત્ર પ્રત્યુત્તર લખાયું નહિ. તે બદલ ક્ષમા ચાહું છું. ક્ષમા કરશો.

પૂજ્ય લાલન સાહેબના અનેક સદ્‌ગુણો હતા. તેઓના જીવન વિષે લેખક ઘણું લખી શકે પણ મારી લખવાની ટેવ ન હોવાથી જેમ તેમ જે જે યાદ આવ્યું તે લખી નાખ્યું છે. આપશ્રીજી કૃપા કરી સુધારી જેમ યોગ્ય લાગે તેમ કરશો.

દઃ સંત ચરણ રજ સમાન,
રાણબાઇના પગેલાગણા
સ્વીકારવા અનુગ્રહ કરશો.

પૂજ્ય લાલન સાહેબ

લગભગ મારી ઉંમર છ વર્ષની હતી તે વખતે પૂજ્ય લાલન સાહેબ પૂ. શિવજીભાઈની સાથે કચ્છ-નલીઆમાં પધાર્યા હતા ત્યારે તેમના દિવ્ય દર્શનનો લાભ મળ્યો હતો તથા તેમના આનંદદાયક વ્યાખ્યાનો પણ સાંભળ્યા હતા અને નલીઆ વાસીઓ બધાને ખૂબ આનંદ થયો હતો.

ત્યારપછી પણ અવારનવાર મુંબઇમાં તેમજ કોડાયમાં તેઓશ્રીજીનો દિવ્ય સમાગમનો લાભ મળતો અને ખૂબ જ આનંદ આવતો અને ઘણું નવું નવું જાણવાનું મળતું.

અમદાવાદમાં કોંગ્રેસ ભરાણી હતી ત્યારે કોડાય આશ્રમમાંથી અમો પાંચ જણેનો ત્યાં ગયા હતા ત્યારે લગભગ આઠેક દિવસ તેમના સત્સંગનો લાભ મળ્યો હતો. તેઓ વિનોદ પૂર્વક બધાને પોતાની દિવ્ય વાણીનો લાભ આપતા હતા. ઘણા વિનોદ પૂર્વક નવા નવા પ્રશ્નો પૂછતા હતા. " પગ મોટો કે પૃથ્વી મોટી " " આંખ મોટી કે દુનિઆ મોટી " વિગેરે વિગેરે પૂછતા, પછી પોતે સમજાવતા.

એમના અણુ અણુમાં દિવ્ય પ્રેમ અને લાગણી ભરેલા હતા. એમની હૃદયની નિખાલસતા અને સરળતા, કોમળતા, દયા, શાંતિ, ક્ષમા આદિ અનેક સદ્‌ગુણોથી એમનું જીવન ઝળકતું હતું.

મુલુંડમાં અ. સૌ. પરમ વિદુષી બહેન શ્રી મીઠાંબાઇ મેઘજી ખેતશી રહેતા હતા. તેમને ત્યાં પૂજ્ય લાલન સાહેબ અવારનવાર પધારતા હતા. તેમને ત્યાં હમેશાં જ્ઞાનગોષ્ટી કરતા હતા ત્યારે હું પણ ત્યાં જતી હતી. પાતંજલી યોગનો તેઓશ્રીએ મને ખંતથી અભ્યાસ કરાવ્યો હતો. પ્રસંગોપાત અનેક આધ્યાત્મ વિષયો ઉપર બબે કલાક સમજાવતા. ત્યાર પછી સામાયિક વિષે સમજાવતા. જૈન ઉપાશ્રય હોલમાં સામુદાયિક સામાયિક કરાવતા અને પોતે પણ સાથે સામાયિક કરતા અને સામાયિકનો લાભ અને વિધિ સમજાવતા હતા. પોતે લગભગ દિવસમાં આઠ-દશ સામાયિક કરતા. તમામ વિધિવિધાનો ક્રિયાઓ સમજણપૂર્વક કરતા-કરાવતા હતા. " જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષઃ " એ સૂત્ર ઉપર ખૂબ સમજાવતા. બધાને ખૂબ આનંદ થતો. તે વખતે કોંગ્રેસ ચળવળ ખૂબ જોસબેર ચાલતી હતી અને અનેક વખત સભાઓ ભરાતી હતી ત્યારે તેઓશ્રી સભાઓમાં વ્યાખ્યાનો આપતા ત્યારે એમને ખૂબ જ ઉત્સાહ અને જુસ્સો આવી જવાથી તેઓ પૃથ્વી ઉપરથી વેંત વેંત ઉંચા ઉછળી જતા અને કલાકો સુધી વ્યાખ્યાનો આપતા અને સાંભળનારાઓને ખૂબ જ આનંદ આવતો. કોઇને ઉઠવાનું મન થતું નહીં. એમ વખતોવખત એમના સત્સંગનો લાભ મળતો.

ત્યાર પછી એક વખત નલીઆમાં શેઠ હીરજી કાનજીના ઘરે તેઓશ્રી અમુક ટાઇમ રહ્યા હતા. ત્યાં પૂજ્ય કમળશ્રીજી મહારાજ સાહેબ પોતાના પરિવાર સહિત બીરાજમાન હતા. તેઓશ્રી પણ ખૂબ જ જ્ઞાની, ધ્યાની, ત્યાગી, વૈરાગી છે, ગુણાનુરાગી છે.

તેઓશ્રી જ્યાં બીરાજતા હતા તે ધર્મશાળામાં પૂજ્ય લાલન સાહેબ સવારના લગભગ ત્રણ કલાક તેમજ બપોર પછી પણ અવારનવાર કલાકોના કલાકો સુધી પોતાની દિવ્ય વાણીનો લાભ આપતા. સાંજે શેઠ હીરજીભાઇના ઘરે જ ઘણા અમલદારો, અધિકારીઓ, વકીલો, શિક્ષકો, યુવાનો, વિદ્યાર્થીઓ વિગેરે આવતા અને જુદા જુદા વિષયોના પ્રશ્નો પૂછતા. તે ઉપર ખૂબ આનંદ અને ઉત્સાહથી વિનોદપૂર્વક બધાને સમજાવી આનંદ પમાડતા. જનતા સારા પ્રમાણમાં લાભ મેળવતી હતી.

નાના કોમળ વિદ્યાર્થી બાળકો તથા બાલીકાઓ પણ તેમની પાસે હોંશથી આવતા. તેમને પણ તેઓશ્રી ખૂબ ગમત સાથે જ્ઞાન આપી આનંદ કરાવતા.

કોડાય સદાગમ ખાતાના ટ્રસ્ટીઓની પૂજ્ય લાલન સાહેબ ઉપર ખૂબ જ શ્રદ્ધા અને લાગણી હતી.

તેઓશ્રીએ ઘણા સારા સારા બોધદાયક પુસ્તકો લખ્યા છે. સામાયિકના પ્રયોગો, સવીર્ય ધ્યાન, લાલન વાટીકા વિગેરે પુસ્તકો મેં પણ વાંચ્યા છે. સારી સારી કવિતાઓ પણ બનાવી છે. તેમના પુસ્તકો તથા કાવ્યો, કવિતાઓ વાંચ-

વાથી આત્મા જાગ્રત થઇ જાય છે. એમનું જીવન દિવ્ય હતું. આત્મજ્યોતિ સદા ઝગમગતી હતી. એમના દિવ્ય ચહેરા પર આનંદ અને શાંતિ ઝગમગતી હતી. એમના દિવ્ય સમાગમથી મને ઘણો જ લાભ થયો છે. મને દિવ્ય પ્રેરણાઓ મળી છે. મારા ઉપર એમનો ઘણો જ ઉપકાર છે. હું ખૂબ ઋણી છું.

તેઓશ્રીએ વિલાયત અમેરીકા જેવા દેશોમાં પણ જઇને ખૂબ જ જૈનધર્મનો પ્રચાર કર્યો છે. તેમની સમજાવવાની દિવ્ય શક્તિથી તેઓશ્રીએ ત્યાંના રહેવાશી ઉપર જૈનધર્મની સારી છાપ પાડી છે. ઘણાને માંસ મદિરા છોડાવ્યા છે. સમકીત અને બાર વ્રતનો મહીમા સમજાવી ઘણાને સમકિતી તથા વ્રતધારી બનાવ્યા છે. મારી પાસે ત્યાંની વિગતોનું વર્ણન કરતા અને કયારેક વિનોદથી એમ કહેતા કે અંગ્રેજી અભ્યાસ જો કર્યો હોત તો જૈનધર્મનો પ્રચાર કરવા જૈન સિદ્ધાંતો સમજાવવા હું તમને ત્યાં લઇ જાઉં એવી ભાવના થઇ જાય છે પણ મારો અભ્યાસ ન હોવાથી એ લાભ હું ન લઇ શકી. એઓશ્રી જૈનસમાજમાં એક મહાન વ્યક્તિ હતા. ઓળખનારાએ ઓળખ્યા હતા. ગૃહસ્થ વેષમાં હતા છતાં ત્યાગી જેવું જીવન ગાળતા. વૃદ્ધ છતાં એક નાનામાં નાના બાળક જેવા નમ્ર અને કોમળ રીતે વર્તન કરતા. સદા આત્મ મસ્તીમાં મગ્ન રહેતા.

એમના જવાથી જૈનસમાજમાં ન પૂરી શકાય તેવી ખોટ આવી છે. એ અમર આત્મા સદા અખંડાનંદમાં મસ્ત હશે.

ૐ શાંતિઃ શાંતિઃ

લી૦ સંત ચરણ રજ સમાન,
રાણબાઈ હીરજી

(આ પત્ર લખનારા બ્હેનનું નામ છે રાણબાઈ તેઓ બાલ વિધવા છે, વિદુષી છે, સેવાપ્રિય છે મુલુંદની તેઓ માતા કહેવાય છે, તેમની એક જ દીકરી છે તેમનું નામ છે, મુરબાઈ એ બ્હેન પણ સંસ્કારી અને સેવાપ્રિય છે.)

૩૪

મુંબઈ તા. ૪-૫-૧૯૫૯.

પૂજ્ય બાપુજી,

ગોધાથી તા. ૨૦-૪-૫૯ નો આપનો પોસ્ટકાર્ડ મળ્યો હતો. પણ નાદુરસ્ત તબિયતના કારણે હું દસેક દિવસ ઘેર જ રહ્યો હતો. હવે સારૂં છે. આજથી ઓફિસે આવું છું.

આજે આ સાથે પૂ. લાલનસાહેબ વિષેનાં બે લખાણો (૧) મારૂં તથા (૨) પૂ. રાણબાઈમાનું, બીડેલ છે. તેમાં આપને યોગ્ય લાગે તે પ્રમાણે ફેરફાર કરી શકો છો.

લી૦ છોરૂ,
ખીમજી ઘેલાભાઈના વંદન.

પૂ. લાલનસાહેબ

ઇ. સ. ૧૯૦૬-૧૯૦૭ ની સાલનો એ સમય હશે, જ્યારે મારી ઉમર આઠ વર્ષની હતી, અને શ્રી શીવજી-

ભાઈ દેવસિંહે પાલીતાણામાં સ્થાપેલ શ્રી કચ્છી જૈન બોર્ડીંગમાં હું તાજો જ દાખલ થયો હતો.

થોડા સમયમાં જ હવાફેર અર્થે અમારી બોર્ડીંગને ગામથી દોઢ-બે માઈલ દુર એક ખુલ્લા મેદાનમાં લઈ જવામાં આવી જ્યાં તંબુઓ નાખી પડાવ કરવામાં આવ્યો હતો.

" લાલનસાહેબ પધારે છે " અમારા કેમ્પમાં ફડફડાટ થતો સંભળાયો. મારે મન કોઈ વિલાયતી સાહેબ આવનાર હશે. જોતજોતામાં જ એક અતિ પ્રભાવશાળી વ્યક્તિનું અમારા કેમ્પ પર આગમન થયું, અને પૂ. લાલનસાહેબના મને પ્રથમ દર્શન થયા.

સંસ્થાના સંચાલકોએ એમના સ્વાગત-સન્માન માટે પૂરો બંદોબસ્ત કરી રાખ્યો હતો. ખૂલતા બદામી રંગની મલમલનો સુતરાઉ કન્દોરા યુક્ત લાંબો ઝબ્બો, માથે એજ રંગનો સાફો સ્વામી વિવેકાનંદ પહેરવેશનો ખ્યાલ આપતા હતા. અતિ તેજસ્વી અને આકર્ષક મુખારવિંદ, જાણે જોયા જ કરીએ. થોડા જ દિવસની સ્થિરતા બાદ તેઓશ્રીએ વિદાય લીધી, પણ પાછળ આકર્ષણ મૂકતા ગયા.

બે-ત્રણ વર્ષ પછી શ્રી શિવજીભાઈની પ્રેરણાથી પાલીતાણા ખાતે " **શ્રી વીરશાસન આનંદ સમાજ** " નામની સંસ્થાની સ્થાપના થઈ, જેના આશ્રય હેઠળ પ્રતિ વર્ષે એક સપ્તાહનો ઉત્સવ ઉજવવામાં આવતો, દરરોજ પ્રભાતે પ્રાર્થના પ્રવચન અને સાંજે વિદ્વતા પૂર્ણ જાહેર વ્યાખ્યાનોદ્વારા પૂ. લાલનસાહેબના વાણી-વિનોદનો લાભ

જનતાને મળતો, " લાલનસાહેબ " શું વ્યક્તિ છે, તેનો વધુ સ્પષ્ટ ખ્યાલ ત્યારથી આવવા લાગ્યો. હવે તેઓશ્રીના પોશાકમાં ધરમુળનું પરિવર્તન થઈ ગયું હતું. લાલ રેશમની કાઠીઆવાડી ઢબની બાંધેલી પાઘડી, કાળા રંગનો લાંબો ડગલો અને ખભ્ભે પછેડી. બસ આજ પોશાક એમણે પોતાના જીવનના લગભગ છેલ્લા દાયકા સુધી કાયમ રાખ્યો હતો.

ઇ. સ. ૧૯૩૦–૧૯૩૨ માં સત્યાગ્રહની ચળવળના કાળમાં પૂ. લાલનસાહેબ મુલુંડ મુકામે શ્રીમતી મીઠાંબાઇ ખેતશી શિવજી (સ્વ.) ને ત્યાં ત્રણ–ચાર અઠવાડિયા રહ્યા હતા. તે વખતે તેઓશ્રીનાં વ્યાખ્યાનો મુલુંડમાં જૈન ઉપાશ્રય અને શ્રીમતી રતનબાઇ શાળાના હોલમાં વખતો–વખત યોજવામાં આવ્યા હતાં, જેનો સ્થાનિક જનતાએ સારો લાભ લીધો હતો. એમના એ વ્યાખ્યાનોની ગોઠવણ કરવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું.

ત્યાર પછીના વર્ષોમાં મુંબઇમાં પૂ. લાલનસાહેબના સમાગમમાં આવવાનો લાભ અવાર નવાર મળ્યા જ કરતો.

અખંડ બ્રહ્મચર્યનું તેજ–બાળ એમના વ્યાખ્યાનોમાં તેમજ એમનાં સામાન્ય વાણી વિલાસમાં સહેજે તરી આવતું જણાતું, વિદ્વતાની તો સીમા જ નહોતી; અને વિનોદ પણ એટલો જ. પરદેશમાં અનેક વિદ્વાનો અને તત્વવેત્તાઓને તેમણે પોતાના જ કરી લીધા હતા. એમના સ્વભાવની સરળતા અને આત્માની નિર્મળતાનું વર્ણન તો કયા શબ્દોમાં કરીએ ? પોતાના માટે કંઈજ નહીં, બધું જ સમાજ માટે; એવું જેમનું જીવન ધોરણ અંત લગી કાયમ રહ્યું હતુ.

પરંતુ સમાજ, જૈનસમાજ, પોતાના આ વિરલ વિદ્વાન અને " નિજાનંદે " રહેતા સાધુ પુરૂષને યોગ્ય રીતે પિછાણી શકયું હતું કે નહીં, એ તો કદાચ પ્રશ્ન જ રહી જશે.

લી૦ સેવક,
ખીમજી ઘેલાભાઇ ખોના.
મુલુંડ

(આ પત્ર લખનારાનું નામ છે ખીમજી ઘેલાભાઇ. તેઓ મુલુંડમાં રહે છે. દેશસેવક છે, સમાજ સેવક છે અને ધર્મ પ્રિય છે, તેમનામાં વિનય, નમ્રતા. ગુણ દ્રષ્ટિ અને કૃતજ્ઞતા છે.)

૩૫

મુંબઇ તા. ૨૩-૪-૫૯

પ્યારા બાપુજી

જૈન આલમની એક અગ્રગણ્ય વ્યક્તિ પંડિત ફતેહચંદ કપુરચંદ લાલનનું જીવન ચરિત્ર પ્રગટ કરીને આપ ગુરૂ ઋણ અદા કરી રહ્યા છો એમ કહું તો કશું ખોટું નથી. " મારા જીનન પ્રસંગો " વાળી પુસ્તિકામાં દૃષ્ટિપાત કરતાં આપની યુવાન વયમાં શ્રી રાયમલ હીરજી, હીરજી કાનજી, માણેકજી પીતાંબર, કરમશી ખેતશી, જીવરાજ મણશી તેમજ આપ આદિ જ્ઞાતિ બન્ધુઓએ, પંડિતજીને ગુરૂ પદે સ્થાપીને એમની પ્રેરણા અને દોરવણી હેઠળ, આપે તેમજ ઉપરોક્ત આપના મિત્રમંડળે જ્ઞાતિમાં તેમજ કચ્છમાં પાઠશાળાઓ, કન્યાશાળાઓ, બાલાશ્રમો, બોર્ડીંગો આદિ જે જ્ઞાન પરબો બેસાડી છે.

તે બદલ સમસ્ત કચ્છી જૈન સમાજ આપની મંડળી અને એની મારફત પંડિતજીનો સદાય ઋણી રહેશે.

બંધ ગળાનો હાફકોટ, માથે સફેદ મોટા વાળ ઉપર સફેદ ખાદી ટોપીમાં સજ્જ થઈને, જુન્નરમાં મળેલ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના તેરમાં અધિવેશન વખતે યુવાનને પણ શરમાવે એવા જુસ્સાથી જ્યારે પંડિતજીને ભાષણ કરતા મેં પ્રથમ વાર જોયા અને સાંભળ્યા ત્યારે હું તો દીગ્મૂઢ બની ગયો ! એમના એ મનનીય ભાષણમાં જૈન ધર્મ પ્રત્યે દૃઢરાગ, શાસ્ત્રનો ઉંડો અભ્યાસ સ્પષ્ટ વક્તૃત્વ પણું, પંડિતાઇ, નિડરતા, આદિ અતિ દુર્લભ ગુણોના મને દર્શન થયા, અને ત્યારથી મને એમના પ્રત્યે માનની લાગણી ઉત્પન્ન થઈ.

દશેક વર્ષો પૂર્વે અમારા મકાનમાં રહેતા સ્વ. વસનજી હામજી નાગડાના ઘરે પંડિતજીને એક રાત રહેવાનું થયું જે વખતે વસનજીભાઇએ એમની સાથે મારી ખાસ મુલાકાત યોજી હતી.

બાણુ વર્ષની ઉંમરે પ્રજ્ઞાચક્ષુ પંડિતજીએ એક કલાકની મુલાકાત દરમ્યાન "સામાયિક" વિષે જે મનનીય અને સચોટ વ્યાન આપેલ તેમજ સમાયિકની મહત્તા અને ઉપયોગીતા વિષે એમણે જે સમજણ આપી તે ખરેખર અવર્ણનીય છે. આ અપૂર્વ મુલાકાત યોજવા બદલ હું વસનજીભાઇનો ઋણી છું, અને પંડિતજીનું ઋણ તો કદિ વિસરાય એમ નથી.

આવી આદર્શ, ધીર, વીર, ગંભીર, અને સજ્જન વ્યક્તિ આપણા અચળગચ્છમાં થવા બદલ મને અતિશય આનંદ થાય છે.

આવા સજ્જન પુરૂષનું જીવન ચરિત્ર સમાજ આગળ રજુ કરીને આપ આજની તથા ભાવી પેઢીને પ્રેરણા રૂપ બનો છો જે વાસ્તે સમાજ આપને ભુરિ ભુરિ ધન્યવાદ આપે છે.

અંતમાં સ્વ. પંડિતજીને શ્રદ્ધાંજલિ અર્પવાનો આપે મને મોકો જે આપ્યો છે તે બદલ હું આપનો અત્યંત આભારી છું.

લી. આપના ગુણાનો અનુરાગી,
દેવજી દામજી ખોનાના
માનપૂર્વક જયવીર સ્વીકારશોજી.

(આ પત્ર લખનારનું નામ છે દેવજી દામજી ખોના. તેઓ સત્સંગના રાગી છે. ધર્મપ્રિય અને સેવા પ્રિય છે, તેમનામાં કૃતજ્ઞતા અને જ્ઞાતિની દાઝ છે.)



૩૬

નિપાણી તા. ૨૮-૪-૫૯

મુરબ્બી ભાઇશ્રી શિવજીભાઇ દેવસિંહની સેવામાં,
મુ. ઘાટકોપર

સવિનય જયજીનેંદ્ર. આપનો તા. ૨૪-૪-૫૯ નો પત્ર મળ્યો. આ પત્ર સાથે પૂ. લાલન સાહેબના સત્સંગમાં થયેલો એક પ્રસંગ

યાદ આવવાથી જેટલો યાદ આવ્યો તેટલો લખી મોકલાવું છું. લખાણ બહુ લાંબુ થયું છે એમાથી આપને યોગ્ય લાગે તેટલું લેશો. આપે લાલન સાહેબના સત્સંગનો ખુબ લાભ લીધો છે એટલે આપ તેઓનું ચરિત્ર લખો તે પૂર્ણ અને અનેકોને સ્ફૂર્તી આપે એવું બોધક થશે.

રેવચંદ તુળજારામના જયજીનેંદ્ર

પં. શ્રી લાલન સાહેબનું જીવન ચરિત્ર આપ લખી રહ્યા છો તે જાણી આનંદ થયો છે.

આપ લાલન સાહેબના ખૂબ પરિચયમાં આવેલ હોવાથી આપ એઓનું જીવન ચરિત્ર લખી એક મહાવ્યક્તિની સેવા કરેલી ગણાશે. તેમ તેઓનું જીવન ચરિત્ર પ્રસિદ્ધ થવાથી જનતાને એક મહાવ્યક્તિનો પરિચય થશે, અને એમાથી સ્ફૂર્તી મળશે.

પં. લાલન એટલે એક પ્રસિદ્ધ વક્તા, સરળ સ્વભાવી, સાચા ધર્મપ્રેમી, ગુણાનુરાગી અને શાસ્ત્રના ઉંડા અભ્યાસી પુરૂષ. એઓ સામાઇક પ્રત્યે ખૂબ શ્રદ્ધા ધરાવતા. પોતે સમતામાં રહેવાનો અભ્યાસ કરી બીજાઓને પણ એનો અમલ કરવા સમજાવતા સામાઇકની ક્રિયાથી માણસ પોતાની આત્મોન્નતિ કરી શકે છે. એમ તેઓ વારંવાર કહેતા.

વર્ષોજૂનો તેમના સહવાસમાં ૫-૬ દિવસ ગાળેલો એક પ્રસંગ યાદ આવે છે સાલ બરાબર યાદ નથી.

એક વખતે લાલન સાહેબ નવલીહાલમાં શ્રી અક્ષયચંદ્રભાઇને ત્યાં પધારેલા, અક્ષયચંદ્રભાઇના આમંત્રણથી

અત્રેથી ૧૦-૧૫ ભાઇઓ સાથે અમો સ્તવનિધી (અહિંથી ૪ માઇલ ઉપર ગિરનાર ભાઇઓનું એક તીર્થ છે તે રમ્ય અને એકાંત હોવાથી) ત્યાં ગયા હતા. ત્યાં લાલન સાહેબ સાથે સવે ભાઇઓ બેસી રોજ ઓછામાં ઓછા ૩-૪ સામાઇક કરતા. સામાઇકમાં લાલન સાહેબ સામાઇકનું સ્વરૂપ, સામાઇક ક્રિયાનું મહત્વ અને તે ક્રિયા કેવી એકાગ્રતાથી કરવી જોઇએ, તેથી થતી ફલ પ્રાપ્તી સંબંધે દાખલા દલીલો સાથે સુંદર રીતે સમજાવતા. તે સાંભળી અમો બધા તે સાંભળવામાં તલ્લીન બની જતાં, તે એવા કે, ટાઇમની પણ ખબર ન રહે. જ્યારે લાલન સાહેબ પોતાનું વક્તવ્ય પૂરૂં કરે ત્યારે ઘડીઆળમાં સામાઇકનો ટાઇમ પૂરો થયેલો જ હોય.

એક દિવસ તેઓએ સામાઇકનું મહત્વ સમજાવતા કહ્યું હતું કે, મુકતીને મેળવી આપનારી અને આબાલવૃદ્ધ સૌ કોઈ આચરી શકે એવી કોઇ સાદી અને સીધી ક્રિયા હોય તો તે સામાઇક છે. એ ક્રિયા એવી છે કે, કષ્ટ ઓછું અને લાભ ખૂબ.

પ્રશ્નઃ—આજે તો મુકતીના દ્વાર બંધ છે ને ?

જવાબઃ—અરે ભાઇ ! આ પાંચમાં આરામાં આ ભરતક્ષેત્રમાંથી મુકતીના દ્વાર બંધ હોય તો શું થયું ? મહાવિદેહમાંથી તો ચાલુ છે ને ? પછી મુંઝાવો છો શા માટે ? આપણે એવા સામાઇક કરીયે કે જેથી અહિંથી દેવલોકમાં ઉત્પન્ન થઇ ત્યાંથી મહાવિદેહમાં અને મહા-

વિદેહમાંથી મુકતી. અહિંથી એક દેવલોકના સ્ટેશનનો વિસામો કરવો પડશે એટલું જ ને ? પણ એથી મુંઝાવાનું ન હોય.

આપણને અહિંથી શત્રુંજયની યાત્રાર્થે જવાનું છે. અને અહીંથી સીધી ગાડી નથી. પણ પૂના, મુંબઇ, અમદાવાદ કે વિરમગામ ગાડી બદલી કરવી પડે અને વચમાં ખોટી થતા થતા જવું પડે છે છતાં જેની ભાવના શત્રુંજય યાત્રાર્થે જવાની હોય તે જાય છે કે નહીં ? પણ જો અહીંથી શત્રુંજય જવા માટે સીધી ગાડી નથી. એવો વિચાર કરીને બેસી રહેને શત્રુંજય જવાનું માંડીવાળીયે તો ડહાપણ ભરેલું ગણાશે કે ?

પાલીતાણા, શિહોર, ભાવનગર, અમદાવાદના રહીશો શત્રુંજયગિરી વહેલા પોંચી દાદાને ભેટી શકશે. આપણે દૂર છિયે તો થોડું કષ્ટ વેઠીને અને બે દિવસ વેહેલા નીકળીને ધારિયે તો આપણે પણ શત્રુંજયગિરી પોંચી જઇશું જને ? માત્ર જત્રુંજય જવા જેટલી સામગ્રી આપણા પાસે પેહેલેથી તૈયાર હોય તો જ આ આપણી ઇચ્છા પૂરી થાય, તેમ આપણા પેહેલા દેવલોક પહોંચી ગયા હોય તેમજ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ્યા હોય અને જેઓયેં. મુક્તિ પહોંચવા જેવી સામગ્રી મેળવી હોય તેઓ મુક્તિયેં વેહલા પહોંચશે અને આપણને વાર લાગશે. એટલું જ પણ જો આપણે અહિંયા રહીને આ જન્મમાં મુક્તિ પોંચવા યોગ્ય કરણી કરિયેં તો આપણે ભલે મોડા પણ જરૂર મે ક્ષે પોંચીશું. માત્ર આપણને મુક્તિયેં જવાની તાલાવેલી લાગવી જોઇયે.

આપણે સિદ્ધાણું, બુદ્ધાણું સૂત્રમાં બોલીએ છીએ કે, ભગવાન શ્રી વર્ધમાન સ્વામીને એક જ નમસ્કાર કરવા વાળા પુરૂષ હોય કે સ્ત્રી હોય તે આ સંસાર સાગર તરી જાય છે. આપણે આજ સુધીના અનેક જન્મોમાં અનેક નમસ્કાર કર્યા હશે અને આ જન્મમાં પણ ઘણા નમસ્કાર કર્યા છતાં સંસાર સાગરનો પાર પામ્યા નથી. એથી એ સમજવાનું કે, આપણા નમસ્કાર શાસ્ત્ર માન્યભાવ નમસ્કાર થયા નથી પણ આ દ્રવ્ય નમસ્કારમાં જ ભાવ નમસ્કાર લાવવાની તાકાત હોવાથી આપણે હતાશ ન થતાં આ દ્રવ્ય નમસ્કાર દ્વારા ભાવ નમસ્કાર મેળવવાની શક્તિ કેળવવી જોઈએ.

આજે પણ ૩૦ સામાઇક એટલે એક અહોરાત્રીનો પૌષધ કરાય તો મુક્તિ યોગ્ય સામગ્રી અવશ્ય એકઠી કરી શકાય પણ તે સામાઇક (પૌષધ) શુદ્ધ સામાઇકરૂપે થવા જોઇએ.

સામાઇકમાં કર્મનો ચૂરો કરવાનું, પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રી કેળવવાનું, આત્માને સમતા રસમાં ઝીલાવી એને કૃતાર્થ કરવાનું તેમ મુક્તિના યોગ્ય દળીયા મેળવી આપવાનું અમાપ સામર્થ્ય છે.

સામાઇક એ બાલ, વૃદ્ધ, યુવાન, સ્ત્રી કે પુરૂષ વિના કષ્ટે આચરી શકે એવી સાદી અને સરલ ક્રિયા છે. એમાં કષ્ટ થોડું અને લાભ ઘણો છે.

ઇંદ્રિયોને કાબુમાં રાખવા, કષાયો ઉપર વિજય મેળવવા, મનની એકાગ્રતા કેળવવા, માનાપમાન રાગ-દ્વેષ અને શુભા શુભ ઉદય વખતે સમાનતા જાળવવા માટે સામાઇક એ સુંદર અને સહેલો ઉપાય છે.

સામાયિક એ એકાંત સ્થળે બેસીને અને મૌનપણે કરવું. આપણું ધ્યાન બીજે ન બેંચાય, મનમાં આડા અવળા બીજા વિચારો આવી જવા ન પામે તેની સાવચેતી રાખવી, અને શ્રી નવકાર મહામંત્રનું ચિંતવન, વૈરાગ્યમય સાહિત્યનું વાંચન, બાર ભાવનાની વિચારણા કરતાં એકાગ્રપણે કરવું.

આવી રીતે સામાયિક સંબંધે જુદી જુદી રીતે લાલન સાહેબ સમજાવતા અને તેથી સ્તવનિધીના ૫-૬ દિવસના તેમના સત્સંગથી અમોને ખૂબ આનંદ આવ્યો હતો. દર વર્ષે આવી રીતે લાલન સાહેબને બોલાવી તેમના સહવાસમાં ગાળવા એવું નક્કી કરી ત્યાંથી વિદાય થયા. પણ ફરીથી એવો યોગ સાંપડયો નહીં. એ અમારું દુર્ભાગ્ય.

આ પછી લાલન સાહેબના સહવાસ યોગ એકસંબાના દક્ષિણ મહારાષ્ટ્ર જૈન શ્વે. પરીષદ વખતે મળેલો. દક્ષિણમાં જૈન ભાઇઓને પરીષદ ભરાવવાનો પહેલો જ પ્રસંગ હતો. પણ લાલન સાહેબે એ પરિષદનું અધ્યક્ષ સ્થાન શોભાવેલું હોવાથી તેઓએ સુંદર માર્ગદર્શન કર્યું અને એ પરિષદ સફળ બનાવી. એ પ્રસંગ અમો દક્ષિણ નિવાસી જૈન બંધુઓને ભુલાય તેમ નથી.

આ પછી ૨-૩ વખત લાલન સાહેબના સત્સંગનો થોડો લાભ મળ્યો હતો.

આજે પણ એ પ્રતિભાશાળી પુરૂષનું જ્યારે જ્યારે સ્મરણ થાય છે. ત્યારે ત્યારે તેમનું પ્રસન્ન વદન, જોશીલું વકતૃત્વ, વૃદ્ધ છતાં જુવાનોને પણ લજવે એવો ઉત્સાહ અને ધર્મની ધગશ એ આંખ સામે તરવર્યા કરે છે.

લાલનસાહેબની ખોટ જૈનસમાજમાં પડી તે પડી જ.

લી૦ સત્સંગાભિલાષી,
રેવચંદ તુળજારામ શાહ
નિપાણી.

(આ પત્ર લખનારનું નામ છે રેવચંદ તુલજારામ. તેઓ બેલગામ જીલ્લામાં આવેલા નિપાણી ગામના વતની છે. તેમણે સને ૧૯૩૪ માં સમેતશીખરની સ્પેશીયલ કાઢી હતી. દક્ષિણની જૈન પ્રજા માટે ખૂબ પરિશ્રમ કર્યો છે. તેમનામાં શ્રદ્ધા ભક્તિ સંતોષ અને સેવા વૃત્તિ છે.

ø

૩૭

ભુજપુર-કચ્છ (તા. મુદ્રા)
તા. ૧૨-૪-૫૬ રવિ.

પરમસ્નેહી ભક્તવર્ય શ્રીમાન શીવજીભાઇ,

આપનો પ્રેમપત્ર મળ્યો. જૈન પત્રમાં જાહેરાત વાંચેલી જ. આપનો અને મારો અતિ સારો સંબંધ તેમ વળી શ્રી જયચંદભાઇના એઓશ્રી ગુરૂ. એટલે એમના માટે મારે લખવું જ જોઇએ એમ વિચારતો હતો. લખીશ લખીશ એમ થયા કરે પણ લખવાનો ટાઇમ નજ મળે. શ્રી અધ્યાત્મપ્રેમી શ્રીમાન વેલજીભાઇએ આપને પોતા તરફનાં પંડિતજી સંબંધેના સંસ્મરણો લખી મોકલાવેલા તેને તો ઘણો સમય થયો. પણ હાલ હું જંજાળોમાં પડ્યો છું. ઉપાધિઓ ઘણી. બહાર આવવું-જવું પણ બહુ થાય એટલે ધારૂં છતાં લખી ન શકું. પણ આપનો પ્રેમભર્યો પત્ર મળ્યો. આપનો આદેશ થયો. પછી બીજી પ્રવૃત્તિઓને બે દિવસ બાજુએ મુકીને પણ લખવાના

વિચાર પર આવ્યો, અને તે પ્રમાણે પૂજ્ય પંડિતજી સંબંધેનું લખાણ આ સાથે મોકલાવું છું.

આપે ટીકીટ મોકલાવીને તો લખાણ મોકલવા માટેનું વોરંટ જ મોકલાવ્યું છે. કૃપા કરી ફરીથી એવું વોરંટ ન કાઢતા. આપની ઇચ્છાનો આ જીવનમાં અનાદર થાય તેમ છે નહીં. આપના પ્રત્યે દેખાવનો પ્રેમ નથી, આંતરિક પ્રેમ છે.

પારોલાના દિવસો જીવનભર વિસરાય તેમ નથી. તે વખતે આપણે આંતર એકતા સાધી છે. ઇશ્વરની કૃપા અને પૂજ્યપાદ ગુરૂદેવની કૃપાએ તેમાં ભેદ પડવાનો નથી.

આપ શાંતિમાં હશો ? તબિયત સારી હશે ? બાકી તો આપ જ્યાં પણ હશો ત્યાં આનંદ આપની સાથે જ હશે. " અબધુ સદા મગનમેં રહેના " એ સિદ્ધાંતને આપે અપનાવ્યો છે, અને આનંદ, લહેર, મોજ એ તત્વોએ આપને અપનાવ્યા છે.

મારી જંજાળો, ઉપાધિઓ કોઇ અશુભ તત્વની નથી. પ્રતિષ્ઠાના મુહુર્તો, તેના સરસામાનની નોંધો, તેને લગતા પત્ર–વ્યવહારના જવાબો, દોરવણીને લગતા પત્રો એ વિગેરેને લગતી છે. બીજી નહીં જ. એજ.

પોસ્ટકાર્ડથી જ પત્ર પહોંચ્યાની પહોંચ લખશોજી.

લી૦ આપના **ક્ષમાનંદજી**

અજાત શત્રુ–કોમળ વિદ્યાવંત,

પંડિત શ્રી લાલનસાહેબ

પૂજ્ય પંડિતજી શ્રી લાલનસાહેબ માટે જ્યારે જ્યારે પણ વિચાર કરવાનો મને સમય સાંપડ્યો છે ત્યારે ત્યારે મહા પુરૂષો માટેની એક તો આ ઉક્તિ હંમેશાં યાદ આવી છે.

સબળ ક્ષમી નિર્મદ્યની, કોમળ વિદ્યાવંત;
ભૂ ભૂષણ એ તીન છે, ઉપજત અવર અનંત.

પૂ. પંડિતજી વિદ્વાન્-સમર્થ વિદ્વાન્ હોવા છતાં, એમનામાં પોતાના જ્ઞાનનો ઘમંડ નહોતો. અંગ્રેજી, સંસ્કૃત, પ્રાકૃત, હિંદી, મહા રાષ્ટ્રીયન ભાષાનાં અને જૈન વાઙ્મયના એઓશ્રી ઉંડા અભ્યાસી હતા, સમર્થ વક્તા હતા. કલાકોના કલાકો લગી હજારો શ્રોતાજનોને પોતાના પ્રવચનમાં તન્મય બનાવી શકતા હતા. ભારતવર્ષની જૈન-જૈનેતર પ્રજામાં એમના હજારો પ્રશંસકો અને અનુયાયીઓ હતા. યુરોપમાં પણ ઘણા ઘણા વિદ્વાન પુરૂષોને એમણે પોતાની વાણીથી આકર્ષેલા. ઉચ્ચકોટિના ગ્રંથો એમણે લખ્યા છે. શ્રેષ્ટ કાવ્યો રચ્યા છે. ગુજર્જરી પ્રજામાં એક સમર્થ વિદ્વાન તરીકેની એમની ગણના છે. એવા શક્તિ-સંપન્ન પુરૂષ હોવા છતાં એમણે પોતાની પ્રતિભાનો કયારેય ગર્વ કર્યો નથી. એટલે પંડિતજી વિદ્યાવંત હોવા છતાં કોમળ હતા અને તેના લીધે એઓ ભૂ ભૂષણ સ્વરૂપ હતાઃ એમ મને હમેશાં લાગ્યા જ કર્યું છે.

અને બીજી યાદ એમનો વિચાર કરતી વખતે શ્રી નલીયા જૈન બાલાશ્રમના સાધુચરિત સેવાભાવી ગૃહપતિ શ્રી જયચંદભાઇ નથુભાઈની આવી છે.

શ્રી જયચંદભાઇ પૂર્વજન્મના સંસ્કારોના બળે બાલ-પણથી જ યોગના અભ્યાસ તરફ વળેલા. જંગલોમાં જતા, ગુફાઓમાં જતા, યોગની સાધના કરતા. પવન અને પાણી ભરખીને રહેવાના પ્રયોગો કરતા. દીક્ષા લેવાની ભાવનાથી

અનેક સાધુ-સંતો, સન્યાસીઓ તથા જૈન મુનિવર્યોના સહવાસમાં આવતા, પણ એમનો આત્મા ઠરે એવું સ્થાન હજી એમને પ્રાપ્ત થયેલું નહીં. એ જ સમય દરમ્યાન ભક્ત કવિ શ્રી શીવજીભાઇ દેવસિંહ શાહના પ્રયાસથી કચ્છ-માંડવીમાં જૈન બાલાશ્રમની સ્થાપના થઇ. એ બાલાશ્રમ માટે એક સારા સંસ્કારી ધાર્મિક શિક્ષકની જરૂર હતી. પંડિત લાલનસાહેબના પ્રસંગ પરિચયમાં શ્રી જયચંદભાઇ સારી રીતે આવેલા અને એમના ત્યાગમય જીવનનો લાલન-સાહેબને પુરો ખ્યાલ હતો એટલે એમણે જયચંદભાઇને "જનસેવા તે જ પ્રભુસેવા" એ સિદ્ધાંત સમજાવી માંડવી બાલાશ્રમના ધાર્મિક શિક્ષક તરીકે પોતાના જીવનની સફ-ળતા કરવાની દોરવણી આપી.

શ્રી જયચંદભાઇને પંડિતજીની વાણીએ આકર્ષ્યા અને એઓ બાલાશ્રમના ધાર્મિક શિક્ષક તરીકે જોડાયા. યોગ ક્રિયા કરે, એક વખત જમે. પોતાનાં કપડાલતા માટે અને પોતાના ગરીબ ભાઇને મદદ કરવા માટે માત્ર પાંચ રૂપીયા પગાર લ્યે. માંડવી બાલાશ્રમે પોતાનું સ્થાન બદલ્યું. અબડાસા તાલુકામાં નલીઆ ગામે એ બાલાશ્રમ ગયું. સંસ્થાના સંચાલકોને જયચંદભાઇની યોગ્યતા અને નિઃસ્વાર્થ પરાયણતાનો પુરો ખ્યાલ આવ્યો. જુના ગૃહપતિને રજા આપી, શ્રી જયચંદભાઇને ગૃહપતિ તરીકે નિયુક્ત કર્યા. શ્રી જયચંદભાઇના ત્યાગી અને સેવાપરાયણ જીવનની સમાજ પર ભારે છાપ પડી. સંસ્થાને લાખો રૂા. દાનમાં મળ્યા અને સંસ્થા પુરેપુરી પગભર બની.

શ્રી જયચંદભાઇ મારા સંસ્કાર ગુરૂ છે. સંવત ૧૯૬૯ ના કારતકથી ૧૯૭૧ના આસો લગી ત્રણ વર્ષ એ સંસ્થામાં હું રહ્યો. એ સમય દરમ્યાન જાહેરમાં બોલતા એમણે શીખવ્યું, અક્ષરો સુધારવા પેઇન્ટીંગ કળા એમણે શીખવી જીવન ભરમાં કોઇની પાસેથી કશું પણ માગવું નહીં, હંમેશા પર ઉપર ઉપકાર કરતાં જ રહેવું, પૈસાની ખાતર ક્યારેય જુઠું બોલવું નહીં, જીવન ભરમાં પ્રમાણિકતાનો કયારેય ત્યાગ ન કરવો; પોતાની લક્ષ્મીનો સદુપયોગ જનકલ્યાણના માર્ગે કરવો. એવા એવા અનેક સિદ્ધાંતો પોતાના જીવનમાં ઉતારવા એમણે અમોને ઉપદેશ કર્યો, સંસ્કારો રેડ્યા.

એઓ સંસ્થામાં અભ્યાસ કરતા બાળકોને પોતાના પુત્રો સમાન માનતા. એમનું વાત્સલ્ય છોડી બાળકો ઘરે જવાની પણ ઇચ્છા ન કરતા. એમના પ્રિય પુત્રો તુલ્ય શિષ્યો આજે ઘણા ઘણા સારા સ્થાનો પર છે.

" જન્મભૂમિ " પંચાગને ભારતના તમામ પંચાગોમાંથી અગ્રહરોલમાં લાવનાર; એ પંચાગને રાજ્ય માન્ય અને જૈન સમાજ માન્ય બનાવનાર, ભારતની પ્રજાને સાચા જ્યોતિષી શાસ્ત્રનો ખ્યાલ અપાવનાર, ગુર્જરી પ્રજાના કોહીનુર હીરા સમાન મહાન ગણિત જ્યોતિષી શ્રીમાન દેવશીભાઇ વીરજી ખોનામાં જે સેવા ભાવ છે, જનકલ્યાણની જે ઉત્તમ વૃત્તિઓ છે, શેઠશ્રી રતનશીભાઇ ખીયશી ખોના (કચ્છ સુથરીવાળા) એ પોતાના ઉન્નતિ કાળમાં જે લાખો રૂપીઆ સન્માર્ગે વાપર્યા છે, શેઠ વેલજીભાઇ કાનજી

(ગદ્દગ) એ અનેક માનવીઓ ઉપકારો કર્યા છે. એ બધામાં ખરી પ્રેરણા શ્રી જયચંદ્દભાઇના સુસંસ્કારોની છે.

પંડિત શ્રી લાલનસાહેબના અક્ષર દેહના પરિચયમાં પણ શ્રી જયચંદ્દભાઇના સમાગમ દરમ્યાન હું આવ્યો. અને મને એમની અનેક વાતો એમની સાધુતા, એમની નિરાભિમાની વૃત્તિ, બાલસુલભ સરળતા અને જ્ઞાનની પ્રૌઢતા એ બધું શ્રી જયચંદ્દભાઇ પાસેથી જાણવામાં આવ્યું.

પંડિતજીને જયચંદ્દભાઇ પોતાના ગુરૂતુલ્ય માનતા એટલે હું પંડિતજીને પૂજ્ય બુદ્ધિથી જોતા શીખ્યો. આ પ્રમાણે પંડિતજીને યાદ કરતાં શ્રી જયચંદ્દભાઈ યાદ આવે છે.

પંડિતજીનો સહવાસ-પ્રસંગ-પરિચય અવારનવાર દેશ યા પરદેશમાં થતો જ રહ્યો છે, પણ સં. ૧૯૯૧-૯૨ ની સાલમાં અને ૧૯૯૭ ની સાલમાં અહીં કચ્છ ભુજપુર ખાતે અધ્યાત્મપ્રેમી સખીવજુદ્દ સજ્જનાત્મા શ્રીમાન્ વેલજીભાઇ મેઘજીને ત્યાં ઘણા મહીનાઓ લગી રહેલા ત્યારે તો ઘણા ઘણા પરિચયમાં આવેલો. ઘણી ઘણી બાબતોની ચર્ચાઓ થએલી. ઘણા ઘણા ગૂઢ પ્રશ્નોના નિરાકરણ બહુ સહેલાઇથી કરી શકતા મેં એમને જોયા અને છતાં અભિમાન કે માયાનું નામ નિશાન ન મળે.

ભારત અને ભારત બહાર યુરોપમાં શાંતિ, નિર્વૈર્યપણાના અને જૈનધર્મના સિદ્ધાંતોનો ભારે પ્રચાર કર્યો છે. પંડિતજી મોટી ઉમ્મરના, લગભગ અશક્ત કહેવાય એ સ્થિતિએ પહોંચેલ હોવા છતાં એમનો જુસ્સો યુવાનોને

પણ શરમાવે એવો હતો. કોઇ તેમને કહે " સાહેબ આપતો હવે બહુ વૃદ્ધ થયા " એટલે તેઓ જવાબ આપતા " નહીં ભાઈ ! હું તો હજી યુવાન છું. " અને યુવાનને છાજે એટલી અદમ્ય શક્તિથી એઓ કાર્ય કરતા.

ભણાવવામાં, પાઠો સમજાવવામાં, ગૂઢતત્ત્વોની ચર્ચા કરવામાં અને શ્રીમદ્ રાજચંદ્રજીના સિદ્ધાંતો સમજાવવામાં એમની આ શક્તિનું આપણને ભાન થતું.

પંડિતજી, શ્રીમદ્ના ચુસ્ત અનુયાયી હતા. શ્રીમદ્ના ઘણા ઘણા સિદ્ધાંતો એમણે પોતાના જીવનમાં આચરી બતાવ્યા હતા.

સૌરાષ્ટ્રે, જામનગરે, જૈન સમાજે લાલનગોત્રે આવા અજાતશત્રુ, નિરાભિમાની વિદ્વાન પુરૂષ ભારતને ચરણે ધરી આર્યસંસ્કૃતિની ભારે સેવા કરી છે.

આવા આંતરદ્રષ્ટિવાળા પુનિત આત્માનો વાસ સ્વર્ગમાં જ છે અને પરિણામે શાશ્વવત્ શાંતિને અક્ષયધામને પ્રાપ્ત કરવાના જ છે, એવા પુનિત આત્માના પવિત્ર સંસ્મરણો ભારતવર્ષની પ્રજા સન્મુખ રજુ કરવા માટે પ્રયત્ન કરનાર પંડિતજીના ચુસ્ત અનુયાયી અંતેવાસી, ભક્ત કવિ શ્રી શિવજીભાઇ દેવશી શાહને આપણે જેટલા ધન્યવાદ આપીએ તેટલા થોડા છે. શિવજીભાઇ શક્તિશાળી પુરૂષ છે. ભારત ભરમાં એમના ઘણા મિત્રો છે, સ્નેહિઓ છે, અનુયાયીઓ છે. એઓ ભારે નિડર અને નિર્ભય પુરૂષ છે, એમની નિર્ભયતાનો મને જાત અનુભવ છે. અંજાર પરિષદ્ વખતે

સેંકડો ભાઇઓએ એમના વ્યાખ્યાન માટે વિરોધ કરેલો પણ શીવજીભાઈએ વિરોધથી જરાય ગભરાયા નહીં, એમણે નિર્ભયપણે સિંહસમી ગર્જનાએ પોતાનું ભાષણ કર્યું. આખી સભાએ આક્રોન આક્રોનના પોકારોથી એમને વધાવી લીધા અને એમનો વિરોધ કરનારાઓએ પણ એમને પગે પડી ચરણે શિર રાખી પોતાની ભુલનો પસ્તાવો કર્યો.

શ્રી શીવજીભાઇ અને મેં અનેક સભાઓમાં સહ પ્રવચનો કર્યા છે. સં. ૨૦૦૯ ના પર્યુષણ પારોલામાં સાથે રહી ઉજવ્યા છે. હું વ્યાખ્યાન વાંચું અને શ્રી શીવજીભાઇ પ્રવચન કરે. ખાનદેશના ભાઈ-બહેનોએ આ પર્યુષણમાં ખુબ ખુબ આનંદ મેળવ્યો છે.

આવા શ્રી શીવજીભાઇ પૂજ્ય પંડિત શ્રી લાલન સાહેબના પવિત્ર સંસ્મરણો પ્રગટ કરે છે. તે માટે તેમને ધન્યવાદ. ગુરૂ પ્રત્યેની સાચી ફરજ એમણે બજાવી છે.

ક્ષમાનંદ

(આ પત્ર લખનારનું નામ છે. ક્ષમાનંદજી. તેઓ શ્રી અચલ-ગચ્છના આચાર્ય પૂજ્ય શ્રી જીનેંદ્રસાગરજીના વિદ્વાન શિષ્ય છે. તેઓ અજોડ વક્તા છે. વિચારક છે. અને શાસનપ્રેમી છે. અંચલ-ગચ્છનું તેમને અભિમાન છે. અને તેના ઉત્કર્ષ માટે બનતું કરવા હંમેશ તત્પર રહે છે.)

૩૮

શ્રી ચોપડા તા. ૧૩-૪-૧૯૫૯

પરમ પૂજ્ય સદાય શુભેચ્છક સદ્‌ગુરૂવર્ય શ્રી શિવ-બાપુની પવિત્ર સેવામાં.

શ્રી ઘોઘાબંદર

તમારો તા. ૫ મીનો લખેલો કવર મલ્યો. સાથે મોકલેલ પંડિત શ્રી લાલનસાહેબના જીવન-પ્રસંગો વિષેના લેખો મોકલવા વિષેનો વિજ્ઞપ્તિનો કાગળ મલ્યો. તમોએ આરંભેલ કાર્ય ઘણો જ ઉચ્ચને સમગ્ર જનતાને તેમના વિષે ઘણી જ જાણવા જોગ માહિતી મલશે હું જો કે તેમના દર્શનનો લાભ લઇ શકયો છું પણ ખાસ તેમના નિકટ પરિચયમાં આવ્યો નથી. તેથી તેમના વિષે કાંઇ જ વધારે લખી શકતો નથી, તમોએ તો તેમના જીવનમાં મૂળ ભાગ ભજવ્યો હોવાથી તમારી લેખણીમાંથી જ તેમના વિષે વધારે પ્રકાશ પડશે.

લી૦ લઘુ શિષ્ય,
ઉમરશી માલશી
ના સાષ્ટાંગ દંડવત સ્વીકારશોજી.
દઃ છોરૂ નરશી ઉમરશી
ના પગે લાગણું

(આ પત્ર લખનારનું નામ છે. ઉમરશી માલશી તેમના પિતાજી વિદ્વાન હતા. જિન આગમના જાણુ હતા. શિવજીભાઇ તેમને ગુરૂ માને છે. ઉમરશીભાઇમાં શ્રદ્ધા-ભક્તિ-સેવા અને ઉદારતા છે, તેમનો પરીવાર સુસંસ્કારી છે.

૩૬

પં. લાલનની વિદ્યા–વાટિકા. (વાડી)

પંડિત લાલનને અનેક જૈન જૈનેતર વિદ્વાનોનો સંપર્ક હતો. વિલાયત–અમેરિકાથી જ્યારે આવ્યા અને તપગચ્છના ઉપાશ્રયમાં જૈનો તરફથી માનપત્ર આપવામાં આવ્યું તે વખત તેમનો ડ્રેસ આકર્ષક હતો. આકર્ષક આંટીઆરી કાયમ માટે બાંધી જ રહે તેવી હાલારી–જામનગરી પાઘડી બેરિસ્ટર પહેરે તેવો ઝભો. બબ્બે કાચના સોનાની ફ્રેમવાળા ચશ્મા આડંબરની અવધિ પંડિતવર્ય હંસરાજ શાહના પ્રમુખપદે તેમનું દ્વિલચસ્પ ભાષણ સારા જામનગરની પ્રજા ભાષણ સાંભળવા ઉમટી પડી. તપગચ્છના ઉપાશ્રયમાં માણસનો મહાસાગર ઉભરાયો રાત્રે આઠ વાગે ભાષણ શરૂ થયું. લગભગ ૨॥ કલાક ભાષણ ચાલ્યું.

લોકોને ખૂબ આનંદ ને અનુભવ મલ્યો પં. લાલન એટલે તે વખતના એક સારા કૌમિક ભાષણકાર. હસાવવું લાલનને ખૂબ પ્રિય. અનુભવ પણ સારો લઈને આવેલા હસમુખ ઉદ્ગાર મૂર્તિ. પૈસાની જગાએ રૂપીઓ આપે ગરીબ માણસ પાસેથી પાછા પૈસા જ ન લીએ. બીજે દિવસે જરૂર પડે તો તેને જ બટાવે. રૂપીઓ રોકડો આપે બે ત્રણ પૈસાની વસ્તુ લીએ. પાછા પૈસા લેતાં જ શીખ્યા નહોતા બજારમાં જ્યાં જાય ત્યાં વટ પડે.

કોઈ પણ વસ્તુના ભાવ જ ન કરે. યોગ્ય લાગે તેટલા પૈસા આપી વસ્તુ ખરીદે વિવિધ ભાષા જાણવાનો બહુ શોખ હતો.

પંડિતજી અનેક ભાષા જાણુતા હતા.

પં. લાલન લગભગ ૧૦) ભાષાઓના જાણકાર હતાં. કદિ નવરા તો બેસે જ નહિ. હજામત કરાવે તે પણ કોઇ વિદ્વાન્ વાણુંદ પાસે પૈસા ઠરાવે નહિં. ઉઘડક ધાર્યાથી વધારે આપે. બચ્ચાઓ સાથે ખૂબ ખીલે. ગેલ કરે અને રમુજી પ્રશ્નોત્તર કરે બાળકને ગુરૂ બનાવે અને પોતે ચેલા બનીને બાળકને પ્રશ્નોત્તર કરે. એમાં ખૂબ રસ લીએ. બચ્ચાંને મીઠાઇ ખવરાવે, બિસ્કીટ પીપરમેંટ ખવરાવે પોતે પણ ખાય.

જે વસ્તુ ખરીદે તે ઉત્તમોત્તમ ખરીદે લાલન એટલે એક મનુષ્યના રૂપમાં દેવ. પૈસાની ગણત્રીમાં Accurate તેવા જ ઉદારતામાં બેહદ. આશિષ આપે તો હાંડા ભરી ભરીને લેનારને શોધી શોધીને પણ આપે લાલન એટલે લગનીવાલા. પણ લગની શાની ? વીતરાગના પ્રશમ રસની, ઉપશમ ભાવની સમતામય શ્રેષ્ટ જીવનની. આ મારો જાતિ અનુભવ છે કે

અચ્છાબાબાનો જાતિ અનુભવ.

દાનથી જીવન શોભાવનાર વ્યક્તિ તે પં. લાલન.
જ્ઞાનથી જીવન શોભાવનાર વ્યક્તિ તે પં. લાલન.
જ્ઞાન સાથે ક્રિયાથી જીવન શોભાવનાર વ્યક્તિ તે પં. લાલન.

કેવળ–ગુણગ્રાહી દૃષ્ટિવાળા અને સામાયિક વ્રતના પરમ ઉપાસક તેમજ દોષ જોવાની આંખે આંધળી વ્યક્તિ તે પં. લાલન.

પૂ. પાદ કેસરસૂરિજીના પ્રેમપાત્ર અને દીવાળીબાઈના ધર્મશિક્ષક અને સદ્ગાય ઉદ્ધાર ચરિત્ર વ્યક્તિ તે પં. લાલન.

અમ્છાબાબાના પરમહિતૈષી મિત્ર અને ખૂબ ખૂબ વિશ્વાસ પાત્ર તે પંડિત લાલન.

સદ્ગાય કલ્યાણ હેા એ પંડિત લાલનનું.

પંડિત લાલનનેા અંગત પરિચય અને શાસનસેવા.

પં. લાલન એ એક પવિત્ર પુરૂષ હતા. સદ્ગાય મુસાફરી કરવી એમને પ્રિય હતી. મુસાફરીનેા હેતુ પ્રજાને જૈન ધર્મનેા બેાધ કરવેા એજ હતેા. વીરચંદ રાઘવજી બાર એટ-લેા. ના સન્મિત્ર હતા. અનેક સાધુસંતેાના પરિચયમાં આવેલ હતા. શમ, ઉપશમ અને પ્રશમ એ એમનાં પ્રિય ઉપનામેા હતા. શેઠ ગેાવિંદજી ડેાસાભાઇના ખાસ મિત્ર હતા. એમણે અનેક પ્લેટફેામેા ગજવ્યા છે. અનેક વ્યાખ્યાનેા ભાષણેા, લેકચરેા કરી કરીને લેાકેાને સદ્બેાધ આપવામાં જીવન ગાળ્યું છે.

પાછલી અવસ્થામાં એમની બન્ને આંખેા ગઇ હતી. અર્થાત્ સુરદાસ બની ગયા હતા. આખું જીવન ઉદારતામાં ગાળેલ હતું પૈસેા એમને મન હાથનેા મેલ જેવેા લાગતેા. પૈસા સંબંધી હું મારેા અંગત પરિચય આપવા ઇચ્છું છું. એમની ઉદારતા અજોડ હતી. અમ્છાબાબા ઉર્ફે વેલજી લાલજી વેારા એ એમનું પ્રિતિ પાત્ર હતું. પેાતાની આનગી બાબતેા પણ તે મને કહેતેા. મારેા તેમને ખૂબ વિશ્વાસ હતેા. લગભગ સાડી સત્તરસેાની રકમ તેમણે મારે હસ્તક

સોંપેલી. પોતે જીભના રશીયા હતા. મીઠું બોલતા અને મીઠું મીઠું ખાતા ખાય ઓછું પણ ઉત્તમ પદાર્થ ખાતાં મને પણ ખવરાવતા. મેસુબ–મોતીઆ લાડવા એમને ઠીક ભાવે ઉત્તમ આંબા પણ ખાય અને ખવરાવે. ચા, કોફી ને કોકોમાં કેસર–જાફરાન નખાવીને બનાવરાવે.

પંડિત લાલનની ખુબીઓ !

લેવા કરતાં દેવામાં આનંદ પામવો એ એમની ખાસીયત.

વ્યાજબી કિંમત કરતા અદકું આપવું.

હલકો વિચાર મગજમાં પેસવા દેવો નહિ.

કંઇ જ પેસી જાય તો મુખથી ઉચ્ચાર કરવો નહિ.

સવીજીવ કરૂં શાસન રસી, ઇસી ભાવ દયા મન ઉલ્લસી.

દોષ કોઇના પણ ન જુએ, ગુણ સર્વે કોઇના જોતા રહે.

ઓછામાં ઓછું બોલે અને વધારેમાં વધારે કામ કરે.

મન વાણી અને દેહમાં ઐક્ય સાધવા સતત પ્રયત્ન કરે.

વિરોધી કોઇને પણ ન ગણે, બધા સાથે સમભાવ રાખે.

ખૂબ ખૂબ જાણકાર છતાં દરેક બાબતમાં જિજ્ઞાસુ બુદ્ધિ રાખે.

મિષ્ટાન્ન આરોગવું અને મિષ્ટ ભાષા બોલવી એ એમનો નિશ્ચય કરેલો અફર સિદ્ધાંત.

ગંભીર વ્યક્તિઓ સાથે ખૂબ ગંભીર બનીને રહે અને હાસ્ય પ્રિય બંધુઓની સાથે ખૂબ ખૂબ હસે અને હસાવે

પણ ખરા. કયારેક રોદ્દડાં રોવાની વાત જ નહિ હસ્યા તેનાં વસ્યા ને રોયા તેણે ખોયા. Laugh and the world will laugh with you but weep if you weep alone. જે પ્રસન્ન મુખમુદ્રા રાખી શકે છે, તે જ વિશ્વમાં વિજય પ્રાપ્ત કરી શકે છે. સુખી થનારે રડતી સુરતવાલી વ્યક્તિથી સદાય દૂર જ રહેવું શ્રેયસ્કર છે, Rejoice always સદાય આનંદી જીવન જીવો અને સુખી થાવ. તથાસ્તુ.

પં. લાલનનાં પ્રવચનોનો અર્ક નીચે મુજબ છે, ખૂબ સમજવા જેવી હકીકત છે તે લગીર જોઇએ.

આત્માની કિંમત કેટલી આંકી શકાય ?

ભરસભામાં એકાદ ઝવેરીને જણાવે કે તમારી વીંટી પાંચેક મીનીટ માટે મને આપો, મારે જરૂરી કામ છે. વીંટી લે. પછી સભાને સંબોધે કે પ્રિય બાંધવો, જુવો આ એક લાખેક રૂપીઆની કિંમતનો કિંમતી હીરો છે. અને તે સોનાની વીંટીમાં જડેલો છે. જાતનો તો પથરો જ છે પરંતુ ઉંચી જાતનો પથરો છે. માણસમાં પણ ખાનદાન, કદરદાન, નાદાન, શયતાન આદિ વિવિધ જાતો હોય છે તેમ.

હીરાની કિંમત તેના પાણી ઉપર છે. તેમ જ તેના ઝવેરી પરીક્ષક ઉપર છે. આ હીરાની કિંમત આટલી અને પેલા હીરાની કિંમત તેટલી આમ હીરાની કિંમત આંધળો માણસ કરી શકતો નથી. અર્થાત્ કિંમત આંકનાર માણસની ચક્ષુ છે તેથી હીરાનો પણ હીરો જો કોઇ હોય તો તે ચક્ષુ ઇંદ્રિય છે. એટલે કે હીરા કરતાં મોંઘી વસ્તુ ચક્ષુ

છે. હવે ચક્ષુ તો મુડદાંને પણ છે છતાં તે નકામી છે. બાલકને પણ છે છતાં તે પણ પરીક્ષા કરી શકતી નથી. પરીક્ષા ઝવેરી જ કરી શકે છે. એટલે હીરા કરતાં ચક્ષુની કિંમત વધારે અને ચક્ષુમાં પણ ઝવેરીની ચક્ષુની કિંમત વધારે. ઝવેરીની ચક્ષુ, તેની કિંમત આંકી શકવાનું તેનામાં જ્ઞાન છે માટે તે તેથી વધારે કિંમતી છે.

હીરાની કિંમતનો બધો આધાર ઝવેરીના જ્ઞાન ઉપર અવલંબિત છે. એટલે ખરેખરી કિંમતી વસ્તુ દુનિયામાં જો કોઇ હોય તો તે જ્ઞાન જ છે. પછી તે વસ્તુનું હોય, વ્યવહારનું હોય, નિશ્ચયનું હોય કે ગમે તેનું હોય. ખરૂં જ કહ્યું છે કે—નહિ જ્ઞાનેન સદશં પવિત્ર નિહ વિદ્યતે ॥ જ્ઞાનમેવ પરંબ્રહ્મ । જ્ઞાનમેવ પરંજ્યોતિઃ ॥

સમ્યક્‌દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષ માર્ગઃ

તત્ત્વાર્થાધિગમનું પ્રથમ જ આ માંગલિક સૂત્ર કમાલ છે ખરેખર આ મુક્તિનો માર્ગ જ છે. પહેલું જ અનેક શાસ્ત્રોનો નીચોડ છે, આધ્યાત્મિક શાસ્ત્રોનું નવનીત માખણ છે. અજ્ઞાનના ગાઢ અંધકારમાં જ્ઞાનભાનુના પ્રખર કિરણો જ કામ કરે છે, ભવભ્રમણનું કારણ મોહનીય કર્મ છે, અને મોહનીયનું કારણ કેવલ અજ્ઞાનતા છે, જ્ઞાન થતા જ તેજ સમયે અજ્ઞાન દૂર થઇ જાય છે. પ્રકાશ આવે કે અંધકાર દૂર પલાયન કરી જાય છે, તેમ જ્ઞાન થતાની સાથે જ અજ્ઞાન વિલય થઇ જાય છે.

ખરેખર જ્ઞાનની તો બલિહારી જ છે.

આ જીવ અનાદિકાળથી અજ્ઞાનના કારણે ચારે ગતિમાં રખડ્યા જ કરતો આવ્યો છે અને હજુ પણ જો ચેતીને જ્ઞાનદશાને નહિં અપનાવે ત્યાં સુધી તેનો ઉદ્ધાર થઈ શકવાનો નથી. અનેક જ્ઞાની મહાત્માઓના ભેટા થાય છતાં જો જીવ સ્વયં સમજે નહિં અને પુદ્ગલની આસક્તિ છોડીને સ્વરૂપસ્થ થાય નહિં ત્યાં સુધી ભવ બંધન ટળે જ નહિ, અને મુક્તિ કદિ મળે નહિં બંધન મુક્ત થવાનો એક જ ઉત્કૃષ્ટ માર્ગ છે અને તે એ છે કે સ્વસ્વરૂપને પીછાની તેમાં જ ઠરી જવું, લય પામી જવું, કે જેથી નવાં બંધન અટકી જાય અને જુના બંધન ભોગવાઇ જાય.

માનવ જન્મ આર્યક્ષેત્ર-સાધુસંતનો-સમાગમ-વીતરાગનું દર્શન આ બધી મહામોંઘેરી વસ્તુઓ મહા ભાગ્યના યોગે સાંપડેલી છે, હે ચેતન જો જે વ્યર્થ વેડફાઇ ન જાય નહિતર પશ્ચાતાપનો પાર રહેશે નહિં.

આ ભલે પંચમ કાળ હોય, પણ જે સત્વશાલી વીર નરો છે તેમને માટે તો સદાય ચોથો આરો જ વર્તે છે.

લોઢા જેવા જીવો સંસારસાગરમાં સદાય બુડવાના જ છે અને લાકડા કે તેલ જેવા જીવો સદાય તરતા જ રહેવાના છે.

વીતરાગના માર્ગને સમજીને વિષય કષાયનો કચરો સાફ જ કરી નાંખો સ્વયં વીતરાગ બની જાવ, સંસારી જીવોને સ્વયં તરીને તારો મમતા મૂકો અને સમતાને

સજો. માનવ જીવનને ધન્ય બનાવો આદર્શ બનો અને સંતતિને પણ આદર્શ બનાવી જીવન સફલ કરો. એજ.

લી૦ સેવક,
અચ્છાભાભા-જામનગર.

(આ પત્ર લખનારનું નામ છે, અચ્છાભાભા. તેઓ જામનગરના વતની છે. તેમનો પંડીત શ્રી લાલન સાહેબ સાથે ખૂબ પરિચય થયો છે. તેઓ વિદ્વાન છે અને સેવાપ્રિય છે.)



૪૦

શ્રીમાન્ પરમ હિતૈષી મુરબ્બી ભાઇશ્રી શીવજીભાઇ દેવશીની સેવામાં,

મુ. ભાવનગર

એમ તો આપણે ચાર વખત મળેલાં પણ તે સ્મરણમાં ન હોય તો પણ એક બીજાના નામથી અથવા અક્ષરદેહથી પરસ્પર જાણીતા છીએ. આપની એકેએક કૃતિ મારા સંગ્રહાલયમાં છે.

આપના તરફથી જાહેરાત વાંચી આપનો સંબંધ શ્રીમાન્ લાલન સાહેબની સાથે ગુરૂશિષ્ય જેવો હતો. આપ તેમને ઉચ્ચ દૃષ્ટિથી જોતા હતા તે વ્યક્તિ તેમના સ્વર્ગવાસ પછી ઘણા વર્ષના આંતરે સ્મરણ થાય છે મોડું થયું, તે કારણ જાણવું નથી પણ સ્મરણ થવા કરવા માટે ધન્યવાદ !

શ્રી લાલન સાહેબના સમ્પર્કમાં ઘણી વખત આવેલ છું, તેમણે સન. ૧૯૧૨માં મને પત્ર લખ્યો હતો. તેને ૪૭ વર્ષ થયા સંભાલ પૂર્વક રાખી રહ્યો છું, તેની નકલ અને પત્ર સાથે મોકલું છું આપને ઉપયોગમાં આવે તો મેટર ઓછું વતું કર્યા વગર છપાવી

શકો છો એમની લખવાની ઢબ, કેટલી સુંદર છે એ આપણે જાણીએ છીએ, આત્મભાવબોધ કુલકના વિવેચનમાં કેટલું ઉપયોગી લખાણ છે! એ પુસ્તકમાં મને આમંત્રણ પત્રિકા આપી છે તે પણ જોવા જેવી છે. જ્યારે એમનો સમય હતો તે વખતે એમની પ્રશંસા ચારેકોર થતી હતી. આવા સમાજ સેવક–ધર્મરત્ન પુરૂષની જીવન નોંધ પ્રગટ થાય એ ઇચ્છવા જોગ છે.

આપણે છેલે ભોપાલ મલ્યા હતા પણ સ્મરણમાં ન હોય આને નવું પત્ર વ્યવહાર ચાલુ થાય છે, આપ તો ઘણાં જાણીતા અધ્યાત્મી પુરૂષ છો, પ્રણામ સ્વીકારશો એજ.

છોટી સાદડી — લી૦ ધર્મબંધુ,
૨૦૧૬ વૈશાખ સુદી ૧ — ચંદનમલ નાગોરી

અસલ ઉપરથી નકલ

સર વિસનજી ત્રીકમજી
નેપીયનસીરોડ
મુંબઇ તા. ૨૨–૮–૧૯૧૨

જ્ઞાન પરિભાષાર્થ જીજ્ઞાસુ બંધુરત્ન ભાઇશ્રી ચંદનમલજી નાગોરી.

અનેક જયવીર પૂર્વક જણાવવાનું કે આપશ્રી તરફના લઘુ પત્ર (કાર્ડ) તથા પત્ર દર્પણમાં મંગલ દર્શનથી પ્રમોદ.

આપશ્રી શ્રાવક ધર્મના આકાર રૂપ શ્રીયુત મેશ્રીમલના મંગલ સમાગમમાં આવ્યા છો જાણી અત્યંત આનંદ. એકવાર વિશેષ આપના લઘુબંધુ લાલનને કંઇક વિશેષ નિયમ આપી આભારી કરી શકો એમ હોય તો લાલનને તેમાંથી ઘણું શીખવાનું મલશે, હાલતો એમનાં અલ્પ પણ

અપૂર્વ સમાગમથી "ज्वरइवमरोमे व्यमगतः" કંઇક થયું એ વિશેષ સમાગમ થાય તો આ પદ રૂપ જીર્ણજ્વર પલાયન થઇ અપૂર્વ શાંતિ બીજા ગુણો કરે છે, તેથી અધિક પ્રાપ્ત થાય એમ સંભવે છે આપથી બને અને તેમના પરિચયમાં હોતો લાલનની ખાત્રી તેમના તરફથી જાણી શકશો વિવેકથી તે કહેશે નહી પરંતુ આપ તરફથી જાણવામાં આવતા હું લાલનને સુધારવા પ્રયત્ન કરીશ કે જેથી તેનું કલ્યાણ થાય.

પ્રશ્ન—પહેલું જ્ઞાન કે દર્શન ?

આ પ્રશ્નનું ઉતર યથાર્થ છે, એમ માનવું નહી લાલનને જે કંઇ મલે છે તેજ તેજ માત્ર જણાવે છે.

જ્યાં એ પદની સરખામણી હોય છે ત્યાં પહેલું જ્ઞાન અને પછી ક્રિયા એમ જોવાયું છે જ્યાં ત્રણ પદ હોય છે ત્યાં પહેલું દર્શન પછી જ્ઞાન અને તદનંતર ક્રિયા આમ દેખવામાં આવે છે. તથાપિ જુદા જુદા દર્શનના જ્ઞાનના અને ક્રિયાનાં અર્થોની અપેક્ષા ધ્યાનમાં હોય તો પછી તેમાં વાંધો આવતો નથી. જુઓ દાખલા તરીકે એજ નવપદમાં આપ લખો છો તેમાંજ આપેલી સાતમી જ્ઞાન પૂજામાં લખે છે.

સકલ ક્રિયાનું મૂલ જે શ્રદ્ધા (દર્શન)
તેહનું મૂલ જે કહીએ, તો જ્ઞાન નિત નિત વંદિજે.
તે વિન કહો કેમ રહિએ રે ભવિકા, સિદ્ધચક્રપદવંદો !

અ. દર્શન શબ્દના અર્થ જ્યારે સામાન્ય ઉપયોગ હોય અને જ્ઞાનનો વિશેષ ઉપયોગ હોય એ પેલા દર્શન-

જ્ઞાનથી પ્રથમ હોવું જોઇએ. જેમ લાલન સામાન્ય ઉપયોગે જોતાં પહેલો જૈન છે પછી શ્વેતામ્બર. પહેલાં હિંદિ છે પછી કાઠીયાવાડી. પહેલાં શ્વેતામ્બર (સામાન્ય છે.) પછી અચલગચ્છી, પહેલાં મૂર્ત્તિદ્વારાએ પ્રભુ પૂજક અને પછી શ્રીયુત્ ચંદનમલજીનો લઘુ મિત્ર (પ્રથમ વસુધાવાદી અને પછી હિંદિ) આજ રીતે વસ્તુનો અવબોધ પહેલાં સામાન્ય એટલે દર્શનરૂપ હોય અને પછી વિશેષ એટલે જ્ઞાન હોય. અને વિષેષ ઉપયોગે જ્ઞાન થયા પછી તેમની સાથે કેમ વર્તન કરવું એ નક્કી થાય એટલે ક્રિયા પણ કરેલ ઉચિત ગણાય આપણે વ્યવહારમાં પણ તેમ કરીએ છીએ. આગ-ગાડીમાં મુસાફરી કરતાં જો કોઇ માણસ જેને ન જાણતાં હોઇએ તો આપણે પૂછીએ કે તમે કેવા છો ? ઉતર આપે કે અમે વણિક (સામાન્યદર્શન) પછી પૂછીએ કે તમે કેવા વાણિયા ? ઉત્તર આપે કે અમે " ઓસવાલ " વિશેષ ત્યારબાદ તમે જો ઓસવાલ હો તો છદ્મસ્થપણાને લઇને ઓસવાલ થયા તેના બોલવા સાથે તેના પર રાગ થશે. વણિક કહેતાં તે અવ્યક્ત જ્ઞાન હતો તે પ્રગટ જણાશે. અને છદ્મસ્થપણું જરા દૂર હોય તો આ આત્મા છે, હું આત્મા છું ઉભયજ્ઞાન સ્વરૂપ છીએ એમ સમભાવ રહેશે. સમભાવ થયા પછી દર્શને ઉપયોગ થયા પછી જાતિરૂપે દર્શનરૂપ અભેદ થયા પછી વ્યક્તિરૂપે વિશેષરૂપે જ્ઞાનરૂપે ભેદ જણાશે. પરંતુ અભેદદર્શન જાતિરૂપે, અભેદપૂર્વક, સમભાવપૂર્વક હોવાથી આનંદમાં ઓછું વધારે નહીં થાય, કે પૂર્ણથયાનંતર અપૂર્ણ થયું નથી. પૃથ્વીપર રાત્રિ-દિવસ

અજવાળું અંધારૂં એ અપૂર્ણ છે. પરંતુ સૂયમાં સદા અજવાળું પ્રકાશ–દિવસ છે. આનું નામ પૂર્ણપ્રકાશ આમ પૂર્ણદર્શન પછી જ્ઞાન હોય પરંતુ તે કેવલી હોય અર્થાત્ છદ્મસ્થપણાની સમગ્ર ભુમિકા ઓલંગી હોય તો પ્રથમ જ્ઞાન અને પછી દર્શન થાય, વ્યક્તિ જણાતાં તે વ્યક્તિ કયા વર્ગની સામાન્ય કક્ષા છે તે દેખશે–દર્શન થશે. વલી કોઈ એમ કરે છે. કેવલી પણ સમયાંતરે ઉપયોગ હોય છે અને કોઇ કહે છે કે એક જ સમયે જ્ઞાનઉપયોગ દર્શનઉપયોગ એમ હોય છે. (લાલનને બન્ને ઇષ્ટ લાગે છે.) આ બધી વાતનો ખુલાસો ન થતો હોય તો જણાવશો.

બ. સર્વ ઉપયોગ સાથે કેમ હોય ?

જેમ એક જ માણસ એક જ વખતે બાલ હોય. પુત્ર હોય, ભત્રીજો હોય, ભાણેજ હોય, કાકા હોય આમ બીજા ઉપયોગે અનેક ઉપયોગ એકીવેલા લાગે પરંતુ પોતે જે સમય ભત્રિજા તરફ દ્રષ્ટિ રાખે ત્યારે કાકા અને કાકી તરફ દ્રષ્ટિ કરીએ ત્યારે ભત્રિજા એ પ્રકારે એક સમયે તેમાં એક પછી એક ઉપયોગ આવે છે. તો તે પણ યોગ્ય લાગે છે. આચાર્ય શ્રી સિદ્ધસેનદિવાકર અને દેવર્ધીક્ષમાશ્રમણ કોઇ કેવલીને એક પછી એક ઉપયોગ કહે છે, કોઈ સર્વ ઉપયોગ એક સમયમાં કહે છે. વસ્તુ આપણી અપેક્ષાએ તો દર્શન પછી જ્ઞાન પછી ક્રિયા છે.

ક. શ્રી સિદ્ધચક્રનાં ગોટામાં જોઇએ તો જે મંદિર તપગચ્છવાલાનું હોય ત્યાં તેમાં પ્રથમ દર્શનપદ પછી જ્ઞાન-

પદ આવે છે અને અચલગચ્છી મંદિરમાં પહેલું જ્ઞાનપદ આવે છે. તો આમાં આપણી અપેક્ષા દર્શન પહેલું છે. અને શ્રી ભગવાનશ્રીની અપેક્ષા પહેલું જ્ઞાન છે એમ બન્ને અપેક્ષા સત્ય હોય તેમ લાગે છે.

વિશેષ લખશો તો વિશેષ ખુલાસો લાલન કરશે. હાલ અહીં જ વિરમે છે. છતાં એક વાત લખે છે કે, જ્ઞાન થયે શ્રદ્ધા પણ દ્રઢતા પામે છે જ્ઞાનવગરની શ્રદ્ધા-પ્રમાણ રહિત શ્રદ્ધા ટકી શકતી નથી. પ્રમાણપૂર્વક શ્રદ્ધા-ચક્ષુ ઉઘાડી સદા રહેવાથી ક્રિયા (ચારિત્ર) ચોગ્યતા વાલી હોય છે.

તથાપિ દેશ યા સંસ્થામાં ક્રિન્ડરગાર્ટન સીસ્ટમથી હોય ત્યાં પહેલો શબ્દ અને પછી અર્થ પરંતુ જ્યાં એ સીસ્ટમ હોય છે ત્યાં પહેલો અર્થ શિખવે છે. અર્થાત્ પહેલાં જ્ઞાન માની દેખાડે છે અને પછી આ એવો અક્ષર આમ જોવામાં આવે છે.

આપણા દેશમાં આમ નથી હોતું. પહેલાં આંક મારી મારીને શ્રદ્ધા શીખવે છે અને પછી હિસાબ શીખે એટલે જાણે કે ૧૨ ને ત્રણે ગુણે ત્યારે છત્રીશ થાય. પહેલાં આ ગુરૂ છે તેને તું માન પછી શ્રદ્ધા રાખે અને પછી તેના છત્રીશ ગુણો જોજે આમ ક્રમ જુદો છે. પહેલાં છત્રીશ ગુણો દેખાડી તેમાં શ્રદ્ધા કરાવવાની શૈલી ઘણી-ખરી આપણાં તરફ જણાતી નથી ઉપરથી બાલક (મનુષ્ય બાલક પણ) કાચી આંખવાલો હોવાથી ન સમજાય છતાં હા પાડે છે કે આંક એ હિસાબ છે, ગુણાકાર છે.

વલી સિનેમેટોગ્રાફમાં જેઓ જાય છે ત્યાં સર્વ લાઇટો બંધ કરી એક લાઇટ પડદા પર રાખી પછી ચિત્રો દેખાડે છે, તેમ ધર્મસંસ્થાપકો બીજા સર્વ મિથ્યાત્વી છે. Heathesre નાસ્તિક છે એવા વિશેષણો વડે તેમાંથી લાઇટને બંધ કરી પછી પોતાની એક લાઇટ દેખાડી તેમાં પણ શ્રદ્ધા કરાવ્યા પછી જે પડદા પર જુદી જુદી ક્રિયા દેખાડે છે. આમ કાચી આંખવાલા બાલજીવોને માટે ઉપકારી પદ્ધતિ ગણાઇ છે.

હાલ પ્રવૃતિમાં શ્રીમદ્ હરિભદ્રસૂરીકૃત યોગદૃષ્ટિ સમુચ્ચયનો અનુવાદ કરવાનો વિચાર ચાલે છે.

સર્વ શ્રી વીરભક્તિ-પ્રેમ-દયાથી આનંદરૂપ હો.

લી૦ લઘુતમ,
લાલન
ના અનેકશઃ જયવીર.

વિ. વિ. ઉતર વિલંબે લખાયો છે, તો ક્ષમા કરશો. બંધુ વૉરને આપનું બરોબર એડ્રેસ મંગાવ્યું હતું તે પાઠવ્યું છે. તેઓએ લખ્યું છે, કે નીમચ તરફથી વસ્તુ આવી છે. ઠેકાણું જણાવશો.

(આ પત્ર લખનારનું નામ છે ચંદનમલ નાગોરી. તેઓ છોટી સાદડીના રહીશ છે. તેમના અંતરમાં શાસનપ્રેમ છે. તેમનામાં નમ્રતા અને સેવાવૃત્તિ સહજ છે.)

૪૧

સરિતકુંજ, આશ્રમરોડ,
અમદાવાદ–૯ તા. ૨૪–૪–૫૯

આદરણીય શ્રીયુત શિવજીભાઇ,

પ્રણામ. શ્રી લાલનજી સાથે મારો પરિચય ખરો, પણ તે બહુ ઉપરછલ્લો અને તદ્દન અલ્પ સમય પૂરતો. માત્ર આટલા પરિચયને લીધે જે અભિપ્રાય બંધાય, તે એમના જીવન-પ્રસંગમાં સ્થાન પામવા લાયક ન જ હોઇ શકે, છતાં જ્યારે તમારો આગ્રહ છે, તો ટૂંકમાં લખવું યોગ્ય છે.

પં. લાલન ગુણગ્રાહી, સરલ પ્રકૃતિના, સાહસિક અને ઉત્સાહી હતા, એ મારી છાપ છે. ગટુલાલજી જેવા કવિ, શ્રીમદ્ રાજચંદ્ર જેવા અધ્યાત્મી અને મણિલાલ નથુભાઈ જેવા વિદ્વાનોનો એમને પરિચય, એ એમના જીવનનું કાંઇક ભાથું પણ ખરું. વિદેશ-પ્રવાસ, સ્વતંત્ર જીવન જીવવાનો મનોરથ, એ બધા ગુણો કહેવાય. એક કાળ એવો હતો, જ્યારે મુંબઇની દરેક સભામાં લાલન હાજર હોય જ જૈન શ્વે. કોન્ફરન્સ તો એમના વિના શૂન્ય લાગતી. ગાંધીયુગ પછી તેઓની વૃત્તિ વિકસી. આમ છતાં મારા મન ઉપર એમના વિષેની છાપ એવી છે કે તેઓ કોઇ સિદ્ધાન્તમાં ભાગ્યે જ અડગ રહેતા. તેરાપંથ હોય તો ત્યાંય નમે; કાનજીમુનિ હોય કે રામજી હોય, તોય ઢળે. અને જે કોઇ જે કાંઇ કહે તેને શ્રોતા થઇ સાંભળે. જ્યાં ખરેખર અજુગતું હોય, અને તેમને તેવું લાગે, ત્યાં પણ તેઓ પ્રવક્તા સામે ચૂપકીદી પકડે. પણ આ તો સ્વભાવની વાત થઇ.

એકંદર એ દીર્ઘજીવી, વિદ્યાપ્રિય અને નિષ્પક્ષવૃત્તિના હતા, એ ચોક્કસ.

સુખલાલ

(આ પત્ર લખનારનું નામ છે પંડિત સુખલાલજી. તેમને જૈન પ્રજા તો ઠીક પણ ગુજરાત ને કચ્છ, કાઠિયાવાડની સમગ્ર પ્રજા પીછાને છે. તેઓ પ્રજ્ઞાચક્ષુ છે છતાં સમર્થ શાસ્ત્રવેત્તા છે.)



૪૨

ચારિત્ર રત્નાશ્રમ

સોનગઢ તા. ૨૬-૫-૫૬

સૌજન્યમૂર્તિ શ્રી શિવજીભાઇ,

આપની તબિયત સારી હશે. આપને લેખ મોકલી શક્યો નથી. તે તરત મોકલાવીશ હવે તો મુંબઇથી મોકલાવીશ-આજે પૂ. બાપાશ્રી સાથે મુંબઇ હમણાં જ જાઉં છું.

પણ આટલું લખ્યા પછી તમને આપેલું વચન આંખો સામે આવ્યું અને ઊધારની વાત તમને પસંદ નહિ પડે એટલે હમણાં જ એક નાનકડો લેખ તૈયાર કરી આ સાથે જ જુદા મુ. પો. થી રવાના કરૂં છું તે સંભાળી લેશો.

બીજું નળિયાના વકીલ શ્રી લક્ષ્મીનારાયણ લાલજીનો શ્રી લાલન સાહેબ સાથે સારો પરિચય હતો એમને લખશો તો એ પણ જરૂર કંઇક મોકલી આપશે ત્યાં સૌને મારાં સ્મરણ—

આપનો,

કારાણી

ત્રાણુ વર્ષનો તરૂણ

આજથી લગભગ અર્ધી સદી પહેલા કચ્છ-મુન્દ્રાની દશા શ્રીમાળી વંડીના મોટા વ્યાખ્યાન હોલમાં એક મહાન વક્તાનું પ્રવચન હોવાથી મુન્દ્રા શહેરની મોટી મેદની ઉલટી પડી હતી. એ મહાન વક્તા તે બીજા કોઇ નહિ પણ શ્રી લાલન પોતે જ હતા. એ વખતે કચ્છ અને સૌરાષ્ટ્રમાં એમના નામનો ડંકો પડતો હતો. આજની સભામાં એ પોતાના વિલાયતના પ્રવાસના અનુભવો રજુ કરવાના હોવાથી મુન્દ્રાની જનતા એનો લાભ લેવા અધીરી બની હતી. વ્યાખ્યાન હોલ શ્રોતા વર્ગથી જોત જોતામાં ઠસ્સોઠસ્સ ભરાઇ ગયો. શ્રી લાલનની ગંગાના પ્રવાહ સમી એકધારી અમૃત વાણીથી તમામ શ્રોતાઓ છક્ક બની ગયા.

આજના વક્તાઓ લોકોને બનાવવા માટે બોલે છે. કેટલાક માત્ર બોલવા માટે જ બોલે છે એમની વાણીનો હૃદય સાથે કશો સંબંધ હોતો નથી. જ્યારે શ્રી લાલન જે કંઇ બોલતા તે પોતાના હૃદયના ઊંડાણમાંથી બોલતા એટલે એમનાં વચનોની શ્રોતાના અંતર પર હમેશાં ઊંડી છાપ પડતી.

ત્યાર પછી લગભગ અર્ધી સદીનાં વહાણાં વહી ગયાં અને એક દિવસ એકાએક શ્રી મહાવીર જૈન ચારિત્ર-રત્ના-શ્રમ-સોનગઢમાં, પૂજ્ય બાપાશ્રીના સાન્નિધ્યમાં એમના જર્જરિત દેહનાં દર્શન થઇ ગયાં. દેહનું દેવળ તો ખડખડી ગયું હતું. પરંતું તેની અંદર એમના સદા યુવાન આત્માનો

નાનો હંસલો પાંખો ફડફડાવતો જેવો ને તેવો બેઠો હોય એવું સ્પષ્ટ દેખાતું હતું.

શ્રી લાલનનું વૃદ્ધત્વ યુવાનીને પણ શરમાવે એવું હતું. વૃદ્ધોને પણ યુવાન બનાવે એવી એમની વાણી હતી. Old શબ્દ પણ એમને રૂચતો નહિ. એ જીવ્યા ત્યાં લગી યુવાન જ રહ્યા હતા. એમનું જીવન માનવજાતને માટે પ્રેરણારૂપ હતું. કોઇ વિરલ આત્માની માફક શ્રી લાલન પોતાનું જીવન સાર્થક કરી ગયા. ધન્ય હો, એ પુનિત-પાવન આત્માને!

સોનગઢ
શ્રી મહાવીર ચારિત્ર રત્નાશ્રમ — દુલેરાય કારાણી
તા. ૨૦-૫-૫૯

(આ પત્ર લખનાર કચ્છના અજોડ કવિ છે. તેઓ કચ્છ-કલાધર અને કચ્છના સંતોને કવિઓના લેખક છે. તેમનું નામ છે દુલેરાય કારાણી. તેઓને ગુજરાતી જાણનારી પ્રજા ભૂલી નહિ શકે)

૪૩

ગોરાવાડી,
પાલીતાણા તા. ૧૦-૪-૧૯૫૯

પૂજ્ય શિવજી બાપા,

આપનો ત્રીજી એપ્રિલનો કૃપાપત્ર મળ્યો. આપશ્રી પૂ. લાલનજી વિષે થોડું લખી મોકલવા જણાવોછો તો આજ્ઞાઅનુસાર લખી મોકલું છું.

પંડિતશ્રી ફૂલ્તચંદ કપુરચંદ લાલનના પરિચયમાં તો હું નાનપણથી આવેલ, આપ, પંડિત લાલન, પૂ. ચારિત્ર વિજયજી બાપા, મારા પિતાશ્રી વગેરે શ્રી પૂરબાઇની ધર્મશાળામાં ઘણી વખત મળતા અને સામાજિક તથા ધાર્મિક વિષય ઉપર ચર્ચા કરતા અને કોઇક વખત તે ચર્ચા સાંભળવાનો મને લાભ પણ મળતો. આ પત્રમાં તો હું પંડિત લાલન સાથેનું મારૂં છેલ્લું સંસ્મરણ લખું છું.

બારેક વરસ પહેલા રાત્રે મારા બારણે કોઇએ બૂમ મારી એટલે મેં પૂછયું " કોણ છે ભાઇ ! " શેઠ નરશી નાથાની ધર્મશાળાના પટાવાળાએ કહ્યું કે બાપાને પંડિત લાલનસાબ મળવા આવ્યા છે. હું એકદમ સામો ગયો. પટાવાળો પાછો ગયો અને પૂજ્ય લાલન તથા તેમના કોઇ સંબંધી ઘરમાં આવ્યા. આંખે ઓછું દેખતા તેથી મેં લાલન સાહેબને પૂછયું કે દાદરો ચડવાનો છે તો તકલીફ પડશે ? પંડિતજીએ કહ્યું કે, ના રે ના. હું પિતાશ્રીને કહેતો ગએલો એટલે તેઓ ઉપર બારણા પાસે ઉભેલા તે લાલનને ભેટી પડ્યા, " આપણે ઘણા વખતે મળ્યા. " એંશી પંચાશી વરસના વૃદ્ધોમાં આવો ઔપચારિક ભાવ બહુ ઓછો હોય છે. ખાસ કરીને મારા પિતાશ્રી તો આવી લાગણી ઓછી બતાવે. એક વખત રાત્રે બાર વાગ્યા પછી શંભુકાકા (શ્રી શંભુશંકર જગજીવન જોષી) ખિન્ન હૃદયે ' ચાંપશીભાઇ, ચાંપશીભાઇ, કરતા આવેલા અને રડી પડેલા ત્યારે બાપુજીએ ' શંભુભાઇ, શંભુભાઇ ' બોલી છાતી સરસા ચાંપી પોતાના પલંગ ઉપર બેસારી આશ્વાસન આપેલું અને

પછી પોતાની પાસે બીજો પલંગ નંખાવી બંને વાતો કરતા કરતા સૂતા એ દૃશ્ય મને તાજું થયું. પૂ. લાલન અને મારા પિતાશ્રીએ અડધોક કલાક જુદા જુદા વિષયો ઉપર વાતો કરી તેમાં સામાન્યિક માળાજપથી મનની એકાગ્રતા શૂન્યતા અને છેવટે આત્મમાં લીનતા વિષે ખાસ ચર્ચા થઈ. પાછળથી મહર્ષિ અરવિન્દના 'અતિમનસ' વિષે થોડું થોડું વાંચતો ત્યારે ઉપરની ચર્ચા મને યાદ આવતી. જુદા જુદા મહાપુરૂષો જુદે જુદે કામે અને જુદે જુદે સ્થળે વિચારો પ્રગટ કરે પણ તે બધામાં સામ્ય એકસૂત્રતા હોય છે તેમ લાગે છે.

વિદાય લેતી વખતે બાપુજીએ કહ્યું, "લાલન, તમો આવ્યા તેથી મને બહુ આનંદ આવ્યો, હવે તો અંજળ હોય તો મળીએ, આ દેહનો ભરોસો નથી" વૃદ્ધ જર્જરિત દેહે એજ ઉલ્લાસથી પૂ. લાલને કહ્યું, "કેમ ચાંપશીભાઈ, આપણે તો હજુ ઘણી વખત મળશું અને ઘણો કાળ સાથે પણ રહેશું." આ વૃદ્ધ પુરૂષ મૃત્યુને પેલેપાર પ્રકાશમય અનંત જીવનની વાત કરી રહ્યા હતા. શો આત્મવિશ્વાસ! આવા પુરૂષો શરીર વૃદ્ધ હોવા છતાં તાજગીભર્યું આત્મીય યૌવન માણી શકે છે. કલાપી ભલેને ગાય કે "જેને યુવાની મહીં વૃદ્ધ થયું ગમ્યું છે" પણ કદાચ બંનેનો કહેવાનો આશય એક પણ હોય. થનગનતી યુવાનીમાં વિચારક્ષેત્રે કરેલું વૃદ્ધત્વ સારૂં અને શિથિલ વૃદ્ધાવસ્થામાં તરવરાટભર્યું યૌવન સારૂં.

હું પંડિત લાલનને મૂકવા ભીડભંજન સુધી ગયો. રસ્તામાં મેં પૂછ્યું, "પંડિતજી, આ અવસ્થાએ આપનામાં આટલો ઉત્સાહ કયાંથી?" પંડિતજીએ જવાબ આપ્યો કે 'મારા કરતા તો મારો મોટો ભાઇ વધારે કામ કરી રહ્યો છે' હું ચમકયો, 'આપના મોટા ભાઇ? 'હા, હું અને બર્નાડશૉ વિલાયતમાં કલાકોના કલાકો ચર્ચા કરતા અને તેમને હું મોટાભાઈ ગણું છું તેમની કાર્યશક્તિ જોઇ છે?' મેં પૂછયું, "લાલન સાહેબ, આ લાંબા જીવન અને તાજગીની કોઇ ચાવી ખરી?' પંડિતજીએ જવાબ આપ્યો "આને કોઇ તાળું વાસ્યું નથી કે કૂંચીની જરૂર પડે. ઉલ્લાસ અને આયુષ્ય ખુલ્લાં જ પડ્યાં છે, જોઇએ તેટલા લઇલો. ઉલ્લાસ માટે ગમે તે સ્થિતિમા મનની મોજ, અને આયુષ્ય માટે સાંભળો આપણામાં કહે છે ને કે જેટલા શ્વાસોશ્વાસ માંડ્યા હોય તેટલું જીવવાનું છે, હવે જો આમ જ હોય તો તો તમારો ગણિતનો આ તદ્દન સાદો દાખલો છે. શ્વાસોશ્વાસની સંખ્યા તો નિશ્ચિત છે એટલે જેટલો શ્વાસ ઉંડો અને દીર્ઘ લ્યો તેટલો વધારે કાળ લાગે અને આયુષ્ય લંબાય, માટે લાંબુ જીવવું હોય તો હાલતા, ચાલતા, સૂતા, બેઠા ઉંડા શ્વાસ લો બસ ટૂંકુ ને ટચ" ટૂંકા સૂચનમાં પણ કેટલું તથ્ય પડેલું છે, તે વિચારતા મેં રજા લીધી અને પાછો ફર્યો. પછીથી તો પંડિતજીએ આ દેહથી વિદાય લીધી એમ સાંભળ્યું. પંડિતજીનો આત્મા જ્યાં હોય ત્યાંથી અનેકને પ્રતિબોધ-પ્રેરણા કરતા રહે એજ પ્રાર્થના. પ્રભુ તેમના આત્માને શાંતિ આપો એ

પ્રાર્થના શા માટે ! જેમણે આ દેહે શાંતિ અનુભવી છે, તેમને મૃત્યુ પછીના જીવનમા વિશેષ શાંતિ હોય તેમાં શી નવાઇ ?

શિવજી બાપા, આપ મારા માટે જે સદ્‌ભાવ રાખી રહ્યા છો તે માટે આભાર અમારા **મગનબાબા** સંપૂર્ણ આરોગ્ય સાથે 'શતં જિવેત્ શરદ્' એ વેદ વાક્ય સિદ્ધ કરી બતાવે.

લી૦ સ્નેહાકાંક્ષી,
શાંતિલાલ ચાંપશી શાહ
ના જયજિનેન્દ્ર.

(આ પત્ર લખનારનું નામ છે શાંતિલાલ ચાંપશી. તેઓ વિદ્વાન્ છે, પાલીતાણાની હાઇસ્કૂલના તેઓ હેડમાસ્તર હતા તેઓ સેવાપ્રિય અને મૌન સેવક છે તેમના પિતાને શિવજીભાઇ પોતાના પિતા ગણતા.)



૪૪

પાલીતાણા, તા. ૨૪-૫-૫૯

પૂ. શિવજીભાઇની આજ્ઞાથી સંત લાલનનાં સંસ્મરણો ટૂંકમાં લખતાં મને બહુ આનંદ થાય છે. એનાં વ્યાખ્યાનોએ અને ટૂંક પરિચયે મને જીવનમાં ઘણો લાભ થયો છે એમ હું માનું છું.

હું જ્યારે ઇ. સ. ૧૯૦૬ માં ત્રીજી અંગ્રેજી ભણતો હતો ત્યારે જીવનમાં પહેલ-વહેલું જ તેમનું પાલીતાણામાં નરશી નાથાના ચોકમાં તેમનું વ્યાખ્યાન સાંભળ્યું અને તે વ્યાખ્યાને મારાં હૃદય, બુદ્ધિ, અને ભાવના ઉપર સચોટ

અસર કદી હતી. વિષય ' સર્વધર્મ સમભાવ ' હશે એમ હું માનું છું. તેમની લાક્ષણિક શૈલીમાં તેમણે કહ્યું કે કલ્પના કરો કે ધર્મપ્રવર્ત્તકોની ગોળમેજી પરિષદ મળી છે. તેમ રામ, કૃષ્ણ, મહાવીર, બુદ્ધ, જિસસ ક્રાઇસ્ટ, મહંમદ પયંગબર વગેરે હાજર છે. અને મનુષ્ય કલ્યાણ અને ધર્મ સિદ્ધાન્ત ઉપર ચર્ચા કરે છે. એક-બીજા પરસ્પર કેવી પ્રીતિ, સહિષ્ણુતા અને નમ્રતા બતાવતા હશે! તો આપણે તે ધર્માવતારોના શિષ્યો હોઇએ તો આપણે એક-બીજા તરફ એવો જ ભાવ રાખવો જોઇએ.

પછી થોડા વખતે જ કેળવાયેલા ગૃહસ્થોની શ્રી પાલીતાણા ટેનિસ કલબમાં મળેલી જાહેર સભામાં તેમનું વ્યાખ્યાન સાંભળવાનો શુભ અવસર મળ્યો. ' મારાં અમેરિકાનાં સંસ્મરણો ' એ વિષય હશે, અમેરિકાના લોકો કેવા આનંદી, મહેનતુ અને આશાવાદી છે એનો એમણે એમની તેજસ્વી શૈલીમાં આબેહૂબ ખ્યાલ આપ્યો. સીત્તેર વર્ષનો વૃદ્ધ હોય તો પણ જાણે દોડતો હોય એવી ઝડપથી ચાલે. અત્યારે લગભગ સીત્તેર વર્ષની વયે હું જ્યારે ખૂબ ઝડપથી ચાલતો હોઉં અને મુંબઇ બજારમાં મને કોઈ પૂછે કે ' આટલું બધું શું ઉતાવળનું કામ છે? ' ત્યારે મને પંડિત લાલનસાહેબનું તે વ્યાખ્યાન મને યાદ આવે છે.

ઇ. સ. ૧૯૧૭ માં પોરબંદરમાં સુશિક્ષિતોની એક સભામાં તેમનું વ્યાખ્યાન સાંભળવાનો પ્રસંગ મળ્યો. તેમાંનો એક મુદ્દો મને બરાબર યાદ છે. ' સામાન્ય રીતે વ્યાખ્યાન-

કારો શ્રોતાગણને એમ કહે છે કે તમે આમ કરો અને આ સમજો. જ્યારે લાલન ભાષણ કરતા હોય છે ત્યારે 'તમે' શબ્દને બદલે આપણે શબ્દ વાપરે છે, અને લાલન પોતે પણ જાણે શ્રોતાગણમાંથી એક હોય એવી લાલનની દૃષ્ટિ છે.' આ ઉપદેશથી પોતાના દોષ પહેલાં જોવાની દૃષ્ટિ સાંપડી હોય એમ હું માનું છું.

સને ૧૯૨૫-૨૬ માં હું એક જૈન છાત્રાલયમાં ગૃહપતિ હતો ત્યારે વિદ્યાર્થીઓ સાથે પોતે ખૂબ રમૂજ કરે. વિદ્યાર્થીઓને પૂછેઃ 'પગ ઊંચો કે પર્વત?' સહજ રીતે વિદ્યાર્થીઓ પર્વતને ઊંચો કહે ત્યારે પોતે કહે કે પગ ઊંચો. કારણ કે પગ એથી પણ ઊંચે જઈ શકે છે. એવી જ રીતે ગજ લાંબો કે તાકો. એનો વિનોદ કરે. એવી જ રીતે પોતે કહેતા કે 'મારાં પત્ની જીવતાં હતાં ત્યારે હું રેલગાડીમાં બેસતાં મારી સાથેના માણસને શ્રીમતીને પણ એક દાગીનો ગણવાની સૂચના કરતો.' મારી સાથે ઘરડાં બૈરાં હોય ત્યારે હું તેમને પણ ગણતરીમાં લેવાની રમૂજ કરીને પૂ. પંડિતજીને યાદ કરું છું.

માત્ર છોકરાઓ સાથે આવો વિનોદ જ કરતા એમ નહિ પણ આ રીતે વિદ્યાર્થીઓના હૃદયને આકર્ષીને વિદ્યાર્થીઓના સામાયિકને વખતે પોતે સાથે સામાયિક કરવા પધારતા અને સામાયિકનું મુખ્ય રહસ્ય જે સર્વ પ્રાણીઓ તરફ સમતા છે તે સુંદર, સાદી અને સચોટ વાણીમાં સમજાવતા.

વિદ્યાર્થીઓ પૂછે કે 'આપની ઉંમર કેટલી?' ત્યારે પોતે અંગ્રેજીમાં જવાબ આપે કે હું આટલા વર્ષનો જુવાન

છું. અંગ્રેજીમાં 'ઓલ્ડ' શબ્દના બે અર્થ છે 'ઉંમરનો' અને 'ઘરડો' પોતે રમૂજ સાથે આશાવાદનું સુંદર રહસ્ય સમજાવે.

પોતે ઘણા વૃદ્ધ થયા હતા અને પંડિત તો ઘણા વર્ષથી કહેવાતા હતા છતાં પોતાને જ્ઞાનપિપાસા ઘણી પ્રશંસનીય હતી. સોનગઢવાળા પૂ. મુનિ શ્રી ચારિત્રવિજયજી મહારાજ પાસે એક જિજ્ઞાસુ વિદ્યાર્થીની જેમ ઘણી પાકી અવસ્થાએ પોતે 'યોગશાસ્ત્ર' શીખવા જતા અને બહુ વિનયથી યોગશાસ્ત્રનો અભ્યાસ કરતા.

પોતાનાં ઘણાં વ્યાખ્યાનોમાં પોતે ખૂબ હર્ષથી અને પ્રેમથી 'મારો પુત્ર શિવજી' એમ વારંવાર કહેતા મેં તેમને અનેકવાર સાંભળ્યા છે અને તે પ્રેમાળ અને વફાદાર શિવજી ઉર્ફે મગનભાભાએ તેમના અંતકાળ સુધી તેમની સંપૂર્ણ સગવડ માટે અર્થ આપ્યો–અપાવ્યો છે અને વફાદાર પુત્ર તરીકે ફરજ બજાવી છે એ આપણને જાણવા મળે છે ત્યારે આપણને એમ થાય છે કે સંસાર સાગર ભલે ખારો હોય પણ મગનભાભા જેવી મીઠી વીરડીઓ પણ તેમાં છે.

આ સુપુત્રે પોતાના ધર્મપિતાને જીવતાં જ માત્ર પોષ્યા નથી, પણ તેમના સ્વર્ગવાસ પછી તેમની ઉત્તરક્રિયા પણ તેમનું જીવનવૃત્તાંત બહાર પાડીને કરી છે તે ઘણા હર્ષની વાત છે. આ શ્રદ્ધાંજલિમાં મને પણ જરાક ભાગીદાર બનાવ્યો છે એ માટે પૂ. શિવજીભાઈનો આભાર માની વિરમું છું. વિરમતાં વિરમતાં એક બ્રાહ્મણ તરીકે સહેજ

દાઢીવાળા પૂજ્ય મુરબ્બી મગનભાભાને આશીર્વાદ આપું છું કે આપ શતાયુ થાઓ અને આપની ભાવના અને સ્વભાવ પ્રમાણે આ માની લીધેલાં દુઃખભરી દુનિયામાં આનંદના ફુવારાઓ છોડીને ભાગ્યશાળીઓનાં હૃદય ઉપર શાંતિની વર્ષા વરસાવો.

જાદવજી નરભેરામ વ્યાસ

(આ પત્ર લખનારનું નામ છે જાદવજી નરભેરામ. તેઓ વિદ્વાન છે અને વિચારક છે. તેમનામાં નિઃસ્પૃહતા અને નિર્ભયતા છે.)

★

૪૫

મુંબઈ તા. ૧૦-૬-૫૯

પૂજ્ય પિતાજીની સેવામાં,

આ સાથે પૂ. બાપુજી વિષે થોડું લખાણ લખી મોકલ્યું છે. જે કે બરાબર જેવું લખવું જોઈએ તેવું લખી શકી નથી અને મને પણ એથી બરાબર સંતોષ થયો નથી. છતાં એમના આધ્યાત્મિક જીવનથી તે વખતે મને સમજ ન હોવાથી હું પરિચિત નથી વધુ એમના માટે લખવાનું સુજ્યું નહિ.

સરલા

અમારા યુવાન બાપુજી

આમ તો હું એમને બાળપણથી જ ઓળખતી એમ કહું તો પણ ચાલે પણ માત્ર એક વિદ્વાન, પરદેશ જઈ આવેલ વ્યક્તિ તરીકે. એમની સાથે રહેવાનું સદ્‌ભાગ્ય પણ મને પ્રાપ્ત થયું હતું. એક વ્યક્તિ સાથે રહેવા છતાં જો એના જીવનમાં આપણને રસ ન હોય તો એનો પૂરો

પરિચય થતો નથી. ત્યારે હું આધ્યાત્મિક જીવનનો સ્પર્શ પામી નહોતી. એટલે નજીક રહેવા છતાં એમના આધ્યાત્મિક જીવનથી હું અપરિચિત જ રહી હતી એમ કહું તો પણ ચાલે. એ મઢડા યોગાશ્રમમાં સામાયિકના પ્રયોગો કરતા ને કરાવતા, પણ મને તો એમાં રસ ન હોવાથી કશું સમજાતું નહિ કે એઓ શું કાર્ય કરી રહ્યા છે. પણ એમના સામાયિકના પ્રયોગો નામના પુસ્તકમાં આપેલી ધાર્મિક કથાઓ વાંચવી મને બહુ ગમતી. સૌથી વધુ તો એમનો રમુજી સ્વભાવ મને બહુ ગમતો.

પોતાની જાતને એ છેવટ સુધી યુવાન જ ગણતા અને યુવાનની જેમ વધારેને વધારે પ્રગતિમાન કેમ થવાય તે માટે સદા જાગ્રત રહેતા. હવે હું વૃદ્ધ થયો, શરીર ચાલતું નથી. હવે આપણાથી શું થાય, એવી સામાન્યજનોમાં રહેતી નિર્બળ વૃત્તિનો એમને સ્પર્શ પણ થયો નહોતો. હંમેશ નવીન જાણવાની કે અભ્યાસ કરવાની એમની ભાવનાને એમની વયનો જરાય બાધ ન નડતો. જ્ઞાન-પ્રાપ્તિની ઝંખના સદાય એમનામાં તીવ્રપણે કામ કરતી. અહીં રહીને લંડનમાં રહેતા એમના મિત્રને પત્રદ્વારા સંસ્કૃતનો અભ્યાસ કરાવતા. એ રીતે જ્ઞાનનો પ્રચાર પણ કરતા. એમની વાંચનની ભૂખ તો સદાય અતૃપ્ત જ રહી હતી. મને વાચનનો શોખ એટલે એમના પુસ્તકો પર મારી નજર તરત પડતી. પોતે વાંચતા તે પુસ્તક વિષે ઘણીવાર મને વાત કરતા. જીવનના અંતસુધી એ જ્ઞાનના આરાધક જ રહ્યા હતા. આનંદમાં રહી સૌને એ આનંદનાં સહભાગી

બનાવતા. એમની વધતી વયે પણ એ સદા કાર્ય રતજ રહેતા. આળસનો તો એમને સ્પર્શ જ નહોતો થયો. અને એથી જ તો એ સદા યુવાન રહ્યા ને સૌને સદા યુવાન કેમ રહેવાય એનો માર્ગ બતાવતા ગયા. ચોરાણું વરસની વયે પોતાને એ યુવાન તરીકે બધાને ઓળખાવતા ત્યારે સાંભળનારને એમ ન થતું કે આવું શું બોલે છે પણ એમના વચનમાં રહેલ વયની પ્રતિતી સાભળનારાને બરાબર કરાવતા.

સરલા

(આ પત્ર લખનાર બહેનનું નામ છે સરલાબાઇ. તેઓની પોંડીચેરીના શ્રી અરવિંદ આશ્રમના સંચાલિકા માતાજી મીરાદેવીમાં શ્રદ્ધા થઇ. એથી તેઓ ૨૫ વર્ષથી દર વર્ષે પોંડીચેરી જાય છે અને માતાજીની કૃપામૃતનું પાન કરે છે.)

૪૬

મુંબઇ, તા. ૧૦-૬-૫૯

ભાઇશ્રી શિવજીભાઇ,

'પંડિત લાલન' માટે તમોને પ્રથમથી જ ખૂબ માન હતું, એ હું જાણું છું. 'પંડિત લાલન' નો મને બહુ વધુ પરિચય ન હતો; પણ જે કાંઇ હતો. એ સુખદ લાગ્યો હતો.

માણેકબા સાથે તેઓને સી. એન. વિદ્યાવિહારમાં સારી પેઠે જોયેલા. પછી તો તેઓ એકવાર ભાલનળ કાંઠા પ્રયોગક્ષેત્રના કસબામાં ખાસ મળવા આવેલા. એકવાર અમદાવાદ ફિગંબર બોર્ડિંગમાં હું થોડા વખત માટે

આવેલો, ત્યારે પણ તેઓ મળેલા. 'કુશલ' એ તેમનો મનપસંદ ઉચ્ચાર હતો.

તેમના મુખ પર મેં ગ્લાનિ જોઇ નથી. તેઓનું જર્જરિત શરીર દુર્બળ છતાં ક્રાન્તિમય જણાતું. તેઓએ વૃદ્ધત્વની સામે મનોબળના ઓજસથી યુદ્ધ ખેલીને યૌવનનું સાચું સુખ માણી જાણ્યું હતું.

પં. લાલન માત્ર વિદ્વાન કે કેવળ વક્તા નહોતા. શક્તિશાળી અને આત્મસૌંદર્યના રસલોક્તા હતા. એવી મારા મન પર, લાલનના જીવનની અસર રહેલી છે.

'સંતબાલ'

(આ પત્ર લખનારા છે પૂજ્ય મુનિશ્રી સંતબાલજી. એમની પીછાન કરાવવાની હોય નહિ. તેમને કચ્છ-કાઠિયાવાડ અને ગુજરાતની સમગ્ર પ્રજા જાણે છે.)



૪૭

પ્રખર અને નિડર સમાજ–હિતચિંતક શ્રીયુત લાલન

જગતમાં માતાનું સ્થાન અનેરું છે. માતાનો પ્રેમ નિસ્વાર્થી, ત્યાગમય, તપમય અને તમન્નામય હોય છે. માતા નિર્મમત્વ પ્રેમની મૂર્તિસમાન છે. તેના પ્રત્યાઘાત તરીકે સંસ્કારી સંતતિનો માતા પ્રત્યેનો પ્રેમ પણ ઉષ્મા-ભર્યો અને અંતરનો હોય છે. અને હોવો જોઇએ. શ્રીયુત લાલને સમાજમાં જુદા જુદા ક્ષેત્રે નિષ્ઠાપૂર્વક બારીક અને

તલસ્પર્શી અધ્યયન અને અવલોકન કરીને જે કાર્ય કર્યું છે તે એક હિતચિંતક અને સેવાપરાયણ માતા તરીકે કાર્ય કર્યું છે. અને તેથી જ તેમણે અનેક સ્ત્રી-પુરૂષોના અને વિદ્વાનોના હૃદયમાં ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું છે. માતા માનની ભૂખી હોતી નથી; તે તો પ્રેમ જ ઇચ્છે છે. માટે જ ઇશ્વરને અને માતાને જગત "તું" થી સંબોધે છે. શ્રીયુત લાલનના પ્રેમીઓ તેમને "લાલન સાહેબ"થી નહિ પરંતુ "લાલન"થી સંબોધતા.

"યથા નામાસ્તથા ગુણા" નામ તેવા ગુણ બહુ ઓછા માણસોમાં જોવામાં આવે છે. સામાન્ય રીતે તો એવો અનુભવ થાય છે કે નામના અર્થથી ઉલટા વર્તનવાળા માણસો વધુ જોવામાં આવે છે. પરંતુ શ્રીયુત લાલને તો પોતાના નામની સાર્થકતા પોતાના કર્તવ્યથી પુરવાર કરી બતાવી છે. જેનામાં કશી મોટાઇ નહિ અભિમાન કે આડંબર નહિ, ન્હાના ક્ષેત્ર કે સમાજની મર્યાદા કે બંધન નહિ, સંકુચિતતા કે પૂર્વગ્રહ નહિ અને ન્હાના મોટાસૌની સાથે એક સરખું વર્તન અને સદ્‌ભાવ, દુઃખીયાના બેલી, સમાજના ઉત્કર્ષની ઉત્તમ ભાવના એવા શ્રીયુત લાલન હતા.

એકવડી કાયા, પણ પડછંદ કાઠું, શાંત અને ગંભીર મુદ્રા, પણ પ્રચંડ અવાજ, હૃદયની કોમળતા, પણ વાણીનો વેગ—આ બધાનો સુભગ સુમેળ તેમનામાં જોવા મળતો.

ધર્મ અને તત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ, સર્વ દેશીય અવલોકન અને અવગાહન, એકાગ્ર ચિંતન અને મનન, એ

તેમના જીવનની વિશિષ્ટતા હતા. સમાજના ઉત્થાનની ભાવનાનો શ્રોત આખર પર્યંત તેમના આચાર, વિચાર અને વાણીમાંથી વહ્યા કરતો હતો. દરેક વસ્તુનું અવલોકન કરવું, તેના ઉપર ચિંતન અને મનન કરવું, પછી તેનો નિર્ણય કરવો અને છેવટે તેનો અમલ કરવો, આ તેમની કાર્યપદ્ધતિ હતી, આથી જ તેઓ જે નિશ્ચય કરતા તે પાર પડી શકતા હતા. ગમે તેટલો વિરોધ હોય, લોકો કે સમાજ ગમે તેટલી ટીકા કરે છતાં તે કદી ડરતા નહિં ડગતા નહિં. અને કાર્ય પાર પાડતા. એવા તે અડગ કાર્યકર્તા હતા. પોતે કરેલા નિર્ણયમાં ભૂલ છે. અથવા પોતે હાથ ધરેલ કાર્ય સમાજનું અહિતકર્તા છે. એવું જો તેમને પુરવાર કરવામાં આવતું અને જો તેમને તેની ખાત્રી થતી તો તેઓ પોતાની ભુલ કબુલ કરી લેતા અને તુર્તજ ભૂલ સુધારી લેતા. આવી તેમનામાં સરલતા હતી. સમાજના નાયકોમાં આવી સરલતા ભાગ્યે જ જોવા મળે. જેઓ આત્મકલ્યાણના સાચા સાધકો હોય છે. તેઓમાં જ આવી સરલતા હોય છે. સરલતા વડે જ સમભાવ કેળવી શકાય છે.

શ્રી લાલન પ્રગતિવાદી અને સુધારક હતા. સમાજના રીતરીવાજો, રૂઢી કે માન્યતા જે સમાજને પ્રગતિ કરવામાં અંતરાયરૂપ હોય તેને નાબુદ કરવામાં તેમણે બહુ જ અગ્રભાગ ભજવ્યો છે. રૂઢીચુસ્તો તેમનો સખ્ત વિરોધ કરતા; કોઇ વખત તો તેમના ઉપર વાણીના, ટીકાના, ટીખળના કે આક્ષેપોના અનેક બાણો અનેક દિશામાંથી એકીસાથે

છોડવામાં આવતા. છતાં એક શુરવીર અને ભડવીર તરીકે એકલા હાથે અને એકલા પંડે તેઓ બધાનો સામનો કરતા. પોતાની વાત વિરોધીઓને સમજાવતા; અને જરૂર પડે તો બધું સહન કરી લેતા. પરંતુ પોતાનું કાર્ય સિદ્ધ કર્યા વિના કદી રહેતા નહિ. આવા પુરૂષો જ સમાજનું કલ્યાણ કરી શકે છે. પૂ. ગાંધીજીમાં પણ આ પ્રકારની કાર્યપદ્ધતિ હતી.

જ્ઞાન, સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રે પણ તેમણે સમાજની ઘણી સેવા કરી છે. કચ્છી-પ્રજાના ઉત્થાનમાં અને ઉત્કર્ષમાં તેમણે એટલું સુંદર કાર્ય કર્યું છે અને એટલો બધો મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો છે કે આજે તે ભાઈઓ અને બહેનોમાં જે શિક્ષણ, સંસ્કાર, સ્વચ્છતા, ધર્મપ્રેમ કે ભક્તિનો વિકાસ જોવામાં આવે છે તેમાં શ્રી લાલનનો પણ સારો હિસ્સો છે. જ્ઞાતિ, જાતિ, પ્રદેશ કે ધર્મનાં બંધન સાચા સેવકોને નડતા નથી. જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે અનુકુળ તક મળે ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે પુરૂષાર્થ અને પ્રયત્ન કરવામાં લેશ પણ પ્રમાદ ન સેવવો એ કાર્યકરોનું મૂખ્ય સૂત્ર હોય છે.

જ્યાં જ્યાં પુષ્પ અને રસ હોય ત્યાં ત્યાં ભ્રમર ખેંચાઈને આવે છે. રસનું પાન કરવામાં મસ્ત બને છે અને સમયનું ભાન ભૂલી જાય છે. શ્રી લાલન જ્યાં જ્યાં જતા તે તે ગામમાં કોણ કોણ વિદ્વાન, પંડિત કે પરિચિત સ્વજન છે તેની માહેતી પૂછી તુરત જ તેમને મળવા જતા, બહુ જ પ્રેમપૂર્વક ભેટતા, ક્ષેમકુશળ પુછતા, આગળના મિલનોની વાતો યાદ કરતા, નવા સર્જનો અને નવી પ્રવૃત્તિઓથી

પરિચિત થતા અને વાર્તાલાપમાં એટલા મશગુલ થઈ જતા કે બીજું બધું ભુલી જતા અને સમયનો પણ ખ્યાલ ન રહેતો. આવી મૈત્રી, આવો પ્રેમ, આવી આત્મીયતા એ જ માનવજીવનનાં સાચાં મૂલ્યો છે.

સારાનું સગપણ અને સારાનો સંબંધ સૌ કોઈ ઇચ્છે. સૌ કોઇને પોતાની મહત્તા વધારવાનો સ્વભાવ સહજ હોય છે. " મારે લાલનસાહેબ સાથે સારો સંબંધ હતો " એમ તેમના પરિચયમાં આવેલ સૌ કોઇ કહેતા હોય. રાજાને સૌ કોઇ ઓળખે. એનો અર્થ એવો નથી કે રાજા સાથે સૌને સંબંધ કે અંગત પરિચય હોય છે. સારા માણસના સગા થવા સૌ કોઇ આવે; પણ નબળાના સગા કોઇ થતાં નથી. તેમ શ્રીયુત્ લાલન સાથે પણ સંબંધ, સગપણ, મૈત્રી કે ઓળખાણ હોવાનો દાવો કરનાર પણ ઘણા ય હોઇ શકે. ગુણીજનના ગુણની આ રીતે પણ પૂજા, પ્રશંસા કે પ્રચાર થતો હોય તેમાં ય સમાજનું કલ્યાણ છે. તેમની સાથેનો મારો પરિચય અગાઉ ઘણી વખત થયો હતો. પરંતુ તે ટુંકા ટુંકા સમયનો હતો. **ઉછળતી પ્રજા અને ખાસ કરીને વિદ્યાર્થીઓલમને ઓડતલ, શિક્ષિત સંસ્કારી, ચારિત્રવાન, સાહસિક અને સદાચારી બનાવવા માટે શું પગલાં યોજવા અને કઇ રીતે કાર્યની શરૂઆત કરવી** તે અંગે જ અમારી વચ્ચે ચર્ચા-વિચારણા થતી, અને તે મુજબ કરેલ નિર્ણયને અમે અમારી રીતે અમલમાં મુકતા. તેમના પ્રત્યેના મારા પૂજ્ય-ભાવને લઇને સાંતાક્રુઝમાં અને પાલીતાણામાં તેઓ આવ્યાની

કે હોવાની મને જ્યારે જાણ થાય કે તુરત જ તેમને મળવા હું દોડી જતો. કલાકો સુધી અમે વાતો કરતા. આટલા વર્ષોના ગાળા પછી જે કાંઇ મારા સ્મરણપટમાં તાજું યાદ રહ્યું છે તેમાંથી જે કોઇને જે કાંઇ ગ્રહણ કરવા યોગ્ય લાગે તે ગ્રહણ કરે એ હેતુ લક્ષમાં રાખી તેમની સ્મૃતિરૂપે આટલી નાની શી સ્નેહાંજલી મારા તરફથી અર્પણ કરું છું.

લી૦
પ્રાણજીવન હરગોવિંદદાસ ગાંધી
સુમનવિલા, બીજી હસનાબાદ ગલી
સાંતાક્રુઝ (મુંબઇ ૨૩)
તા. ૧૦–૬–૧૯૫૯

(આ પત્ર લખનારાનું નામ છે પ્રાણજીવન હરગોવિંદદાસ ગાંધી. તેઓ સાંતાક્રુઝમાં રહે છે. તેમના બાળકો ધંધો કરે છે પોતે સંતોષી અને સેવાપ્રિય છે. જૈનપ્રજા માટે તેમણે ઘણું કર્યું છે.)

ઈ

૪૮

પોંડીચેરી
શ્રી અરવિંદ આશ્રમ
તા. ૭–૫–૫૯

પંડિત લાલન એટલે આ જીવન સત્ય શોધનાર સાધક. એ રીતે એમની સ્મૃતિ મારે માટે પુણ્ય સ્મૃતિરૂપ છે.

એમનો મારી સાથેનો પરિચય કાલની કે પ્રસંગની ગણનાએ માપવો બરોબર નથી. કારણ કે થોડા પ્રસંગોમાં

જે અન્યોન્ય નિકટની ઓળખાણ થઈ શકે છે એવી અમારી હતી.

જ્ઞાનની પિપાસા સાથે નમ્રતા એ શ્રી લાલનનો એક અનુકરણ કરવા જેવો ગુણ હતો. એને પરિણામે જે કોઇ એમના પરિચયમાં આવે તેને સારો માણસ માનીને જ તેઓ વર્તતા. અને હું માનુ છું કે એમના એવા વિશ્વાસથી ઘણા માણસો સારા ન હતા તે સારા થયા હશે. સારા થવાને પ્રયત્નો તો જરૂર કર્યા હશે.

સઘળેથી ગુણ ગ્રહણ કરવાની એમનામાં ખૂબ શક્તિ હતી. તે પણ એમની નમ્રતાનો જ એક ભાગ હતી. અને છતાં પંડીત લાલનમાં દૃઢતાનો અભાવ હતો, એવું ન હતું. હિંદુ ધર્મમાં સૌને સરખો અધિકાર છે. પરંતુ ખ્રીસ્ત, બૌદ્ધ અને જૈનધર્મોમાં આદ્ય પ્રવર્તકોના બે ભાગ પાડવામાં આવ્યા.

૧ સાધુ-શ્રમણનો ૨ ગૃહસ્થ જીવન ગાળનારાઓનો આને લઇને એ ધર્મોને સંખ્યાની નજરે ગમે તેટલો લાભ થયો હોય. પરંતુ એ ધર્મોના સત્યના અનુસરણમાં તો ઘણી હાની થઇ છે.

ધર્મનું નેતાપણું બાહ્યાચારના અધિકારવાળા એક વર્ગના હાથમાં આવ્યું અને સામાન્ય માણસ તો પોતાને અનધિકારી માનીને આસ્તિકતા, બાહ્યાચારવિધિ અને કર્મકાંડમાં જ ધર્મની ઈતિશ્રી માનતો થયો. ધાર્મિક જીવનમાં સાચી પ્રગતિ કરવા માટેનો અધિકાર અંતરનો હોવો જોઇએ. એ મહાન સત્ય આ ભેદ પાડવામાં ભૂલાઇ ગયું હતું.

પંડીત લાલને જૈન સમાજમાં પ્રચલિત એ કૃત્રિમ મર્યાદા તોડીને ધર્મના અનુસરણમાં સૌને સરખો અધિકાર છે એવું જાહેર કરીને સમગ્ર જૈન સમાજમાં જૂનવાણી માનસ અને આચાર જડતા સામે બંડ ઉઠાવ્યું. અને સંઘ બહાર રહેવાની હિંમત દર્શાવી ને જૈનસમાજને દોરવણી આપી. આજકાલ આપણા દેશમાં મહત્તાને કોઇ બાહ્યક્ષેત્રના કાર્ય સાથે જોડવાની વૃત્તિ જણાય છે. એ દૃષ્ટિએ પણ પંડિત લાલને જૈનસમાજ માટે જે કાર્ય કર્યું છે તે અમૂલ્ય છે.

પરંતુ મહત્તાનું માપ કોઇ બહારના ધોરણે કાઢવાનું હોતું નથી. પંડિત લાલનની મહત્તાનું ખરૂં માપ એમના સત્ય પ્રાપ્તિ માટેના અંતરના પ્રયત્નોમાં રહેલું છે. આપણી પ્રજા જેટલા પ્રમાણમાં આ મહાન સત્ય સમજતી થશે. તેટલા પ્રમાણમાં આપણી સંસ્કૃતીનાં મૂળને સાચવી શકશે. આ બાબતમાં પંડિત લાલનનું જીવન આપણી અત્યારની પેઢીને પ્રેરણા દાયક નીવડશે.

અંબાલાલ પુરાણી.

(આ પત્ર લખનારનું નામ છે અંબુભાઇ પુરાણી. તેઓ શ્રી અરવિંદ આશ્રમના થાંભલા જેવા છે. તેમણે અનેક પુસ્તકો લખ્યા છે. ગુજરાતની પ્રજા તેમના પ્રત્યે સન્માન ધરાવે છે.)

૪૯

થાનગઢ તા. ૧૩-૪-૫૯

શ્રીમાન મુરબ્બીશ્રી શીવજીભાઇ,

શ્રી ધોધા

શ્રીમાન લાલન શ્રી ફતેચંદ કપુરચંદના પરિચયમાં ઘણા વખત પહેલા પાલીતાણા:નરશી નાથામાં તેઓ ઉતરતા ત્યારે મળવાનું બનેલ. તેઓની વિદ્વતા, ઠંડો સ્વભાવ, ધર્મનું જ્ઞાન, ધ્યાન અપૂર્વ અને અદ્‌ભુત હતું, ઘણા પુસ્તકો લખી તેમણે સમાજ ઉપર સારો ઉપકાર કર્યો છે, તે ભુલાય તેમ નથી. તમો તો તેમના ઘણા પ્રસંગમાં આવી લાભ લીધેલ. તે પુસ્તક પ્રગટ થશે. તે વાંચીને જોઇશું.

લી૦ શુભેચ્છક,
માણેકચંદના ઘટીત.

(આ પત્ર લખનારાનું નામ છે માણેકચંદ પોપટલાલ. તેઓ થાનગઢના રહીશ છે વયોવૃદ્ધ છે. તેમનામાં શ્રદ્ધા છે ભક્તિ છે અને ગુણદૃષ્ટિ સાથે સેવાભાવ છે.)

ø

૫૦

ઘાટકોપર તા. ૧૨-૫-૫૯

શ્રીયુત્ શિવજીભાઈ,

ભાવનગર.

પંડિત શ્રી લાલન અને હું અનેક વખત સૌરાષ્ટ્ર અને

કચ્છમાં પરસ્પર પરિચયમાં આવ્યા હતા. તેઓશ્રી સ્વભાવે આનંદી, મસ્ત, તત્ત્વગવેષક અને ચિન્તક હતા.

લી૦ આ. નેમસાગરસૂરિ
ના સપ્રેમ આત્મભાવે ધર્મલાભ.

(આ પત્ર લખનારા અંચલગચ્છના આચાર્ય છે. તેમનામાં વકતૃત્વ શક્તિ છે. તેઓએ નાની અવસ્થામાં દિક્ષા લીધી છે. તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં સંઘમાં જાગ્રતિ આણી છે.)

ઠ

૫૧

પ્રીયશ્રી શિવજીભાઈ,

પત્ર મળ્યો આનંદ થયો. હવે હું પણ વૃદ્ધ થયો છું. પહેલાંની માફક ફરાતું નથી.

આપની આજ્ઞાનુસાર પંડિતજી વિષે થોડું લખી મોકલ્યું છે. આપને યોગ્ય લાગે તો પ્રસિદ્ધ કરશો. હું અહીં આ મહીનાની આખર સુધી છું. અનસૂયાબ્હેનને ત્યાં " આરાધના " માઉન્ટ આબુ, તબિયત સારી હશે. મુંબઇમાં શ્રી સરલાબ્હેનને તથા તેમના પતિશ્રીને એકવાર મળ્યો હતો.

લી૦ અદ્વૈતાનંદ
ના સ્નેહ નમન.

શ્રી પંડિતજી લાલન.

શ્રી પંડિતજી લાલનના સંપર્કમાં હું અમદાવાદ અવારનવાર આવતો. તેમની સાથે આધ્યાત્મિક વિષયોની ચર્ચા પણ થતી. શ્રી પંડિતજી પોતે જૈન હતા. જૈન ધર્મના પોતે પ્રખર વિદ્વાન હતા. પણ તેઓશ્રીમાં મતાંધતાનો

સહંતર અભાવ હતો. સર્વ ધર્મો તરફ સમભાવ રાખવામાં તેઓશ્રી માનતા હતા. એક જ લક્ષ્ય તરફ જવાના આ બધા ભિન્નભિન્ન માર્ગો છે, એવું તેઓશ્રીનું મંતવ્ય હતું.

શ્રી પંડિતજી સારા વક્તા અને લેખક પણ હતા. સંતજનોના પ્રેમી હતા. તેઓશ્રીની ભાષા સરળ અને અસરકારક હતી. ભાષણ કરતી વખતે ઘણીવાર પ્રેમાવેશમાં તેઓશ્રી આવી જતા અને શ્રોતા વર્ગને પોતાની સહૃદયતાનો પરિચય કરાવતા.

ઘણી મોટી વયે દેહનો ત્યાગ કર્યો. પણ પોતે બેશક યુવાન છું. એમ કહેતા. વિચાર-શક્તિના સામર્થ્યમાં તેઓશ્રીને પૂર્ણ શ્રદ્ધા હતી. છેવટ સુધી તેમનામાં યુવાનનો ઉત્સાહ હતો.

પાયા વિના વ્યક્તિગત અને સામુહિક જીવનનો સર્વાંગીણ અને ચિરસ્થાયી વિકાસ અશકય છે. એમ તેમની દૃઢ માન્યતા હતી.

આવા સંતપુરૂષના બોધ વચનોનો સંગ્રહ કરીને પ્રસિદ્ધ કરવાનો વિચાર સ્તુત્ય છે. આમ જનતાને તેથી ઘણો લાભ થશે. એ નિઃસંદેહ છે.

" આરાધના "
માઉન્ટ આબુ
તા. ૩-૬-૫૯

સ્વામી અદ્વૈતાનંદ.

(આ પત્ર લખનારાં સ્વામી શ્રી અદ્વૈતાનંદજીના લેખ ઘણીવાર

અખંડ આનંદમાં આવે છે. તેઓ જે વાંચતા હશે તે સ્વામીજીને સારી રીતે જાણુતા હશે. તેઓ વિદ્વાન્ છે અને નમ્ર છે.)

ઙ

૫૨

વૈશાખ શુદ ૫
જયપુર શહેર (રાજસ્થાન)
ઘીવાલેાકા રસ્તા,
શ્રી આત્માનંદ જૈન ભવન.
તા. ૧૩-૫-૫૯

શ્રીયુત્ શિવજી દેવશી,

શ્રી ગેાડીજી મહારાજ ઉપાશ્રયે.

આપનેા પત્ર તા. ૯-૫-૫૯ નેા લખેલ મળ્યેા.

પંડિત લાલનનેા મારેા ખાસ પરિચય નથી. મુંબઇમાં સ્વર્ગીય પૂ. પા. પંજાબકેસરી, યુગવીર આચાર્યદેવ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મ. સા. ના ચાતુર્માસમાં એકાદ વાર સામાયિક વિષયમાં વ્યાખ્યાન પછી ભાષણેા આપેલાં તે મેં સાંભળેલા, જેથી હું કહી શકું છું કે એઓના ભાષણેા રેાચક, કર્ણપ્રિય અને શ્રોતાજનેાને ખુશ કરનારા હતા.

સં. ૧૯૯૨ માં પૂ. પા. પરમ ગુરૂદેવ શ્રીમદ્ વિજયવલ્લભ સૂરીશ્વરજી મ. સાહેબનું ચાતુર્માસ વડેાદરા (ગુજરાત) માં હતું. તે વખતે શ્રી પરમ ગુરૂદેવે પંડિત લાલનને પાશ્ચીમાત્ય દેશેામાં જૈન ધર્મના પ્રચાર માટે મેાકલ્યા હતા. અને એઓ ત્યાં જઇ કેટલેાક સમય ત્યાં જૈનધર્મનેા પ્રચાર કરતા રહ્યા. આ સંબંધમાં શ્રી પરમ્ ગુરૂદેવ ઉપર એઓના

પ્રચાર સંબંધી પત્રો આવેલા. એમાં જાણવા જેવી અને ઉપયોગી હકીકત લખાયેલ હતી. પણ અફસોસ સદ્ અફસોસ છે કે એ પત્રો મારી પાસે નથી. નહીં તો આપને મોકલાવી આપત, જેથી એવણના જીવનચરિત્રમાં ઉપયોગી થાત, અસ્તુ, ભાવી પ્રબલ.

સં. ૨૦૦૭ માં શ્રી પરમ્ ગુરૂદેવ પાલણપુરથી વિહાર કરી પાલીતાણા પધારતા એક દિવસ લગભગ સાંજના પાચેક વાગ્યે સોનગઢ શ્રી ચારિત્રાશ્રમમાં પધાર્યા. પંડિત લાલન સોનગઢમાં હતા. શ્રી પરમ્ ગુરૂદેવના પધારવાના સમાચાર સાંભળતા જ રાતના એઓ દર્શનાર્થે આવ્યા. અને લગભગ કલાકેક સ્થિરતા કરી ધર્મ ચર્ચા કરી હતી. વયોવૃદ્ધ અને નેત્રોમાં જ્યોતિ નહોતી છતાં ભાવના હતી.

આપ ગુજરાનવાલા પંજાબમાં શ્રી પરમ ગુરૂદેવના દર્શનાર્થે આવેલા અને એઓશ્રીજીના જન્મ દિવસે ગુરૂસ્તુતિ રચી છપાવીને લાવ્યા હતા અને જનતામાં વિતીર્ણ કરી હતી. એ શુભ પ્રસંગે આપે આપેલ ભાષણ તેમજ સં. ૨૦૦૭ માં પરમ્ ગુરૂદેવના પાલીતાણામાં પ્રવેશ પ્રસંગે તેમજ સં. ૨૦૦૮ માં એઓશ્રીજીના જન્મ દિવસના પ્રસંગે આપે આપેલ ભાષણો હજુ સુધી મારા કર્ણોમાં ગાજી રહેલ છે. ધર્મસ્નેહ વિશેષ રાખશો. હાલ એ જ.

લી૦ સ્વયમ્
સમુદ્રવિજયના ધર્મલાભ.

(આ પત્ર લખનાર પંજાબકેશરી શ્રી વિજયવલ્લભસૂરિના શિષ્ય

છે. પોતે આચાર્ય છે, અને તેમની દૃષ્ટિ વિશાળ છે અને જ્ઞાન અગાધ છે, પંડિતજી ઉપર તેમની કૃપા દૃષ્ટિ છે.)

૫૩

બંસી તા. ૨૭–૪–૫૯

મુરબ્બી શ્રી શીવજીભાઇ,

પહેલો પત્ર મળ્યો. ત્યારે તો કંઇ લખવાનું મન નહોતુ. ત્યાં આ બીજો પત્ર મળ્યો, હવે છટકી શકું તેમ લાગતું નથી. જો કે આજકાલ કંઈજ લખવાના મુડમાં નથી. પણ આટલા પ્રેમવશ થઇને લખેલા પત્રને ટાળી શકતો નથી. એથી ઉતાવળે આ સાથેના પાના લખી મોકલું છું. આશા છે કે કામ ચાલશે.

પ્રૂફ ફાઇનલ છપાય તે પહેલાં જોવા મોકલશો.

સુચના:—વ્યાકરણ દોષ સિવાય કે હ્રસ્વ દીર્ઘના ભાષા દોષ સિવાય કંઇ જ ફેરફેાર ન થાય તે જોશો.

પ્રુફ બને તો ફાઇનલ છપાય તે પહેલાં મને વાંચવા મોકલશો.

—બંસી.

રંગીલો લાલન

૩૦–૩૨ વર્ષો પહેલાંની એ સ્મૃતિ તાજી થતાં મ્હારા માનસ પ્રદેશ પર ચીતરાયલું એક મનોહર 'રેખાચિત્ર' આજે ઉપસી આવે છે. આછી આછી રેખાઓ અને જાંખા જાંખા રંગો વચ્ચે છુપાયલું સત્વ 'આજે પણ જીવનને એક શક્તિ' ધીરે છે!

અમારી 'મહભરી' યુવાનીનું એ પ્રભાત હતું. કૈં કૈં ગાંડાઘેલા સ્વપ્નાઓમાં અમે જુલતા હતાં, અમારી જીંદ-

ગીમાં ' મસ્તી ' ઉભરાતી હતી. કંઈક કરવું, કરતાં કરતાં મરવું, ને મરતાં મરતાંય આદર્શ અને ખુમારીમાં હસતાં જ રહેવુ એ અમારી અંદરની ' ગરમી ' હતી. ત્યારે ભાવનગરમાં જૈન યુવક પરિષદ ભરાયલી. ' પાટણની પ્રભુતા ' ના અંગે અમારા દિલમાં સાચો કે ખોટો એક પ્રકારનો રોષ હતો. યાદ છે ત્યાં સુધી એ ઠરાવપર ભાષણ ' ભરડવાનો ' મ્હનેય મોકો મળેલો. જોશથી બોલીને બેસી ગયો ને મ્હારા ચહેરા પર પરસેવો ટપકી પડયો.

મોઢું લુંછીને જોઉં છું ત્યાં મ્હારા આશ્ચર્ય વચ્ચે એક ૬૯ વર્ષનો ' ડોસલો ' ધબ ધબ કરતો મંચ પર દોડતો આવ્યો.

હું જરા ચીડાયો ને મ્હારી ચીડ મ્હને જ વધુ ચીડાવવા બેઠી. શબ્દો સાંભળ્યા.

" આ ૬૯ વર્ષનો " " જુવાન લાલન આ મંચ પરથી પડકારે છે કે ".....

કેવા બળવાન આત્માના એ ' પ્રેરણા ' દાયી શબ્દો ! કોણ હતો એ.

' જુવાન ' લાલન ?

જે મ્હારી જુવાનીનેયે પડકારતો હતો ? ૨૫ વર્ષના જુવાનને ૭૦ વર્ષનો ડોસો તેણે માથે પહેરેલી હતી ખાદીની ટોપી, આંખે લગાવેલા હતા ચશ્માં, શરીરે પહેરેલું હતું પહેરણ ને ઉંચી પહેરેલી હતી પોતડી.

પાતળું શરીર, શાંત મુખમુદ્રા કાળ કોને છોડી શકે છે? એટલે વૃદ્ધાવસ્થાની કરચલીઓ મોઢા પર પડેલી હતી, પણ તેની ચાલમાં વીશ વર્ષના યુવાનનો 'ધબકાર' હતો. બુઢ્ઢા લાલનના શરીરમાં ૨૫ વર્ષના જુવાનનો આત્મા ન્હેકતો હતો.'

એ જુવાન ન્હોતો. ઉમ્મરથી પણ એનાં પ્રત્યેક હલન-ચલનમાં એક પ્રકારની આપણામાં ઇર્ષ્યા જાગે તેવી 'તાજગી ને ચમક હતી.

એટલે જ પહેલાં દર્શને એ મ્હને રંગીલો લાગ્યો. અને એને 'રંગીલો' કહેવામાં ખોટું પણ શું છે? કારણ કે તેના એક જીવનમાં અનેક રંગો ભર્યા હતા. અને બહારથી દેખાતા સાવ સાદા અને સીધા જીવનપર અનેક પ્રકારની ફીલ્સુફીની કૈં કૈં રૂપાળી ભાતો પડેલી હતી.

આ મ્હારો ને તેમનો પહેલો પરિચય!

સ્વભાવે સૌમ્ય અને બહુજ ચિંતનશીલ પ્રકૃતિના, જે ચિંતનનું દોહન આપણને તેમના સામાયિક પરના તાત્વિક વિચારોમાંથી સારી રીતે સાપડી શકે છે. અને સમતા પ્રેમીય કેવા?

એક વખત મેં પુછયું.

"આપ આટલા બધા એ....તામસિક 'સાધુની' સાનિધ્યમાં કાં રહ્યા છો?" જવાબ મળ્યો કે "મારા બ્યારા સામાયિક પ્રત્યેના વિચારોની 'નક્કરતા' હું તપાસી

રહ્યો છું, અને કહે! મહાવીર શું ચંડકૌશિક સ્હામે નહોતા ગયા ?"

આ પરથી તેમના જીવનનો ખરો ક્યાસ નીકળી શકે છે. આ જુવાન લાલન આપણી પાસે આજે નથી પણ તેની મીઠાશ-જેમના જેમના સંસર્ગમાં તેઓ આવ્યા છે તેમના દિલમાં ભરેલી પડેલી છે.

એ જોશીલા લાલનનું જોશ, એ રંગીલા લાલનના રંગો અને એ સમતાપ્રેમી લાલનની શાંત 'લાલી' આપણામાં પ્રસરો ! ૐ શાંતિ.

કાલબાદેવી,
મુંબઈ — બંસી

તા. ૨૭-૪-૫૯

(આ લખનારનું નામ છે પ્રભુદાસ. તેમને સૌ 'બંસી' તરીકે ઓળખે છે. 'બંસી કંપની' પ્રસિદ્ધ છે. એ ભાઇમાં સાહસિકતા, હિંમત, ધીરજ અને ઉત્સાહ સહજ છે. એઓ જાપાન જઈ આવ્યા છે. એમની કલમમાં જાદુ છે.

❁

૫૪

ઠેર ઠેર સામાયિકના રહસ્યને સમજાવનાર પંડિત લાલનજી

સામાયિક પ્રયોગોને સમજાવવા ફરતા ફરતા સાવરકુંડલામાં એક વૈષ્ણવ સદ્‌ભાવનાશાળી હરગોવિંદ શાહુકારને

ત્યાં પંડિત લાલનજીનું આગમન થયું. ઉતરતાની સાથે પૂછયું અહીં સામાયિક કરનારાઓના ઘર કેટલા ? કેમ પંડિતજી આપને પ્રચાર કરવા ઇચ્છા છે તો હમણાં જ થાળી વગડાઉં છું, સૌ ધર્મશાળામાં આવશે.

સમયસર સૌ આવ્યા. પંડિતજીએ ચરવળો કટાસણું લઇ ઉભા થઇ સામાયિક લેવાની શરૂઆત કરી. સૌથી વધુ ભાવવાળી સામાયિક કોણે કરેલી, **પૂણિયા શ્રાવકે,** જેની સામાયિક ભગવાન મહાવીર દેવે વખાણી. આવો ભાવ શાથી આવે **નીતિની કમાણી, સચ્ચાઇપૂર્વકનો વ્યવહાર,** મનનો **સંતોષ, સાદાઇમાં આનંદ,** આવા ગુણો આવે તો સામાયિકનું ફળ એસે જ.

સામાયિકનો પાવર

એક વખત ભાવનગરમાં સામાયિક વિષે સમજાવતાં પંડિતજીએ કહેલું આજની કરેલી સામાયિકનો પાવર ૨૪ કલાક રહે તો જ કર્મોની સફળતા. સમતાની ખીલવણી કેવી રીતે કરવી, મૂળ ગુણ આત્માનો સમતા છે. જે વિકૃતિ થઇ છે તે સામાયિક દ્વારા દૂર કરી લોગસ્સમાં આવતા ૨૪ ભગવાને આચરેલી સમતા ખીલવવા તેમના ગુણોનું સ્મરણ સામાયિકમાં કરતાં કરતાં સમતાનો પાવર વધારો. એવી શુભેચ્છા.

સદ્‌ગુણાશ્રીજી
નરશી નાથા ધર્મશાળા
પાલીતાણા

તા. ૨૫-૪-૫૯

(આ પત્ર લખનારનું નામ છે. સદ્‌ગુણાશ્રી. તેઓએ ગૃહસ્થા શ્રમમાં શિક્ષણનું કામ ઘણા વર્ષ કર્યું છે. બાલબ્રહ્મચારી છે. તેમનામાં સેવાની તમન્ના છે. મતાગ્રહથી તેઓ દૂર છે.)



૫૫

કિંમત કોની ?

સોનગઢમાં વીરચંદ્ર પાનાચંદના ભાઇના બંગલામાં એક પ્રસંગે ઘણા બ્હેનો એકઠા થયા હતા. તે વેળા આભૂષણોમાં સજ્જ થએલા એમોને સમજાવવા પંડિતજીએ કહ્યું, હું એકવાર લંડન ગએલો, ત્યાં મીસ મેરી મને પોતાને બંગલે લઇ ગયા. ત્યારબાદ મેં પૂછયું તમારે મન કિંમતી શું ? તેઓ એક ડાબલો લઇ આવ્યા. એક પછી એક ત્રણ પેટી ખોલી તેમાંથી કિંમતી ચળકાટ વાળી હીરાની વીંટી બતાવી, મેં કહ્યું આ વીંટી કિંમતી કે એને જોનાર વધારે કિંમતી ? જોનાર આત્મા છે, તો એની કિંમતને ? આ વાક્ય સાંભળતા તેઓ છક થઇ ગયા. આ આર્યદેશની સંસ્કૃતિ અને તેનું જ્ઞાન, વાહ પંડિતજી આપને ધન્યવાદ.

તા. ૨૬-૫-૫૯

કીર્તિલતાશ્રીજી
પાલીતાણા

(આ પત્ર લખનારા સાધ્વીજીનું નામ છે. શ્રી કિર્તિલતાશ્રી. તેઓ અંગ્રેજી મેટ્રિક સુધી ભણેલા છે, તેમનામાં જિજ્ઞાસા છે, ને વિશાલતા છે. સદ્‌ગુણાશ્રીના તેઓ શિષ્યા છે.)

૫૬

એક અમૂલ્ય પ્રસંગ

આજથી લગભગ પંદર વરસ પહેલાં સોનગઢમાં શ્રી પૂ. પંડિત લાલનજીનો સુસમાગમ શાહ કપુરચંદ હીરાચંદના અંગલામાં થયો હતો. તે વખતે તેઓશ્રીના સત્સંગનો લાભ લેવા ઘણા ભાઇઓ અને બ્હેનો એકઠા થયા હતા.

ત્યારે પંડિતજીએ પૂછયું દુનિયામાં કિમતીમાં કિમતી શું ? ત્યાં બેઠાલામાંથી એકે કહ્યું કે કોહીનુર હીરો.

તેઓશ્રીએ જણાવ્યું કે હીરો દેખનાર કોણ ? એક બ્હેને કહ્યું કે આંખ. આંખ હોય છતાં આત્મા ન હોય તો આંખેથી ન દેખાય. માટે કિંમતીમાં કિમતી આત્મા છે બરૂં ને ?

શ્રી પંડિતજીની વાત કરવાની ઢબ એવી સુંદર હતી કે તેઓશ્રીનો સત્સંગ એકવાર થયા બાદ વારંવાર નવું નવું જાણવાની જીજ્ઞાસા થયા કરે.

તેઓશ્રીનો આત્મા જ્યાં હોય ત્યાં શાંતિ મળો. એવી અંતરેચ્છા.

નરશી નાથાની ધર્મશાળા
પાલીતાણા

લી૦ અચરતબ્હેન દોશી
તા. ૪-૬-૫૯

સમુહ બળ

જૈન સમાજની ઉન્નતિ માટે એક દૃષ્ટાંત બસ છે. એક વખત પંડિતજીએ પૂછયું પાણી અને પત્થર એ બેમાં

કઠણ કોણ ? સાંભળનારામાંથી એકે કહ્યું પત્થર કઠણ. ત્યારે પંડિતજીએ કહ્યું કે પાણી.

પાણીનું સમુહ બળ પત્થરના ચૂરેચૂરા કરી નાખે છે. આ રીતે જો સમુહ બળ કેળવાય તો પાણી આટલું કરી શકે છે તો માનવીનું સમુહ બળ શું શું ન કરી શકે.

નરશી નાથાની ધર્મશાળા
પાલીતાણા

લી૦ અચરતબ્હેન દોશી
તા. ૪-૬-૫૯

(આ પત્ર લખનારનું નામ છે અચરતબ્હેન દોશી. તેઓ વિદુષી છે. તેમના પતિ વિદ્વાન્ છે. દંપતીએ જીંદગીભર શિક્ષણ આપવાનું કામ કર્યું છે. તેમના સ્વભાવમાં નમ્રતા અને વિનય સહજ છે.)

૫૭

અમદાવાદ-૬, તા. ૨૨-૬-૫૯

મુરબ્બી શ્રી શિવજીભાઈ,

આ સાથે શ્રી લાલન સાહેબ અંગે સૂઝયું તે લખી મોકલ્યું છે આની પહોંચ જરૂર મોકલશો.

લી. આપનો,
રતિલાલના પ્રણામ

ગૃહસ્થસંત શ્રી લાલનસાહેબ

સામાન્ય રીતે એવી માન્યતા પ્રવર્તે છે કે અધ્યાત્મસાધના કરવા માટે કે જીવનને સંત કોટિનું શુદ્ધ અને

ઉચ્ચ બનાવવા માટે ઘરસંસારનો-ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરવો અનિવાર્ય છે, પણ આ માન્યતા એકાન્તિક ન બની જાય, કે ગૃહસ્થાશ્રમમાં રહીને ઉચ્ચ કોટીની આત્મસાધના ન જ થઇ શકે એવી લાગણી ગૃહસ્થાશ્રમીઓમાં ઘર કરી ન જાય એ માટે સૈકે સૈકે એવી કેટલીક વીરલ વ્યક્તિઓ જન્મે છે કે જે, ગૃહસ્થાશ્રમનો ત્યાગ કર્યા સિવાય કે વેશપરિવર્તન કર્યા સિવાય, સહજપણે, જ્ઞાન અને ચારિત્રની ઉંચી સાધના કરી બતાવે છે. અને 'गुणाः पूजास्थानं गुणिषु न च लिंगं न च वयः' એ ઉક્તિને સાચી પાડે છે. શ્રી લાલન સાહેબ આ સદીના આવા જ એક ગૃહસ્થ સંત હતા.

નિર્દોષ જીવન, બાળક જેવું ભોળું હૃદય, ધર્મ પ્રત્યેની દૃઢ શ્રદ્ધા, ધર્મપાલનની સતત જાગૃતિ, ધર્મપ્રચારની ઝરી ધગશ, ઓછી જરૂરિયાતો, અકિંચનવૃત્તિ, વગેરે અનેક ગુણોથી લાલન સાહેબનું જીવન મઘમઘતું હતું. નર્યો શુષ્ક બૌદ્ધિક કે તાર્કિક વાદાવાદના બદલે પ્રેમભરી હાર્દિકતા, એ એમના જ્ઞાનની અનોખી વિશેષતા હતી, અને એ વિશેષતા એમને સંતોના માર્ગોના પથિક તરીકે બિરૂદાવતી.

એક હૃદયસ્પર્શી વ્યાખ્યાતા તરીકે જ્યારે શ્રી લાલન સાહેબની નામનાની ચોમેર બોલબોલા હતી, ત્યારે તો એમનાં દર્શન કરવાનો કે એમની ઉર્મિલતા ભરી વાણી સાંભળવાનો વખત નહોતો મળ્યો પણ એ વખતે ધાર્મિક બોધ આપતી એમની નાની નાની સરળ અને સાદી પુસ્તિકાઓ વાંચેલી એ યાદ છે, એ વખતે શ્રી લાલનસાહેબ

પ્રત્યે મનમાં અહોભાવમિશ્રિત આદરભાવ જાગ્યો હતો, એમ કહી શકાય. છેક મોડે મોડે એમના દર્શન કરવાનો અને એમની લાગણી ભીની વાણી સાંભળવાનો થોડોક અવસર મળ્યો હતો.

શ્રી લાલનસાહેબનું નામ યાદ આવે અને એની સાથોસાથ જ young (નવજુવાન) શબ્દ યાદ આવે એ બને જ નહીં, એમ કહી શકાય કે એ શબ્દ એમના નામનો પર્યાય કે અંશ જ બની ગયો હતો. કાયા અને છાયાને અલગ કરી શકાય તો એ બે શબ્દોને જુદા પાડી શકાય. અને જો જરા ઉંડાણથી વિચાર કરીએ તો એ એક જ શબ્દમાં એમના જીવનનો વિશેષતા અને એમના જીવનનો સંદેશ સમાઇ જાય છે.

કાયાને તો વૃદ્ધ થતી સદાકાળને માટે કોણ રોકી શકયું છે ? કોઈ ઉપર આજે તો કોઈ ઉપર કાલે, એમ સૌ ઉપર વાર્ધક્યનો પડછાયો પડવાનો જ છે. જે નાની ઉંમરે જ દુનિયામાંથી વિદાય થઇ જાય એમની તો વાત જ શું કરવી ? પરંતુ જે પોતાના મનને વાર્ધક્યની અસરથી દીન-હીન કે શિથિલ-રાકડું બનવા ન દેતા મસ્ત, જાગ્રત અને ગતિશીલ રાખે એ સદા જુવાન. શ્રી લાલનસાહેબનું યૌવન આવું ચિરંજીવી હતું, અને એ ચિરંજીવી યૌવને જ શ્રી લાલનસાહેબને અમરપણાનાં અમૃત અપ્યાં હતાં.

શ્રી લાલનસાહેબના ચિરયૌવનને બીજી રીતે પણ ઓળખી શકાય. ધર્મ પાલનની એમની તત્પરતા, ધર્મ-

પ્રચારની એમની ધગશ અને ધર્મના ઉંડા તત્વોને જાણવાની એમની જિજ્ઞાસા જિંદગીના છેડા સુધી છન્નુ વર્ષની ઉંમર સુધી પણ કુંઠિત થઇ ન હતી. મનકે જીતે જીત હૈ, મનકે હારે હાર એ ઉક્તિ મુજબ લાલનસાહેબે પોતાના જીવનમાં સદાય જયનો જ અનુભવ કર્યો છે, જેના મનને વાર્ધક્ય સ્પર્શી શકતું નથી. એનો કદી પરાજય થતો નથી. અને સદા વિજય હાંસલ કરવાનો આ કીમિયો, એનું નામ જ આત્મસાધના, અને આત્મશક્તિ. શ્રી લાલનસાહેબ એ માર્ગના જ ઉપાસક હતા.

એમની તત્વજિજ્ઞાસા તો એવી કે એને સંતોષવા એ ગમે તેની પાસે પણ જઈ પહોંચે; અને એમ કરવામાં આબરૂ, પ્રતિષ્ઠા કે ગૌરવભંગનો કોઇ વિચાર એમને રોકી શકે નહીં. એમ કરવા જતાં સમાજમાં પોતાને માટે ગેરસમજ ઊભી થશે, પોતે લોકનિંદાના ભોગ બનશે કે સામા માણસો પોતાનો ગેરઉપયોગ કરશે–એવા બધા ભયને એ ખંખેરી નાખતા અને જે વખતે જે કરવા જેવું લાગે એમાં એ તન્મય બનીને લાગી જતા. હૃદયની ઊર્મિલતા કે ભાવુકતાના જ જાણે તેઓ ઉપાસક હતા.

પોતે ધર્મતત્વને સમજવું અને બીજાને એ સમજાવવું, એ એમના જીવનની મોજ હતી; અને એ મોજને લીધે જ એ હમેશાં આપ સ્વભાવમાં મસ્ત રહેતા, અને દુનિયાની જંજાળ અને જળોજળાથી પોતાના અંતરને અલિપ્ત રાખી શકતા. આ રીતે એમનું જીવન જળકમળના જીવન્ત બોધપાઠ સમું બન્યું હતું.

શ્રી લાલન સાહેબનું સામાયિક બહુ જાણીતું છે. એમ લાગે છે કે સામાયિકને એમણે જીવનમાં સમતાનો લાભ કરવાનું સાચું વાહન બનાવ્યું હતું, અને સાચું સામાયિક કોને કહેવાય એનું એમણે દૃષ્ટાંત પૂરું પાડ્યું હતું. એક સાચા સામાયિકના ઉપાસક તરીકે આપણે શ્રી લાલન સાહેબને હમેશાં સ્મર્યાં કરીશું.

આટલી ઉત્કટ ધાર્મિકતાની સાથોસાથ બારોબાર રાષ્ટ્રીયતા, એ શ્રી લાલન સાહેબની ન ભૂલી શકાય એવી વિશિષ્ટતા હતી. પોતાના ધર્મનું અણીશુદ્ધ પાલન કરવાની સાથોસાથ મહાત્મા ગાંધીજીની રાષ્ટ્રઉદ્ધારની પ્રવૃત્તિનું એમણે મહત્ત્વ પિછાન્યું અને એમાં પોતાનો બનતો સક્રિય સાથ આપ્યો, એ શ્રી લાલન સાહેબની વ્યાપક અને ઉદાર દૃષ્ટિનું સૂચન કરે છે.

શ્રી લાલન સાહેબે ચાર-સાડાચાર વર્ષ લગી પરદેશમાં જૈન ધર્મનો અહિંસાનો સંદેશો સંભળાવવાનું જે અજોડ કાર્ય કર્યું હતું, એ તો એમના જીવનની યશ કલગીરૂપ બની રહેશે. અત્યારે જ્યારે આખા વિશ્વમાં અહિંસાનો પ્રચાર કરવાનો સોનેરી અવસર આવ્યો છે ત્યારે શ્રી લાલન સાહેબનું સહેજે સ્મરણ થઈ આવે છે. એમણે આદરેલા એ કાર્યને વ્યવસ્થિતપણે અને વેગપૂર્વક આગળ વધારવું એ જ આવા પવિત્ર ધર્માત્મા સંતપુરૂષને સાચી અંજલિ છે.

રતીલાલ દીપચંદ દેસાઈ

(આ લેખ લખનારા ભાઇશ્રીનું નામ છે શ્રી રતીલાલ દીપચંદ દેસાઇ. તેમનામાં વિદ્વતા અને નમ્રતા સાથે છે. તેઓ વક્તા છે. લેખક છે અને કવિ છે. તેમનામાં સેવાની ભાવના છે અને શાસનની દાઝ છે.)

ૐ

૫૮

પાલીતાણા, તા. ૬-૬-૫૯

પૂજ્ય શિવજીદાદા,

આપનો પત્ર પ્રાપ્ત થયો. પ્રત્યુત્તર આપવામાં વિલંબ માટે ક્ષમા.

આપશ્રી પંડિત શ્રી લાલનજીની જીવન-ઝરમર આલેખી રહ્યા છો એ એક આનંદપ્રદ ખબર છે. આનંદ એટલા માટે નહિ કે આપના એક સ્નેહી-સ્વજનની પ્રશંસા પાથરતી અને ગુણો ગણાવતી એક સુંદર પુસ્તિકા પ્રકાશિત કરશો ! આનંદ અને વિશિષ્ટ આનંદ એટલા માટે કે આપ એક એવા મહાપુરૂષનું ચરિત્ર લખી રહ્યા છો કે જેણે હંમેશાં સૌ સ્નેહીઓ, સ્વજનો અને સારાયે સમાજમાં પ્રેરણા અને પ્રાણ પૂર્યાં છે. !

આપની દ્વારા, વર્તમાન પત્રોથી અને ક્વચિત અંગત પરિચયથી પણ પં. લાલન વિષે ઘણું ઘણું જાણ્યું-સાંભળ્યું છે. તેમની વિશિષ્ટ વિદ્વત્તા, સમ્યગ્જ્ઞાન, ઉત્તમ ચારિત્ર, અસામાન્ય સજ્જનતા, અગાધ ધર્મભાવના આવા આવા તો અનેક સદ્ગુણો અને સદ્ભાવનાઓ તેમના જીવનમાં વણાયેલ હશે !

પં. લાલનનો મ્હને થોડો અંગત અનુભવ છે. હું લીંબડી ઓર્ડીંમાં ભણતો હતો. ૧૯૨૭-૨૮ ની વાત હશે. પં. લાલનજીએ અમો સૌ વિદ્યાર્થીઓને એમની સરળ, સમજાવટભરી અને ધીરી શૈલિમાં સંબોધ્યા....આદર્શ વિદ્યાર્થી જીવન, જીવનમાં સંસ્કાર સૌરભ, ધર્મનું જીવનમાં કેન્દ્ર-સ્થાન,....આવી અનેક વાનગીઓ ચખાડી. ખૂબ મજા પડી.

પરન્તુ ખાસ તો પં. લાલનજીએ અમોને 'સામાયિક' કરાવી તે જીંદગીભર વિસરાશે નહિ. સૌ વિદ્યાર્થીઓને સામાયિક કરવા બેસાડ્યા, પોતે ચરવળો લઇ અમારી વચ્ચે ઘુમતા ગયા અને વિધિ દરમ્યાન પ્રત્યેક સૂત્રનો વિગતવાર અને બારીકાઇથી શબ્દાર્થ સમજાવતા ગયા, ત્યારે જ અમને સમજાયું કે 'સામાયિક' એટલે માત્ર ૪૮ મીનીટ મુંગા બેસી રહેવું એમ નથી પણ જીવન અને વ્યવહારને સ્પર્શતો કોઇ વિશિષ્ટ અર્થ પણ છે.

ત્યારે જ અમને લાગ્યું કે 'સામાયિક' એ સૂત્રોનો બસૂરો ગણુગણાટ નથી....એ તો માનવીના હૃદય-તાર ઝણઝણાવી મૂકી જીવનમાં સૂરીલાપણું અને એકતાનતા આણી દે છે. મીઠું-મધુરૂં સમતાનું સંગીત પીરસે છે. પંડિતજીએ પૂછાયું...." સામાયિકની સરવાણીઓમાંથી સમતા, નમ્રતા અને સરળતાનો ત્રિવેણી સંગમ જન્મે છે....જીવન ધન્ય બને છે. "

પાલીતાણામાં પણ સદ્ભાગ્યે તેમને મળવાનો એકાદ પ્રસંગ પ્રાપ્ત થયેલ. તેમની સાદાઇ, સજ્જનતા અને સર-

ળતાની હંમેશાં મને ઉંડી છાપ પડી છે. સમાજમાં તેઓશ્રીનું ઉંચું સ્થાન હતું જ. પણ કદીયે એમણે એવો દાવો કે દેખાવ કર્યો નથી ! એ તો કહેતા કે " હું તો નાનો માણસ છું, તિર્થંકરનો પ્રતિનિધિ છું....કંઈપણ કરી છૂટવાની ભાવના સેવું છું. " આ શબ્દો જ એમની લઘુતા, નમ્રતા કે સરળતા દાખવે છે. પોતાની જાત જ અવગણી અન્યને ઉપયોગી બની,–પરોપકારાય શતાં વિભૂતયે ।। સૂત્ર અનુસાર જીવન જીવી ગયા.

પંડિતજી તો એક મહાન વિભુતિ હતા. તેમના વિષે હું શું લખી શકું ? લાયકાત પણ મ્હારી શી ? આ તો અનુભવના બે શબ્દો સરી પડ્યા એ ટાંકયા છે. ખરેખર એ મહાપુરૂષને સાચી અંજલી આપવી હોય તો આપણે એમના જીવનને અનુસરીએ અને ધન્ય બનીએ.

લી૦ સેવક,
ડૉ. ભાઈલાલ એમ. બાવીશી
ના સવિનય વંદન.

(ડૉ. ભાઇલાલ બાવીશીને પાલીતાણામાં કોઇ ન જાણે એવું બને જ નહિ. પાલીતાણા સ્ટેશનથી તલાટી સુધી શિક્ષણની પ્રત્યેક સંસ્થામાં તેમણે પોતાનો હિસ્સો આપ્યો છે. તેઓ વિવેકી છે. સમયના જાણુ છે અને સેવાપ્રિય છે.)

૫૯

પોસ્ટ–વલાદ
(જીલ્લો અમદાવાદ)
તા. ૧–૬–૫૯

પંડિત લાલનજી

(સ્વામી માધવતીર્થ)

પંડિત લાલનનો પહેલો પરિચય મને ઇ. સ. ૧૯૦૬ ની સાલમાં મુંબઇમાં થયો હતો. તે વખતે મેં તેમનું એક જાહેર ભાષણ સાંભળ્યું હતું. તેમણે યુરોપ અને અમેરિકાની મુસાફરી કરેલ. અને તેમનું વાંચન વિશાળ હતું તેથી અનેક પ્રકારના નવા દૃષ્ટાંતો આપીને સાંભળનારાઓ પાસે પોતાનો વિષય સ્પષ્ટ કરી શકતા હતા અને તેથી તેમના ભાષણો લોકપ્રિય થયા હતા. અમેરિકાના એક પ્રસંગનું વર્ણન આપતાં તેમણે કહ્યું કે " એક ધનાઢય બાઇનો સુંદર ગાલીચો તેમની એક નોકર બાઇએ શાહી ઢોળીને થોડોક ભાગ ખરાબ કર્યો હતો. તેનો બળાપો તે શેઠાણી પંડિત લાલન પાસે કરવા લાગ્યા. એટલે પંડિતજી તે બગડેલા ભાગ ઉપર ઉભા રહ્યા અને તે ભાગ ઢાંકી દીધો. અને કહ્યું કે " તમારો ગાલીચો ક્યાં બગડ્યો છે ? " ટુંકામાં તેના કહેવાનો ભાવ એવો હતો કે સંસારમાં થોડો વિક્ષેપ થાય તે ઢાંકી દઇને સારો ભાગ જોવાની ટેવ પાડવી જોઇએ.

બીજા એક ભાષણ વખતે કોઇએ તેમને પૂછ્યું કે " જૈન ધર્મમાં એમ કહેલ છે કે " આ પંચમઆરો કઠણ

છે. અને આ આરામાં કોઈનો મોક્ષ થવાનો નથી. તેના જવાબમાં પંડિતજીએ કહ્યું કે " આપણે પ્રયત્ન કરીને, સાધના કરીને મોક્ષના બારણા સુધી તો પહોંચી જશું અને પછી જ્યારે મોક્ષનો દરવાજો ઉઘડશે ત્યારે તેમાં દાખલ થવાનો આપણને પહેલો વખત મળશે. "

પંડિતજી હમેશાં આશાવાદી હતા. તેમના મુખમાંથી નિરાશાનો શબ્દ નીકળતો નહોતો. તેમને અમેરિકન લેખક એમર્સનના લેખો બહુ ગમતા હતા. કારણ કે તેમાં તેને જોઈતો સર્વોત્તમ ભાવ મળી શકતો હતો. તેમની ૬૦ વર્ષની ઉમર થઈ ત્યારે કોઇએ પૂછયું કે તમારી ઉમર કેટલી છે ? ત્યારે તેમણે જવાબ આપ્યો કે ૬૦ વર્ષનો જુવાન. ૭૦ વર્ષની ઉમરે અને ૮૦ વર્ષની ઉમરે પણ એવો જવાબ આપતા હતા. એવી ભાવનાને લઈને ૯૫ વર્ષની ઉમર સુધી પહોંચી શકયા હતા.

તે કોઇને ઘેર જતા અને ઘરમાં બાઇ એકલી હોય ત્યારે એમ પૂછતા કે " મારા બનેવી કયાં છે ? " કોઇ બાઇએ કહ્યું કે " એમ કેમ પૂછો છો ? " એટલે પંડિતજીએ કહ્યું કે " તું મારી બહેન થાય છે. તો તારો પતિ મારો બનેવી કેમ ન થાય ? "

ઇ. સ. ૧૯૧૬ માં ઘાટકુપરમાં એક વાર તે સ્વામી હંસની પાસે બેઠા હતા. હું પણ તે વખતે હાજર હતો. તે સ્વામી હંસને તેનું જીવન વૃત્તાંત પૂછતા હતા અને સ્વામીજી કહેતા હતા કે હિમાલયમાં તેને ગુરૂ દત્તાત્રયના

સાક્ષાત દર્શન થયા હતા. તે પછી સાક્ષીનો આત્મારૂપે અનુભવ લેવાની વિદ્યા તેને મળી હતી.

ઇ. સ. ૧૯૨૦ માં મેં "અરવિંદ ઘોષનું તત્ત્વજ્ઞાન પુસ્તક પ્રસિદ્ધ કર્યું. પંડિતજીને ખબર પડી એટલે મને કહ્યું કે "એક જાહેર ભાષણ આપીને શ્રી અરવિંદનો સિદ્ધાન્ત સમજાવો." તે પ્રમાણે ભાષણ નક્કી થયું. પંડિતજી તે વખતે પ્રમુખ થયા. અને મેં શ્રી અરવિંદનો અવતારવાદ સમજાવ્યો. પછી અમે એકાંતમાં મળ્યા ત્યારે પંડિતજીએ મને પૂછયું કે જે શુદ્ધ બ્રહ્મ નિરંજન નિરાકાર છે, તેનો અવતાર શી રીતે થતો હશે તે સમજાતું નથી. મેં કહ્યું કે બ્રહ્મના બે સ્વરૂપ છેઃ—

૧. આધ્યાત્મિક સ્વરૂપ–નિરંજન નિરાકાર છે અને તેનો અવતાર થાય નહિ.

૨. આધિદૈવિક સ્વરૂપમાં થોડી માયા રહે છે અને માયાદ્વારા અવતાર થઈ શકે છે. શ્રી અરવિંદ એમ માને છે કે આધ્યાત્મિક કરતાં આધિદૈવિકમાં શક્તિ વધારે છે, અને તેથી તે સમાજને વધારે ઉપયોગી છે.

એકવાર અમે રાજકોટમાં મળ્યા હતા અને પંડિતજી રાજકોટથી મુંબઇ જવાની તૈયારી કરતા હતા. મેં પૂછયું કે "સાથે કેટલા દાગીના છે?" તેણે કહ્યું કે "પાંચ" મેં કહ્યું કે નજરે તો ચાર દાગીના દેખાય છે. તેણે કહ્યું કે "પાંચમો દાગીનો લાલન છે." તેને પણ એક દાગીના તરીકે સંભાળવો પડે છે.

એક વાર અમે સાથે અમદાવાદમાં ગાંધીજીને મળવા ગયા, ગાંધીજીના કરતાં પંડિતજીની ઉમર મોટી હતી. ગાંધીજીએ તેમને પૂછ્યું કે " કેમ પંડિતજી તબીયત કેમ રહે છે ? " પંડિતજીએ કહ્યું " તમે અને હું સાથે દોડીએ એટલે તબીયતની ખબર પડી રહેશે. " ટુંકામાં મોટી ઉમરે પણ પંડિતને શરીરમાં સ્ફૂર્તિ સારી લાગતી હતી.

રાજકોટમાં શ્રી કાનજી સ્વામીના સત્સંગમાં ઘણા માણસો જતા હતા. તે આત્માના સ્વરૂપનું વર્ણન આપે ત્યારે વિદ્વાનો પણ મુગ્ધ થતા હતા. પંડિતજી અને હું પણ કોઇ કોઇ વાર શ્રી કાનજી સ્વામીના વ્યાખ્યાન સાંભળવા જતા હતા, કાનજી સ્વામી કહેતા કે આત્મા અખંડ પરથી જુદો, જ્ઞાનઘન અને આનંદઘન છે. તેને અસંગભાવ કહે છે અને વૈરાગ્ય વાળાને તે સ્વરૂપ સમજવું સહેલું પડે છે. પંડિતજીમાં પ્રેમનો ભાગ વધારે હતો તેથી તે કહેતા કે આત્માનો સર્વાત્મભાવ પણ જાણવો જોઇએ, જે આત્મા અસંગ છે, તે સર્વમાં છે.

ઇ. સ. ૧૯૪૭ માં અમદાવાદમાં સર્વ ધર્મ પરીષદ ભરાણી હતી અને તે વખતે અમને પંડિતજીનો મેળાપ થયો હતો. અમારે રહેવાનું પણ એક જ જગ્યાએ બન્યું હતું. ત્યાં એકવાર પંડિતજીએ મને કહ્યું કે " પ્રો. આઇન્સ્ટાઇનનો સાપેક્ષવાદ સમજાવો " મેં કહ્યું કે તે સિદ્ધાન્ત સામાન્ય માણસને સમજવો અઘરો પડે છે, કારણ કે તેમાં કોઇ ચીજનો અથવા વસ્તુનો વિચાર આવતો નથી પણ આખી અવસ્થાનો વિચાર આવે છે, તેને કહે છે.

ટુંકામાં તેનો સાર નીચે પ્રમાણે છેઃ—

૧. દેશ અને કાળ કલ્પિત છે, તેથી ઇતિહાસ, ભૂગોળ, જન્મ, મરણ, અને જગતની ઉત્પતિનાં વિચાર નવી પદ્ધતિ પ્રમાણે–નવી રીતે કરવા જોઇએ.

૨. ચતુર્થ પરિમાણ અથવા અંદરથી જોઇ શકાય પણ બહારથી જોઇ શકાય નહિ. જેમકે સ્વપ્નું અંદરથી જોઇ શકાય પણ બહારથી જોઇ શકાય નહિ, તેવી જ રીતે આખી જાગ્રત દશા પણ અંદરથી દેખાય બહારથી દેખાય નહિ.

૩. આ મતને દૃષ્ટિ-સૃષ્ટિવાદ પણ કહે છે.*

૪. દૃષ્ટિ–સૃષ્ટિવાદમાં દૃષ્ટિ પહેલાં સૃષ્ટિ નથી. તેથી એ આંખથી જોવાની વસ્તુ નથી પણ ગણીતથી અથવા બુદ્ધિથી સિદ્ધ થઇ શકે છે.

૫. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાના વિચારથી સાપેક્ષવાદ સરળતાથી સમજી શકાય તેવો છે.

(આ પત્ર લખનારનું નામ છે સ્વામી માધવતીર્થ. તેમણે અમદાવાદ પાસે આશ્રમ કરેલ છે. તેમની તાત્ત્વિક દૃષ્ટિ છે, તેમનો મુખ્ય વિષય છે વેદાંત અને યોગ. તેમની દૃષ્ટિ વિશાળ છે અને દિલ દિલાવર છે.)

* આ વિષય ઉપર મેં એક જુદું પુસ્તક પણ લખેલ છે.

★

૬૦

કચ્છ-કોડાય તા. ૨૦-૫-૫૯

પૂજ્ય લાલનસાહેબનો દેહ વિલય થયો છે, છતાં એવા ભવ્યઆત્માની અંતરમાં હમેશાં યાદગીરી રહ્યા કરે છે. અમારા પૂન્યપ્રતાપે લાલનસાહેબ હમેશાં કોડાય ઉપર મમતા ધરાવતા હતા. જેથી પ્રસંગોપાત હમેશાં કોડાય આવતા અને એની સાનીધ્યમાં હમેશાં અમોને લાભ થતો હતો. તેમાં પણ એમની નીરંતર આત્મજાગૃતી અને આત્મ-જ્યોતિના દર્શન થતા હતા. એમની બાલપ્રકૃતિ હમેશાં અમોને પ્રેરણા આપતી હતી. ઘણા વખત અમોને અવનવું અમારી ક્ષતીઓનું ભાન કરાવતા હતા. તેમાં પણ આત્માની ઓલખ માટે ખૂબ જાગૃત કરાવતા હતા. એમની દેહ અવસ્થા મોટી છતાં પોતે યુવાન લાલનનું ભાસ કરાવતા હતા અને પોતે હમેશાં જાગૃત અવસ્થામાં રહેતાં. એવા ભવ્ય આત્માનો દેહવિલય થયો છતાં હમેશાં અમરઆત્મા દેખાયા કરે છે. એવા ભવ્ય આત્માને કોટીવંદન હો.

પૂજ્ય લાલનસાહેબ અને પૂજ્ય શિવજીભાઇના કોઇ પૂર્વભવના સંબંધ થકી એકાત્મા દેખાતા અને હમેશાં કોડાય આવતા અને ખૂબ આત્મજાગૃતી દર્શાવતા. વિશેષમાં કોડા-યની સદાગમ પ્રવૃત્તિ આશ્રમમાં એ ભવ્ય આત્માઓનું કોઇ રૂણાનુંબંધી પૂર્વભવના કોઇ સંબંધ હોતા, કોડાય

ઉપર મમતા હોતા હમેશાં કોડાય આવતા, અને કોડાયની મુમુક્ષુ જનતાને ખૂબ લાભ આપતા હતા.

લી૦ કોડાયનિવાસી,
લાલજી ઓભાયા
ના સ્નેહવંદન.

(આ પત્ર લખનારા ભાઇ લાલજી ઓભાયા ઘણા ભાગે કચ્છ-કોડાયમાં રહે છે. શ્રી સદાગમ પ્રવૃત્તિ સંસ્થાના તેઓ ટ્રસ્ટી હતા. તેમનામાં સંતોષવૃત્તિ છે. તેઓ વિચારક અને સુધારક છે.)

ø

૬૧

નિપાણી તા. ૨૮-૪-૫૯

પૂજ્ય શ્રી ભાઇ શીવજી દેવશીની સેવામાં,

આપનું પોસ્ટ કવર મળ્યું. પં. પૂ. લાલનબાપુજીનું જીવન-ચરિત્ર છપાય છે તે વાંચી ઘણો આનંદ થયો. આપનો પ્રયત્ન સફળ થાઓ.

બીજું મારા પં. લાલનબાપુજી સંબંધીના વિચારો અને તેમની સાથેનો પરિચય ટુંકમાં લખી જણાવેલ છે. તે વાંચી તેમાંથી જેટલું લેવા જેવું હોય તેટલું લેજો. મારી માતૃભાષા ગુજરાતી હોવા છતાં અત્રે ઘણા વર્ષોથી મરાઠી ભાષાનો પરિચય થવાથી ગુજરાતી ભાષાના શબ્દો બરાબર લખાઇ શકતા નથી અને તેથી શબ્દોમાં ફેરફાર થવાનો સંભવ છે. માટે તેમાં સુધારો કરી લેવા આપને વિનંતી છે. અને તે બાબત તમો સર્વાધિકારી છો. હું આપને ભુલ્યો નથી અને ભુલીશ પણ નહીં.

આપનો નમ્ર સેવક
નેમચંદ જેઠીરામ મહેતા,
દઃ બુદ્ધિચંદ્રના જયજીનેંદ્ર

પૂજ્ય પં. લાલનબાપુજીને સં. ૧૯૭૦ માગશર શુદ ૬ માં નિપાણી બાવનજીનાલયની પ્રતિષ્ઠા વખતે શ્રી સંઘ તરફથી તેમને અત્રે વ્યાખ્યાન કરવા સારૂ બોલાવવામાં આવ્યા હતા. તેમનું નામ મેં સાંભળેલું છતાં પ્રથમ જ તે વખતે તેમની તથા મારી મુલાકાત થઈ. હું કેપ્ટન તરીકે સદર પ્રતિષ્ઠા મહોત્સવમાં કામ કરતો હતો. શ્રી સંઘના આમંત્રણને માન આપી તેઓ અત્રે પધાર્યા. તેઓશ્રીને બહુ ધામધુમથી મોટા સરઘસ સાથે ગામમાં લાવવામાં આવ્યા. નિપાણીના શ્રી ઠાકોર (સરકાર) ના અધ્યક્ષપણા નીચે એક વ્યાખ્યાન થયું. બીજા પણ સવાર સાંજ વ્યાખ્યાનો થયા. અને અત્રે પધારેલા સંઘમાં એવી જાગ્રતી કરી કે– "જ્ઞાન વિના ઘોર અંધકાર" છે. એની દાખલા સાથે પ્રતીતી કરી આપી. અને વ્યાખ્યાનમાંથી ચિત્રકાર અને વિચિત્રકારનો એક દાખલો આપેલો હજુ મને યાદ આવે છે. પ્રતિષ્ઠાનું કાર્ય પૂર્ણ થયા પછી અત્રે છોકરાઓને ભણવા સારૂ દક્ષિણ મહારાષ્ટ્રમાં એકે બોર્ડીંગ નથી તેના માટે યોજના ઘડાઇ. તે વખતે મેસાણાના શિક્ષક મણીલાલ સુંદરજી શાહ પણ આવ્યા હતા. બહુ પ્રયત્ન કરી સંઘમાંથી આગેવાનોને મળી સમજાવી લગભગ રૂપીયા ચાલીશ હજારની રકમ નોંધાવી પછી તે કામ મણીલાલભાઇને સુપ્રત કરવામાં આવ્યું. પછી તેઓ મુંબઇ ચાલ્યા ગયા. પૂ. લાલનબાપુજી જેટલા દિવસ મહારાષ્ટ્રમાં હતા તેટલા દિવસ સુધી હું તેમની સાથે રહેલો. અને તેમના વ્યાખ્યાનો મેં અત્યંત આદર પૂર્વક સાંભળેલા. તેમજ તેમની સાથે બાનગીમાં બેસી વિચાર

વિનિમય પણ કરતા હતા. તેથી તેમના આચાર વીચારનો તથા વાણીનો લાભ મેં પુરેપુરો મેળવ્યો હતો.

બીજી વખતે અત્રે દક્ષિણ મહારાષ્ટ્ર જૈન કોન્ફરન્સનું અધ્યક્ષ પદ પૂ. લાલનબાપુજીને આપવામાં આવ્યું હતું. તે વખતે તેમની સાથે પૂ. શીવજીભાઇ મઢડાવાળા તથા સુશીલ વિગેરે મંડળી આવી હતી. તે વખતે લાલનબાપુજીએ અધ્યક્ષ પદ દીપાવ્યું હતું. અને આખો મહારાષ્ટ્ર જાગી ઉઠ્યો હતો. અને બાદી તથા કન્યાવિક્રિય બંધ કરવા બાબત ઠરાવો કરી મહારાષ્ટ્રને એક નવી જ દષ્ટી આપી હતી. તેનું પરીણામ અત્રે કન્યાવિક્રય સદંતર માટે બંધ થઇ ગયેા. તેમજ તેમના વક્તવ્યથી અત્રે લાયબ્રેરીઓ તથા પાઠશાળાઓ સ્થપાઇ. હું જ્યારે જ્યારે મુંબઈ જતો ત્યારે ત્યારે તેમને મળી તેમની વાણીનો લાભ ઉઠાવતો, અને આશીર્વાદ લેતો. જુન્નરની પરિષદોમાં પણ તેમના વ્યાખ્યાનો સાંભળ્યા અને સાથે સિદ્ધગીરી યાત્રાર્થે ગયેા હતો. તે વખતે મઢડા ઉતરીને લાલન નીકેતનમાં ચાર દિવસ રહ્યો અને તેમની વાણીનો લાભ ઉઠાવ્યો.

ત્રીજે વખતે તેઓ અક્ષયચંદભાઇના લીધે નીપાણી પધાર્યા. તે વખતે શ્રી સ્તવનિધી ક્ષેત્રમાં ચાર દિવસ રહેવા ગયા હતા. (આ ક્ષેત્ર દીગંબર જૈનોનું છે) સાથે વીશેક સજ્જનો હતા. તે વખતે 'સામાઇક' નું મહત્વ અને તેનાથી આગળ વધવાની માહીતી આપી હતી. તેમજ શ્રવણ મનન વીગેરેના પાઠો શીખવ્યા હતા. અને આથી આત્મા મોક્ષગામી કેમ થઇ શકે છે તેનો બોધ આપ્યો હતો. હું

તેમના એક ભક્ત તરીકે હતો. અમારા ઘરમાં ચી. બુદ્ધિચંદ્ર તથા ચી. વિનયબેન તેમના પરિચયમાં આવ્યા હતા. તેમની ૯૧ વર્ષે મુંબઇમાં જયુબીલી થઈ હતી ત્યારે તેઓ તેમની સાથે હતા. અને ચી. વિનયબેને સ્વાગત પદ્ય ગાયું હતું અને પૂ. લાલન બાપુના વિચારો સાથે તેઓ એક રૂપ થયા હતા. તેમનું તેમના પ્રત્યે બહુમાન હતું. આવી રીતે હું અને અમારા ઘરના બધા તેમના પ્રત્યે ભક્તી ભાવ ધરાવનાર ભક્ત છીએ. પૂ. લાલનબાપુ હજુ અમોને અમારી આંખ સામે પ્રત્યક્ષ દેખાય છે. તેઓને અમો કદી ભુલશું નહીં. તેઓ ત્યાગી તેમજ નીયમીત હતા.

લી૦ નેમચંદ જેઠીરામ મહેતા
(નીપાણી વાળા)

(આ પત્ર લખનારા ભાઇશ્રી નેમચંદ જેઠીરામ નીપાણીમાં રહે છે. તેમનામાં ઉત્સાહ છે, પ્રેમ છે, ઉદારતા છે, અને સત્સંગના રંગી છે.)

૬૨

પાલીતાણા તા. ૧૮–૫–૫૬

પૂ. શિવજીબાપા,

પૂ. લાલનબાપાનો પરિચય કરવાની પ્રથમ તક મને ૧૯૪૨ માં મળેલ. જ્યારે હું જામનગરથી આવતો હતો. પૂ. લાલનસાહેબ અને હું એક જ ડબામાં સાથે. આ નામથી જરૂર હું તેમને જાણતો. પણ તેમનાં દર્શન થયેલ નહીં. પ્રથમ ડબામાં મારી નજર તેમના પાતળા બાદીમય શરીર પર પડી. જભાના બીસાપર લેબલ લગાડેલ જોયું. તેમના પર લખેલ પંડિત લાલન. આ જોઈ મને જરા આશ્ચર્ય તો લાગ્યું.

મેં કહ્યું લાલનસાહેબ આ લેબલનો અર્થ શું ? હું લાલન છું, મેં કહેલ ખોટી રીતે શક્તિ ખર્ચવી ન પડે. તેમણે કહ્યું હું અભ્યાસ અર્થે સોનગઢ જઈ રહ્યો છું. મેં કહ્યું આપની ઉમ્મર શું ? તેમણે કહ્યું પંચાશી વર્ષ. હું નવયુવાન છું. મારા જ્ઞાનતંતુ હજુ અભ્યાસ માટે ખૂબ સાફ અને તંદુરસ્ત છે. કેટલું અસાધારણ આત્મબળ એ મહાપુરૂષનું!

ત્યારબાદ તો તેમણે રાષ્ટ્રીય સમાજસેવા, સામાજીક ક્રાંતીની ખૂબ ચર્ચાઓ કરી. સત્ય દર્શન અમોને કરાવ્યા. એ હતી અમારા જીવનની કીંમતી રાત. જે એ મહાન ફીલોસોફર સાથે ગાળવાની કીંમતી તક અમોને મળેલ.

સમાજસેવા, સામાજીકક્રાંતિ, રાષ્ટ્રીવિકાસ તથા શિક્ષણની આવશ્યક્તાઓ તથા ધર્મનું સાચું ચીંતન માટે એ હંમેશા એક ભારતના નૂતન યુવાનની માફક જીંદગીના છેલ્લા દિવસ સુધી જીવ્યા છે. અને મહાન વારસો આપણા માટે જ્ઞાનરૂપી રાખતા ગયા છે. તેમના પવિત્ર વિચારો આજે આપણા સામે જીવંતજ છે, અને રહેશે. એમણે રાખેલ અપૂર્ણ ચિત્ર આપણે પુરૂં કરવાનું છે. અને તે કરવા આપણે શપથ લઈએ એજ. એ મહાનપુરૂષ માટેની સાચી લાગણીઓનું જીવંતપ્રત્તિક છે.

આપનો,

કાકુ નારસિંગ બ્રહ્મભટ્ટ.

(આ પત્ર લખનારા ભાઇ શ્રી કાકુ નારસીંગ ભારોટ છે. તેમનામાં સમયસૂચકતા અને નિર્ભયતા છે. તેઓ સત્સંગના રંગી છે, અને વિચારક છે.)

૬૩

પાલીતાણા, તા. ૧૮-૫-૧૯૫૯

પરમ્ પૂજ્ય શિવબાપુની સેવામાં,

મુ. ભાવનગર

પૂજ્ય શ્રી પંડિત લાલન સાહેબ સાથેનો મારો પરિચય લખી જણાવું છું.

શ્રી પંડિત લાલન સાહેબનો પહેલો પરિચય સંવત ૧૯૭૫ ની સાલમાં પાંચોરા મુકામે થયો. તે વખતે હું પાંચોરા રહેતો હતો. પાંચોરામાં શેઠ વછરાજ રૂપચંદે જૈન પાઠશાળાનું મકાન રૂા. ૩૦૦૦૦) ત્રીશ હજારના ખર્ચનું નવું બંધાવ્યું, અને તેના ઉદ્‌ઘાટન વખતે પાંચોરાના સંઘે પંડિતજીને બોલાવેલા. હું તેઓની ખ્યાતી તથા લેખો આનંદ નામના માસીકમાં વાંચતો. અને જૈન ધર્મ પ્રવેશીકા નામની ચોપડીઓ તેઓની બનાવેલી એ પાઠશાળામાં બાળકોને શિક્ષણમાં ચાલતી. અને હું પણ તે ભણેલો તેથી મને અણુદીઠે તેઓ ઉપર લાગણી થાતી અને તેઓને જોવાની જીજ્ઞાસા થાતી. તો કુદરતે એ પાઠશાળાના ઉદ્‌ઘાટન ઉપર આવ્યા. ત્યાં મેં એઓના ભાષણો સાંભળ્યા. મને તથા પાંચોરાના આખા સમાજ ઉપર તેઓના ભાષણની ઘણી જ સારી અને ઉંડી છાપ પડી. હું તો એઓનું ભાષણ સાંભળી દીંગ થઈ ગયો. કારણ એવી વક્તૃત્વ કળા વાળું ભાષણ મેં પહેલું જ સાંભળ્યું. ભાષણ કેળવણી ઉપર હતું. તેઓની ભાષણ કરવાની અને વસ્તુને સમજાવવાની

કળા કોઈ અજબ હતી. તે વખતે તેઓનો બોલવાનો જુસ્સો અજબ હતો. મેં એવો જુસ્સો કોઈમાં જોયો નહીં, હું ખુબ એક તાનથી એઓના ભાષણો સાંભળતો.

ત્યાર બાદ હું સં. ૧૯૮૭-૮૮ ની સાલમાં પાલીતાણા શેઠ નરશી નાથાની ધર્મશાળામાં મુનીમ તરીકે આવ્યો. પછી તો વખતો વખત તેઓનો પરિચય થાતો. કારણ જ્યારે તેઓ પાલીતાણા આવતા ત્યારે શેઠ નરશી નાથાની ધર્મ-શાળામાં ઉતરતા. અને તે મારી પાસે જ ઉતરતા. અને તેથી હું પોતાને ધન્ય માનતો. મારા અહોભાગ્ય માનતો અને ખૂબ હર્ષિત થાતો. મને એવું લાગતું જે મારે ત્યાં આવા મહા પુરૂષોના ઉતારા કયાંથી હોય ! હું એઓની સેવા કરી પોતાને ધન્ય માનતો. તેઓ નવરાશની વેળાએ અને રાતના ઘણા વખત દશ અગીઆર વાગ્યા સુધી મને અને બીજા જીજ્ઞાસુઓને પાંચ ભાવના, બાર ભાવના બાર વૃત્ત વિષેની ચર્ચા કરીને ખુબ સમજાવતા. તેઓના પરિચયથી મારા સ્વભાવમાં ઘણો પલટો થયો. મારામાં ઉગ્રતા હતી, અવિવેક હતો, અહંપણું ઘણું હતું તે એઓના સહવાસથી ઘણું મંદ પડી ગયું અને કાંઇક ધર્મ વસ્તુ સમજવાની શક્તિ આવી. અજ્ઞાનતા ઓછી થઇ.

એઓને સામાયિક ઉપર બહુજ પ્રીતી હતી અને તે જે આવે તેને સમજાવતા. અને અમુક સામાયક રોજના કરવા એવા ઘણા ભાઇઓને પચ્ચખાણ આપતા. તેઓને હું જયારે જયારે એઓની ઓરડીમાં એઓને જોતો ત્યારે એ વાંચતા જ હોય. હું એઓને પુછું, બાપુજી આટલું શું

વાંચતા હશો ? તો કહે હું વાંચતો નથી. હજી તો ભણું છું, મને લાગતું જે એઓને તે હવે શું ભણવાનું હોય ! અને ફરી પુછું જે આપને તે હવે શું ભણવાનું હોય ? તો કહે કેવળજ્ઞાન નહીં થાય ત્યાં સુધી તો સમુદ્રમાં બીંદુ સમાન છું.

એઓ સારા તત્ત્વજ્ઞાની હતા અને યોગી હતા. મારા જેવો એઓની જ્ઞાન શક્તિનું શું માપ કાઢી શકે ? પણ એઓની પાસે સારા સારા વિદ્વાનો આવતા અને પતંજલી યોગની વાતો કરતા. કોઈ તત્ત્વાધીગમ સુત્રોની વાતો કરતા, કોઈ ષટદ્રવ્યોની ચર્ચા કરતા તો તે હું મુંગે મોઢે સાંભળતો. તેઓ પ્રશ્નકારોને ખુબ સરળતાથી સમજાવતા અને તેમાં મારી બુદ્ધી પ્રમાણે હું પણ સાંભળતો અને ચીંતન કરતો.

તેઓની સરળતા અજબ હતી, દયા હતી, ક્ષમા હતી. એ વિષેના નાના નાના અનુભવો મને ખુબ થતાં. લખવા બેસું તો પાર ન આવે. પણ બે ત્રણ અનુભવો મારી બુદ્ધિના લખું છું. કોઇ માણસ કાંઇ જબરી ભુલ કરી જાય તો કહેશે છદ્મસ્ત હોય તે તો ભુલના પાત્ર છે. એના ઉપર રોષ ન હોય કેવલી ભુલ ન કરે. ઉદારતા એવી હતી જે એઓ જ્યારે ધર્મશાળામાંથી વિદાય લેતા ત્યારે મારા પાસે આવતા, અને મને કહેતા. સોજપારભાઇ લાલન હવે આજે જવાનો છે. કહો ધર્મશાળામાં સાધારણમાં શું આપું ? તથા ધર્મશાળાના માણસોને શું આપું ? હું કહું બાપુજી તમારા પાસેથી તે શું લેવાનું હોય. તમો તો યોગી

ગણાએા. તેા કહે નહીં, ધર્મશાળાનેા લાભ લીધેા છે, અને તમારા માણસેાની સેવા લીધી છે. તે આપવું જ જોઇએ. એટલે પરાણે મારા મેાઢેથી બેાલાવતા. હું ડરીને કહું જે બાપુજી પંદર રૂપીઆ સાધારણમાં મંડાવેા. તેા કહે નહીં. પંદર ઓછા થાશે. મેં લાભ ઘણેા લીધેા છે. માટે ૨૦) વીશ માંડેા. માણસેાને આપવા વિષે કહું જે માણસેાને આઠ આઠ આના આપજો, કામ કરનારી બાઇઓને રૂપીઓ આપજો, તેા કહે નહીં, એ તેા ઘણા ઓછા થાય. ગરીબેા આપણા ઉપર આશા ન રાખે તેા કેાના ઉપર રાખે. હું કહું તેથી ત્રણગણા પૈસા એ મજુરેાને આપે અને વળી આપીને કહે જે ઓછું તેા નથીને! આવી ઉદારતા મેં એઓમાં જોઇ, નહીં તેા મને એવા અનુભવેા છે જે લખપતી શક્તિવાળા હેાય તેઓને કહીએ જે એને રૂપીઓ આપજો. તેા એઓ આઠ આનાથી કસવા માંડે એ જ એઓની ઉદારતાનું માપ હતું.

એઓ સ્વભાવના ઘણા જ આનંદી અને ખુશમશ્કરા હતા. તેઓ ઘણા વખત પેાતાના કેાટ ઉપર લાલન એવા નામનું લેબલ મારીને ફરતા. ઓઢવાની છત્રીને કેાઇ દિવસ છત્રી નહીં કહેતા. મારી નવ ચેાકડી (૩૬) કયાં છે? એવી તેા ઘણી વાતેાથી એ અમારા જેવા અજ્ઞાનેાને આનંદ કરાવતા.

વિશેષમાં મારી બુદ્ધી એઓના સ્વભાવનું કે જ્ઞાનનું શું માપ કાઢી શકે? એ જ.

લી૦ સેાજપાર કેશવજી
કે. શેઠ નરશી નાથા ધર્મશાળા

(ભાઇશ્રી સોજપાર કેશવજીએ પાલીતાણાની શેઠ નરશી નાથા ધર્મશાળાની ૨૮ વર્ષ સુધી એકધારી સેવા કરી છે. તેમનામાં નમ્રતા સેવાવૃત્તિ અને કર્તવ્યભાન છે.)

❁

૬૪

પાલીતાણા તા. ૧૬-૫-૫૯

પરમ વહાલા દેશભક્ત કવિરાજ મુરબ્બી શીવજીભાઇ દેવશી ઉર્ફે (પંજાબમાં-મગનબાબા) ની સેવામાં,

લી૦ સેવક શામજી ભાઇચંદના જયજીનેન્દ્ર.

મુરબ્બી લાલનસાહેબનો અભિપ્રાય અને અનુભવ લખવા પ્રેરણા કરી. મારી શક્તિ નહીં. આપના આશીર્વાદથી પહેલા ગોધાના શીર-નામે અભીપ્રાય લખેલ તે પત્ર ગુમ થયો. હવે આ પત્ર લખું છું. દીલના પ્રેમથી લખેલ છે. લાંબો પત્ર છે. જોજો યોગ્ય લાગે તો સ્થાન આપજો. આપના પ્રેમને લઇને લખેલ છે.

દા૦ સેવક
શામજી ભાઇચંદ માસ્તર
ના જયજીનેંદ્ર.

પંડિત લાલનસાહેબનો મારો અનુભવ.

પહેલાં તો આ મહાપુરૂષનો અભિપ્રાય લખવાની મારી શકતી નથી. કારણ આવા વિદ્વાનો સમાજમાં બહુજ થોડા. તો પણ મુરબ્બી શીવજીભાઇના પ્રેમના લઇને લખવા વિચાર થયો.

૧. પંડિત લાલનસાહેબને પહેલવહેલા કરાંચીમાં મળવાનો પ્રસંગ આવ્યો. લગભગ સંવત. ૧૯૮૮ ની સાલ

હશે. તે વખતે કરાંચીમાં આચાર્ય દેવ વિજય ધર્મસૂરીશ્વરજીના શિષ્ય રત્ન વિદ્યાવિજયજી મહારાજસાહેબનું ચોમાસું હતુ. તે વખતે ભાદરવા શુદ ૧૪ ના સ્વ. વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજની જયંતિનો પ્રસંગ તે વખતે ઉજવવાથી અમારી સંગીત પાર્ટીને બોલાવેલ. તે વખતે હું સાથે હતો. તે વખતે લાલનસાહેબનો પરિચય થયો. લાલનસાહેબનું ભાષણ સાંભળતા દિલમાં થયું કે આ એક સમાજમાં રત્ન છે. અને પરિચય થયા પછી શામસુંદર કહીને મને બોલાવતા. એક વખતે કરાંચીમાં તેદી રાત્રે તેમના એટલે લાલનસાહેબના પ્રમુખપણા નિચે સભા થઈ. તે વખતે એમણે જે પ્રવચન કરેલ તેની સમાજ ઉપર સારી છાપ પડી. તેમનો સ્વભાવ મીલનસાર, નમ્રતાવાળો હતો. નાનાની સાથે નાના, મોટાની સાથે મોટા, અમારી વિદ્યાલયના બાળકો જયારે સંગીત ગાતા ત્યારે તેઓ ડોલતા અને કહેતા કે, આપણા નરરત્નો છે. ખુબજ આનંદ સાથે અમારો અને તેમનો સમાગમ જીવનભર યાદ રહે તેવો બનેલ.

૨. બીજો પરિચય મને યાદ છે કે એક વખત કોંગ્રેસ અધીવેશન અબ્દુલગફ્ફાર નગરમાં હતું ત્યારે શ્રીયુત્ અબ્બાસ તૈયબજીની સાથે થયેલો. અને ત્યાં પણ મને સારા સારા નેતાઓનો પરિચય કરાવેલ. પૂ. ગાંધીજીથી માંડીને જે હતા તેમનો બધાનો. ત્યાં પણ શ્યામસુંદર કહીને બોલાવેલ.

૩. એક વખત આબુના મહંત, યોગી, જ્ઞાતા, શાંતીસૂરીશ્વરજી પાસે થયો લાલન આવેલા. યોગી બેઠેલા હતા. હું પણ બેઠેલો હતો. ત્યારે લાલન આવેલા. હું ઉભો થયો

ત્યારે મને બથમાં લઈ નીચે બેસારેલ. યોગીએ મને કહ્યું કે શામજીભાઇ આ એક મહામુલ્ય રત્ન છે. પણ આજે સમાજની દીશા ફેરવાઇ છે. કીંમત નથી પણ લાલન તે લાલન છે. એમની મીઠી વાણી અલૌકીક છે. એમ કહેતાં લાલન બોલ્યા, ગુરૂદેવ ! આવું મારામાં કંઇ નથી. આપનો આશીર્વાદ. પણ શ્યામસુંદરને આપ જાણો છો ? તેણે એટલે ગુરૂજીએ કહ્યું કે આ મારો શામજીભાઇ ભગત છે અને ખુબજ સંસ્થાની સેવા કરે છે. એ વખતે પણ અમો ઘણા દિવસ રહીને ખુબજ આનંદ મેળવેલ. ગુરૂ પ્રત્યેની તેમની ભક્તિ અલૌકિક હતી. ગુરૂદેવે કહ્યું, લાલન હવે કયાં જવું છે ? તેમણે કહ્યું કે મુંબઈ જવું છે. અને કહ્યું આજે જાઓ. શામજી સાથે રહેશે. ત્યાંથી અમો આશીર્વાદ લઈ જુદા પડયા. તેઓ મુંબઇ ગયા અને હું પાલીતાણા આવ્યો.

૪. એક વખત શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના અધિવેશનમાં સભા રાખી હતી. ન લખું પણ તેમને ખબર પડતાં અમારે મુકામે મળવા આવ્યા. શ્યામસુંદર આવેલ છે કે ? અમો ચાર જણા બેઠા હતા ત્યાં આવ્યા. ખુબજ વાતો કરી. કોન્ફરન્સ વિષે પણ વાતો કરી. તેમને જોઇએ તેવો રસ તેમાં ન લાગ્યો. પ્રેમને વશ થઇને મને મળવા આવતા. મને બે ચાર વાતો સારી સારી સમજાવી. અને હજુ શ્યામસુંદર ! સમાજની સેવા બને તેટલી કરો. સાચી સેવા સ્વધર્મી બંધુઓની કરતાં શીખો અને અત્યારે તમારી જેવાએ બહાર આવીને જૈન સમાજની દરેક સંસ્થાની મુલાકાત લઈને સમાજ પ્રેમી બનીને ખુબજ કામ કરો. એજ મારો

આશીર્વાદ. આવી ભાવના, એ વખતે એમની ઉમ્મર અવસ્થા લાયક બની. આંખની ઝાંખ હતી છતાં અવાજથી ઓળખીને મને ખુબજ આનંદ કરાવેલ.

છેલ્લો પરિચય પાલીતાણામાં પંડિતજીનો થયો. તેમની સાથે એક ભાઇ આવેલ. તેમને આંખે બીલકુલ દેખાતું નહીં છતાં મારી ઓફીસ પાસે નીકળ્યા. મેં બોલાવ્યા. અવાજથી ઓહો શ્યામસુંદર તમો અહીંઆ છો. બોલવામાં મીઠાશ બહુ જોવામાં આવી. મારા અહોભાગ્ય. આ પુન્યવાનના દરશન થયા. બે કલાક મારી ઓફીસે બેઠા. અત્યારની ચતુર્વિધ સંઘની પરિસ્થિતીની બહુજ વાતો કરી અને કહ્યું જમાનો બદલાણો છે. યુવાનો બહાર પડીને હવે જે સુધારો માગે છે તે કરવા તત્પર બનો. અમો કાંઠે બેઠા છીએ. તમે કરો અમારો આશીર્વાદ છે. પાલીતાણા માટે જરા તેમને બહુ જ લાગ્યું કે અત્યારની વિષમ પરિસ્થિતીમાં આપણા મધ્યમ વર્ગના ભાઇઓ માટે ખુબજ મહેનત કરો તમે મહેનતુ છો, બોલવાવાળા છો, સમજાવી શકો છો, પૈસા લેતા આવડે છે. બસ છેલ્લી મુલાકાત થઇ. તેઓ અહીંયાંથી ગયા પછી થોડા ટાઇમ બાદ તેમનો સ્વર્ગવાસ થયો. તેમના આત્માને શાન્તી એજ ભાવના.

પાલીતાણા આવેલ ત્યારે મને પુછેલ કે શીવજીભાઇ કયાં છે તે ખબર છે ? મેં કહ્યું કે તેઓ પોંડીચેરી તરફ હશે. મારે પત્ર આવતો નથી. તેમણે કહ્યું કે એ એક અણમોલ રત્ન છે. બુઢા છતાં જુવાનીનું કામ કરે છે. તેમણે પણ જીવનમાં ઘણું જ કર્યું છે. તેમની સાથે પણ પરિચય

કરવા જેવો છે. મેં કહ્યું કે પરિચય કરેલ, તેમનો હાથ ભાંગ્યો ત્યારે. મેં પુછયું કેમ. ત્યારે તેમણે કહ્યું કે, જે થાય તે સારા માટે. તેનું દ્રષ્ટાંત આપી મને સમજાવેલ. આ કહેતાં તે ખુશી થયા, અને તેમનો શીવજીભાઇ પ્રત્યેનો સદ્‌ભાવ જોઇને મને અંતરમાં ખુબજ આનંદ થયો.

વિશેષ લખવાની મારી શક્તિ નથી. અલ્પ બુદ્ધિવાળો માણસ વિશેષ શું લખે. એજ.

લી૦ સેવક
શામજી ભાયચંદ શાહ
ના જયજીનેંદ્ર.

(ભાઇ શ્રી શામજી ભાઇચંદ મારવાડમાં ખૂબ જાણીતા છે. તેઓ વક્તા છે અને શિક્ષણના પ્રચારક છે.)

૬૫

મુંબઇ તા. ૧૪–૫–૫૯

વ. શ્રી શીવજી દેવશીભાઇ,

ગોધા

વિ. જણાવવાનું કે પં. લાલનના પરિચય–સંસ્મરણો મને જે રીતે યાદ હતા તે રીતે આ પત્ર સાથે લખી મોકલ્યા છે તે જાણશો.

પત્રની પહોંચ લખશો.

તમારી તબીયત સારી જાણી સંતોષ, ગોધામાં મુંબઇ કરતા પણ હવામાન સુંદર છે તેમજ એકાંત સ્થળ છે. પ્રથમ તો અમારા વખતમાં છઠ્ઠી ચોપડીમાં,

'ગોઘા પાટણ ગામ ગંભીર,
નિર્મળ છે અર્ણવનાં નીર.'

એ કવિતા ચાલતી હતી. આજ તો ખંડેરાવસ્થામાં છે. પરંતુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં ચડતી પડતી આવે છે, તેમ હવે ક્ષેત્રની ઉન્નતિ થોડા વખતમાં થવા યોગ્ય ખરી, વળી તમો તો ઘણા અનુભવી વ્યક્તિ છો, તેથી આગાહી પણ કરી શકો. ધર્મપસાયે અત્રે સહુ મજામાં છે. એ જ.

લી૦ ફતેહચંદ ઝવેરભાઈ
ના પ્રણામ.

પં. લાલનના પરિચય–સંસ્મરણો.

પં. લાલન એક સરળ હૃદયી અધ્યાત્મ વિભૂતિ હતા. અમોને ઘણી ઘણી વખત તેમનો પરિચય થયો હતો. એમનામાં અનેક સદ્‌ગુણોનો વિકાસ થયો હતો. નવીન નવીન વિદ્યા પ્રવૃત્તિ, મિલનસાર વૃત્તિ, મધુર પ્રસન્ન ભાષણ, કવિ, લેખક, વક્તા, મનનશીલ, સાહિત્યસેવી, ગુણજ્ઞતા અને તત્ત્વદર્શી ફિલસૂફ તરીકેના અનેક સદ્‌ગુણો હતા. ખાસ કરીને સં. ૧૯૮૧ માં અમો પન્નાલાલની ધર્મશાળામાં પાલીતાણામાં પાણી ફેર માટે રહેલા હતા તે વખતે પૂ. સન્મિત્ર શ્રી કપૂંવિજયજી કોટાવાળાની ધર્મશાળામાં હતા, તે પ્રસંગે પં. લાલન તેઓશ્રી પાસે અવાર નવાર આવતા જતા હતા. સામાયક પોતે લઈ અમોને લેવરાવી તેની ક્રિયાનું શરૂઆતથી તે પૂર્ણાહુતિ સુધી પૂ. શ્રી કપૂંરવિજયજીની હાજરીમાં યૌગિક પદ્ધતિથી આધ્યાત્મિક રહસ્ય સમજાવતા હતા. આસન–પ્રાણાયામ વડે કેટલીક

સિદ્ધિ તેમણે મેળવી હતી. મુંબઇમાં વક્તૃત્વ કળા પ્રસારક સભા વર્ષો પહેલાં તેમણે સ્થાપી હતી. 'વક્તા બનો' નું પુસ્તક તેમણે બહાર પાડયું હતું. ત્યાર પછી મુંબઇમાં વક્તૃત્વ કળાની પ્રગતિ થાય તેવી કોઈ સંગીત સંસ્થા જૈન સમાજમાં સ્થપાણી નથી. પરમજ્યોતિ પંચવિંશિકાના અનુવાદમાં તેમણે મૂર્તિપૂજાની સિદ્ધિ 'નોટે રૂપીઆ જેમ' એ કાવ્યથી સિદ્ધ કરેલી છે. શુભચંદ્રાચાર્ય કૃત જ્ઞાનાર્ણવ ગ્રંથમાંથી શુદ્ધોપયોગ અથવા સહજ સમાધિ તથા સવીર્ય ધ્યાનનું વિવેચન અમુક ભાગનું કરેલું છે. જે વર્ષો પહેલાં પ્રકાશિત થયેલું છે, સ્વાનુભવ દર્પણ નામના ગ્રંથના વિવેચનમાં નિશ્ચયનય ઉપર એકાંત લખાણ તેમનું થયેલું હોવા પછી જૈન કોન્ફરન્સમાં ઘણો ઉહાપોહ થયો હતો, અને સરળતા પૂર્વક તેમણે પાછળથી મિચ્છામિ દુક્કડં આપેલો હતો. જો કે સવીર્ય ધ્યાનમાં 'નિશ્ચય દૃષ્ટિ હૃદયધરીજી, પાળે જે વ્યવહાર' એ શ્રીમદ્ ઉપાધ્યાયજીના વાક્યને તેઓશ્રીએ સ્યાદ્વાદ દૃષ્ટિ પૂર્વક વારંવાર આગળ કરેલ છે. જો સ્વાનુભવ દર્પણ ગ્રંથમાં 'ટીપ્પણમાં' વ્યવહાર નય પૂર્વક મૂર્તિપૂજાનું ટીપ્પણ મુકવામાં આવ્યું હોત તો વિશેષ ઉહાપોહ થાત નહીં, તેઓશ્રી ૬૩, ૭૩, અને ૮૩ વર્ષના હતા ત્યારે હું અનેક વખત એમના ભાષણોમાં જતો. અને તેઓ ૬૩, ૭૩ કે ૮૩ વર્ષનો તરૂણ તરીકે ભાષણમાં જણાવતા. એ તેમની પાકટ ઉમ્મર હોવા છતાં પોતાને ઉત્સાહી તરૂણ માનતા અને મનાવતા. મનુષ્યની ઉમ્મર કરતા ઉત્સાહ અને આશા તેનું જીવન છે, નિરા-

શાને વરેલો માનવ નાની ઉમ્મર હોવા છતાં અર્ધમૃત સમાન છે. પં. લાલન તો લગભગ ૯૫ વર્ષની ઉંમરે અવસાન પામ્યા. કોઇ કોઈ વાર અમોને મળતા ત્યારે આનંદથી કહેતા કે 'કૃતેહચંદ' સ્થૂલ શબ્દ આપણા બન્નેનો સમાન છે, પણ અધ્યાત્મ દૃષ્ટિએ સૂક્ષ્મતાથી આપણે એવું થવું પડશે. અને તે માટે સવિશેષ પ્રયત્ન કરવા માટે પણ મને સૂચના કરી, ખાસ કરીને જડ-ચેતનનો વિવેક કરવાની અને સમજાવવાની તેમની સ્વાભાવિક અદ્‌ભુત શક્તિ (genolus) હતી, ભાષણોમાં તેમના પ્રશ્નો અને ઉત્તરો તાત્ત્વિક અને અલૌકિક જ હોય, પ્રત્યેક શ્રોતાને કાંઇક નવીનતા મળતી રહે. જૈન કોન્ફરન્સમાં અથવા ગમે તે સ્થળે તેમનું ભાષણ સાંભળવા લોકો ઉત્સુક જ હોય.

સંવત ૧૯૬૬ માં તેઓ તથા શ્રી શિવજીભાઇ વિગેરેએ મળીને વીરશાસન આનંદ સમાજની સ્થાપના પાલીતાણામાં કરી હતી. તેમની અધ્યાત્મ દૃષ્ટિની કવિતાનો નમુનો N. Y.,-U. S. A. પદ્મબીજ Lilydale થી મોકલેલો આ છેઃ—

મને કોઇ કહેતું જગત્ ખોટું, તે તો મેં હવે જાણ્યું,
મને કોઇ કહેતું જગત્ સાચું, તે પણ મેં હવે જાણ્યું,
કદી ખોટું તો મારે શું? કદી સાચું તો મારે શું?
નથી થાતું નથી જાતું, હું મા હું સમાયો છું;
અખંડ આ સ્થિર જ્યોતિમાં, નથી થાતું નથી જાતું.

આ કાવ્ય દ્રવ્યગુણ અને પર્યાયના વિવેચનપૂર્વક અખંડ અમરઆત્માને લાગુ પડે છે.

એમણે લંડનમાં આધ્યાત્મિક લિટરેચર સોસાઇટી સ્થાપી હતી. અનેક સભ્યોને શાકાહારી બનાવ્યા હતા. અમેરિકામાં મહુંમ વીરચંદ રાઘવજી ગાંધી સાથે પણ ગયા હતા. અને ભાષણો કર્યાં હતા. જૈન દર્શનનું રહસ્ય અનેરી પદ્ધતિથી સમજાવ્યું હતું. સ્વામી વિવેકાનંદ પણ તે વખતે ત્યાં હતા. એમણે ધ્યાનનો અભ્યાસ (theoretical) નહીં પણ પ્રયોગરૂપ (practical) કરેલો હતો.

સં. ૧૯૮૧ માં મારે નવપદજી પૂજાના અર્થ પ્રકાશિત કરવાના હતા, તે વખતે નવપદજીના વર્ણો સંબંધમાં તેમને પૂછતાં તેમણે પ્રો. લેડબીટરના man visible and invisible તથા thought-forms ના પુસ્તકો વાંચવા કહ્યું. કેમકે પ્રો. લેડબીટરે clairvoyance થી બુદ્ધિગમ્ય રીતે વિચારોની રંગીન આકૃતિઓ સિદ્ધ કરેલી છે તે આબેહુબ નવપદજીના વર્ણોને લગભગ મળતી આવી.

શ્રીમદ્ હરિભદ્રસૂરિ કૃત યોગબિંદુ ગ્રંથ ભાવનગરમાં સં. ૧૯૮૫ માં અમો વ. શ્રી કુંવરજીભાઇ, હેડમાસ્તર મોતીચંદભાઇ તથા સંઘવી દામોદર નેમચંદ. પૂ. કપૂરવિજયજી મહારાજ પાસે દાદાસાહેબમાં વાંચતા હતા ત્યારે વચ્ચે વચ્ચે પં. લાલન મહારાજશ્રીના દર્શનાર્થે આવતા હતા. ત્યારપછી યોગબિંદુ ઉપરના વિવેચનની નોટ પંડિતશ્રીએ મારા પાસે મંગાવી હતી અને તે સંબંધમાં સ્વતંત્ર ગ્રંથ તૈયાર કરવાના હતા. ત્યારપછી તેમણે ગ્રંથ તૈયાર કર્યો કે નહીં તે જાણવામાં આવ્યું નથી.

એઓશ્રી અનેક તાત્વિક ગ્રંથોના અભ્યાસી હતા. પરંતુ તેમાંથી નીચોડ કાઢી તે નીચોડને અદ્‌ભુત વક્તૃત્વથી અન્યને કેમ સમજાવવો અને આત્મા સાથે સમન્વય કરવો તે તેમની ખાસ બુદ્ધિની શક્તિ વિશિષ્ટતા હતી.

'મોટી તે સહુ માતૃ તુલ્ય ગણું હું, છોટી ગણું પુત્રીઓ;
જે હોયે સમ વર્ષમાં મુજ તણા, તેને ગણું ભગિનીઓ.'
'જ્ઞાન આનંદથી આલેખેલું જગત-જ્ઞાનરૂપે અતિ ઉલસી રહેતું,
દર્શનાનંદથી પૂર્ણ પોતે રહી, સ્વપર્યાયને ભેટી રહેતું.'

આ તેમની કાવ્યપ્રસાદીનો અલ્પાંશ છે. કાવ્યોમાં પણ આત્માનંદનો અદ્‌ભુત વિલાસ છે.

જૈન શાસ્ત્રકારોએ જીવનની મંગળયાત્રા ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગના સંકેતોથી વર્ણવેલી છે. અનેક મનુષ્યો આ યોગોપૂર્વક જીવનની મંગળયાત્રા પૂર્ણ કરીને અન્ય જન્મમાં ગયા છે. વિદ્વા અને પ્રજ્ઞાના આરાધક પં. લાલન પણ એવું જ કાંઈક જીવન જીવી ગયા છે.

છેલ્લાં મુંબઈમાં આનંદ-ભુવનમાં તેમનું સન્માન શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીઆના પ્રમુખપદે થયું હતું. તે વખતે હું હાજર હતો. અને તેમનું નમ્ર આધ્યાત્મિક વક્તવ્ય શ્રવણ કર્યું હતું.

મુ. શિવજીભાઇ તથા તેમની વિરલ જોડી હતી. એક શ્રોતાઓને કાવ્ય-માધુર્યથી ભક્તિરસમાં તરબોળ કરતા, ત્યારે પં. લાલન તત્ત્વજ્ઞાનના શિક્ષક-અધ્યાપક તરીકે સમાજસેવા કરતા.

લગભગ ૯૫ વર્ષનું સુદીર્ઘ જીવન જીવી તેઓ સ્વર્ગવાસી થયા. તેમના અનેક ગુણોથી વિકસિત અમર આત્માને શાંતિ હો !

મુંબઇ,
સંવત ૨૦૧૫ વૈ. શુદી ૩ સોમવાર — ફતેહચંદ ઝવેરભાઇ
અક્ષયતૃતીયા.

(આ પત્ર લખનારનું નામ છે ફતેહચંદ ઝવેરભાઇ. તેઓ ભાવનગરના રહીશ છે. તેમનામાં શ્રદ્ધા–ભક્તિ અને ભલાઇની ભાવના છે. તેઓ મુંબઇમાં રહે છે અને વેપાર કરે છે.)

❁

૬૬

ઉજમફઇની ધર્મશાળા
અમદાવાદ, તા. ૨૧–૫–૫૯

લિ. પૂ. મુનિશ્રી કુમુદવિજયજી મહારાજ,

દેહાધ્યાસ રહીત સ્યાદ્વાદી પંડિત લાલન.

પં. લાલન વિષે એક જૈન યોગી તરીકે મેં પહેલીવાર નિપાણીમાં સાંભળેલું. પછી મઢડા આશ્રમમાં તેમનું યોગ સામ્રાજ્ય રૂબરૂ જોયું. સારા વક્તા તરીકેની એમની કીર્તિ પુનામાં મારા કાને આવેલી પણ મુંબઇમાં–શ્વેતાંબર કોન્ફરન્સના અધિવેશનમાં મેં તેમનું વકતૃત્વ સાંભળ્યું. વક્તા અને યોગી તરીકેની પોતાની તાકાતદ્વારા તેમણે દેશ પરદેશમાં જૈન ધર્મનો પ્રચાર કરેલો. યોગાચરણથી તેમણે દીર્ઘાયુષ્ય, આરોગ્ય અને બાલોચિત નિર્દોષ આનંદ મેળવ્યા.

અને જ્ઞાન અને સેવાથી સમતા, લઘુતા, આત્મરતિ અને સ્યાદ્વાદ દૃષ્ટિ મેળવી, સોનગઢમાં મેં જોએલું કે તેમના સામાયિક પ્રચારની મશ્કરી કાનજી સ્વામી ખૂબ ઉડાવતા પણ એક અપેક્ષાથી જ તેઓ સકળ સમજો. તેથી તેઓશ્રીને રોષ પામવાનું કે કુલાઈ જવાનું કારણ જ ન રહે પૂ. રામસૂરિજીના વ્યાખ્યાનોમાં પણ તેઓ જતા. બ્રાહ્મણો, વૈષ્ણવો સાથે પણ તેઓ એક રૂપ થઈ જતા. કારણ કે તેઓ સમ્યકત્વનો મર્મ પામ્યા હતા. પારસી, ઇસ્લામી, ખ્રીસ્તી આદિ અનેક ધર્મીઓ સાથે પણ તેઓ સંબંધમાં આવેલા અને જૈન તત્ત્વજ્ઞાન તેઓને સમજાવી શકયા હતા. તત્વ અને યોગનું જ્ઞાન તેઓશ્રીએ પોતાના આચરણમાં વર્ષોથી ઉતારેલું તેથી અબંધ ભાવે જ્ઞાનયોગી તરીકે તેઓશ્રી જીવન ગાળી શકયા. એક કર્મયોગી ભક્ત તરીકે શિવજી-ભાઈનો સાથ તેઓશ્રીને વર્ષો સુધી મળ્યો અને તેથી તેઓશ્રી પ્રકાશમાં આવ્યા. પોતે સચ્ચીદાનંદ હોવાથી દિક્ કાલાદિની અપેક્ષા વગર સરખી રીતે પ્રકાશતા જ રહ્યા છે. તેઓ સદા અપ્રમત રહેતા. લોકોને સમજાવવાની તાલાવેલી તેઓશ્રીને બહુ રહેતી. પાલીતાણે મને મળેલા ત્યારે અનુભવની વાતો મને કહેવા માટે કેટલા બધા ઉતાવળા, ઉત્સાહી અને આતુર બન્યા હતા. બીજી વાત મને કરવા દે નહીં. બોલતા થાકી જતા છતાં આત્માનુભવને જગાવતા અને પૂછો પૂછો કહ્યા કરતા. સાગાર છતા અણગાર જેવા. જે કોઈ થોડા શ્રીમદ્ રાજચંદ્ર, મ. ગાંધીજી, મોરબી-વાળા ડૉ. વલ્લભદાસ જેવા મહાત્માઓને આપણે જોઇ

શકયા તે કોટીના જ પં. લાલન અને શિવજીભાઇ છે. ઇર્ષાળુઓએ તેઓને કનડવામાં બાકી નથી રાખી. છતાં હેમ-ક્ષેમ પાર ઉતર્યા છે. અમારો કેસરસૂરિ સમુદાય તેઓને સહાયભુત થયો છે, તે માટે હું મગરૂરી અનુભવું છું. પં. લાલનમાં જે દેહાધ્યાસ વિહીનતા મેં જોઇ અને જેને હું શિવજીભાઇમાં જોઉં છું તે દેહ નિરપેક્ષતા, વિદેહ દશા મારામાં આવે એ જ મારી અંખના છે. આવા સજીવ પ્રતીકોની પણ ઉપાસના કરતા આપણે શીખવું જોઇએ, વીતરાગ બિંબોની ઉપાસનાની જેમ જ મનોમય ગુણોપાસના સફળ થયા વગર રહે જ નહીં.

જૈનમંદિર ઉપાશ્રય શાહપુર,
અમદાવાદ, વૈશાખ શુદ ૧૪

કુમુદ વિ. તરફથી શીવજીભાઈને ધર્મલાભ. તમારો કાગળ મળ્યો. તે પ્રમાણે થોડુંક લખી સાથે મોકલ્યું છે.

તમોએ પોતાનું જીવન સફળ કર્યું છે. બધી ફરજો બજાવી છે. પુરી પાડી છે. આત્માના ગુણો શીખવ્યા છે. પરોપકાર ઘણો કર્યો સંતતિ પણ સંસ્કારી છે. એમ બધી રીતે પુણ્યશાળી છો. તે જોઇ આનંદ થાય છે. હાલ એ જ.

(આ પત્ર લખનાર મુનિ કુમુદવિજયજીમાં ગુણદૃષ્ટિ છે. તેઓ વિરકત-શાંત અને એકાંત પ્રિય છે.)

૬૭

ઘોઘનદી, તા. ૧૧-૬-૫૯

પંડિત લાલન અને મહાસતી ઉજ્જવલકુમારી

લાડીલા લાલ

પંડિત જવાહરલાલ નહેરૂ રાષ્ટ્રના લાડીલા લાલ ગણાય છે, તેવા જૈન સમાજના લાડીલા લાલ પંડિત લાલન એક જ હતા.

જાદુગર વક્તા

તેમનું વ્યાખ્યાન સાંભળવું તે જીવનનો લ્હાવો મનાતો હતો. તેમનું વ્યાખ્યાન સાંભળવા શ્રોતાઓની પડાપડી થતી હતી.

મુંબઈના મહાવીર જયંતિના મેળાવડામાં પં. લાલન હોય જ. જે સભામાં પં. લાલન વક્તા ન હોય તે સભા પ્રાણ વિનાની શૂન્ય લાગતી. તેમનું નામ શ્રવણ થતાંની સાથે જાદુની અસર થતી. ને તે જાદુઈ અસરથી જનતા તેમને સાંભળવા માટે શ્વાસભેર દોડી આવતી ને વ્યાખ્યાન સાંભળવામાં તદાત્મ બની પોતાનું ભાન ભુલી જતી હતી.

વક્તા જાદુગર પણ પોતાની જાદુઈ જીભથી–પ્રત્યેક ગહન વિષયનું પણ એવી સરલ અને સચોટ શૈલીથી વિવેચન કરતા હતા કે પં. લાલન પોતે કયાં છે તેનું ભાન પોતે ભુલી જતા અને વીતરાગ વાણીના રસમાં લીન થઈ આખા પ્લેટફોર્મ પર ડોલતા ને સભાજનોને ડોલાવતા

હતા. ને શ્રોતાજનોને વૈરાગ્ય રસ ને કરૂણા રસથી તરબોળ કરી નાખતા. ને પત્થર હૃદયવાળા શ્રોતાઓના દીલને નરમ માખણ જેવા બનાવી પ્રત્યેકના નયન કમળમાંથી મુક્તાહાર તુટી પડતા જોવામાં આવતા. શ્રોતા વર્ગ આ જાદુગરની જાદુઈ વાણીમાં પોતાનું ભાન ભુલી જતા હતા. ને સ્વર્ગીય સુખનો આનંદ અનુભવતા હતા.

સોનૈયાનો વર્ષાદ

કોઇ નવીન સંસ્થાની સ્થાપના કરવાની હોય, મોટા ફંડની જરૂર હોય ત્યારે પં. લાલનને મોંઘેરા મહેમાન બનાવવામાં આવતા હતાં. ને તે મોંઘેરા જાદુગરની સોનેરી વાણીના ઝંકાર થતાં સોનૈયાનો વર્ષાદ થવાવત્ દાતાઓમાં દાન આપવાની હરીફાઇ થતી હતી તે રકમ માંડનાર ભાઇઓના હાથ થાકી જતા હતા. ને જાદુગરને વિનંતી કરવી પડતી કે ભાઇઓ ! ધીમા થાઓ. તિર્થંકર ગોત્ર બાંધવા માટે આટલી પડાપડી ન કરો. ભગવાન તમારી ભાવના સ્વીકારશે. તો કોડીનું દાન આપનારને પણ ક્રોડોનું દાન આપનાર વત્ તિર્થંકર પદ પ્રાપ્ત થશે.

દાનનું મહત્ત્વ

કેટલું દાન આપવું તેનું મહત્ત્વ નથી પણ કેવું દાન આપ્યું, કેવા સંયોગોમાં દાન આપ્યું તેનું મહત્ત્વ છે. વીતરાગી ભગવાનના ત્રાજુમાં તો ક્રોડોનું દાન અને કોડીનું દાન સમાન છે. માત્ર સમભાવી મહાવીર તો ભાવનાના તોલને માપ કરનારા છે.

સ્વયંસેવકો અને બહેનો ઝોળીઓ લઇને ફરતાં ત્યારે જે બહેનોએ પોતાના પતિથી લડી ઝગડીને સોનાના ઘરેણા બનાવ્યા હતાં તેવા નવા ને નવા દાગીના જાદુગરની જાદુઇ દૃષ્ટિના પ્રતાપે ભરાઇ જતા હતા. તેમાં ગરીબ બહેનનો દાગીનો જણાતાં તેનું લીલામ થતું. તો તે દાગીનાના હજારો રૂપીઆ આવતા ને લીલામની રકમ સંસ્થાને આપતા. ને જાદુગર ધન્યવાદ તથા નમસ્કાર સાથે તે બેતને દાગીનો પાછો આપતા હતા.

ગુરૂશિષ્ય યુગલ

અમારા પૂજ્ય ગુરૂદેવ અમને વિનયનો પાઠ શીખવતાં સમજાવે છે કે ગુરૂ-શિષ્યની જોડી આ યુગમાં જોવી હોય તો પં. લાલન ને તેમના વિનીત શિષ્ય શ્રી શિવજીભાઇની જોડી આદર્શ સમાન છે.

એક વખત મુંબઇના કોટના વિશાળ વ્યાખ્યાન હોલમાં મોટી સભા હતી. ને જેમાં મહાત્મા ગાંધીજીની પણ હાજરી હતી. જે વિષય પર પં. લાલન ભાષણ આપતા હતા, તે સમયે તેમના પગના મોજાં નીચે ઉતરી જવાથી વિનીત શિષ્ય શ્રી શીવજીભાઇ હજારોની માનવમેદનીમાં ઉભા થયા ને કોઇને ખબર ન પડે તે રીતે તેમના મોજાં ઉંચા કરી દીધા. ને હજારો માનવોને ભગવાન મહાવીરનો વિનયનો મૂળ મંત્ર મૌનપણે શીખવ્યો.

વિદેશ ગમન

ઇ. સ. ૧૯૩૬ માં અમારા *પૂજ્ય ગુરૂદેવ ઘાટકોપર બિરાજમાન હતા ત્યારે પં. લાલન લંડનમાં સર્વ ધર્મ પરિષદમાં જૈન ધર્મના પ્રતિનીધી તરીકે વ્યાખ્યાન આપવા જવાના હતા ત્યારે આશીર્વાદ લેવા આવ્યા હતા. તે વખતે બોલી ઉઠ્યા કે ભગવાન મહાવીરનો બાળક લાલન ભગવાનનો સંદેશો સંભળાવવા વિલાયત જાય છે, ૮૦ વર્ષનો યુવક લાલન વિલાયત માટે તરૂણવત્ દોડી રહ્યો છે, છતાં સમાજ લાલનને લાડલોબાળ લાલન કહેવાને બદલે ૮૦ વર્ષનો વૃદ્ધ કહે છે. છતાં આપ જેવા ગુરૂદેવોના પ્રતાપે આ ઉમરે પણ યુવક છું. ને ભગવાન મહાવીરનો દિવ્ય સંદેશ યુવક વાણીમાં સંભળાવીશ. આમ રમુજી ટકોર કરીને આશીર્વાદ લઈને વિલાયત માટે વિદાય થયા.

ઇંગ્લીશનું પ્રાથમિક જ્ઞાન હોવા છતાં પોતાની વક્તૃત્વની લલીતકળાને લીધે પં. લાલન વિલાયતના પ્લેટફોર્મને પણ મહાવીરના દિવ્યનાદથી દશો દિશાને ગુંજાવી દેતા હતા.

પૂજ્ય ગુરૂદેવના પાસે ગુરૂ તથા શિષ્યની જોડીનો આટલો પરિચય થયો હતો.

ઇ. સ. ૧૯૪૦

અમારા ઘાટકોપરના નિવાસ દરમ્યાન પં. લાલન અચાનક આવ્યા હતા. તે સમયે વ્યાખ્યાન ચાલતું હતું.

* આત્માર્થિ મુનિશ્રી મોહનઋષિજી મહારાજ.

ને તે વ્યાખ્યાનનો વિષય 'ધર્મ અને વિજ્ઞાન' હતો. આ વ્યાખ્યાન પૂર્ણ થયા પછી પં. લાલન બોલવા ઉભા થયા ત્યારે તેઓએ કહ્યું કે આજનું વ્યાખ્યાન સાંભળીને આટલી વૃદ્ધવયે પં. લાલન નાચી ઉઠે છે. મહાસતીજીનું આવું સુંદર વ્યાખ્યાન આપ્યું. હું પણ વક્તા છું છતાં મારે કહેવું પડે છે કે આજનું મહાસતીજીનું વ્યાખ્યાન વિજયાલક્ષ્મી પંડિતને અમેરિકામાં બ્રોડકાસ્ટીંગ કરવા માટે મોકલી આપવું જોઇએ. જેથી યુરોપ અને અમેરિકાના લોકોને ધર્મ અને વિજ્ઞાન શું છે તેનું સાચું જ્ઞાન થાય તેવી તેમનામાં ગુણ ગ્રાહકતા હતી.

સાહિત્ય

સામાયકના પ્રયોગો જેવી અનેક લોકપ્રિય પુસ્તકો લખીને આજના વિજ્ઞાનયુગમાં નાસ્તિકતાના પ્રવાહને આસ્તિકતાના પંથે વાળવા માટે આ જાદુગર લેખકની કલમે પુસ્તકમાં જાદુ ભરેલ છે. પુસ્તક પુરૂં કર્યા સિવાય છોડવાનું મન ન જ થાય. તેમની દૃષ્ટિ, વાણી અને લેખીનીમાં જાદુ હતો. તેના પ્રત્યક્ષ પ્રમાણરૂપે તેમની પ્રસાદી વિદ્યમાન છે.

આંખે મોતીયા

તેમની આંખે મોતીયા આવ્યા એટલે કહો કે સમસ્ત સમાજની આંખે મોતીયા આવ્યા હતા. તેને દૂર કરી સમાજને પુનઃ પ્રકાશ આપવા માટે પરમ્ સેવારસીક ધર્મપરાયણ ડો. ચીમનલાલ શ્રોફે આજના વિજ્ઞાનના પ્રયોગનો અતિ કુશળતાપૂર્વક ઉપાય કરી જોયો. પણ સમાજના

દુરભાગ્યે પૂર્ણ સફળતા ન મળી. ડૉ. શ્રોફ તો યશસ્વી જ ગણાય. પણ સમાજના ભાગ્યમાં લાડલા લાલ લાલનના પ્રકાશની અંતરાય રહી. તે ખોટ સમાજ માટે ન વીસરાય તેવી છે. પણ કુદરત આગળ કોનો ઉપાય?

અંતિમ જીવન

અંતિમ જીવન પંડિત લાલને સમાજનાં લાડલા બેન કુ. ઇંદુમતીનાં સેવાભાવી માતુશ્રી સમાજના માણેક સમાન માણેકબેનની વાત્સલ્ય પરાયણ સેવા શુશ્રુશામાં વ્યતીત કર્યું ને જ્યારે ત્યારે માણેકબેન મુંબઈ દર્શન કરવા આવતાં ત્યારે સમાજના જાદુગર લાડલા લાલ લાલનની સ્મૃતિ પ્રસાદીનું માતૃભાવે અમને પાન કરાવી, તે પોતાના જીવનને ધન્ય માનતા હતા.

સ્થા. જૈન ધર્મસ્થાનક
મુ. પો. ઘોડનદી
(જી. પુ.)

મહાસતીજી,
ઉજ્જવલ કુમારી

(મહાસતીજી ઉજ્જવળ કુમારીજીની ઓળખ આપવાની ન હોય. તેમનામાં વિશાળતા છે, સમતા છે, તેમની વાણીમાં મીઠાશ છે, તેમના અંતરમાં અમૃત છે.)

તમારા ઘરમાં નીચેના પુસ્તકો છે?

શાહ શિવજીભાઇ દેવસિંહ

ના

લખેલા પુસ્તકો

* મારા જીવન–પ્રસંગો *

શિવજીભાઇએ પોતાનાં જીવનની અઢાર વર્ષની ઉંમરથી પરમાર્થિક જીવન પસંદ કરી જીવનભર માનવ સેવા, સમાજ સેવા, અનેક સંસ્થાઓની સ્થાપના કેમ કરી; ખાસ કરીને પોતાની માતૃભૂમિ–કચ્છની જનતામાંથી અજ્ઞાનતા, દુર્બળતા અને ખોટા રિવાજો આદિ દુર કરવાના ભગીરથ પ્રયત્નો તથા અનેક મહાન પુરૂષોના સત્સંગના પ્રસંગો આલેખાયા છે. તેનો ખ્યાલ આ પુસ્તકમાં આવી શકે છે.

ભાગ ૧. કીંમત રૂા. ૩–૦–૦ ભાગ ૨. કીંમત રૂા. ૪–૦–૦
ભાગ ૩. કીંમત રૂા. ૩–૦–૦ ભાગ ૪. કીંમત રૂા. ૫–૦–૦

શિવસદન ગ્રંથમાલા કાર્યાલય
મઢડા [સૌરાષ્ટ્ર]


POLITANA